બે વીર રત્નો

અને

આર્યોને બે બોલ.

લેખક

જે. એમ. માસ્તર.

માસ્તર ગ્રંથાવલી પુસ્તક ૨ જું.

બે-વીર રત્ન

અને

આર્યોનિ બે બોલ

⟡ પ્રથમ પુષ્પ. ⟡

લેખક તથા પ્રકાશક,

હીરાલાલ મંગળદાસ માસ્તર.

("દુલીપકુમાર" ના કર્તા)

વડોદરા.

વિક્રમાંક ૧૯૭૨. ઇસ્વીસન ૧૯૧૫.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

મુલ્ય રૂ. ૧.

અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું, પાંચકુવા



Sheth Jasraj Valji.

G. P. [illegible]—AHMEDABAD.

અર્પણ પત્રિકા

સકળ સદ્‌ગુણ સંપન્ન, ધર્મ ધુરંધર, ઔદાર્ય નેતા, શ્રીમાન
શેઠશ્રી જશરાજ વાલજી, શુભ સ્થાન કરાંચી.

વિદ્યા વિનોદી વિવેકશાળી, ધીર બુદ્ધિ ધામ છો;
ધર્મ ધારણ, સગુણ શ્રાવક, વિદ્‌જન વિશ્રામ છો.
માન આપી દીન જનને, પોષતા અતિ પ્રેમથી;
નહી લાલસા ને લોભ વૃતિ, રાખતા કદી નેમથી.
સચવતા નીતિ રીતિ, વળી સુશીલ વિનીત પુર છો;
ભરેલ ગુણ ભંડારથી, સુકૃત્ય કરવા શૂર છો.
શ્રીમંતના શેઠાઇને, બીન માનથી ઉરે ધરી;
યશામૃત રસ રેલાવીને, કંઇક રંક પર દયા કરી.
સઘળું બને સંસ્કારથી, પણ કાળ સાંપ્રત ભાળતા;
" રામ રામ"માં તલ્લીન બનીને, સત્ય માર્ગે ચાલતા.
જપ જાપ કરતાં નામનો, મુજ હૃદય ઘણું મલકાય છે;
બારી તણું વહન જોઇને, તૃપ્ત ઘણો લલચાય છે.
લક્ષ કહેતાં ધ્યાનથી, મુજ ઉપર ઢાળ્યો સ્નેહને;
જીવન તેનું શ્રેષ્ટ છે, પરમાર્થ સાધ્યો જેહને.
હરેક ટેક વિવેક બાળી, आ ग्रंथ अर्पुं स्नेहथी;
स्वीकार करी उपकृत करो, आ दास(ने) रुडा नेहथी.

લી૦ [illegible]
આપનો કૃપાકાંક્ષી.
હીરાલાલ.

ઉપદ્રષ્ટિબિન્દુ.

I. do love.
My conntry's good with a respect more tender.
More holy and profound, than mine own life.
Shakespeare.

Good actions crown themselves with Lastiuy bays.
Who well deserves, needs not another's praise,
Heath.

સાંમ્પ્રત સમયમાં ગુર્જર વાઙ્ગમયના સાહિત્યમાં લેખકોની અને સમાલોચકોની વૃદ્ધિ થવા લાગી છે. જેમાંના કેટલાક લેખકો મુળ-વસ્તુના અમૂક વિષયપર દૃષ્ટિ બિન્દુ ન રાખતાં ત્હેને સંકલના કરતાં વિવિધ વર્ણનો અને વિચારોથી ભરપૂર કરવા લાગ્યા છે. મૂળ વસ્તુ (Plot) ના સ્વરૂપને વિસરી જઇને અન્યબ્યર્થ વર્ણનમાં સમયનો વિશેષ ભોગ લે છે; એ વાંચકોને કેટલીક વખત કંટાળો ઉપજાવે, તે સંભવિત છે. અને તે કંટાળાને લીધે તેઓ સાહિત્યના અમૂલ્ય રસનું અમૃતપાન કરતાં, પોતાના મોંઘા માનવ જીવનના અતિ કીમતી સમયને બ્યર્થ ગાળે છે એ દિલગીર થવા જેવું છે.

જો કે પ્રસ્તુત પુસ્તકમાં સૃષ્ટિ સૌંદર્ય, ભાષાની મધુરતા અને સંકલનાને સુશોભિત-ઉચ્ચ આશયથી વિભૂષિત કરવામાં, કેટલાક વિ-વિધ-વિચિત્ર વિષયોને કેટલેક સ્થળે લંબાવવામાં આવ્યા છે, એનું મૂખ્ય કારણ જનસમાજની, સાહિત્ય વિલાસીઓની રૂચીજ છે, તેમ છતાં પણ અમે ત્હેની પણ અમૂક મર્યાદા રાખવાનો પ્રયત્ન કીધોછે.

કાળનું પરિવર્તન,-જમાનાની જરૂરિઆતો. જનસમાજની વૃત્તિઓ અને સાહિત્યના કાંઇક ઉત્તમ અંશોનો સમાવેશ કરી પુસ્તકને માધુર્ય મય અને રસિકતામય કરવામાં લેખકને પૂર્વ કથિત વિષયોના સમા-વેશ કર્યા શિવાય છૂટકો નથી, તોપણ અમુક હદ મર્યાદા તો હોવીજ જોઇએ, અને એ સઘળી બાબતોને સ્હેજ માત્રપણ લક્ષ્યમાં લાવીને વાંચક વર્ગને કાંઇક પણ આનંદ, સદ્ગુણ સાત્વિકતાના ગુણો પ્રાપ્ત થાય એજ આંકાક્ષાને અવલમ્બીને યોગ્ય સ્થળોએ વિશેષ શબ્દોમાં લખાયેલું છે અને ત્હેંમાં કાંઇપણ વિશેષ દોષ રહ્યા હોય તો તે બ-દલ હું પ્રથમથીજ વાંચક વર્ગ સમક્ષ ક્ષમા યાચું છું.

પ્રસ્તુત પુસ્તકમાં દિવ્ય દાંમ્પત્ય પ્રેમની કસોટી, મિત્રધર્મ, વિ-શુદ્ધ સ્નેહની સત્યતા આદિ વિવિધ વિષયોને ચિત્તાકર્ષક રીતે વર્ણ-વેલા છે તે વાંચક વર્ગને કિંચિત્‌માત્રપણ ઉપયોગી થઈ પડશે એવી મારી માન્યતા છે,

વિશેષે આ પુસ્તકમાં રાજ્યનાં કાવત્રાંઓ, પ્રપંચો, ખટપટો, વિગેરેનો બનતો સમાવેશ કરવામાં આવ્યો છે. આપરથી વાંચક વર્ગને રાજ્ય દરબારો ચાલુ વ્યવહારમાં પણ કેટલાંબધાં ષડયંત્રોથી ભરપૂર છે તે જણાશે. એવાં ભયંકર ષડયંત્રો, કાવત્રાંઓદ્વારા બિચારી ભોળી અને અનાથ, નિરપરાધી બાલાઓ, વીર નરોનો કેવો ભોગ થાય છે તે સમજાશે.

સામ્પ્રત સમયમાં સર્વોત્કૃષ્ટ–સર્વોત્તમ ભારતવર્ષ અધોગતિને શા માટે પામ્યો છે, તેની અવનતિ શા માટે થઈ છે! તેનો તાદૃશ ચિતાર પ્રસ્તુત પુસ્તકમાં દર્શાવવામાં પુરતો પ્રયત્ન કર્યો છે. અને તે વાંચતાં કાંઇ અતિશયોક્તિ પણ ગણાશે નહિ.

પ્રસ્તુત પુસ્તકમાં વિષમય હળાહળ ઝેરી કાર્યોથી ભરેલા શયતાન શેરસિંહ જેવા રાજ્ય કર્તાઓ કેવું અધર્માચરણ આદરી પવિત્ર અને નિતીમાન નિર્દોષ વ્યક્તિઓને ત્રાસ આપે છે, ત્હેનુ પણ કિંચિત અનુમાન થઇ શકશે.

કિશોર વયની કાન્તિમય કાન્તાઓ, લાવણ્યમય લલનાઓ અને સુવર્ણ-હિરણ્યઆદી મોહક વસ્તુઓ એ ઉભય જાલીમ જમાનાનાં મુખ્ય બે નૂર રત્નો છે. એ મોહમય રત્નના લોભી અને તૃષ્ણીતની વાતો આ વિશ્વમાંથી અસંખ્ય સંખ્યામાં મળી આવે છે. તેમ છતાં પણ હજુ "**बहु रत्नानि वसुन्धरा.**" એ સૂત્ર કાંઇ નાશ પામ્યું નથી. વિશુદ્ધ ગણાતું આર્યાવર્ત અદ્યાપિપર્યંત વીર રત્નો માટે ગર્વિત છે, ભરપુર છે. હજુ પણ એવા મહાન વીરો વીર ભારતી વસુન્ધરાથી અસ્ત પામ્યા નથી. એવા અનેક શૂરવીર આદર્શ નર રત્નો ઘણા મળી આવે છે અને તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપણી નવલ કથાનો ઉપનાયક **જગમલજી** છે. તેના ઉજવલ દૃષ્ટાંત પરથી ઉચ્ચ અને પવિત્ર મૈત્રી પણાનો પૂર્ણ ખ્યાલ આવી શકશે.

Friendship is the gift of the Gods, and
The most precious boon to man.

Disraeli.

ભારતવર્ષ, પતિ પરાયણ અનેક સાધ્વી સ્ત્રીઓને માટે સમસ્ત વિશ્વમાં મશહુર છે. અહીંની સ્ત્રીયોના ઉચ્ચ આચરણને માટે વિખ્યાત આંગ્લ વિદ્વાન ડબલ્યુ નાઇટન લખે છે કે "**ભારતવર્ષની રમણિઓના સમાન ઉચ્ચ, આદર્શ તથા પતિ સેવામાં પરાયણ સ્ત્રીઓ બીજા કોઇ દેશમાંથી ભાગ્યેજ મળી આવશે. સતિ અને પતિવ્રતા સ્ત્રીઓ માટેજ ભારતવર્ષ આદર્શ છે અને તેને લીધેજ સમસ્ત દુનિયામાં તે મશહુર છે.**" અને ત્હેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપણી નવલ કથામાંથી શિયળવ્રતનું ઉત્તમ રીતે પાલન કરનાર ત્હેને માટે પોતાના પ્રાણની પણ દરકાર ન કરનાર, અનેક સંકટોને સહન કરનાર, ત્રાસને સુખ ગણનાર, તથા સ્વધર્મને માટે અથાગ યત્ન કરનાર લલનાઓ મળી આવે છે. આજની ઉછાંછળી આર્ય મહિલાઓના કોમળ હૃદયને હચમચાવી નાંખી ત્હેમને સુનીતિની સચોટ છાપ પડે તે માટે બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે.

તદુપરાંત કિશોર વયના કોમળ રાજ કુમારે પોતાના માતપિતાથી વિખુટો પડતાં મહાન લૂંટારાઓને પોતાના અતુલ ઐશ્વર્ય, શૌર્ય અને ધૈર્યના પ્રભાવે કેવી રીતે પરાજિત કર્યા, ત્હેનું પણ સામ્પ્રત સમયના રાજપુત બાળ કુંવરોના શૌર્ય અને બળ બાહુલ્ય સાથે સરખાવતાં હરિફાઇમાં ત્હેના શૌર્યત્વનો પ્રકાશ કાંઇક અંશે વિશેષ પ્રકાશિત જણાશે.

Virtue is bold and goodness never fearful.

Shakespeare.

રાજ્યનંદિની વીર બાળાનો ખ્યાલ અત્રુટપણે વાંચક વર્ગને એક સત્યના સહાયકારક તરિકે પૂરતી મદદ કરે છે. તે સૂચવે છે કે,

હજારોની ગણત્રીમાં સંકટો સહન કરવાં પડે તો તે ધૈર્યતાથીજ સ્હેવાં. છેવટે "સત્યનોજ જય છે." **सत्ये जय, पापे क्षय।** આ વિશ્વપર નિરંતર પરમકૃપાળુ વિભુની વિભુતિ પ્રાપ્ત કરવી એ વિષેનું સર્વ ચિત્તવેધક વૃતાંત વીરબાળા વિલાસીનીના સદ્ કર્તવ્યપરથી જણાશે.

પ્રસ્તુત પુસ્તકનું નામ "**બે વીર રત્ન અને આર્યોને બે બોલ.**" રાખવાનું મૂખ્ય કારણ એજ છે કે જે બે વીર રત્નો છે તે **રણમલ** અને **જગમલજી** છે. એ બન્ને પાત્રો પોતાના સદ્વર્તનથી અને પોતાના પર આવી પડતી વિપત્તિનો વર્ષાદ શાન્ત રીતે સહન કરવાને, ધીરત્વ, વીરત્વ અને સત્યની શરી સમશેરની સાથે અને ધર્મઢાલથી સંરક્ષણની છિન્ન ભિન્ન કેવી રીતે કરે છે તેનું ગ્રંથ સંકલનામાં અનેક વખત વર્ણન દર્શાવવામાં આવ્યું છે.

માટે ત્હેમના શૂરત્વનો વિશેષ પરિચય આપવાની વિશેષ આવશ્યકતા જણાતી નથી.

બે વીર રત્નોનું નામ પ્રથમ પ્રકરણ પર દર્શાવેલ છે તથા "આર્યોને બે બોલ" એ ષષ્ઠાક્ષરી લેખને માટે આ પુસ્તકના પ્રારંભ પ્રકરણોપર વાંચક વર્ગનું ધ્યાન ખેંચ્યું છે તથા આગળ પણ સમયાનુસાર સ્થળ પ્રમાણે આર્યહિતવર્ધક શબ્દો દર્શાવીને લોક પ્રત્યેના કાર્યનો કિંચિત માત્ર પણ પરિચય આપ્યો છે.

સદરહુ પુસ્તક એકજ ભાગમાં પ્રકટ કરવાની ઇચ્છા હતી, છતાં વિભુએ વિચારોમાં વૃદ્ધિ કરવાથી ફક્ત એકજ ભાગને પૃષ્ટ ૨૫૦ ને આશરે પૂરો કર્યો છે છતાં પુસ્તકનું મૂલ્ય રૂા. ૧—૮—૦ રાખેલ છે.

આ પુસ્તક બહારપાડી ત્હેનો બીજો ભાગ મારા વાંચકોની પસંદગી તથા પ્રભુની સહાયતાથી અલ્પ સમયમાંજ બહાર પાડીશ

જ્યાં ખાસ કરીને "આર્યોનિ બે બોલ" એ ષષ્ઠાક્ષરી લેખને પુરતી રીતે પ્રદર્શિત કરી મારી વાર્તાના વાંચકોને અધુરો વાંચનરસ પૂર્ણ રીતે પાન કરાવીશ.

પ્રિય પાઠક વર્ગને પ્રસ્તુત પુસ્તકમાં કોઇ પણ ભૂલ જણાય તો તેને સુધારીને વાંચવા ભલામણ કરૂં છું. "માનવ માત્ર ભૂલને પાત્રજ છે."

આ ગ્રંથમાં કેટલેક સ્થળે યોગ્ય સુધારો કરવાને તથા લોકરૂચીમાં પ્રસિદ્ધ કરીને અમલમાં મૂકવાને મદદ પ્રયાસ કરનાર મ્હારા **પરમોત્તમ મુરબ્બી ભાઇશ્રી રામજીભાઇ જશરાજભાઇ કરાંચી** નિવાસી તરફથી પુરતી સહાયતા મળી છે. ત્હેમણે પોતાનો અમૂલ્ય સમયનો ભોગ આપીને વખતો વખત મારા પ્રત્યે પૂર્ણસ્નેહભાવ પ્રદર્શિત કરીને મારા ઉગતા કાર્યને ઉત્તેજિત કર્યું છે. તે માટે હું તે મુરબ્બી શ્રીનો આ સ્થળે મારા ખરા અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું.

આ પુસ્તકના અંગે મારા સ્નેહી મી. ત્રંબકલાલ જીવરાજ અને મી. ન્હાલચંદ ધારસી મહેતાએ વખતો વખત યોગ્ય સલાહ આપી છે. તેને માટે હું તેમનો આભાર માનું છું. અસ્તુ.

O'er roses may your footstep move
Your smiles be ever smiles of love,
Your tears be tears of joy !

Byron.

રામાલય
નૂતન વર્ષારંભ
વિ. સં. ૧૯૭૨
કરાચી

લેખક.

બે વીર રત્ન

અને

આર્યોને બે બોલ.

પ્રકરણ ૧ લું.

રંગમાં ભંગ.

પ્રાતઃકાળનો રમણિય દેખાવ અલૌકિક આનંદ આપે છે. જંગલની ભુમિકાના પ્રાતઃકાળના ખરતાં ધુમસનાં ઝાંઝવાથી લીલોતરી લીલીછમ મખમલ ઓઢીને છેક લાંબે સુધી પથરાયેલી લીલા ઘાસનાં મળતી જોનારને કાંઈ ઓરજ ભાસ કરાવે છે. ઝીણાં ઝીણાં ઝાંઝવાનાં ટપકાં લીલા ઘાસ ઉપર એવી તો સરસ રીતે લટકેલાં જણાય છે કે કોઇ ઉત્તમ ઝવેરીએ પોતાના બગીચામાં સાચા પાણીદાર ઝળકતાં મોતી લટકાવેલાં હોયની ! નાનાં નાનાં ટેકરા, ડુંગરો ઉપરનાં નાના મોટાં વૃક્ષોની ઝાંઝવાનાં નિર્મળ નિરથી લીલી બનેલી કુમળી લતાઓ જોબ-નની ખુમારીમાં મસ્ત બની એવી તો ઝઝુમી રહેલી દૃષ્ટિગોચર થાય છે કે લમાણુાજ જનનાર, ઉપર પોતાના પવિત્ર પ્યારરૂપ સુગંધનું પ્રેમા-

લિંગન કરો ! પ્રભાકરે ડુંગરોનાં શીખરો ઉપરનાં વૃક્ષોને સોનેરી રંગે પોતાના તેજના પ્રભાવે રંગી દીધા છે જેથી જંગલના વસવાટ કરતાં જંગલી પશુઓ, જેવાં કે સીંહ, વાઘ, વરૂ આદિ સર્વેને એમજ ભાન કરાવે છે કે પ્રાતઃકાળના નિર્મળાકાશમાંનાં અગણિત તારાઓને મારા રક્ત વર્ણે રંગીને મારા તેજમાં ઝંપલાવ્યા છે; અને તમો સર્વે મારી હરીફમાં નિદ્રાને છોડો, નહીંતો તમને પણ મારા ધીકતા રક્ત વર્ણમાં રંગીને બાળી નાખીશ. માટે જલદી તાજે થાવ, અને રાત્રિની કાળી પીછોડીને દુર કરી, મારી તેજસ્વી ખીલતી જુવાનીમાં મોજ ભોગવવા સાવધ થાવ. નાનાં નાનાં પક્ષિઓ કિલકીલાટ કરતાં જંગલમાંનાં વૃક્ષની લીલી કોમળ લતાઓ ઉપર એક વૃક્ષ લતા પરથી બીજી વૃક્ષ લતા ઉપર મળતાં, કુદતાં, અને પ્રભાતનો આનંદરસ ચાખતાં જોનારને રમણિયતામાં પ્રથમ સ્થાન દેખાડે છે. ખેતીકારો પોતાનાં બળદોને ખેતરમાં ખેડ કરવાને લઇ જતા જણાય છે, કોઇ કોઇ સ્થળની, જમીન ઉપર ફક્ત કાળી મટોડી તેપણ ઝાંઝવાનાં નીરથી ભીના અને ચીકણી માલુમ પડે છે. નગરવાસીઓએ નિંદ્રાને તજી છે અને કેટલાક ભક્તજનો પ્રાતઃકાળના સુંદર સરોદે ભજનના રાગડા તાણી રહ્યા છે. નાગરિક સન્નારીઓ જળ ભરવાને માથે ત્રાંબા, પીતળનાં અને મટોડીનાં સુંદર ચળકતાં બેડલાં લઇ લટકે અને મટકે પ્રભાતના પરિમળ પ્રવાહમાં આનંદથી ધસડાતી એક બીજીથી રાત્રિનો વાર્ત્તાલાપ કરતી જળાશયપર જતી અને જળ ભરી આવતી સહચરીને મધુર વાણીથી

રાત્રિએ વિખુટી પડેલીને પ્રભાતમાં જોઈ એ ચાર હાસ્ય ગોષ્ટિ કરતી, અને તેનો પ્રત્યુત્તર પણ હાસ્યમાંજ અપાતો. કોઇ કોઈ ઘરમાં તો નાનાં નાનાં બાળકો પ્રભાતની ગુલાબી નિંદ્રા લેતાં ઘસઘસાટ ઉંઘતા જણાય છે, કોઇ કોઇ સ્થાને સવારમાં ઉઠી નાના બાળકો પોતાના ભાઇ-બંધોને ત્યાં પ્રાતઃકાળનું ગોખણ યાદ રહે તેટલા માટે જતાં માલુમ પડે છે, જુવાનીયાઓ સવારની મીઠી અને ઠંડી લહેજત ચાખવાને સ્નાનાદિક ટીલાં ટપકાં કરી પોતાના સ્નેહી તરફ મળવા જતા આવતા જણાય છે. પ્રભાત સ્વામિ શ્રી સુર્યનારાયણ ભગવાન આનંદમાં મગ્ન બની પોતાના તેજમાં સમયાનુરંગે વૃદ્ધિ કરવાને ક્ષણિકે ક્ષણિકે આસ્તે આસ્તે જોરપર આવતા લાગે છે.

આવા રળિયામણા પ્રભાતે વિલાસપુર નગરના વીશે રાજપુત વીરો ઘોડા પર સ્વાર થયેલા શીકાર માટે જંગલમાં ભટકતા જણાય છે. આ શુરવીર ટોળાંને બે કલાક થયાં એક પણ શીકાર મળ્યો ન હોવાથી તેઓ વિશ્રામાર્થે એક વટ વૃક્ષની ઘાડી ઝાડીજટા તળે બેઠા. આ વીશેક રાજપુત જુવાનીયાઓમાં એક ચૌદ વર્ષનો લઘુ યુવક હતો તે ઉઠયો અને પોતાના અશ્વ પાસે આવી બોલ્યો. "જગમલ, અરણ્યમાં પ્રભાત અતિ રમણિક દેખાય છે, મને તો અહીંજ રહેવું ગમે છે, પણ હજુ સુધી શીકાર ન મળ્યો; શીકારે નીકળેલા છતાં હવે પાછા જવું તે ખરેખર એક શુદ્ધ ક્ષત્રિય બચ્ચાને શરમ ભરેલું ગણાય,

માટે તમો સઘળા અહીંઆ થોભો; હું બે ત્રણ માઇલ સુધી જઇ આવું: જો શીકાર મળે તો સારૂં."

"કુમારશ્રી, આજ આપનો જન્મોત્સવ છે, વળી શ્રી પ્રભુ કૃપાએ મહારાજા સાહેબે આજ આપનું લગ્ન કરવાનું પણ નક્કી કર્યું છે. આપણે સર્વને ગઢ તરફ જલદીથી જવું જોઇએ, ઢીલ થશે તો મહારાજા કોપાયમાન થશે અને અમો ગરીબની રોટલી ટળશે. ભલે આજ શીકાર ન થયો અગર ન મળ્યો તો હરકત નહી, કાલે પાછા આવીશું." જગમલે કહ્યું.

"હું ક્ષત્રિય છું. ખરો રાજપુત છું અને હું નિશ્ચય મનથી કહું છું કે શીકાર કર્યા શિવાય પાછું ડગલું કદી ભરીશ નહીં. **શુદ્ધ રાજપુતો પોતાની પ્રતિજ્ઞા કદી ભંગ કરતા નથી અને જે પાછી પાની કરે છે તે રાજપુતો નથી પણ રંકપુત્રો છે—"**

સૂર્ય પ્રકાશે પશ્ચિમે, ચંદ્ર તેજહિણ થાય;
(તોપણ) **રણમલ પાછો નહી ફરે, સીંહ ઘાસ નહીં ખાય.**

આજકાલના કેટલાક સીંહના ઉપનામે ઓળખાતા શીયાળવા સમા રાજપુતો જેમ વચનભંગ કરવા રૂપી ઘાસ ચરે છે તેવો આ રણમલ નથી માટે મને જવાદો. હું જલદીથી પાછો આવીશ, એમ કહી રણમલ એકદમ અશ્વારૂઢ થઈ અશ્વને એડ

મારી પુરજોશમાં ઘોડાને દબડાવ્યો અને જોતજોતામાં સર્વેની દષ્ટિ ઝાંખી કરી ક્યાંનો ક્યાં આડોઅવળો નીકળી ગયો.

સર્વે ફીકરમાં પડયા.

"રણજીત, કુંવરે આપણને કાળી ટીલી આપી. તેને એકલો જવા દેવામાં ભુલ કીધી, હવે શું કરવું? માહારાજાને શો જવાબ આપવો?" એટલું બોલતાંમાંતો જગમલ ગભરાયો ને ભોંયપર પડયો ને રડવા લાગ્યો.

સર્વત્ર ચુપકીદી પથરાઇ ગઈ, કેટલીક વાર સુધી તો આ શુરવીર ટોળું ઉદાશીનતામાં એકમેકની સામું ડાચું હલાવતાં મૌનપણે મિનીટોની મિનીટો પસાર કરી ગયું. સર્વે વિચારના વમળમાં ગોથાં ખાવા લાગ્યાં. પછી એકદમ ઝબકીને રણજીત બોલ્યો.

"સરદાર આપણે એક મિનીટ પણ અહીંઆ વધુ થોભવું ઠીક નથી માટે જલદીથી આપણા ઘોડાઓને કુંવર રણમલની પાછળ દોડાવી મુકવા જોઇએ." આજ પળે સઘળાઓ ઉઠયા અને જોતજોતામાં સૌને જેમ ફાવ્યું તેમ કુંવર રણમલની શોધમાં પોતાના ઘોડાઓને દોડાવી મુકયા, તેઓ ઘણે લાંબે સુધી ગયા, આડા અવળા ફર્યા પણ કુંવરનો પતો લાગ્યો નહીં. લગભગ બે અઢી કલાક સુધી ઘોડાઓને હંકાવ્યા, આખરે સર્વે થાકી ગયા. સઘળાના મુખકમળ કરમાઈ ગયાં, ચીંતાની રેખાઓ કપાળ ઉપર દોરાઇ ગઈ અને થાકેલા કપાળે પ્રસ્વે-

દના બીંદુઓ બાઝી ગયાં. પ્રસ્વેદથી શરિર ભીના ભીના થઈ ગયાં, ઘોડાના મોંમાંથી ફીણના ગોટા નીકળવા લાગ્યા. તેઓ ઘોડાપરથી ઉતર્યા અને જીન કાઢીને જમીન ઉપર પાથરી ચીંતાના બીછાનામાં આળોટવા લાગ્યા. લગભગ એક કલાકથી વધુ વખત તેઓ ત્યાં થોભ્યા પણ ચીંતાએ તેઓ સઘળાને પોતાના બંધનમાંથી મુક્ત કીધા નહીં. છેવટે નીરાશામાં સઘળાઓ કુંવરને ધીઃકારવા લાગ્યા અને ગઢ તરફ જવાને ફરીથી અશ્વારૂઢ થયા, તેઓ સર્વે કિલ્લાની નજીક આવી પહોંચ્યાં.

આ વખતે કિલ્લામાં લોકોની ઠઠ આનંદસાગરમાં ઘસડાતી, જતી અને આવતી જણાતી હતી. શીકારીઓ દરવાજામાં દાખલ થયા, ચોરોની માફક સર્વેએ પોતાના મોં ઉપર ચીંતાની પીછોડી ઓઢી લીધી. તેઓ છેક મહેલ સુધી આવ્યા નહીં હોય એટલામાં રાણીવાસ તરફના ઝરૂખાની કાચની બારી ઉઘડી અને તેમાંથી એક સુંદર બાલીકા ઝુંકતી દેખાઇ; તેજ પળે સરદાર જગમલે ઉંચુ મોં કર્યું અને ઈશારતથી તે બાલીકાને નીચે આવવા જણાવ્યું.

તુરત એકજ પળના વિલંબે તે મદમાતી બાલીકા નીચે આવી અને આનંદિત વદને બોલી.

“સરદાર જગમલ, આજ ઉદાસમાં કેમ ? તમો સર્વે શીકારીના મુખ લેવાઇ ગયાં છે તેનું કારણ શું ? આજે તો કુંવરશ્રીનો વાઢ દિવસ અને લગ્નનો માંગલ્ય પ્રસંગ છે, તમારા મંડળને આનંદમાં

રહેવું જોઇએ તેને બદલે આમ ચીંતામાં સપડાયેલા જોઇ મારૂં દીલ દુઃખાય છે, માટે જલદી કહો શો ભયંકર બનાવ બન્યો છે ? ”

“દેવી વિલાસીની, કહેતાં જીવ જાય છે, શરીર ધ્રુજે છે, મસ્તક તુટે છે, મારાં સર્વ અવયવો શિથીલ પડી ગયાં છે, લોહી ફીકુ બની ગયું છે, ચક્ષુઓ નિસ્તેજ થઇ ઉંડી પેશી ગઇ છે,” ઓ મારા પ્યારા રણમલ તું કયાં હોઇશ ! ” નિશ્વાસ નાખી એક કારમી ચીસ પાડી સરદાર જગમલ એકદમ મુર્છાવશ થઈ જમીન ઉપર પડી ગયો.

પાણી પાણીની બુમો પડવા લાગી કેટલાક આવતા જતા નોકર ચાકરો દોડી આવ્યા. “સરદાર જગમલ આવો બ્હાદુર લડવૈયો અને આજે તેને આ શું થયું !” તેજ જીજ્ઞાસામાં સઘળા મૌન પકડી રહ્યાં, સાથેના શીકારીઓના ગાત્રો શીથિલ બની ગયાં અને થરથર કંપવા લાગ્યાં. એકાએક જગમલ ઉઠયો થોડી પળો સુધી આ બ્હાદુર યોદ્ધો ધ્રુજ્યો, મસ્તકપર હાથ મુકયો, અને એક ઢીલા માટીના લોંદા જેવો નરમ ઘેંસ થઇ ગયો. તેના મુખમાંથી ફક્ત એટલાજ શબ્દો નીકળ્યા “ વ્હાલા રણમલ તું કયાં ગયો ” આ અવાજ સાંભળતાંજ ત્યાં ઉભેલાં સર્વે માણસોના હૃદયમાં એક જબરી કંપારી છુટી અને પોકાર થઇ રહ્યો “ **સરદાર રણમલને શું થયું ?** ” સરદારથી કાંઇજ બોલાયું નહી જીભ અટકી પડી, શ્વાસ બંધ થઇ ગયો, તે કેટલીકવાર સુધી સ્થિર ઉભોજ રહ્યો.

" જગમલ, તમે શું કહો છો ? જાગૃતમાં છો કે ઉંઘમાં ? સ્વપ્નમાં છો કે સાવધમાં ? ઘેલછા થઇ છે કે શું ! કુંવર રણમલના આજ લગ્ન છે, અને તે શુભોત્સવમાં તમારી સાથે તે શીકારે આવ્યો હતો, તેને શું થયું ? તે એકદમ જણાવો. "

વિલાસિની ઉતાવળે વદને વિજળીના ચમકારાના ઝડપે બોલી અને આતુરતાથી મુખપરની લાલી ઉડી ગઈ હોય તેમ સ્તબ્ધતામાં સંગે મરમરની સફેદ પુતળી માસાલ હાલ્યા ચાલ્યા વગર ઉભીજ રહી.

" વિલાસિની કુંવર રણમલ ગુમ થયો " સરદારે કહ્યું. આ શબ્દોરૂપી ગોળીએ એકજ સેકન્ડના સાઠમાં ભાગ કરતાં વધુ ઝડપે દેવી વિલાસિનીના અંગની તમામ રગેરગમાં પ્રવેશ કર્યો કે ફરીથી તે બ્હાર નીકળવા પામીજ નહી. " જુલમ ! જુલમ ! ! જુલમ ! ! ! ઓ પ્રભુ ! તોબાહ ! તોબાહ ! ! " બાલીકાનું ચંદ્ર વદન નિસ્તેજ બની ગયું. એક પળ ઉપર આનંદમય રક્ત વર્ણે રંગાયેલી રમણીય બાળા અત્યારે એકાએક આ ભયંકર શબ્દ ગોળીથી વીંધાઈ ગઇ અને જમીનપર પડી. તેજ ક્ષણે બાલીકાને જગમલે ઉંચકી લીધી અને સાવધ કરી દીલાસો આપતો બોલ્યો.

" ભાવી પ્રબળ છે કોઇનું ધાર્યું થતું નથી ઇશ્વર પળમાં રાયને રંક અને રંકને રાય બનાવે છે. ખરેખર **રંગમાં ભંગ** પડયો. "

બીચારી બાળા રડતી કકળતી ઉપર ગઇ.

પ્રકરણ ૨ જું.

મુવા પહેલી ઘોર.

વાંચકવૃંદ પ્રથમ પ્રકરણમાં વાંચી ગયા કે સરદાર ભ. ... કુંવર રણમલ ગુમ થયો, તે બીના દેવી વિલાસિનીને કહી. વિલાસિની તુરતજ ઉપર આવી અને પોતાની માતા પાસે રડતે અવાજે સર્વ હકીકત કહી; આથી રાણીવાસમાં બેઠેલું સ્ત્રી મં... ગભરાઇ ગયું અને ત્યાં ઉદાસીનતા પથરાઈ ગઇ. તે વ... આપ... વાર્તાની નાયકણ રંભા દેવી પણ પોતાની ભવિષ્ય સાસુ માતા સાથે આનંદાલાપ કરતી હતી અને જ્યારે તે બીચારી કોમળાંગીએ આ અશુભ ધ્વનિ સાંભળ્યો ત્યારે તેની સ્થિતિનું તેના એક સેકંડ પહેલાંના આનંદ રહસ્યનું અને ભવિષ્ય સુખની ખીલતી કળીની આશાનું સઘળું કેવા પ્રકારમાં ફેરવાઇ ગયું હશે? તેના ખ્યાલનું આબેહુબ બ્યાન મારા વ્હાલા વાર્તા વિનોદીને કરાવવાને આ અલ્પજ્ઞાની લેખકની લેખીનિને સ્થળાનુંકુળ શબ્દો જડી આવતા નથી, તોપણ તે વખતનો જે ખેદ થયો હતો તે નીચે પ્રમાણે હતો.

રંભાદેવીએ પોતાના ભરથાર ગુમ થયાની વાત સાંભળી તેવીજ તે ગાભરી બની ગઇ અને તેજ ક્ષણે તેનાથી કારમી ચીસ પડાઈ ગઇ. તેના કુમળાં અવયવોમાં ધ્રુજારી દેવી પેસી ગઇ, તે રડતા વદને પોતાના

એકાંત ગૃહમાં આવી અને બારણાં બંધ કર્યા. તે એકદમ ઉભેથી પછાડ ખાઇ ભોંયપર પડી ખુબ રડી; અત્યારે તેને શાન્તિની મીઠી વાણીથી કોણ દીલાસો આપવાને હતું ? કોઇજ નહી. બીચારી ગરીબડી રંભાને પ્રભુ શિવાય તે ભવ્ય એકાંતાલયમાં કોણ હતું ? હા, હતું તો ઘણુયે પણ તે સઘળું આ ભયંકર બનાવથી એક કતલખાનું થઇ ગયું હતું; એટલે તે મધ્યે રહેલું રાચ રચીલું તે પણ ભયાનક ભાસ કરાવતું હતું, રંભાને દીલાસો આપવાને જમીન ઉપર સુંદર રંગ બેરંગી ઉનનો ગાલીચો બીછાવેલો હતો, જે ઉપર આપણી પવિત્ર હૃદયી બાળા રોજ આનંદથી ચાલતી તેજ ગાલીચા ઉપર રંભા ! અટુલી રંભા ! ધબ દઇ પડી. શું તેને વાગ્યું નહી હોય ? ના; ઉનનો ગાલીચો હતો ને ! પણ પ્રીય વાંચન શોખીન દુષ્ટ સમગે સર્વ વસ્તુ પોતાના પ્રબળ બંધન માં જકડી લીધી હતી. તેથી તે સુંદર અને રમણિય દીસતા ઉનના ગાલીચાએ પણ ઉગ્રરૂપ ધારણ કરેલું ભાસતું હતું. આવી આવી અગણિત વસ્તુઓ રજવાડામાં હોય છે, તેનું પુરેપુરૂં બ્યાન કરવું તે ટાયલાં તરીકે ગણી વખત ગુમાવવો ઠીક નહી ધારતાં મારી કલમને મુળસ્થાને લઇ જઇ આગળ વધારૂં છું.

રંભાદેવીના ચક્ષુદ્વારાએ શોકાગ્નીથી ગરમ થઇ ખરતી જળધારાએ તે ગાલીચાને આજના ભયંકર બનાવના રેલામાં ભીંજાવી દીધો. ગાલીચાએ જોત જોતામાં વિકાળરૂપ ધારણ કરી ભયંકરતા પ્રસરાવી

મુકી, તેમાંથી ઉષ્ણબાફ નીકળવા લાગી; બીચારી રંભા ! અનાથ બાળા ઉઠી અને બાજુએ પડેલી આરામ ખુરશીપર ઢળી પડી. તેજ સ્થિતિમાં તે ખુબ રડીઃ રડવાથી પણ તેનું હૈયું ખાલી થયું નહી; અંતે દેવી થાકી ગઇ. જરા ભાન પકડી રડવું બંધ કર્યું; પાંચ દશ મિનિટ સુધી નિસ્તેજ આરસની અપ્સરા માફક હાલ્યા ચાલ્યા વગર તેજ સ્થિતિમાં જેમની તેમ પડી રહી. વળી પાછું કાંઇ યાદ આવ્યું હોય તેમ એબ્હા-ફળી ઉઠી અને ઉભેથી ફરી પછડાટ ખાધી અને ખુરશી સાથે અથ-ડાઇ રડવું શરૂ કર્યું આ વખતની તેની કુમળી નાજુક, કાળી નેત્ર મણીઓ શુદ્ધ પારસમણીને લજાવે તેવી પાણીદાર ઝગમગતી તેજસ્વી જણાતી હતી. તે ભ્રમરાળી નેત્રમણીઓથી ખરતો જળ પ્રવાહનો પાત-ળો રેલો તેના ગુલાબી ગાલને ચુમ્બિત થઇ અધરામૃતનું પાન કરવાને અને તેણીએ આજના લગ્નાનંદના શુભ પ્રસંગે પોતાના ભવિષ્ય પતિને પ્રેમાલિગંન આપવાને લીલી મખમલની ઝીંકની કસબની ઉંચી કારી-ગરીવાળી કંચુકી એવી તો તસતસ્તી પરિધાન કરેલી હતી કે તે માંહે સંતાડેલા બે સુવર્ણમય હૃદય બુઝાં જે વારંવાર યોવન પુષ્પની મીઠી સુગંધ લેવાને ડોકીયાં કરતાં હતાં, તે પર પડતો કે જેથી તે હૃદય સંપુટો શાંન્તિ પામતા જણાતા હતા. આથી જોનારને એમજ ભાન પ્રદિપ્ત થતું કે નિર્મળ જળ પ્રવાહનો પાતળો રેલો, રાત્રીની રસાકશી માં તેની કુમળી હંસ ડોકમાં પહેરેલા પાણીદાર મોતીના હારની એક લટ છુટી જઇ તેના સોનેરી કળશો ઉપર પડેલી હોયની !

સ્ત્રી જાતિ દુઃખ અને સુખમાં પોતાના સૌંદર્યનું અને ગુણનું પરિબળ પુરૂષો કરતાં વધારે પ્રમાણમાં અલૌકિક બતાવે છે, પુરૂષ જાતિમાં તેવું વધારે જોવામાં આવતું નથી. વખત ઘણો થઈ ગયો છે, પ્રિય વાંચક! મારી સાથે આવ અને બિચારી રંભાની સ્થીતિ જો.

રંભાનો વિલાપ છેક ગગન મંડળ સુધી સંભળાતો જણાતો હતો, આકાશમાં શ્રી ભાનુદેવ રંભાનો કરૂણામય અવાજ નહી સહન કરી શકતા હોય તેમ પળે પળે શોક રૂપી તડકા છાંયની વાદળી કરતા હતાં. અનાથ રંભાનું મુખ કમળ ગગનને ચુંમ્બિત કરવાને તલપાં મારતું હોય તેમ વારે વારે ઉંચું નીચું થતું. વાંચક! જો, અદુલી રંભા બન્ને હાથ જોડી મનમાં બબડવા લાગીઃ–"અરે પ્રાણવલ્લભ પ્રભુ! આ દુઃખનો ડુંગર તમ દાસી પર ઢોળી આપ કયાં છુપાઇ ગયા? અરે પ્રાણેશ! આપ કયાં સંતાઇ પેઠા? વ્હાલા સૌભાગ્ય રક્ષક! આપની અર્ધાંગનાને આમ એકલી રઝળતી મુકી આપને કેમ જવું ગમ્યું? વ્હાલા નાથ! જલદી આવો. આપનો ક્ષણભરનો વિયોગ વર્ષોતુલ્યના જેવો વિકટ ભાસ કરાવે છે. ઓ પ્રભુ!! મારા સ્વામિને ત્વરિત ભેટાવ, ઓ જગતના પાલણહાર વિભુ! અમારો દાંપત્ય વિયોગ વિદાર." બિચારી રંભાના મુખમાંથી આવા અસંખ્ય શોકોદ્ગારો નીકળ્યા. અંતે તે થાકી અને જરા થોભી. ગરીબડી રંભાની આવી માઠી દશા જોઇને તેને આશ્વાસન આપવાને શ્રી સુર્યદેવે રંભાના એકાં-

તાલયની બીલોરી કાચની બારીમાં પોતાના તેજસ્વી કિરણોનો આચ્છો આચ્છો પ્રકાશ પાડતા અને તેને રીઝવતા હોય તેમ બબ્બે ત્રણ ત્રણ મિનીટે વાદળીયો કરી નાચતા હોય તેમ જણાતા હતા. ભાગ્યહિણ રંભાની મુખમુદ્રા ઉપર કાંઇ ફેર થયો નહી. તેજ સ્થિતિમાં તે હાલ્યા ચાલ્યા વગર ઉભી રહી. એટલામાં એકાએક બારણું ખખડયું. તેવીજ રંભા ચમકી અને બારણા આગળ ગઇ, જરા થોભી, પાંચેક મિનિટથી વધુ વખત અટકી; વળી એકદમ બારણા નજીક આવી થોભી, આસ્તે આસ્તે તેણે ચોમેર નજર ફેંકી. કાંઇ ન દેખવાથી પાછી બારી પાસે આવી. વળી બે ત્રણ મિનીટમાં જોરથી બારણું ખખડવા લાગ્યું. બિચારી રંભા બ્હીની. ખપે વખે થઈ ગયેલાં વસ્ત્રો વ્યવસ્થિત કરતી ધીમે પગલે બારણા તરફ ગઇ. અને બોલી. “ કોણ છે ? ”

બ્હારથી પ્રતિઘોષ થયો “ કોઈ નહી.”

આજ પળે રંભાએ અવાજ ઓળખી દ્વાર ઉઘાડયું. એક ભવ્ય બિહામણી જાડી આકૃતિ જણાઇ. તેણે પાછલા હાથે બારણું બંધ કર્યું પછી આરામ ખુરશીપર બેસ્તાંજ બોલી.

“રંભા, તું ગભરાઇશ નહી. હું અત્યારે ખાસ કામસર આવ્યો છુ.” જાડી આકૃતિવાળા શેરસિંહે દાવકું મોં રાખી કહ્યું.

“ મહારાજ; આપને મારૂં શું કામ છે તે કહો.” રંભા નિસ્તેજ વદને બોલી.

"મારો કોડીલો કુંવર ગયો. હાય! હાય!! તે બિચારો ક્યાં રખડતો હશે?" તેના હૃદયમાં વાત્સલ્ય પ્રેમ ઉભરાઇ આવ્યો, તેનું નિર્મળ અને પવિત્ર હૃદય અકળાયું અને લવારો શરૂ થયો. "એ મારા નેત્રમણી મેં તને પાળીપોષિ મોટો કર્યો તેનું શું આજ પરિણામ? શું મને દગો દેવો તને ઉચ્ચીત હતો? આજકાલના કેટલાક કુલાંગારો પિતાને પિશાચ સમાન ગણી, તેના સદ્દુપદેશનો અવળો અર્થ કરે તેવો તું—અરે આર્ય વિદ્યાવિભુશીત રાજરત્ન તું બન્યો? નહા, નહીં, એમ કદિ બનેજ નહીં. હીંદની આર્ય વિદ્યામાં એવી શીશીખામણો મળેજ નહિ. કદાચ પાશ્ચિમાત્ય લોકોના કેટલાક પુત્રોની વર્તણુક પ્રમાણે વરત્યો હોઇશ. એ હીંદ! મારી માતૃભૂમી! શું તારા આર્ય સંતાનો આવા થયા? ના પણ અવિદ્યાનુંજ કારણ છે "યથા રાજા તથા પ્રજા" પણ મારો પુત્ર કદિ એવો બનેજ નહી. જે રાપુજત્રો શુદ્ધ ક્ષત્રિય હશે તે કદિ પોતાનાં માતા-પિતા, પત્નિ, ભગીનિ ભ્રાતા, કુટુંબ. જ્ઞાતિ કે દેશ તરફની ફરજ ભુલશેજ નહી. એ પ્રભુ! મારા લાડકવાયા કુંવરની રક્ષા કર." એમ કહી હાય પોકારી બિચારો શેરસિંહ રડવા લાગ્યો. થોડીવાર સુધી એક સરખો ગુમ રડયો: આખરે તેને કાંઇક શુદ્ધિ આવીને સ્વસ્થ થઇ બેઠો.

રાજપુત્ર અને રંભાનો પતિ ગુમ થયો: આ ભયંકર બનાવ

વિલાસપુરના ઇતિહાસમાં લખાશે, ખરેખર ઇશ્વરની કળા અકળ છે– તેનો પાર કે છેડો છે જ નહી, કયાં લગ્નાનંદ અને તેજ દિવસે વિઘ્નાકૃંદ !

“ અફસોસ ! વ્હાલા નાથ આપ આમ દાસીને એકલી છોડી કયાં જતા રહ્યા ! ” એટલું બોલતામાં રંભાએ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા માંડયું. ખરેખર અનાથ [illegible]નું રૂદન ચિત્તાકર્ષક હતું. રંભાની ચક્ષુઓ એવી તો ચમકતી હતી કે તેણીના કાળા ભ્રમરાળા નયનોદ્વારમાં એક પ્રકારનું નુતન તેજનું પ્રતિબિંબ જોનાર પ્રત્યે પડતું જેથી જોનારના હૃદયમાં એક પ્રકારનો ([illegible]) પ્રેમ પ્રકાશ થતો અને તેજ પ્રેમ પ્રકાશના કિરણો વારેવારે બદલાતા અને તેને જુદા જુદા રૂપમાં ફેરવી જોનાર વ્યક્તિને ભ્રમિત કરતા હતા. તેવીજ વ્રત્તિ આપણા મહારાજા શેરસિંહની [illegible] અને એકાએક તે બોલ્યા.

“ રંભા, હવે રડવે કુટવે મારો કુંવર પાછો આવે એમ જણાતું નથી માટેજ ”:–એટલું બોલી શેરસિંહ અટકયો.

“ શું ? શું ? ? માહારાજ આપ શું વદો છો તેની મને કાંઇ સમજ પડતીજ નથી “ માટેજ ”:–એટલે શું ? આપ સત્વર ગામે ગામ અને જંગલે જગલ તેમની શોધ માટે માણસો મોકલો અને મારા પતિને જલદી અહીં લાવો ” એટલું બોલી બિચારી રંભા ગભરાઇ ગઇ અને ધરતીપર પડી ગઇ તેને ઉંચકી લેવાને શેરસિંહ ઉઠે, તે પહેલાંજ તે બાળા બેઠી થઈ.

" રંભા રણુમલની શોધ કરવાને માણુસો મોકલ્યાં છે પણ તે રુઠીલો કુંવર જડવો મુસ્કેલ છે, કોણ જાણે તે ક્યાંએ હશે ?" શેરસિંહે વાતને ઉડાવતાં જવાબ આપ્યો.

" પિતાતુલ્ય માહારાજ, આપના લાડીલા કુંવર માટે આપ શંકામાં શા માટે બોલો છો ?" રંભા અત્યાતુરપણે બોલી.

" તું ગમે તે કર પણ હવે રણુમલ પાછો આવે તેમ લાગતું નથી, માટે ":–વળી પાછો શેરસિંહ બોલતો બંધ થયો. "માટે:–શું ? વાક્યમાં કાંઈ નિષ્ઠુરતા સમાયેલી છે." રંભા ક્રોધમાં બોલી.

" શું નિષ્ઠુરતા ? તું મારી પાસે કુંવર રણુમલ માગે છે, પણ કુંવર તો હવે ":–કહી પાછો શેરસિંહ અટકી પડયો.

" શું તે દુનિયાની સપાટીપરથી ચાલ્યા ગયા ?

" તે કાંઇ નકકી કહી શકાય નહી, પણ અનુમાન થાય છે." શેરસિંહ બોલ્યો.

" કઇ રીતે અનુમાન કરી શકયા ?

" બધા શીકારીઓ પાછા આવ્યા અને તે ન આવ્યો તેથી "

" તેથી શું તે દુનિયા તજી ચાલ્યા ગયા ? નહી ! નહી ! ! ગમે તેમ કરી તેમની શોધ થવીજ જોઇએ." રંભાએ ભાર દઇને કહ્યું.

" તે કાંઇ મારા હાથમાં નથી, તને રણુમલ જોઇએ છીયે, તે

મારી પાસે નથી. તેં તારો પતિ ગુમાવ્યો છે, અને મેં મારો વંશ વૃદ્ધિકર વેલો ગુમાવ્યો છે. માટે કુંવરના બદલામાં હુંજ":—આટલું બોલતાં શેરસિંહ સ્હેજ ધ્રુજ્યો.

"હુંજઃ—શું? અરે ડોસા! તારી દાનત બગડી છે. ઘોળામાં ધુળ ઘાલી શું બકે છે? જરા વિચારી બોલ." રંભા શીખામણ દેતી હોય તેમ બોલી.

"રંભા, હું અત્યારે તારી શીખામણ લેવાને આવ્યો નથી. મારી સાથે ફક્ત તું પણ ભવિષ્યમાં વંશને વધારવાને ફક્ત":—એટલું બોલી ડોસા બંધ પડ્યો.

"અરે ઓ દુષ્ટ! હું કોણ! તે વિચાર કર. હું તારી પુત્રવધુ. તારી દીકરી સમાન. પ્રૌઢ પાતકી, ગીધડા, ભ્રષ્ટ દાનતના દુરાચારી, તારી ઇચ્છાને જડ મુળથી છેદી નાંખ. હું મારા પતિ સિવાય અન્ય કોઇ પણ વ્યક્તિને વરીશ નહી. તે ખચ્ચિત જાણજે" રંભા સતિત્વપણે બોલી;

"જો તું માનશે તો સુખી થશે, નહી તો આ શેરસિંહના સપાટામાં અધમુઇ થઇ જઇશ. તારૂં શાણપણ મને કાંઇ ઉપયોગનું નથી, હું તને છેવટનું કહું છું કે હવે કુંવર રણમલને હું લાવી શકતો નથી. તેને બદલે હું પોતેજ તૈયાર છું. તને તો ફક્ત માણસજ જોઇએ છીયે ને? માટે જીક્કર છોડી દે, શોકને સમાવી દે, અને આજથી તું

મારી રાણીવાસની ઉપપ્રમુખા તરીકે વર્તજે. હવે કાંઇ કુંવર પાછો આવે નહી. તે તો ક્યારનો સ્વધામ પહોંચી ગયો હશે. તારા કરતાં મને વધુ શોક થવો જોઇએ પણ શું માણસ ગયું તેની પછવાડે કાંઈ આપણાથી જવાય છે?" શેરસિંહ શીખામણ આપતો હોય તે પ્રમાણે બોલ્યો.

"ઓ પાપીષ્ટ પિતા, સ્ત્રીને મન પતિ એજ પ્રભુ. પતિ એજ સ્ત્રીનું સૌંદર્ય, અને પતિ એજ સ્ત્રીનો રક્ષક, સ્ત્રીનો શણગાર પણ પતિ. સ્ત્રીને સર્વથી શ્રેષ્ટ અને પવિત્ર પતિ શિવાય કાંઇ છેજ નહી, માટે મારા મુંઢ સસરાજી! આપ જરા વિચાર કરો કે દુનિયાથી ઉલટું કૃત્ય કરવું આપને કેમ ઘટે? આપના "સાઠી બુદ્ધિ નાઠી." એ કહેવતને આપનામાં વિષયરૂપી કીડાએ પ્રવેશ કરી સત્ય કરી આપી છે આપે સતિઓનાં સતિત્વના અસંખ્ય દૃષ્ટાંતો વાંચ્યા હશે કે એકજ પતિને માટે કેટલીક માહાસતિઓને કેટલું કેટલું દુઃખ સહન કરવું પડયું છે. પતિની પાછળ અગણીત શુદ્ધ ક્ષત્રાણિયો કે જેઓએ મનથીજ માની લીધેલા પતિનો વિયોગ થતાં કેટલું કલ્પાંત કરતી? પતિ વિયોગીની વીર બાળાઓએ પ્રાણુની આહુતિઓ આપી પોતાના માની લીધેલા પતિને બીજા જન્મમાં મળવાનો કોલ આપી જતી! તે ફક્ત શીયળનેજ માટે. તો આપ વિચારો કે શીયાળની કેટલી કીંમત! તેનો આંક છેજ નથી. **આજ કાલની કેટલીક રમણીયો! અરે નહી, અંગ્રેજી ફેશનને વખાણતી, સુધારાને**

બદલે કુધારો કરતી અને આર્યના નામને દુષીત કરતી રાક્ષસીઓ ! જેમ પરપુરૂષના હસ્તમાં હસ્ત દઇ શેઇકહેન્ડ કરી (ખરી રીતે નવા પતિથી નવીન હસ્ત મેલાપ કરી) પોતે કૃતાર્થ થયેલી સમજે છે, અને તેમની સાથે એકાંત ગમન કરતી, અને પ્રેમ ગોષ્ટિ કરી, પાછી ઘેર નામના પતિ પાસે આવી તેને ઉલ્લુ બનાવે છે અને શીયળ વ્રતને (humbug) યાને અર્થ રહીત છે એમ કહી પોતે જેમ પાતિવ્રત પાળતી નથી, તેમ અન્ય સ્ત્રીઓને ન પાળવાનું શીક્ષણ આપી કાળક્રમે પોતાના પંથને વધુ બળવત્તર કરવા મથે છે અરે ચાંડાળણીઓ ! ભ્રાતા, સસરા અને દીયર વીગેરેથી પણ દુરાચારી કર્મ કરવા ચુક્તી નથી, એવી મને ધારશો નહીં. આપ મારા પિતા તુલ્ય છો. "જે પિતા પુત્ર વધુ ઉપર કુદૃષ્ટિ કરે છે તે રૌરો નર્કાધિકારી થાય છે." તે શું તમે નથી જાણતા ? ઓ આર્યો ! તમારી શીસ્થિતિ ! જે પુત્રવધુને સસરા પુત્રિ સમાન લેખતા હતા તેજ કેટલાક કુલાંગાર આર્ય સંતાનો તેના પર કુદ્રષ્ટિ કરે છે, અને જે સ્ત્રીઓ નિજ પતિને પ્રભુ તુલ્ય ગણતી અને મર્યાદામાં રહેતી તે આજે છાકટી ફેશનમાં તણાઇ પાશ્ચિમાત્યોની રૂઢી ગ્રહણ કરવા તૈયાર બને છે. જે રાજપુત તનયાઓ પડદે રહેતી તેઓમાંની કેટલીક તો આજે સુધરેલી ફેશનમાં તણાઈ જઇ

ખુલ્લે મોઢે ફરી સત્તાધિકારીઓ સાથે એકાંન્તમાં પણ મળે છે. હાય! કેવી દુર્દશા! આ રાજપુત્રો! અરે ક્ષત્રિય કુળદિપકો! તમો ક્યારે જાગશો, અને તમારો કુળાચાર જે દુરાચારના ઉંડા ધરામાં દટાઇ જાય છે તેને ક્યારે પ્રથમ સ્થિતિનું દર્શન કરાવી તમારી ક્ષત્રાણિ વીરમાતાઓની કુખ વખણાવશો? અને તમારા આર્યા વ્રતને આવી કફોડી સ્થિતિમાંથી ક્યારે ઉન્નતિના ઉચ્ચ શીખરે ચઢાવવી, બ્રીટીશ સત્તાનું નામ દુશ્મનો પાસે ક્યારે પુર જોરમાં દીપાવી, તેજ સત્તા તમે સ્વરાજ ભોગવવા ભાગ્યશાળી થશો?

ઓ પિતા! આપ વિચારો આપની ફરજ સમજો, અને આપ કામાંધ બન્યા છો પણ ક્ષણિક સુખેચ્છાને આપની જ્ઞાન ચક્ષુઓ રૂપી કટારથી કાપી નાખો, અને મને અહીંજ રહેવાદો. જ્યારે મારા પ્રાણ નાથ આવશે ત્યારે હું તેમને પરણીશ, નહી તો તેના પાછળ બળી જઇ મારા પાતિવ્રતને ઉજ્જવળ કરીશ." રંભાએ બોલવું બંધ કર્યું.

"રંભા, તું માન, ગુમાન ન કર, તેવો વખત હવે નથી, માટે તું સર્વ ઢોંગ છોડી દે; નહી તો આ સમશેર તારા માટેજ ધારણ કરી છે" એમ કહી તરવાર મ્યાનમાંથી ખેંચી અને રંભા ઉપર જેવો કુદીને ડરાવવા જાય છે તેજ પળે રંભાના એકાન્ત ગૃહના દ્વારનાં બે કટકા થઈ પડયા અને એકાએક એક શુરવીર રણ યોદ્ધા, પાપી શેરસિંહની સામે ખુલ્લી તરવારે ખડો થયો અને અતિ ક્રોધમા બોલ્યો.

" તું શું ઇચ્છે છે ? મરણ કે શરણ ? જીવવાની આશા રાખતો હોય તો આજ પળે ચાલ્યો જા, અબળા ઉપર જુલમ ગુજારતાં તારા ક્ષત્રિવટને હજારો વાર ધિઃકાર છે. એ પાષાણ હૃદયના પાપી ! બોલ જલદીથી જવાબ દે; નહી તો હમણાજ શીરચ્છેદ કરી સ્વધામ પહોંચાડી દઇશ. કુંવર રણમલ જીવે છે તેનો આયુષ ઘણી લાંબી છે એ પુત્ર ઘાતકી પિતા ! તારા પુત્ર પ્રેમને ભુલી જતાં પહેલાં તારા સહસ્ત્ર કટકા કેમ થઇ ન પડયા ? અરે ચાંડાળ ! તેનીજ પ્રિયા તારી પુત્ર વધુ ઉપર કુદૃષ્ટિ નાખતાં તું ધરતીમાં કેમ દટાઇ ન ગયો ? **હાય ! આર્યો ! તમારી અવદશાનું આવા અધમ સસરાઓ પણ એક કા[illegible]નુ છે.** " આ બનાવ પાપી શેરસિંહ નહી જોઇ શકવાથી તેજ ક્ષણે ત્યાંથી એકદમ નાશી ગયો; ત્યાર બાદ આવનાર બ્હાદુર લડવૈયાએ રંભાને આશ્વાસન આપતાં કહ્યું.

" એ મારી ધર્મ ભગિની દેવી તમે જરાપણ બ્હીક રાખશો નહીં. **હું તમારા પતિનો મિત્ર છું, અને મિત્ર ધર્મ સમજુ છું, આધુનિક સમયના કેટલાક આર્યના નામને કલંકિત કરતા મિત્રોની માફક હું કર્મચાંડાળ નથી.** "

" વાહ ! ધન્ય છે જગમલ મિત્ર હજો તો આવા સુશીક્ષિત રત્ન હજો, પ્રાચીન આર્યાવર્તના આવાજ વીર નરો હતા પણ અર્વાચીનકાળના મિત્રોનો બ્હોળો ભાગ

લક્ષ્મિ, લાંપટ્ય અને લોભ એ ત્રણ શબ્દોથી ઘેરાયલો જ્યાં ત્યાં જોવામાં આવે છે. ખરેખર ! આર્યોની આર્યતા સ્વાર્થ પરાયણતાના અંધકારમાં ડુબી ગઇ જણાય છે. પવિત્રતા અ-પવિત્રતાના રૂપમાં પલટાઈ ગઇ જણાય છે અને એજ અ-ધોગતિને તળીયે લઇ જનાર સાધન થઇ પડયું છે. આજ કાલના કેટલાક દુષ્ટ મિત્રોમાં વધુ વાર્તાલાપ મિત્ર પત્નિ-નોજ થતો જણાય છે. ફલાણાની સ્ત્રી આવી છે અને તેણી આવી છે” એમ રૂપ ગુણના વખાણ થાય છે અને “ મારે તેમના સાથે સારો સંબંધ છે એમ કહી ફુલાય છે અને સ્વરૂપવાન સ્ત્રી પછી બ્હેન હોય કે મિત્રપત્નિ હોય ! દુષ્ટ કર્માચારી હોય કે સદ્દગુણી હોય પણ તેની સાથે બોલવામાં પોતાને કૃતાર્થ માને છે અને ત્યાં વધારે આવજા કરી દુષ્ટતા દર્શાવે છે. પછી બિચારી ભોળી આર્યબાળા તેને ભ્રાતૃસ્નેહથી ચાહતી હોય તોપણ શું ? છતાં ચાંડાળ મિત્રોની દૃષ્ટિએ તો પાપજ પુન્ય લેખાય છે.”

‘તારો ભાઇ જગમલ કદિ દુષ્ટ નહી નીવડે તે ખાત્રીથી માનજે, હું ત્રીજી પંક્તિનો સરદાર છું અને સરદાર જગમલ-ને નામે ઓળખાઉછું તેમાં જરાપણ શંકા રાખજે નહીં.”

ચાલુ જમાનાના કેટલાક ક્ષત્રિઓ સ્વધર્મને ભુલી જઇ

એટલે અબળાઓપર બળાત્કાર થતા અટકાવવાને બદલે પોતેજ બળાત્કાર કરે છે, પરસ્ત્રિયાપર આશક્ત થઇ તેને મેળવવાની કોશેષ કરે છે અને કેટલાક મોહાંધો પોતાના પ્રાણ પણ તેમાં ગુમાવી બેઠા છે. કેટલાકો તો ગોરી–સફેદ ચામડીની છોકરીઓને સાથે રાખી નીજ પત્નિની દરકાર પણ કરતા નથી અને જો ગોરી ચામડીવાળી છોકરીઓ સ્વેચ્છાથી આધિન નથી થતી તો કળ, બળ, અને જરથી તેને મેળવી પોતાની અને પોતાના રાજ્યની એ કોશેષમાં પાયમાલી કરે છે, કરી છે અને કરશે પણ ખરા (એવો સંભવ છે) એવા અધમાચાર્યો અબળાનું શીયળવૃત શી રીતે જાળવી શકે ? અથવા પોતાના દેશનો ઉદ્ધાર શી રીતે કરી શકે ? ઓ ! મારી વ્હાલી બ્હેન ! આર્ય સ્ત્રીઓના નામને દીપાવનાર દેવી ! હું દ્રઢતા અને સત્યપણે કહું છું કે હું તેવો નથી.

" ખરેખર તમે જે સુમૈત્રિપરાયણતા બતાવી શક્યા છો તેને માટે તમને લાખો ધન્યવાદ ઘટે છે. હું એક અબળા જાતિ તમને શો બદલો આપી શકું ? પણ શ્રી જગનિયંતા પ્રભુ ! આપને અતુલ્ય સુખ બક્ષો અને ચીરકાળ મારા જેવી અનાથ બાળાઓનું અ-મુલ્ય શીયળ બચાવી માહા ભાગ્યશાળી નીવડો એજ ઇચ્છુ છું." રંભા ધૈર્યતાથી બોલી, " મિત્રના સંકટ સમયે સહાયભુત થઇ દુખના

ભાગીદાર થવું એજ એક સન્મિત્રની ફરજ છે અને તે મેં મારી ફરજ સમજીને કર્યું છે. સરદારે ફરજનું કરજ અદા કરવાનો વિવેક કર્યો. "સરદાર તમે તમારા વિરત્વને વિધ્યુત કરી તેજસ્વી બનાવ્યું છે. શુદ્ધ ક્ષત્રાણિની કુખે તમારા જેવા શુરા નરો જન્મે છે પણ વ્હાલા ભાઇ, આપના ઉપર તે દુષ્ટ માહારાજા ગુસ્સે થશે માટે હવે આપ અહીંથી જલદી મને છોડી ચાલ્યા જાવ." રંભા કરમાઇ ગયેલા વદને બોલી.

"હું એક ક્ષત્રિય છું. ક્ષત્રિય ધર્મ એ છે કે ગાય તથા અબળાનું રક્ષણ પ્રથમ કરવું તો તેને માટે હું તદન બેદરકાર છું; પણ આપને આ સ્થળેથી કોઇ સહીસલામત જગ્યાએ જવા ભલામણ કરૂં છું. આપની તે બદલ શું સંમતિ છે?" જગમલ આતુરતાથી ઉત્તરની રાહ જોતો ઉભો.

"સરદાર, આ શું? જુવો! જુવો! બ્હાર કાંઇ ખખડાટ ભભડાટ થતો લાગે છે. અરે! આ બારણા ધબાધબ થતાં હાલે છે." એટલામાં બારણાં ભાગીને દશ વીશ હથીયારબંધ માણસોની ટુકડી આવી, અને તેની સાથે કૃતઘ્ની શેરસિંહ ઉઘાડી તરવારે આવી પહોંચ્યો.

"શું જુવો છો? લઇ જાઓ આ રંડાને, અને સરદારને પેલા ભુતીયા મહેલમાં, અને સખ્ત કેદ કરો." એટલું બોલી સેતાની શેરસિંહ જતો રહ્યો.

જગમલના બન્ને હાથમાં બેડીઓ નાખી દાધી. તેજ પળે સરદારના હૃદયોદ્‌ગારો નીકળ્યા. "વ્હાલા રણુમલ, તારા દુષ્ટ પિતાએજ તારા મરણુ પહેલાં તું મરી ગયેલો છે એમ ધારી તારી "**મુવા પહેલી ઘોર**" પણુ ખોદાવી રાખી. "હાય!"

બન્ને નિર્દોષીને ભુતીયા મહેલ તરફ લઈ ગયા.

પ્રકરણુ ૩ જું.

આનંદ કે આક્રંદ?

રણુમલ પોતાના ઘોડાને પુર જોશમાં નાની મોટી ખાઇ અને ખો કુદાવતો એક ભયંકર ઝાડી પાસે આવી પહોંચ્યો. આ ઝાડીને "તીમીર વન" એ નામથી ઓળખવામાં આવતી હતી. ઝાડીમાં બે ત્રણુ માણુસ સીધા જઇ શકે તેટલો સાંકડો રસ્તો હતો અને આગળ પાછળ અસંખ્ય નાનાં મોટાં જંગલી ઝાડોનાં ડાખળાં નમી ગયાં હતાં; કોઇ કોઇ દેખાવ તો એવો વિક્રાળ માલુમ પડતો કે બબ્બે, ચચ્ચાર માણુસોના યાતો રાક્ષસી જાડા પડછાયાની માફકનાં બિહામણાં વૃક્ષો જનાર આવનારના દ્દષ્ટિમાં ભયંકરતા જલદીથી પ્રસરાવતા લાંબા ડાળખાં સહીત ઉંચા નીચાં પહોળાં અને ટુંકા ઉગેલાં હતાં. વળી જમીન ઉપર પણુ મોટા પથ્થરો બહાર નીકળી આવેલા હતા કે જેથી

ઝાડીમાં આવનાર જનારના પગે ઠેસ વાગતી; અને દુઃખી જનો અતિ દુઃખ પામતા. ઝાડીમાં પેસતાં હર કોઈ મનુષ્ય પોતાના હાથનાં આંગળાં પણ જોઇ શકાતું નહોતું તેવું ભયંકર ઘોર અંધારૂં હતું. આ અંધારૂં દિવસે પણ દુર થતું નહી; તો રાત્રિનું અંધારૂં કેવું ભયાનક હશે ? રણમલ આ તીમીર વન પાસે આવ્યો, પોતાના ઘોડાને થોભાવ્યો અને વિચાર માળાના મણકા ગણવામાં ગુંથાયો. તે એજ વિચારમાં મુંઝાયો કે ઘોડાને ઝાડી બ્હાર બાંધવો કે નહી? કદાચિત ઝાડીમાં કાંઇ ભયંકર પરિણામ થાય તો ? આથી તેણે તુરત ઘોડાને ઝાડીમાં દાખલ કર્યો. આ ઝાડી આશરે સાતેક માઇલ લાંબી હતી; ઝાડીમાં છેક આઘે સુધી નજર નાખતાં અંધારા શિવાય કાંઈજ નજરે પડતું નહી. ઝાડીમાં હળવે હળવે ઘોડાને ચલાવતો ચલાવતો એક માઇલ સુધી તો નમી પડેલી વૃક્ષલતાઓને બંદુકના કુંદાથી (Bayonet) આઘી પાછી કરતો આવી પહોંચ્યો. પાછળ નજર કરતાં જે ઠેકાણેથી તે દાખલ થયો હતો તે સ્થળ દેખાતું બંધ થઇ ગયું અને જાણે કે પોતે એક મોટી કાળી પેટીમાં પુરાયો હોયની! તેમ તેને ભાસવા લાગ્યું. સર્વત્ર શાન્તતાએ વાસ કર્યો હતો. કોઇ કોઇક સ્થળે ઝાડના પાદડાંનોજ ખડખડ અવાજ નીકળતો હતો અને પોતાના ઘોડાની ખરીનો અવાજ શાંન્તિનો ભંગ કરતો. આ શિવાય તેને કાંઇ પણ જણાતું નહી. રણમલ થોડેક દુર ગયો, વળી જરા અટક્યો, ઘોડા, ઉપરથી તે નીચે ઉતર્યો અને આડી અવળી નજર ફેંકી વળી પાછો

ઘોડા ઉપર સ્વાર થયો, આસ્તે આસ્તે ચાલ્યો: ત્યાં તો ઘોડો એકાએક અટકી પડયો. આ વખતે ઘોડો તદ્દન થાકી ગયો હોય તેમ જણાતો હતો. ઘોડાને ચલાવવાને ઘણું કર્યું પણ તે ચાલવાને તદ્દન નિષ્ફળ નીવડયો. રણમલ વિચારમાં પડયો, કે ઘોડો કેમ ચાલતો નથી? તે ઘોડા ઉપરથી ફરી એક વાર નીચે ઉતર્યો અને જીનમાં છુપાવેલુ ફાનસ એકદમ તેણે બ્હાર કાઢી સળગાવ્યું. પણ ઝાડીમાં તેની બત્તી પાંદડાનાં પવનમાં બુઝાઈ ગઈ: ફરી તેણે ફાનસ સળગાવ્યું. એજ પળે ઝાડીમાં એકાએક જબરો ધડાકો થયો. એ ધડાકા સાથે બાળક રણમલનું કુમળું હૃદય કંપ્યું, અને હાજાં શિથીલ થઈ કાષ્ટ માફક બંધ પડી ગયાં અને હાથમાંનું ફાનસ પડી ગયું. તેના ચુરેચુરા થઇ ગયા. રણમલ મનમાં બબડવા લાગ્યો 'અહો! આ ગંભીર ધડાકો શાનો થયો! મારી શક્તિ બ્હેર મારી ગઈ, ફાનસ ફુટી ગયું. વળી તેણે બીજું ફાનસ કાઢયું અને તે સળગાવ્યું અને પોતાના પ્રીય ઘોડાના સર્વાંગ ઉપર પોતાનો નાજુક હાથ ફેરવવા લાગ્યો. ઘોડાના પગમાંથી રૂધીર વહન થતું હતું, તે જોઈ બિચારો કુંવર, બ્હાવરો બની ગયો. "આ શું? અધધધ! આટલું બધું લોહી! કેટલી ઠેસો લાગી હશે!" તુરત તેણે ઘોડાપરનો સર્વ સામાન ઉતારી જમીન ઉપર મુકયો અને તેને માલેશ કરવા મંડી પડયો.

અરબી ઘોડો વળી ઉંચો અને પહોળો હોય છે, તેને આ

ચાદેક વર્ષનો બાળક માલેશ કરે તે ક્યાં સુધી ચાલે? કુંવરે ચાલ્યું ત્યાં સુધી જોર દઇ દઇને માલેશ કરી પણ બિચારા ઘોડાનો થાક ઉતર્યો નહી પછી રણમલે સાફામાંથી એક લાંબી ચીંદરડી ફાડી અને જે ઠેકાણેથી લોહી નીકળતું હતું ત્યાં મજબુત પાટો બાંધ્યો છતાં લોહી નીકળતું જરાએ બંધ થયું નહી અને બાંધેલો પાટો એક મિની-ટમાં લાલચોળ લોહીથી તરઓળાઇ ગયો કુંવર પણ આખરે હાંફી ગયો અને જીન ઉપર નિશ્વાસ નાખતો પડયો. બે ત્રણ મિનિટ પછી વળી પાછો ઉભો થયો, અને હોઠ ઉપર આંગળી રાખી વિચારમાં ગરક થઇ ગયો. વળી કાંઇક યાદ આવવાથી તે ઘોડાના મોં આગળ ગયો, અને તેના કાનમાં કાંઇ કહેતો હોય તેમ ઘોડાની આખી ગરદન ખરા પ્યારથી પોતાના કોમળ હસ્તોથી વિંટાળી દીધી. આમ લગભગ પાએક કલાક સુધી સ્થિર ઉભો રહ્યો વળી કાંઇક વિચાર આવવાથી ઘોડાની ગરદન છોડી જીન પાછું ઘોડા ઉપર નાખ્યું, પછી તે આસ્તે આસ્તે એક હાથમાં ફાનસ અને બીજા હા-થમાં ઘોડાની લગામ ઝાલી દોરતો દોરતો ચાલ્યો. દશ પંદર પગલાં ગયો ત્યાંતો ઘોડો એકાએક અટકયો અને જોરથી ઠેસ વાગી હોય તેમ ઘોડો બેસી ગયો, અને લાંબોછટ થઇ ગયો તેને ચારે પગો છુટા મુકી દીધા. રણમલ તેની પાસે આવ્યો અને તેનાપરનો સાજ હળ-વેથી ઉતાર્યો.

ઘોડાની આંખો ફરકવા લાગી અને ઉંચી નીચી તણાતી જણાઇ.

આ જોઈ રણમલ તદ્દન બાહુક બની ગયો; તે ગભરાઇ ગયો. પોતાની ઉમ્મરમાં નહીં જોયેલુ આવું કૃત્ય આજે તેણે આવી ભયંકર ઝાડીમાં જાતે અનુભવ્યું. રણમલ ઘોડાના ચાર પગો વચ્ચે પીઠનો ટેકો દઇ અડેલીને બેહોશ જેવો અર્ધ લાંબો પડયો અને પોતાના નિમકહલાલ ઘોડા માટે ખુબ રડયો. આ સમયે કુંવર રણમલને છાનો રાખવાને અને દુઃખમાં દીલાસો આપવાને તિમીર વનમાં કોઇજ નહતું. આખરે તે રડવાથી પણ થાક્યો અને અવ્યવસ્થિતપણે જેમનો તેમ ઉંઘી ગયો.

મહારાજા શેરસિંહનો પાટવીકુંવર, ગાદીવારસ અને જેની પાસે હા કહેતાં હજારો માણસો હાજર રહેતાં. અરે! તેજ કુંવર રણમલ તિમીર વનમાં આજે પથરાની નાની મોટી ભેખડો ઉપર મૃત્યુ-વશ થયેલા ઘોડા ઉપર સુતો છે. વ્હાલા વાંચક, પ્રભુની લીલાનો પાર નથી તેને કળી શકવાને જગતમાં કોઇ સમર્થ નથી.

કુંવરના આજ લગ્ન તે ક્યાં! અને આ શું! આતે "**આનંદ કે આક્રંદ?**" તેનો ખ્યાલ કર. થોડીકવાર આપણે કુંવરની દયા જાણી તેને નિંદ્રા લેવા દઇશું.

પ્રકરણ ૪ થું.

પ્રણય પ્રતિજ્ઞા.

સાયંકાળની ઠંડી પવનની લ્હેરો મનને પ્રફુલિત બનાવે છે, શ્રી સુર્યદેવ, આખા દિવસની મુસાફરીથી શ્રમિત થઇ ગીરીના શીખરો ઓળંગતા આકાશને રક્તવર્ણામ્બર પહેરાવી ચેષ્ટા કરતાં જણાય છે: હાકેમનો હુકમ પુરો થતાં અવશેષ રહેતા સમયમાં પોતાનો પુર પ્રભાવ દાખવતા હળવે હળવે છેક ડુંગરાળ પ્રદેશમાં લપાતા છુપાતા વારંવાર ડોકીયાં કરતાં દેખાતા અસ્તાચળ તરફ જતા જણાય છે. ભાનુનો પ્રકાશ તદ્દન અદ્રષ્ય થઇ ગયો હોવાથી પૃથ્વી પતિહિણ થઇ હોય તેમ સંધ્યા સમયની અંધાધુંધી સર્વત્ર પ્રસરી ગયેલી દ્રષ્ટિગોચર થાય છે. જંગલમાં આ સમયે નાનાં નાનાં પક્ષિઓ પોતાના રહેઠાણ તરફ ઉડતાં બોલતાં બોલતાં જતાં જણાય છે, કોઇ કોઇ લીમડા, શીમડા અને વડ વૃક્ષો ઉપર અઘોરી ઘુવડોનો સાદ જતા પક્ષિઓને કાને પડતો હોવાથી ત્રાસદાયક લાગતો હોય તેમ પક્ષિઓ નાસાનાસ કરતાં જલદીથી પોતાના માળામાં પેસતાં જણાતાં હતાં. ગગનમંડળ રજનિ સ્વામી પધારવાના હોવાથી જાણે એકદમ સાફ થયું હોય તેમ સ્વચ્છાકાશ અતિ મનોહર લાગતું. નભસ્થાનમાં ધીમે ધીમે એક પછી એક સેંકડો ચમકદાર તારાઓ વારા ફરતી પોતાના સ્વામિને આવાગમનનો સત્કાર

આપવાને પોતપોતાનાં સ્થાને ગોઠવાઈ જતા જણાતા હતા. જોતજોતામાં નભમંડળ તારાઓથી ચીકાર ભરાઇ ગયું. ચંદ્ર દેવની પધરામણી થતાંજ આકાશમાં અગણિત તારાઓ તેના તેજમાં ઝંખવાઈ ગયા. ધીમે ધીમે રાત્રિ જળપ્રવાહના રેલા માફક વહન થતી ચાલી. સમય અગીયારથી વધુ થઇ ગયો છે. આ વખતે વિલાસપુરનો વિલાસભુવન શાન્તિનું રાજ્ય ભોગવતો શુન્ય દીસતો હતો. ભુવનના તમામ બારી બારણા અત્યારે બંધ થઇ ગયા હતાં. એકાએક ભુવનનો એક દરવાજો ઉઘડયો અને અંદરથી એક તેરેક વર્ષની **બાલીકા નીકળી;** તે સ્હેજ ઉંચી હતી, અને તેણે શ્વેત વસ્ત્રો પરિધાન કરેલાં હતાં. તેથી એવી તો સુંદર લાગતી કે આરસના કિંમતી પથ્થરમાંથી તેને કોઇ બાહોશ કારીગરે કોતરી કાઢેલી હોયની ! એવી સ્[illegible] પરી તુલ્ય બાલીકા ભુવનની બ્હાર નીકળી અને ઉભી, બેત્રણ પગથી વધુવાર તે થોભી નહીં. પછી તે મન મોહિની રમણિય બાળા ચાલી, તેની ચાલવાની ઢબ એક મદમાતિ ગજગામિનીને શરમાવે તેવી હતી છતાં ઘણીજ ઝડપે જતી. તેનાં સુંદર નૂપુરનો અવાજ સરખો પણ થતો નહી, તેમ પગ પછી પગ ઉપાડતી મનોહારિણી ચાલતી હતી. આ તારૂણિ! મદમાં માહાલતી લલિત લલના, વારંવાર આસપાસ નિહાળતી નિહાળતી તે ભુતીયા મહેલના દરવાજા પાસે આવી એકાએક અટકી પડી. આ ભુતીયો મહેલ વિલાસપુરના કેદખાના તરીકે ઓળખાય છે કે જેમાં રાજ્ય કેદીને ઘણું કરી રાખવામાં આવે છે. બાળાએ પ્રથમ દરવાજાને

હાથ લગાડી જોયો, તો દરવાજો અંદરથી બંધ છે એમ તેને લાગ્યું. તે આસ્તેથી બોલી, "તેજસિંહ!"

"કોણ" અંદરથી તેજસિંહ બોલ્યો.

"કોઇ નહી, દરવાજો ખોલો" લલનાએ લહેકાથી ધીમે કહ્યું.

"આટલી મોડી રાત્રે દરવાજો ઉઘાડવો જોખમ ભરેલો છે. સવારમાં આવજો." અંદરથી જવાબ મળ્યો.

"હમણાંજ ઉઘાડો મારે અગત્યનું કામ છે." વિલાસિનીએ આતુર વદને કહ્યું.

"મહારાજા સાહેબની સ્વારી મહેલમાં પધારી છે, થોડી વાર થોભો." તેજસિંહ બોલ્યો.

"મારે માહારાજાનું કામ છે માટે જલદીથી દરવાજો ખોલો" મનોહારિણી બોલી.

"માહારાજા ગુસ્સે થશે; તેની સખ્ત મનાઇ છે માટે ચાલ્યા જાવ" તેજસિંહ બેપરવાઇથી જવાબ આપવા લાગ્યો.

"તેજસિંહ, મને ઓળખો છો? હું કોણ છું? અને આટલી રાત્રે અહીંઆં કેમ આવવું પડયું છે? તમે દરવાજો ઉઘાડો, હું સઘળી હકીકતથી વાકેફ કરૂં. 'પ્રભુના ડરની ખાતર જલદીથી દરવાજો ખોલો.' વિલાસિની કચવાતા હૃદયે બોલી.

"મને વધારે ન સતાવો. મને કાંઇપણ જાણવાની જરૂર નથી તમે ગમે તે હો." તેજસિંહનો પીતો ગયો.

"તેજસિંહ તમે ક્ષત્રિય નથી, એમ કહેવાને સબળ કારણ મળે છે." વિલાસિની ઉગ્રપણે બોલી.

આ શબ્દોએ તેજસિંહને એકાએક ભમાવ્યો, અને ક્રોધાયમાન કર્યો અને તેજ પળે દરવાજો ઉઘાડયો. તેજસિંહે જોયું તો ત્યાં કોઇ સ્ત્રી દીઠી, તે દીગ્મૂંઢ થઇ ગયો. અને અવાચક જાનવરની માફક અમુચક બની હાલ્યા ચાલ્યા વગર સ્થિરપણે ઉભો રહ્યો. બે ત્રણ મિનિટ ત્યાં બન્નેએ મૌનજ પકડયું: છેવટે વિલાસિનીએ મૌન્યતા ભંગ કરી.

"તેજસિંહ, મને ઓળખો છો ?"

"જી હા, અત્યારે આવવાનું કારણ ?"

"કારણ કહેવાને અસમર્થ છું; પણ એટલુંજ કહું છું કે હું એક અબળાનું રક્ષણ કરનારને મદદ આપવા આવી છું તમારી તે બદલ શુ ઇચ્છા છે ?" વિલાસિની જવાબની રાહ જોતી ઉભી.

"જે આપની તેજ મારી ઇચ્છા" તેજસિંહ ધૈર્ય તેજ દીપાવતો બોલ્યો.

"તો એક વસ્તુ તમે આપી શકશો ?" વિલાસિનીએ આશા બતાવતાં કહ્યું.

"મેં આપને પ્રથમથીજ કહ્યું છે કે તમે જે કહેશો અગર

કરશો તે પ્રમાણે તેજસિંહ વર્તવાને તૈયાર છે. જો કે મારી નોકરી નિમકહરામ જરૂર ગણાશે પણ તેની દરકાર નથી. સત્ય અને શ્રેષ્ઠ માર્ગ ક્રમણ કરતાં મને જે કાંઇ ખમવું પડશે તે ઘણાજ ઉપકાર સહિત ખમીશ. અને એક અબળા જાતિને બચાવવામાં મદદગાર બનાવવા ઇચ્છો છો તો તેને માંટે હું મને મહા ભાગ્યશાળી સમજુ છું. આપની ઇચ્છાઓ ત્વરિત પ્રદર્શિત કરો." તેજસિંહ બોલ્યો. "ખરેખર ક્ષત્રિય હોજો તો આવા સત્ય પરાયણતાને પુર્ણપણે પીછાણી શકે તેવાજ હજો, હવે તમારો પોષાક મને આપો" વિલાસિની વિનંતી કરતી બોલી. તુરતજ તેજસિંહે પોતાનો પોષાક ઉતારી આપ્યો અને વિલાસીનાએ પોતાના પોષાક ઉપર તે પહેરી લીધો: થોડીવારમાં વિલાસિની એક બ્હાદુર યોધ્ધાના રૂપમાં ફેરવાઈ ગઇ, તેજસિંહ પણ તેને ઓળખી શકયો નહી. વિલાસિનીની કોમળ કમ્મરે મ્યાન કરેલી તરવાર એવી તો સરસ શોભી રહી કે રણમાં જય ઝુંડો રોપવા તૈયાર થયેલો યોદ્ધા જતો હોયની! પછી તે જલદીથી ભુતીયા મહેલના પગથીયાં ચડવા લાગી. તેજસિંહ દરવાજા પરજ રહ્યો અને તે મહેલની અંદર દાખલ થઈ.

તે એક મોટા દિવાનખાનામાં આવી, જ્યાં તેણે કાંઈ જોયું નહી. તેણે સર્વ ઠેકાણે નજર ફેરવી, તો તેને કાંઇક ચણેલા દ્વાર જેવું જણાયું. તે તરફ ગઇ અને દ્વારને હાથ ઠોકયો. તેજ ક્ષણે દ્વાર ઉઘડી ગયું. વિલાસિની અંદર દાખલ થઇ, તો ત્યાં ફકત એક ઝાંખી

બત્તી બળતી હતી. તેના ઝાંખા અજવાળાના આધારે તેને એક ભોંયરૂ જણાયું. ભોંયરામાં ઉતરવાને સીડી મૂકેલી હતી. તે સીડી વતી વિલાસિની નીચે ઉતરી; પછી તે દશ પંદર કદમ ચાલી નહી હોય એટલામાં પોતાની ડાબી બાજુ તરફથી કાંઈ અવાજ આવતો સંભળાયો. પણ તે અવાજ શાનો હતો તે બરોબર સાંભળી શકી નહી. તો પણ વીરબાળા જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ગઇ. ત્યાં તેણે ત્રણ ખુલી તરવારથી પેહેરો ભરતા પહેરેગીરોને જોયા. આથી બહાદુર વિલાસિનીના મુખ ઉપર કાંઇ અલૌકિક તેજ ચઢી આવ્યું, અને પોતે જેની શોધમાં છે તેજ વસ્તુ આ પહેરેગીરો પાસે હશે એવું અનુમાન કરી પહેરેગીરોને ટેલતા જોઇને વીરરમણી વિલાસિનીએ એકાએક કમરેથી તરવાર કાઢી; યુદ્ધ આય શુરત્વની ઝનુનમાં ઉછળી અને એકજ પળના વિલંબે બે પહેરેગીરો મસ્તક ચીભડાં કાપે તેમ કાપી, ધડ માથાં જુદાં કરી નાખ્યાં. આ બનાવ જોઇ ત્રીજો પહેરેગીર સામો ન થતાં ઉલટો નવીન આવનાર શૂરવીરના પગે પડયો.

" અરે દુષ્ટ ! ચાલ તું પણ મરવાને તૈયાર થા. તારી દગાબાજીથી હું ભોળવાઉં તેમ નથી. પગે પડી શું મને ફસાવવા ધારે છે ? હું સારી રીતે જાણું છું કે:—

> નમન નમનમેં ફેર હય, બહોત નમે બેઇમાન;
> દગાબાજ દેહા નમે, ચિત્તા, ચોર, કમાન. "

વિલાસિનિએ ભ્રમર ચઢાવી કહ્યું.

"નહી! નહી!! ઓ શૂરવીર! અરે બળનિપુણ યોદ્ધા! હું આપના શરણે છું, મને મારો ના. આપની શું ઇચ્છા છે? તેજ જણાવો; તેમ કરવા હું તૈયાર છું." ત્રીજો પહેરેગીર હાથ જોડી બોલ્યો.

"આ કોટડીમાં કોણ છે?" વિલાસિનીને કાંઇક વિશ્વાસ આવ્યાથી તેને પુછ્યું.

"સરદાર જગમલ," પહેરેગીર બ્હીતાં બ્હીતાં બોલ્યો.

"કોટડીની ચાવી લાવ, મારે સરદારને મળવું છે." વિલાસિનીએ હુકમ બજાવતાં જણાવ્યું.

"મહારાજનો હુ...ક...મ નથી" એટલું બોલતાં તે થરથરવા લાગ્યો, વધુ કાંઇપણ બોલ્યો નહી અને ચાવી આપી બાહુકની પેંઠે દુર જઇ ઉભો.

ચાવી લઇને વિલાસીનીએ કોટડી ઉઘાડી અને દાખલ થઇ, તેવોજ સરદાર જગમલ એકાએક ચમક્યો અને નવીન આવનારની સામે ડોળા કાઢી ક્રોધિતવદને બોલ્યો.

"પાપી! શા માટે આવ્યો છે? તારો અધર્મી રાજા પોતાની પુત્રવધુ ઉપર ઘાતકી બની બદદાનત રાખી ક્રુર કર્મ કરવા તલ્પે છે, તેની મદદે તારા જેવા ક્ષત્રિયને આવવું ઘટિત નથી. એથી તારી ક્ષત્રાણિ માતાની કુખને એબ લાગશે. તું ખચ્ચીત જાણજે કે

પાપવૃત્તિ તાત્કાલિક ફાવે છે, પણ અંતે સત્ય અને ધર્મજ તરે છે, માટે પાછો ચાલ્યો જા, એકદમ જા. પાપીષ્ટ ! નહી તો આજ પણ તારૂં મોત કરીશ."

"સરદાર, આપ શા માટે આટલો ગુસ્સો કરો છો? હું અહીંયા શુભ કાર્યાર્થે આવ્યો છું." નવીન તરૂણે આસ્તેથી કહ્યું.

"તારૂં શુભ કાર્ય શું ! બિચારી દેવી રંભા ! ગરીબડી રંભાને રીબાવવામાં તું શું શુભ કાર્ય ગણે છે? ઓ દુષ્ટ ! તારૂં કાળું મોઢું સૃષ્ટિમાં ક્ષત્રિય નામને કલંક લગાડનારૂં થઈ પડશેઃ હજુ તને કહું છું કે તુ જા, નહી તો હમણાંજ મારા હાથ પગોમાં બેડી છતાં તને યમદ્વારમાં મોકલી દઈશ" એમ કહી સરદાર જગમલે નવીન આવનાર ઉપર એક જબરી ત્રાપ મારી, પણ નવીન તરૂણ ઘણોજ ચંચળ અને બહાદુર હતો; તે તુરત ખસી ગયો અને દીન વદને બોલ્યો.

"સરદાર જગમલ, આપ શાન્ત થાવ અને એકજ ક્ષણ આપની શાન્ત નેત્રમણીમાં સમાવો" નવીને રડતા અવાજે કહ્યું.

આથી સરદારનું હૃદય દયાર્દ્ર બન્યું અને બોલ્યો, "આપને મારી સાથે શું કામ છે ?"

જવાબમાં તે નવિન અપરિચિત યુવક કાંઈજ બોલ્યો નહી. એકાએક તેનું હૈયું ધબકવા લાગ્યું અને ડી ચક્ષુઓમાંથી જોત

જોતામાં શ્રાવણ ભાદ્રપદ વરસવા લાગ્યો. સરદાર આ જોઇ ગભરાયો, અને ગળગળિત અવાજે બોલ્યો.

" વ્હાલા તરૂણ આપ કોણ છો ?" જવાબમાં શુન્ય.

"હજુ પણ તમને ધાસ્તી રહે છે ? " ફરીથી સરદાર આતુરતાથી બોલ્યો.

" મને એક વચન આપો. " નવીને બોલવું શરૂ કરતાં પ્રથમ કહ્યું.

" કઇ બાબતમાં ?

" ઉભય પક્ષના હિતાર્થે. "

" કયું ઉભય પક્ષ " ?

" પ્રત્યક્ષ જણાય છે તે. "

" પ્રથમ તમે કોણ છો, તે જાણ્યા શિવાય કોઇ પણ જાતનું વચન આપવાને હું લાચાર છું. " જગમલે કહ્યું.

" હું કોણ છું, તે કહ્યા પછી આપ વચન ન આપો તો ? "

" તો શું ? " વચનની મહત્તા હશે તો જરૂર આપીશ "

" વચનની ખાસ જરૂર છે. "

" કારણ ? "

" વચન આપ્યા શિવાય સર્વ કરેલું વ્યર્થ જશે "

" શું વ્યર્થ જશે ? "

" એક અબળાની વ્હાર. "

" તે શું વચનમાંજ સમાયેલી છે ? "

" જી હા. "

" આ વચન છે. પણ જો કોઇ અનાથ નિર્દોષ બાળાની બ્હાર થતી હોય તો જ. " એમ કહી સરદાર જગમલે નવીન તરૂણનો હાથે હાથ મેળવી દીધો. હસ્ત મળતાંજ સરદાર ચમક્યો અને આશ્ચર્યમાં પડયો પણ તેજ પળે સરદાર જગમલની સમક્ષ એકાએક નવીન ચમત્કાર આદર્શ ખડો થયો. એકજ પળ પહેલાં એક બ્હાદુર યોદ્ધાને જોયો હતો તે યોધ્ધો એક નવયૌવના લતાકુમારી જણાઈ. તે જોઇ સરદાર તદ્દન આશ્ચર્યમાં ગરક થઇ ગયો. તે થોડીવાર એક સ્તંભાકારપણે કાંઈ પણ બોલ્યા ચાલ્યા વગર સ્થિરપણે ઉભો રહ્યો.

" સરદાર, આપ કંઈ પણ બોલતા નથી. તેનું કારણ શું "

વિલાસિનીએ શાન્તિને દુર કરતાં જણાવ્યું.

" અરે ! હું સ્વપ્ન જોઉં છું કે શું, ? આ રાત્રિ છે કે દિન ? તેની કાંઇ સમજ પડતી નથી. " જગમલ આંખો ચોળતો બોલ્યો.

" આપ જરા શાન્ત થાવ " વિલાસિની ધૈર્ય દેતી બોલી.

" કોણ, વિલાસિની, અરે રાજ્યબાળા ? " સરદાર વિસ્મયતામાં બોલ્યો.

:

" હા, તેજ. વચનમાં એટલુંજ માગું છું કે મને આપની માનો. " શરમાતી સુંદરીએ જગમલને કહ્યું.

" શું વચનનો આજ ઉપયોગ ? અને તે આ સ્થળે ? તેનો કાંઇ ખ્યાલ કર્યો ? " સરદાર ચમક્યો.

" વ્હાલથીજ ખ્યાલ કર્યો છે. આના કરતાં કયું અન્ય સ્થળ ઉત્તમ ગણાશે ? " વિલાસિની સ્મિત મુખે બોલી.

" પણ તેમાં અનેક સંકટો આવશે. " જગમલ ભવિષ્યનું દીર્ઘ દર્શન કરાવતો હોય તેમ બોલ્યો.

" એક સાચા પ્રેમને માટે, એક ખરા જીગરની જીંદગીની ખાતર, દ્રઢ મનથી વરી ચુકેલી સત્યતાની ખાતર, એક નહી પણ અનેકાધિક કષ્ટ આવે તો પણ આ દાસીને જરા ભય નથી. આપને એક પ્રેમી કવીનું કથન યાદ છે કે. "

" ના. "

" તો સાંભળો:—

જળ ઉપર કમળ છે. કમળતો સકળ છે;
સ્નેહ લુબ્ધ સ્નેહીની, સ્નેહકળા અકળ છે.

" તેજ પ્રમાણે સત્ય અને પવિત્ર પ્રેમને વળગી જે રહેતાં કાંઇ ખમવું પડે તે થોડુંજ છે. " કોમળાંગી બોલી.

" ઠીક, પણ મહારાજા કેમ કબુલ કરશે ? હું તેમનો ગુન્હેગાર છું અને તેટલાજ માટે મને કેદખાનામાં પુર્યો છે; ત્યાં તમારી ધારણા કયા પ્રકારે બર આવશે ? "

" શું એક પવિત્ર અને સત્ય પ્રેમનિષ્ઠ અબળાની આશા શ્રી હરી નહી ફળિભુત કરે ? જરૂર તે કરશેજ. કારણ કે આખરે તેને તો સત્યજ વ્હાલું છે–" વિલાસિની દઢ મને બોલી.

" પણ માહારાજાની રજા શિવાય મારાથી આપનું પાણીગ્રહણ કેમ થાય ? આપણા ક્ષત્રિવટને શરમ ભરેલું ગણાય, માટે તે વિચાર મુલતવી રાખો. મહારાજાએ આપના લાયક યોગ્યરાજ કુળપતિ શોધ્યો હશે અને તેમ થશે તો આપ સુખી થશો. " જગમલે વિલાસિનીને સમજાવતાં કહ્યું.

" અસલની રાજપૂતાણીઓ અને તેવાજ ક્ષત્રિય વીરોના પ્રેમ ચરિત્રો સાંભળ્યા નથી ? ક્ષત્રિય ધર્મ શું છે ? એક વખત ઉભય પક્ષમાં દાંપત્ય દિવ્ય સ્નેહ પુષ્પે તેનો મધુર સુગંધ પ્રસરાવ્યો, પછી તે શું એક દિવ્ય પ્રેમ જ્યોતિના પ્રકાશ તે ઉભય પ્રેમીઓથી મંદ પડી અન્ય પ્રત્યે તેવો પ્રેમ પ્રકાશ પડેલો કદિ સાંભળેલો છે ? અને સુદઢ પ્રેમમાં કદિ પણ વિક્ષેપ આવી સદાનો આક્ષેપ કઇ રમણી કે કે તરૂણે પોતાની જીંદગીમાં કર્યો છે ? છેવટે ઉભય દંપતિની પ્રકાશમય પ્રેમ જ્યોતિજ વધુને વધુ પ્રમાણમાં બળવત્તર થઇ ઉત્તમપદે

ઝગઝગતી પ્રકાશેલી જોવામાં આવી છે. તેવી અનેક ક્ષત્રિય બાળાઓ અને શૂરવીરોની ગણત્રી કરવા બેસીએ તો મહિનાના મહિના વ્યતીત થાય. આપની સમક્ષ તાજો દાખલો આપની શૂરવીરતાના આધારેજ થયો છે. શ્રીમતી રંભાદેવીને એકજ પતિપરાયણતા માટે કેટલું ખમવું પડે છે અને હજુ પણ તે એકપતિનિષ્ઠ દેવીનું કોણ જાણે શું એ થશે? શું તેથી એક કાળના કાળ વિકાળ રાક્ષસરૂપ મહારાજાની દુષ્ટબુદ્ધિરૂપ હોળીકામાં પોતાનું કીમતી શીયળ હોમશે? કદિ નહી. વ્હાલા સરદાર આપ સર્વ પ્રકારે નિપુણ છો એટલે વધુ કહેવાની આવશ્યકતા નથી. આપ મને સદાની આપની હૃદયવાસીનિ થવાની આજ્ઞા આપો." તારૂણિ આ વખતે પ્રેમતરંગના દરિયાઇ મોજાંથી ઉછળતી હોય તેમ એક પારસની પુતળીની પેઠે એકીટસે જવાબની રાહ જોતી ઉભી.

"વિલાસિની, ઠીક. પણ જ્યાં સુધી કુંવર રણમલનો પત્તો લાગે નહીં અને રણમલ–રંભાના લગ્ન થાય નહી ત્યાં સુધી હું કોઇને પરણીશ નહી. પછીથી જે બને તે ઉભયના ભાવી ઉપર આધાર." આટલું બોલી સરદાર થોભ્યો.

"સરદાર, એક પ્રતિજ્ઞા કરો, નહી તો સ્નેહ હત્યા લાગશે." વિલાસિનીએ હાથ લંબાવતાં કહ્યું.

"શી બાબતની?"

" પ્રણયની "

" શું પ્રણય–પ્રતિજ્ઞા ? "

" જી, હા, "

" લે. આ વચન છે. જગમલ સરદાર હમેશાં એક વચની છે એ ખાત્રીથી સમજવું. પણ હવે કહો કે અત્યારે તમારે અહિંયા આવવાનું શું કારણ ? " સરદારે પોતાની કર્ણેન્દ્રિયને વિલાસિનીના મુખ આગળ ધરતાં કહ્યું.

"મહારાજા રંભાદેવી પાસે ગયા છે. વખતે તેના પવિત્ર શીયળને આફતમાં મુકી દેશે, માટેજ આપની પાસે હમણા આવવાનું અમત્ય ધાર્યું." વિલાસિની બોલી.

"શું પાપી, દુરાચારી, નરાધમ મહારાજા રાત્રિના વખતે તે અબળાને એકલી કેદ કરેલી ધારી તેના ઉપર ઘાતકીપણું ગુજારશે ?" જગમલની ચક્ષુઓ સીંદુરીયા રંગે રંગાઈ ગઈ. તે બોલ્યો. " હાય ? આર્ય માતા તારે ઉદરે આવા કુલાંગારો પાક્યા ? " તેનું આખું અંગ તેની શ્રેષ્ટ શૂરવીરતાથી ધ્રુજવા લાગ્યું પછી તે વિલાસીની તરફ જોઈ બોલ્યો " બોલ, વિલાસિની. શું કરવું ? " એમ કહી જોરથી તેણે પોતાના હાથમાંની બેડી ઝનુની શૌર્યથી વિજળીના ચમકારની ઝડપે એકજ આચકે તોડી નાંખી.

"વ્હાલા સરદાર, આપને રંભા દેવી માટે હજુ ઘણું ખમવું

પડશે." વિલાસિની ધીરજ આપતાં બોલી.

"અરે ઘેલી વિલાસિની ! તુ શું બકે છે ? શું ક્ષત્રિયોનું શુદ્ધ વીર્ય આ પૃથ્વીની સપાટીમાંથી નાબુદ થઈ ગયું ? શું આચાર વિચારો નષ્ટ થઇ ગયા ? અને વ્યભિચારે શ્રેષ્ટપદ ધારણ કર્યું ? શું સુર્યદેવ ઝાંખા પડી એક બત્તીના તેજથી ઝંખવાઇ ગયા ? શું જળમાં આગ લાગી ? અરે શું ? ગધેડા ઉપર અંબાડી મુકાશે ? અને હાથીઓ ભાર વહન કરશે ? નહી ! નહી ! ! આ શરીરમાંની રગેરગમાં અને છીદ્રેછીદ્રોમાં શુદ્ધ ક્ષત્રાણિનું શુરૂં દુધ પ્રસરેલું છે. જ્યાં સુધી મારા શરિરના એક પણ ભાગમાં લોહીનું એક પણ બિંદુ રહેશે ત્યાં સુધી દેવી રંભાના પવિત્ર શિયળને અને તેના શુદ્ધ સાચા સતિત્વને લેશ પણ આંચ આવવા દઇશ નહી." ક્રોધીત વદને સરદાર બોલ્યો.

"પ્યારા જગમલ, હવે આપ જલદીથી દેવીની વ્હારે જાવ વિલંબ કરવામાં આળ પહોંચશે. લ્યો આ તરવાર. હું આપણા સંકેત મુજબ સુભદ્રા નદીને કિનારે નાવડાનો બંદોબસ્ત કરૂં છું." વિલાસિનીએ પ્રેમ ઘેલછામાં કહ્યું.

વિલાસિની, આટલી મોડી રાત્રિએ તને એકલી જવાં દેવામાં જોખમ છે. માટે ચાલ, આપણે નદી કિનારે જઇને નાવડાનો બંદોબસ્ત કરીએ.

પ્રકરણ ૫ મું.

ઉલમાંથી ચુલમાં.

સંધ્યા સમયનો પુર્ણ અમલ વ્યતિત થઈ ગયો હતો, રજનિ-સ્વામિએ પોતાના તારામંડળને પૃથ્વિદેવી ઉપર પ્રકાશનું રાજ્ય કરવાને તૈયાર થવાને સુચના કરી હતી, હળવે હળવે એક પછી એક એમ નભ સ્થળનાં તારાઓનો ચમકાર થવા લાગ્યો હતો, જોતજોતાંમાં ગગન મંડળ હીરાની કણીઓથી અધીક રૂપે ઝળકતા નાનાં મોટાં તારાઓથી ખીચોખીચ ભરાઈ ગયું ત્યારબાદ ચંદ્રદેવની પ્રતિમા પુર પ્રકાશિત બની. આથી પૃથ્વિપરના અનેક નાનાં મોટાં અરણ્યો, અને ડુંગરા ડુંગરીઓ ઉપર એવો તો રમણિય ભાસ થઇ રહ્યો હતો કે દૃષ્ટ પાતકો ઘડીભર ભુલવણીમાં પડતા હતા કે ડુંગરો ઉપરના ઝાડોનાં પાંદડાં ખરેખર સ્ફા-ટિક કે પોખરાજની ખાણ હોયની! નાની મોટી સરિતાનો જળપ્રવાહ-નો ધીમો અવાજ થતો એમજ ભાન કરાવતો હતો કે શ્રી ચંદ્રદેવના આગમનથી જળ પ્રવાહ આનંદ માનતો હોયની? તેમ પુરવેગથી વહન કરતો હતો.

પશુ પક્ષિઓ પણ રજની સ્વામિના પુર્ણ તેજમય પ્રભાવ જો-વાને એક ચિત્તે હાલ્યાચાલ્યા સિવાય આરામથી પોતાના સ્થાને બેઠા હતા. માનવજાતિ પણ સમયરંગાધિન બની રાત્રીનો એશઆરામ ભો-ગવવાને નિદ્રાદેવીની આરાધનામાં લીન થયેલા શયનગૃહમાં પ્રવેશ કરી ચૂક્યા હતા.

વખત શાન્તિનો હતો, બાર વાગી ગયેલા હતા, ગુજરાતની દક્ષિણ દિશામાં એક નાનું પણ ઝુંપડા ઝુંપડીઓની ઉંચી નીચી ટોચવાળું રળિયામણું વિલાસપુર ગામ રાત્રીના ઘેરામાં જકડાયેલું પણ શાન્તિ સાગરમાં ઝોલા ખાતું, સુભદ્રા સરિતાના રમણિય તટપર આવેલું હતું. આ વિલાસપુર નગરનો રાજા રાજપૂત હતો. એ રાજાએ પોતાના નામનો "શેરગઢનો કિલ્લો" આ રમણિય સરિતાના તીરપર બાંધ્યો હતો. આ કિલ્લો મજબુતાઇમાં દુનિયાના સઘળા કિલ્લાઓ કરતાં પ્રથમ સ્થાને પોતાની મજબુત બાંધણીમાટે અભિમાન ધરાવતો હતો. કિલ્લાના મધ્યમાં એક ત્રણ મજલાનો નાનો પણ સુશોભિત બંગલો બનાવવામાં આવ્યો હતો. તેની આસપાસ ફરતો એક મથેડાબર ઉંચો આરસના પથ્થરનો કોટ કરવામાં આવ્યો હતો; આ કોટને ફરતા ત્રણ મોટા બુરજ બનાવવામાં આવ્યા હતા. આ બુરજ ઉપર અહો રાત્રી એક એક પહેરેગીર પહેરો ભરતો હતો, કોટમાં દાખલ થવાને માટે એક મોટો દરવાજો મૂકવામાં આવ્યો હતો અને તેને એક ડોકાબારી હતી જે ડોકાબારીનો ઉપયોગ રાત્રે દરવાજો બંધ થતો ત્યારેજ થતો હતો. બંગલાની રચના એવી તો ઉત્તમ રીતે કરવામાં આવી હતી કે ભાગ્યેજ આ જમાનામાં તેવો સુંદર કારીગરીવાળો નમુનો મળી આવે. બંગલાની ચારે બાજુએ ચાર નાનાં નાનાં અદ્ધર ઝરૂખા બનાવવામાં આવ્યા હતા, એ ઝરૂખાની રમણિયતામાં વધારો કરવાને ઝરૂખાને ટેકા રૂપ લાકડાની ઉત્તમ કારીગરીવાળી બબ્બે પરીયો મુકવામાં આવી હતી.

પરીયોના કોતર અને પોલીશ (Polish) કામ તરફ નજર નાખતાં ખ્યાલ થઈ શકતો હતો કે આની સુંદર પરિયોનું કોતરકામ કરનારની અર્ધ જીંદગી આવાજ કામમાં ખતમ થઇ ગયેલી હશે. બંગલાનો પાછળનો ભાગ છેક સુભદ્રાને અડોઅડ આવેલો હતો અને ઉપર એક અગાશી કરવામાં આવી હતી. આ અગાશી ઉપરથી જોઇએ તો નીચે પાણી સિવાય કાંઇજ જણાતું નહોતું. આ કિલ્લો ભાગ્યેજ વધારે પ્રમાણમાં વપરાતો હતો કારણકે આ મજબુત કિલ્લો બનાવતાં સેંકડો કરતાં વધુ મનુષ્યોના પ્રાણ સમર્પણ થઇ ગયાં હતાં. જેથી આ જગ્યામાં ભુતપ્રેત ઇત્યાદિ વહેમથી વહેમાઇ રાજપૂત કુટુંબ તેમાં મુદ્દલ રહેતું નહોતું એટલે આ કિલ્લાનું ઉપનામ "ભુતીયો મહેલ" ગણતા હતા અને રાજ્ય કેદી કે કોઇને પણ સખ્ત સજા કરવામાં આવતી તો તેને આ ભુતીયા મહેલમાં રાખતા હતા. વળી આ બંગલામાં પાંચ ભોંયરાં બનાવવામાં આવ્યાં હતાં અને તે પણ કેદીયો માટેજ હતાં. ભોંયરાં એવાં તો ભયાનક હતાં કે જેમાં પેસતાંજ ઘણા વખતના ઉજ્જડ હોય તેમ તેના અંદર વાંદા, મંકોડા, અને અસંખ્ય જીવો હરહમેશ વાસ કરતા હતા; કોઇ કોઇ વખતે તેમાં સર્પની પણ ધાસ્તી રાખવામાં આવતી હતી.

આ વખતે બંગલાની અગાશી ઉપર ફક્ત એકજ સ્ત્રી શ્વેત વસ્ત્રોથી પરિધાન થયેલી સુભદ્રા નદિની ધીમી પણ સુસવાટ મારતી જળ લ્હેરોનું નિરીક્ષણ કરતી, હાથ જોડી કાંઇ બબડતી ઉભી હતી. આ પુખ્ત તારૂણીની ઉમ્મર તેરેક વરસની હશે.

પ્રિય વાંચક! જો, બાળાના ધીમા ઉદ્ગારો જરાપણ સંભળાતા નથી જેથી તેનું દુઃખ શું હશે તે સમજી શકવું કઠણ છે. જરા ધૈર્ય ધર અને તેની દીન મુખાકૃતિપ્રતિ જો. તે શ્વાસ લે છે, અને જરા અટકે છે. આ વખતના તેના ધીમા પણ પહોળા ઉદ્ગારો કાંઇક સંભળાયા. તેના ભાગ્યા તુટયા શબ્દો ખરેખર અનુકંપિત લાગે છે. સાંભળ, તે શું બકે છે?

"ઓ પ્રભુ! સ્વામિનો મેળાપ જલદી કરાવ! અરે દુષ્ટ સસરા!! તારી મતિ છેકજ ગઇ પુત્રવધુને દુઃખ દેવાથી પ્રભુ તારૂં શું ભલું કરનાર છે? પુત્રવધુ ઉપર કુદૃષ્ટિ રાખનાર કાળા મોઢાના માનવી હજારો ધીક્કારને પાત્ર છે. અહો! નિરંજન નિરાકાર પ્રભુ! કિંકરીની વ્હારે ધા. તારા સિવાય મારો કોઇજ બેલી નથી."

છતે નાથે અનાથ બિચારી બાળાથી રડી જવાયું. ખુબ રડી. અરે તેનો અશ્રુપ્રવાહ રોકવાને કાળી રાત્રીના સમયે આ ભુતીયા મહેલમાં કોઇજ નહોતું; તેને ધીરજના મીઠાં વેણ કહેનાર કોઇજ નહોતું; ભોળી બાળા રડતી રડતી થાકી ગઇ. મૌન ધારણ કરી પાંચ સાત મિનીટ સુધી સ્થિરપણે ઉભીજ રહી. વળી તે બબડી. "ઓ દીનદયાળ પ્રભુ! લગભગ ત્રણ માસ થવા આવ્યા. છતાં સ્વામીનાથનો પત્તો જ નથી. શું આ જીંદગી કેદમાંજ જશે! પ્રભુ! જરા તો દયા ધર? દાસીની અરજ મનમાં લે? આ દાનવના પંઝામાંથી જલદીથી છુટકો કર. વ્હાલા

પ્રભુ ! દુઃખ સહન થતું નથી.”

બાળા આટલું બોલતાં અટકી પડી. આપણી વાર્તા વિનોદાણી કાળચક્રના ખબરનો ભોગ થઇ પડી કે તે અટુલી અબળાનો એક વખત એવો હતો કે પાણીની તે પ્યાસી થતી તો તેને દુધ મળતું હતું. અને હુકમ કરતી તો હજારો નોકરો તેનો હુકમ બજાવવાને પળેપળે હાજર રહેતા. તેજ રંભાનો સમય ખરેખર દયાજનક થઇ પડયો હતો કે પવિત્ર અને ભોળી પતિનિષ્ટ ભામિનીને ખાવાને પણ પુરૂં મળી શકતું નહોતું. એ પણ સમયનુંજ પ્રબળ.

રંભા ફરીથી કાંઇ અચકાતી અચકાતી બોલી:—“ ઓ વીર જંગમલ ! તું પણ મારા માટે જેલ યાત્રા ભોગવે છે. હવે મને તારા વગર કોણ બચાવશે ? મેં તને પ્રથમથીજ કહ્યું હતું કે તું ચાલ્યો જા છતાં તું ગયો નહીં. હાય ! હવે મારી શી દશા થશે !” એક નિશ્વાસ નાખી ઉંડી હાય મારી તે પવિત્ર તારૂણી ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી. આ વખતે અગાશી ઉપર એકાએક જબરો ધડાકો તેના કાને સંભળાયો. તુરત તે ઉઠી અને હાંફળી ફાંફળી અગાશી ઉપર દોડાદોડ કરવા લાગી. ત્યાં તો તેનો કાળદેવ હાથમાં પીસ્તોલ સહીત જોયો. અનાથ બાળા ગભરાઈ. તે બેશુદ્ધ થઇ મૃત્યુ તુલ્યપણે એક પુતળા માફક ઉભીજ રહી. આથી આવનાર બોલ્યો. “ રંભા ! તું માન, નહી તો તારી ખીલતી જુવાની આ કેદખાનામાં એમની એમજ સડી

જશે. હજુ કહું છું કે તું માન, જરા સમજ, છેવટે આથી પણ તારે માટે વધુ સખ્તાઇ કરવી પડશે. તને મારીશ નહી પણ રીબાવીશ અને મારી ધારણા એક વખત હું પાર પાડીશ તે ખચ્ચીત જાણજે. જે કહું છું તે તારા લાભનું છે. મારો લાડીલો કુંવર હવે પાછો આવશે, તેની શંકા રાખું છું. ભલે તે ગયો, તેની તારે જરા પણ ફીકર કરવી નહી. વધુ ફીકર તો મને છે કે મારો વંશ ગયો છતાં હું શોચ કરતો નથી. વ્હાલી રંભા ! એક વખત કહું છું કે તું માની જા. હજુ તારૂં લગ્ન થયું નથી તું સદા પવિત્ર અને અપવાદ રહિત છે. તું ખરી સતી છે, તને કોઇપણ પ્રકારની હાન નથી; કે તારે તેમ કરતાં અટકવું જોઇએ માટે રંભા ! ઓ મધુરી રંભા ! તું સમજ."

"ઓ કાળના કાળ ! યમના યમ ! તને આવા કઠોર શબ્દ બોલતાં કેમ કંપારી છુટતી નથી ? અરે પાષાણ હૃદયના પ્રૌઢ પાતકી પિતા ! હું તને વધુ શું કહું ? તારા પાટવીકુંવર રણમલની ભવિષ્યને માટે નિર્માણ થઇ ચુકેલી પત્ની ઉપર બળાત્કાર કરનાર અધમ દુષ્ટરાજા તેં તારી ઉંમર ઉપર પાણી ફેરવ્યું છે. તેં મને દુઃખ દેવામાં શું બાકી રાખ્યું છે ? હવે તો એકજ રસ્તો કર. તારા કાળા મોઢાના કુવચનો સાંભળવા કરતાં મરવું એજ ઉત્તમ છે. ઓ બેન્તની બેવકુફ બુઢ્ઢા ! શું ક્ષત્રિય તનયાઓની કુખમાં તારા જેવા નરાધમ ઘાતકી જીવડા ગર્ભ ધારણ કરી આ દુનિયામાં મોજ માણી તેની કુખ લજવાવશે ? નહી ! નહી ! ! કદિ આવી રીતે ઉલટું કૃત્ય થયું નથી, અને થશે

પણ નહી. વીર ક્ષત્રાણિઓની કુખે માહાવીરોજ પેદા થાય છે, તારા જેવા પામર હીઝડા કોઇ બીજીજ કુખે જન્મેલા હોવા જોઇએ, એ તારી કુટિલ કૃતિ ઉપરથી સમજાય છે, માટે મને વધુ ન સતાવ. ”

“ રંભા તું નહીજ માને ? ”

“ ના, ભલે કદિ આ પ્રાણ જાય, પુર્વમાં ઉગતો ભાનુદેવ પશ્ચિમમાં પોતાનું ઉદયસ્થાન કરે અને મારી જીંદગીનું ગમે તે થાવ તેની જરા પરવા નથી પણ તારા દુષ્ટ વિચારોને હું કદિ પણ તાબે થઇશ નહી. કદિ આથી હજારોગણું સંકટ સહન કરવું પડશે તો કરીશ એક શિયળને માટે કે જે કરોડો રૂપીયા ખરચતાં, જેને માટે રાજ્ય વૈભવ મળતાં અને જે એવું તો કિંમતી છે કે ફરી આ ભવમાં મળવું અશકય છે. શિયળનો સદુપયોગ ન કરતાં દુરૂપયોગ કરી આ દુનિયામાં એક મહાન પાપીણી તરીકે ઓળખાઇ જનાવરોથી પણ અધમાધમ નીચ બની પોતાને અને પોતાના કુળને કલંકિત કરતી ચાંડાલણીઓને કોટાધિકવાર ધીઃકાર છે અને ફીટકાર છે તેવી અબળા હોવાના સ્વાંગને ! માટે ઓ મુંઢ મહીપ ! તારાથી મારૂં કાંઇજ થવાનું નથી. ઉલટું એક મનુષ્યની પવિત્ર ફરજને અદા કરવાને બદલે શ્રીપ્રભુનો મહાન ગુન્હેગાર ગણાઇશ અને અંતે તારા દુર્ગુણી પ્રયાસ માટે સદા બળાપો કરી જીવતોજ બળ્યા કરીશ. માટે સમજ અને કામાંધ વિચારોને કાપી નાખ. ”

" ઓ શંખણિ ! હું કાંઇ તારી શિખામણ સાંભળવા આવ્યો નથી. માટે બોલ મારા સવાલનો જવાબ શું આપે છે " એમ કહી પાપી શેરસિંહ એવો તો જોરથી ઉછળ્યો કે તે બાપડીના કોમળ ગાત્ર ગળી ગયાં, તેથીજ તે ગરીબડી બાળાથી એક ભયંકર ચીશ પડાઇ ગઇ ને રાત્રીના વખતે શુભદ્રા નદિના વ્હેતા ઝરામાં એવી તો ગાજી રહી કે સુભદ્રાનું જળ પણ એક બે પળ અટક્યું અને થોભ્યું. જળ ગભરાયું અને તેનો વેગ એકદમ મંદ પડી વહન થવા લાગ્યો. એજ વખતે એકાએક અગાશીની ડાબી બાજુની બારી ખખડી, શેરસિંહનું લક્ષ તે તરફ ગયું અને બારીને પાતળી તડમાંથી જોયું. તે સ્હેજ ગભરાયો. હથીયાર તપાસવા લાગ્યો, ત્યાં તો બારીનું નાનું અને પાતળું દ્વાર તુટી પડ્યું અને એક વીર તે કાળરૂપ દુષ્ટાત્માની છેક નજીક આવ્યો અને તેની છાતી સમીપ કારમી કટાર રાખી બોલ્યો.

" બોલ તારા બચાવમાં શું માગે છે ? "

શેરસિંહ કાંઇપણ બોલ્યો નહી અને પાછે પગે જલદીથી ચાલવા લાગ્યો, જોતજોતામાં અદૃષ્ય થઇ ગયો. બનાવ અલૌકિક હતો. આવનાર વીર રંભાની પાસે આવ્યો અને તેને આશ્વાસન આપતો બોલ્યો.

" વ્હાલી બ્હેન, તમે જરા પણ ગભરાતા નહી. " એમ કહી તેણે પોતાના મુખપરની બોકાની કાઢી નાખી, આથી રંભાને આવનાર માણસ ઓળખાયો; ને એકદમ બોલી ઉઠી.

" કોણ વ્હાલા વીર જગમલ " ?

" હા, બેન તેજ અભાગી જગમલ ? આપના દુઃખી દિવસો જોઇ શકતો નથી. બેન હવે આપણે અહીંથી નાસવું જોઇએ નહી તો રાજા દુઃખ દેવામાં ખામી રાખશે નહી."

" ભાઇ, નાસીને પણ ક્યાં જવું ? એના કરતાં તો પ્રભુ મોત આપે તો ઘણું સારૂં. " વીલે મોંઢે રંભા બોલી.

" બેન એમ ગભરાવાથી કાંઇ મોત આવતું નથી, એતો જે પડે તે સહન કરવું એજ શુદ્ધ ક્ષત્રિયની ફરજ છે. માટે વિલંબ ન કરો. મેં નદિમાં એક હોડકું તૈયાર રાખ્યું છે, લ્યો આ ફેંટો તમારી કમ્મરે બાંધો, હું પછીથી ઉતરીશ. "

" ના ભાઇ, પછીથી કદિ પકડાઇ જાવ અને મહારાજા દુઃખ દે તો ? મારા માટે આપ કેટલું સહન કરશો. ? માટે તમે પ્રથમ ઉતરો. "

જગમલે કહ્યું " તમારે મારી ફીકર જરાએ કરવી નહી. સૌ સારાં વાનાં થશે. એમ કહી રંભાદેવીની કેડે ફેંટો બાંધ્યો અને રંભાને અગાશી ઉપરથી હોડકામાં ઉતારી દીધી. પછી રંભાએ ફેંટો છોડી નાંખ્યો અને તુરતજ જગમલે ફેંટો ખેંચી લીધો. આ વખતે જગમલે પોતાની તરફ ઘણાંક પગલાં ધમાધમ કરતાં આવતાં સાંભળ્યાં. જગમલ જરા શાન્ત થયો. એટલામાં તો તેની એકદમ પાસે દશ

હથીઆરબંધ સિપાઇઓને જોયા. જો કે જગમલ એક બહાદુર લડાયક યોધ્ધો હતો પણ તે એકલો અને આવનારની સંખ્યા તેનાથી દશગણી વધારે હતી, તો પણ તે એકદમ સાવધ બની આવનાર સિપાઇઓને ક્રોધિત વદને બોલ્યો.

" ઓ દુષ્ટો ! તમે નથી જાણતા કે તમારો રાજા મહા પાપી છે ? ઇશ્વરનો એક ગુન્હેગાર છે ? તેણે પોતાની પુત્ર વધુ ઉપર કામાન્ધ બની તે બિચારીને કેદખાનામાં નાંખી છે ? તો વિચારો કે આવા અધર્મી રાજાના તાબેદાર બની તથા હુકમને માન આપી અત્રે શામાટે આવ્યા છો ? તમારી જનેતાની કુંખ લજાવી સૃષ્ટિમાં કાળું મોં બતલાવવાને રાજી થાવ છો ? શરમ ! શરમ !! શરમ !!! છે. " જગમલ વધુ બોલવા જતો હતો પણ ત્યાં તો તેને પકડીને હાથકડી નાંખી દીધી અને તેને એક મુડદાના આકારમાં ઘસડી લઇ ગયા.

બાચારી રંભા સુભદ્રા જળ પ્રવાહમાં ઘણો વખત સુધી સરદાર જગમલની રાહ જોતી બેસી રહી. લગભગ અરધા કલાકથી વધુ વખત તેણીએ ધીરજને ટકાવી રાખી. આખરે તે પવિત્ર મુગ્ધા વિચારના હોડકામાં ઝોલાં ખાવા લાગી અને બોલીઃ—" હે પ્રભુ ! વળી આ શું ? આતો " **ઉલમાંથી ચુલમાં** " પડી ! "

પ્રકરણ ૬ ઠું.

નિરાશામાં આશા.

સુભદ્રાનું નિર્મળ જળ રાત્રીની તીમિરતામાં મળી જઈ, ઘુઘવાટ મારતું છોળ ઉપર છોળ થતું પુર વેગથી વહન કરતું હતું. જંગલી પ્રાણીયોનો ભયંકર ધ્વનિ જળના અવાજ સાથે મળતો વિકાળ ભાસ કરાવતો હતો; માંછલાં, દેડકાં અને નાનાં નાનાં જળચર પ્રાણીઓ જળના ઘુઘવાટાના ભોગ થઈ પડતા હોય તેમ એક બીજાની ઉપર દોડા દોડ કરતાં જોનારની વિચીત્રતામાં વધારો કરતા જણાતા હતાં. આકાશને રાત્રીના ઘોર અંધકારે કાળા રંગે રંગી દીધું હતું તેથી તે કાળાં વાદળાંનો કાળો પડછાયો સરિતા પ્રવાહમાં સમાતો હતો આથી સરિતાનું પવિત્ર જળ પણ કલંકિત દેખાતું હતું. નદિના કિનારે દેખાતા બંગલાઓ રાત્રીના સમયે એક બિહામણાં ધાબા સમાન લાગતા હતા. સરિતા તટપર આવેલો વિલાસપુરનો પ્રખ્યાત "શેરગઢનો કીલ્લો" જળ વહનમાં કાળા પડછાયારૂપે ભયંકર દેખાતો હતો. આ વખતે તે કીલ્લાની અગાશી ઉપરથી એક નાજુક આકૃતિ દોરડાંના આધારે જાણે પાણીમાં પડતી હોય તેમ એકાએક અંતરિક્ષ રીતે ઉતરી; તેવોજ જરા ધીમો પણ પાણીના સુસવાટના લીધે ભયાનક અવાજ થયો. આથી

ારીવહન સેકંડ બે સેકંડ સુધી ડગમગવા લાગ્યું. આકૃતિ જરા બ્હીતી હોય તેમ ધ્રુજતી ધ્રુજતી હોડકાંના સઢના નીચેના સ્તંભને બાઝી પડી.

વાંચકને ફરીથી ઓળખ આપવાનું ખાસ કારણ નથી કે તે આકૃતિ આપણી દુઃખી દેવી, પતિવિયેગીની દેવી, સરદાર જગમલ બહાદુરની આશ્રયી, રંભાદેવી વિના કોઇજ નહોતી. હોડકામાં ફક્ત રંભા અને બીજો ખલાસી ચાંચીયો માવલો હતો. એ શિવાય કોઇજ નહોતું. આ અજાણ્યા અને જંગલી પશુવત માવલાની સાથે રંભાદેવી કાંઈ પણ બોલતી નહોતી અને એજ વિચારમાં તે નિદ્રાવશ થઇ ગઇ કે આ તો **"ઉલમાંથી ચુલમાં"** પડી લગભગ એક કલાક કરતાં વધુ વખત દેવી નિંદ્રામાં રહી. ત્યારબાદ આપણી પવિત્ર રંભાને ઉંઘતી જોઇ માવલાએ તેને ઉઠાડી અને પુછયું.

"તમારો ભાયડો ક્યમ હજુ આવ્યો નહી !

દેવી કાંઈ પણ બોલી નહી.

આથી બિચારો ગભરાયલો માવલો વિચારમાં પડયો કે આ પરી તો બોલતી નથી હવે ક્યમ કરવું ? ફરીથી તેણે હિંમત હાથ કરી કહ્યું.

"એ અબોલા પરી, તમને એકલાં મુકી તમારો ભાયડો ક્યાં જતોરીયો ?"

આ વખતે રંભા દેવી બોલી નહી અને જરા ગભરાવા લાગી,

તેના કોમળ હૃદયમાં કેટલીક પળો સુધી એક સરખી મુન્જારી ચાલી.

"ત્યારે હું હોડકું છોડું?" માવલાએ કહ્યું.

આ વખતે રંભાએ વિચાર્યું અરેરે! સરદાર પકડાઈ ગયા હશે! તો મારી શી દશા? આ પશુ તુલ્ય ખલાસી મને સતાવશે. કીસ્મત! વાહ કીસ્મત, તારી વિરૂદ્ધ કાંઇ થતુંજ નથી. નસીબ બે ડગલાં આગળનું આગળ. ચાલ જીવ, જે બને તે ખરૂં. તેજ પળે ભોળી બાળા બોલી.

"વીર ખલાસી તમને સરદારે કયાં જવા કહ્યું છે?"

તેજ ક્ષણે માવલાના પાષાણુ હૃદયમાં એવી તો કંપારી છુટી કે માવલાને આ તીણો પણુ મધુર શબ્દ એક કટારના જખમ રૂપે લાગ્યો અને તે બાહુકની માફક ટગર ટગર જોવા લાગ્યો તથા મનમાંજ બબડયો કે "આ ઇન્દરની અપછરાને શું કહેવું?" એજ વિચારમાં તે કેટલોક વખત તેના નાવડામાં નાચતો હોય તેમજ જણાતો હતો. પણુ જરાએ બોલ્યો નહી.

"અરે વીર! તું પણુ ઘેલો દીસે છે?" રંભા કપાળે હાથ દઈ બોલી.

"ના મારૂં નામ ઘેલો નથી. હું તો માવલો છું. પણ તમારો બાયડો ક્યાં?"

"હે વીર, તે મારો ધર્મના ભાઇ થાય છે."

"તો પછી તમને આટલી રાતે નસાડી લઇ જવાનું કારણ?" માવલે હાવકું મોં રાખી કહ્યું.

"તેનું તમારે શું કામ છે?" રંભાનું હૃદય આટલું બોલતાં ભરાઇ આવ્યું. એકાએક તેણે રડી દીધું. બાળા ઘણું રડી, તેની નાજુક કીકી અશ્રુમાં તરવા લાગી. આ જોઇ માવલો વધુ ગભરાયો. અને તે કઠણુ મનનો પણુ ભલો ચાંચીયો થોડીવારમાં મુંજાયો; પછીથી બોલ્યો.

"હવે હોડકું હંકારૂં છું. એતો નહી આવે." એટલું કહી માવલે લંગર ખેંચી લીધું. હોડીએ જોતજોતામાં કીનારો છોડયો. લગભગ માઇલના અંતરે પાણીની ઉછળતી છોળસાથે હોડી નીકળી ગઇ. અડધા એક કલાકમાં તો હોડી એકદમ મધ્યમાં આવી ગઇ. રંભાને સઘળે, પાણી પાણીજ સિવાય કાંઇ જણાયું નહિ; બિચારી અનાથ રંભા ઘણીજ ધાસ્તીમાં પડી અને મનમાંને મનમાં તેની વિચારનૌકા ડગમગતી ગોથાં ખાવા લાગી. તે વિચાર રંગોની લ્હેરોરૂપ છોળો એક પછી એક તેને ઉછાળતી હોય તેમ તેના વિચારો સમક્ષ તેનું નિર્મળ હૃદય ખેંચાતું હોય એમ જણાતું હતું. તે બબડવા લાગી. "અરે પ્રભુ! આ વખતે આ ખલાસી કાંઇ વિપરીત તો નહીંજ કરે? એક દુ:ખથી છુટતાં આ બીજું દુ:ખ, વાહ! ઇશ્વર સત્યનો બેલી તુંજ છે. તુંજ સહાયક શક્તિધર જગદીશ સિવાય કોઇ શું કરી શકે? તારેજ ભરોંસે છું. તારનાર

અને મારનાર પણ તુંજ છે. રાજાને રંક અને રંકને રાજા બનાવવો એ પણ તારીજ કૃતિની બલીહારી છે. વ્હાલા પ્રભુ! દુઃખસાગરમાંથી ઉગાર." આ ઉદ્ગાર તેના કુમળા હોઠમાંથી સ્હેજ મોટે અવાજે નીકળી પડયા. તેજ ક્ષણે માવલે તેના તરફ જોયું અને બોલ્યો.

"બાઈ રડો છો શા માટે? હવે મારૂં ઘર પાવન કરો. કોઇ વાતે કમી નથી. દુધ બાખરો અને કોદરીના મોટા કોઠારો ભર્યા છે. તે ભલેથી ખાઓ પીઓ અને આનંદ કરો."

"વીર! મારા જેવી દુઃખીયારીથી શું તારૂં ઘર પાવન થશે?" આટલું કહી રંભાએ જોશ ભેર રડવું શરૂ કર્યું. આ બનાવ જોઇને હૃદય પાષાણિત માવલો જરા શરમીંદો થઈ ગયો અને તેના મનમાં દયાના અંકુરો સ્ફુરાયમાન થયા; તે આસ્તેથી બોલ્યો.

"બાઇ સાબ! જરા પણ બ્હીશો નહી. હું તમારી સારી બરદાસ કરીશ. મને આજથી તમારો ભાઇ જાણો. મારે એક મા અને બે દીકરી અને એક દીકરો છે, તે તમારી પાસે હમેશાં રહેશે. બચ્ચાંને રમાડજો, કોઇપણ વાતે ઉની આંચ આવવા દઇશ નહી."

આવી આવી વાતો કરતાં કરતાં થોડા પાણીમાં હોડકું આવીને અટકી પડયું. માવલે તુરત આકાશ તરફ જોયું તો મળસ્કું થઇ ગયું હતું. માવલો બોલ્યો.

" આઇસાબ, નીચે ઉતરો, આ સામે દેખાતાં કોટડાં છે તે હમારા લોકોનાં ઘર છે."

રંભા આસ્તેથી નીચે ઉતરી પડી. તેઓ બન્ને જણ કોરી જમીન ઉપર આવી પહોંચ્યા પછી નદીના કાંઠે કાંઠે થઈ ચાલવા માંડયું.

" વીર ખલાસી ! મારે માટે તમે કેટલું ખમશો ? હું તમારો ઉપકાર માનુંછું. શ્રીપ્રભુ તમને સુખી રાખે." તે દુઃખીણી દેવી બોલી.

" બાઇસાબ, ઇતો વેળા વેળાની છાંયડી સે. ઇમાં મેં કંઇ કર્યું નથી, મનુપ સર્વેની કબુલત છે કે અરસપરસ એક બીજાને આશરો દેવો ઇમેંજ બોળો ભગવાન લાજ રાખે સે."

આમ વાતો કરતાં કરતાં તેઓ બન્ને ઝુંપડા પાસે આવી પહોંચ્યા. ત્યાં પ્રાતઃકાળમાં ઠંડીના લીધે અને નદીનો ખુલ્લો પવન હોવાથી માવલાના છોકરાં વ્હેલાં ઉઠી તાપણી કરીને તાપતાં હતાં.

" બીખી જા, ઘરડીને કહે કે ખાટલો ગોદડી લાવે." માવલે તેની મોટી દીકરીને કહ્યું.

" બાપા, તું આ કયાંથી લાવ્યો ? લાગે છે રાજા અંદરની રાણી." બીખી આ નવી આવનાર બાઇ તરફ એકી નજરે જોતી બોલી.

" ચબાવલી, તું શું સમજે, એ તો વીલાસ પરથી આવી સે !

મારી ધર્મની બ્હેનસે, જા, ઝટ ખાટલો ગોદડી લાવ." માવલે આંખ ફેરવી કહ્યું. ભીખી અંદર ગઈ અને ઘરડીને કહી આ અજાણી બાઇના માટે ખાટલો ગોદડી લાવી પાથરી આપ્યાં. દેવી રંભા ખાટલા ઉપર એક દીર્ઘ નિશ્વાસ નાખતાં બેઠી, માવલાની મા પણ બહાર આવી અને નવીન સ્ત્રીને સંબોધી વ્હાલથી બોલી.

"બાઇ, તમે કુણ સો ?"

"હું દુઃખી છું." વળી રંભાએ રડી દીધું. આ વખતે માવલાએ પોતાની માને કહ્યું.

"બિચારી આખે રસ્તે રડતીજ આવી છે. મેં તેને બ્હેન કહી સે, અને આપણે ત્યાં આણી સે. એ દુઃખીનું દુઃખ હું હસે તે જણાતું નથી. મેં ઘણુંએ પુસ્યું, પણ તે તો રડયાજ કરે છે."

માવલાની માને પણ આ દુઃખીઆરીનું વીલુ અને ફીકું વદન જોઇ રડવું આવ્યું અને દયાદ્રતાએ બોલી.

"વ્હાલી બેટા ! તું ગભરાઇશ નહી. અહીં તને કોઇ પણ જાતે દુઃખ નહી પડે. એતો ચડતી પડતી હોય, પણ તારૂં દુઃખ હુસે ! તે સમજ્યા વગર અમે શું જાણીએ. જો તને હરકત ન હોય તો કહે, અમે અમારૂં બનતું કરીસું."

રંભાએ કાંઇ પણ પ્રત્યુત્તર કર્યો નહિ ઉલટી તે રડવા લાગી અને તેના વિલાપી શોર બકોરથી માવલાના પાડોશીઓ ભેગાં થઈ

ગયા, ગરીબ બીચારા ખલાસીઓ પણ ધાસ્તીમાં પડયા અને ગભરાઇ ગયા. બધા માણસો રંભાના ખાટલાને વિંટાઇ બેઠાં. એકાએક રંભાને કાંઇ યાદ આવ્યું અને તે મનમાં (ધીમેથી) બોલી.

"ઓ મારી મા ! અરે મારા વ્હાલા વીર ખલાસી ભાવલા; તમારી ગરીબાઈ ઉપર હજારો ધન્યવાદ ઘટે છે. અરે રાજાનો વૈભવ અને શ્રીમંતની શેઠાઇથી પણ તમારો વૈભવ લાખો દરજ્જે ચઢે તેવો છે. **ખરેખર! કેટલાક અંધરાજાઓ, શ્રીમંતો, કે સત્તાધિકારીઓ એમ માનતા હશે કે તેઓજ સુખી છે પણ એ વિચારમાં તેઓ ભૂલે છે તેમાં કાંઇ શક નથી. શું ગરીબ પણ અરસપરસ પ્રેમાળ કુટુંબીઓ જ્યાં વસે છે ત્યાં આનંદ નથી પડતો? શું રાજ્યમહેલો કે હવેલીઓમાં વસનારાઓ સુખી કહી શકાશે? કદી નહિં.**

સુખદુઃખ એ કુદરતનો ખેલ છે પણ સંતોષ અને પ્રેમનીજ ખાસ જરૂર છે. ઈશ્વરે આપેલ–અને આપે છે તે–વૈભવમાં સંતોષ રાખી દરેક પ્રત્યે પ્રેમાળ રહેવું એજ મનુષ્ય ધર્મ છે અને એવી વૃત્તિમાંજ ખરો આનંદ સમાયેલો છે. માટે ઓ મા! મારૂં દુઃખ જણાવી તમને ફોકટ દુઃખી કરવા વ્હાલી નથી. મારી દુઃખી જીંદગીના હેવાલનો છેડોજ નથી. અરે હું કોણ? અને ક્યાં? આ શું? ઓ ગરીબાઈ તને શ્રીમંતાઇથી શ્રેષ્ટ પદ આપી

વિશેષ શું વદું ? માજી:–આટલુંજ તે બાળા બોલી અને હૈયું ભરાઈ આવ્યું. તે ખાટલા ઉપર ધબ દઇ પડી, થોડીક વાર જેમની તેમ પડીજ રહી.

ખલાસીઓ અને માવલો તથા તેની મા વિગેરે દીગ્મૂઢ બની ગયાં. તેઓ માંહોમાંહે એકબીજાને "આ નવીન બાઇનું દુ:ખ શું હશે !". તે બાબત વાતચીત કરવા લાગ્યાં; પણ ખરી બિના જાણી શક્યાં નહીં. તેથી બિચારાં વારંવાર આ કુમળી કળીરૂપ સ્ત્રીપ્રત્યે દયાના ઉભરા કાઢતા સર્વે જણાઓ કલાકેક સુધી ખાટલાપાસે બેસી રહ્યાં ત્યાં આપણી અર્ધ જાગતદંતીના મુખમાંથી ભાગ્યા તુટયા શબ્દો નીકળ્યા. તે શું બકે છે તેનું ભાનપણ તેને નહોતુ તોપણ તે ભગ્ન શબ્દ એક પછી એક એમ નિયમસર નીકળવા લાગ્યા.

" અરે જગમલ ! તારી વીરતા, અરે દૈવ ! અનાથબાળા,... આ પાપી શેરસીંહ તારૂં સત્યાનાશ......તારી પુત્રવધુ ઉપર બળાત્કાર હાય તું કોણ સસરો......નહી કુટીલ કર્મભરિત કુતરો...હા હા! કુતરો.

હાય દૈવ ! એ નસીબનીજ નવાઇ છે. ઓ ભલા માવલા, ઓ મારા ગરીબ સહોદર ! ધન્ય છે, તમારી નેક ટેકને ! અરે વ્હાલા પ્રાણેશ ! આપ ક્યાં હશો ?" બાળા અટકી બેત્રણ મિનીટ પછી પાછી સુતી સુતી ધબકતા હૃદયે લવી. " વ્હાલા પ્રભુ ! "**નિરાશામાં આશા**" આજ ગરીબાઇનું મહત્વ સમજી રાગડો તાણી બોલી.

દુઃખીઆરી હું એકલી, અહીંયા અબળા નાર;
પાપીનાં પાપો તણો, દેજે દંડ કીરતાર.

આટલું બોલી દેવી ઝબકી અને ઉઠી, પોતાના ખાટલા આગળ હજુ સુધી બધાંને બેઠેલાં જોઈ વળી પાછી સુઇ ગઇ.

હાય ! બિચારીને શું થતું હશે તેનીજ લલુપતામાં સઘળાઓ ગુંથાયા, અને ત્યાંથી તેજ પળે પોતપોતાના કામે વળગ્યા, માવલો આખી રાતનો થાકેલો હતો તે પણ અંદર જઇને સુતો, માવલાની મા આપણી દુઃખી દેવી પાસેજ બેસી રહી. તેનાંછોકરાં પણ તેની ઘરડી દાદી પાસે બેઠાં. કલાક, દોઢેક કલાક પછી ભોળી બાળા દુઃખ માં દબાયેલી દેવી, ખાટલામાં બેઠી. તેની નજીક માવલાની મા અને તેના છોકરાંને બેઠેલાં જોઇને બોલી.

" માજી આટલા વખત સુધી અહીંયાંજ બેસી રહ્યાં છો ? મારૂં તો દુઃખ સદાનું છે આપ ઉઠો અને ગૃહ કાર્યમાં પ્રવર્ત થાવ. "

પ્રકરણ ૭ મું.

મોજ કે મોત?

અરણ્યની ખાચોખીચ ઝાડીમાં પ્રભાકરના ચળકાટ મારતાં કીરણો સ્હેજમાં જોનારને ભુલાવતાં હતાં. જાણે ઝાડોના પાંદડા ઉપર સોનેરી વરખ લગાડયો હોયની! ગમે તેવું અંધારૂં ગમે તેવી ઝાડીવાળી ગુફાઓ પણ શ્રી સુર્ય દેવની પધરામણીને માન આપવાને પ્રાતઃકાળના સુવર્ણમય તેજસ્વી પ્રકાશને સ્થાન આપતી. આ વખતે કાળી ઝાડીમાં કુંવર રણમલ નિદ્રામાંથી આળસ મરડી આંખો ચોળતો ઉઠયો, ચોતરફ નજર ફેરવી જોવા લાગ્યો પણ કાંઇ નજરમાં આવ્યું નહિ. તેના વસ્ત્રોનું પણ તેને ભાન રહ્યું નહોતું. તે ક્યાં છે તે પણ તાત્કાળિક જાણી શકયો નહી. આવીજ સ્થિતિમાં તે પા કલાક સુધી પડી રહ્યો પછી તેની ચક્ષુઓમાં શ્રી ભાનુપતિની તિક્ષ્ણ તેજસ્વી ચીનગારીઓ અણીરૂપે ભોંકાતી હોય તેમ ગીચ્ચ ઝાડીમાંના વૃક્ષોની છેક ઉંચી કરાલો પરથી આવતી હતી. એથી રણમલે ધાર્યું કે રાત્રીનું અંધારૂં દુર થયું છે. દિનમણીએ પ્રકાશવાનો આરંભ કરી દીધો છે. સુર્યના આચ્છા આચ્છા કિરણોના અજવાળાથી તેને વખતનું ભાન થયું. સમય આઠનો હતો. રણમલ ઉઠયો અને મૃત્યવશ ઘોડાની દેહને પોતાના પ્રેમાશ્રુથી ભીંજાવતો હતો અને સ્તબ્ધ વદને થોડાક

વખત હાલ્યા ચાલ્યા વગર ઉભો. વળી કાંઈ યાદ આવ્યું હોય તેમ પોતાનાં વસ્ત્રો ખંખેરવા લાગ્યો. વસ્ત્રો વ્યવસ્થિત કરી ઘોડાની પાસે આવી તે મનમાં જ બોલ્યો, "મારા પ્રાણથી વ્હાલા ઘોડાને અગ્નીદાહ કરવો ઉત્તમ છે." એમ કહી તે તુરત આસપાસથી સુકાં ઝાડનાં કેટલાંક નાનાં મોટાં થડીઆં ઘસડી લાવીને ઘોડા ઉપર એક મોટી ચીતાના રૂપમાં ખડકી દીધાં અને ભડકો કર્યો. આ . વખતે તિમીર વન જાણે સોનાના પતરાંની પેટી હોયની ! એવી લાલ પીળા રંગની દેખાતી હતી. અગ્નીના ભયંકર તાપથી નાનાં નાનાં જંતુઓની હાર બંધ હાર એક પછી એક એમ નાશ ભાગ કરતી જણાતી હતી. આ અલૌકિક લીલા જોતો રણમલ એક ચિત્તે ઘોડાની સમક્ષ ઉભો હતો એટલામાં એકાએક રણમલના કાને બંદુકનો જબરો અવાજ સંભળાયો. તેજ પળે પોતાનાં હથીઆર તપાસ્યાં ત્યાં તો તેની આસ-પાસ દશ બાર માણસો ખડાં થઈ ગયાં." આને બાંધો, મારો, કાપો," ના પોકારો કરવા લાગ્યા. રણમલ ચૌદેક વર્ષનો લઘુ યુવક હતો પણ શુદ્ધ ક્ષત્રાણિનું દૂધ તેની દરેક રગેરગમાં ફરતું હતું. તે જરા પણ ડર્યો નહી અને આવનારાઓ પ્રત્યે બોલ્યો.

"તમે કોણ છો ?"

"આ તિમીર વનના રાજા," ઘણાખરા એકી વખતે બોલ્યા.

આથી રણમલ ગભરાયો પણ ધૈર્ય રાખી ફરીને બોલ્યો.

"તમારામાંથી એક જણ બોલો, હું તમારાથી બ્હીતો નથી; તમે દશ બાર માણસો છો અને હું એકલો છું તો શું થઇ ગયું? ખરા લડવૈયા તરીકે જો નામ મેળવવું હોયતો એક એક વારાફરતી આવો અને મારા બાહુનું બળ જુઓ."

"અલ્યા છોકરા તું શું સમજે છે? ચાલ આવી જા, થઈ જા સામો" એટલું બોલી તેઓ સર્વેમાંથી એક જણ રણમલની અડો-અડ આવી ઉભો.

બહાદુર રણમલે તેજ ક્ષણે મ્યાનમાંથી તરવાર કાઢી એકજ ઝટકે તે આવનારને બે ભાગમાં વહેંચી નાંખ્યો. બધા વિચારમાં પડયા કે આ તો સૈન્યાધિપતિ જ પહેલે ઝટકે મુવો. "શું જુઓછો! થઇ જાઓ તૈયાર આ બાળકના શા ભાર છે?" એટલું બોલતાંમાં તો બધાએ કુંવર રણમલને ઘેરી લીધો અને પકડીને કેદ કર્યો. ભલા બિચારા કુંવરને ઉંચકી લઇ ગયા—તેઓ તેજ ઝાડીમાં લઈ ગયા. પછી તે સઘળાઓ થોભ્યા, તેઓમાંથી એક લુંટારો જમીન તપાસતો હોય તેમ હાથ ફેરવવા લાગ્યો. અંતે તેની ધારેલી જગ્યા જડી અને એક ઢાંકણાં જેવું મોટું બારણું ઉંચુ કર્યું એટલે અંદર એક ઘણુંજ ઉંડુ ભોંયરૂં જણાયું. પ્રથમ તેજ ઉતર્યો અને એક બે પળમાં એક નાનું પણ મજબુત સળગતું ફાનસ લઇ ભોંયરાના મોં પાસે આવ્યો અને બોલ્યો.

"તમે બધા આવો અને દેવીના ભોગને ધામેથી લાવજો" પછી એ ત્રણ જણાઓએ રણમલને પકડીને ભોંયરામાં ઉતાર્યો.

રણમલ એકદમ બાવરો બની ગભરાઇ ગયો. "આ શું? અરે! આટલી બધી દુર્ગંધમાં હવે કેમ રહેવાશે?" તેનું મગજ ભમી ગયું. ચક્કરી ઉપર ચક્કરી આવવા લાગી. પણ તેને બે ત્રણ લુંટારૂઓએ ઝાલ્યો હતો. દશ બાર ડગલાં ચાલ્યા પછી રણમલને કાંઇક શુદ્ધી આવી. રણમલ આ ભોંયરાનું અવલોકન કરતો ચાલતો હતો. પ્રથમ તેને ભોંયરામાં ઉતારવામાં આવ્યો તે વખતે ફાનસનું અજવાળું હતું તેથી કાંઇક તેને ઠીક લાગતું હતું, પણ હવે તે ફાનસને બુજાવી દેવામાં આવ્યું હતુ અને અંધારામાં ચાલવું પડતુ. લુંટારૂઓ તો રસ્તાના ભોમીયા હતા, તેઓને કાંઇ પ્રકાશની જરૂર નહોતી તેથી તેઓ આશરે આશરે ચાલતાહતા. રણમલની દિવ્ય ચક્ષુઓ ચોમેર ફરતી હતી પણ તે તદ્દન નિરૂપયોગી હતી કારણ કે આ ભોંયરામાં તિમીર વન કરતાં પણ વધારે અંધારૂં હતુ. તેઓ થોડુંક ચાલ્યા પછી ભવ્ય દિવાનખાનામાં પેઠા. દિવાનખાનામાં એક હાંડી લટકાવેલી હતી તેમાં એક ઝીણી વાટ બળ્યા કરતી તેથી સહેજ ઉજાસ પડતો હતો. આથી આપણા રણમલને દિવાનખાનાની રચના જોવાની તક સારી મલી. દિવાનખાનાની દરેક ભીંતો પોલી હતી, તે ભીંતમાં હારબંધ ચાર ચાર ફુટ પહોળા અને નવ દશ ફુટ ઉંચા

મોટા બાલોરી કાચનાં કબાટો મુકવામાં આવ્યાં હતાં, બબ્બે કબાટોની વચ્ચે કાંઇ લોઢાના સળીઆ જેવું જણાતું હતું. તે લોઢાનો સળીઓ સળંગ એક છેડાથી બીજા છેડા સુધી લાંબો હતો અને અનુમાન ઉપરથી આપણા રણમલે ખાત્રી કરી કે આ ભીંત પોલી છે. વળી દિવાનખાનામાં નાનાં નાનાં કેટલાંક ટેબલો હતાં અને તે ઉપર ફેન્સી પાથરણાં પાથરી દીધાં હતાં. ટેબલો બરાબર ગોઠવેલાં હતાં પણ તેના ઉપર કાંઇજ નહોતું. આ દિવાનખાનાને રાજશાહી ઠાઠમાં શણગારેલું હતું. તેમાં ઠેકાણે ઠેકાણે લાંબા અને મોટાં કાચનાં મુખદર્શનો જડેલાં ઘણાંજ રમણિય લાગતાં હતાં અને તે એવી તો સરસ રીતે ગોઠવેલાં હતાં કે એક મુખદર્શનનો પડછાયો બીજામાં પડતો અને તેનોજ પડછાયો ત્રીજામાં પડતો હતો આથી જોનાર વ્યક્તિને એમજ ભાન થતું કે આ દિવાનખાનું ઘણુંજ લાંબુ હશે અને હતું પણ તેમજ. વળી કેટલાક કાચના મોટા કબાટોમાં જાતજાતનાં નાનાં મોટાં હથીઆરો રાખ્યાં હતાં અને કેટલાક તો તદ્દન ખાલી અને નવા જેવાંજ પડી રહ્યાં હતાં. જ્યારે લુંટારૂઓ અને આપણો વીરબાળ રણમલ દિવાનખાનામાં દાખલ થયા ત્યારે તો આખું દિવાનખાનું હાલતું હતું. કેમ જાણે એક ઝુલતો મહેલ હોયની? તેમ તે હાલ્યાજ કરતું હતું. આવો વિચિત્ર બનાવ જોતો રણમલ લુંટારૂઓ સાથે છેક દિવાનખાનાના છેડા સુધી ગયો; પછી કબાટવાળો લાંબો લોઢાનો સળીઓ એક લુંટારાએ ખેંચ્યો. તે લોઢાના સળીયા ઉપર માપ કર્યા

હતા, જેમ જેમ તે સળીયો ખેંચાતો ગયો તેમ તેમ પોલી ભીંતવાળાં મોટાં કબાટોની જાણે ગડી વળતી હોય તેમ વળતાં હતાં; આ જોઇ રણમલ તો આભોજ બની ગયો વળી તેને એક પ્રકારની ખુશી ઉપજી હોય તેમ તે મનમાંજ બબડયો. "વાહ! આવું તો કોઇ સ્થળે જોયું નથી. રાજવૈભવ પણ કાંઇ ગણત્રીમાં નથી." અરધા કલાકમાં તો બધાં કબાટો એક પછી એક એમ ઉપરા ઉપર ગડીના આકારમાં ગોઠવાઇ ગયાં અને તેજ કબાટોનો આ વખતે કાંઇ વિચીત્ર દેખાવ રણમલે જોયો. "અરે આતે કબાટ કે કોટડી!" તેનાજ વિચારમાં આપણો તરૂણ કેદી દીંગ થઇ ગયો. આ કોટડીમાં લુટારાઓ બેઠા પછી ત્રણ કે ચાર મિનીટ સુધી તેઓ કાંઇ ઠોકઠાક કરી રહ્યા હતા. પછી આ કબાટવાળી કોટડી કારાગૃહ બની ગઇ. જેટલાં કબાટો હતાં તેટલી કોટડીઓ થઈ તેથી આ બનાવ ઘણોજ અદ્ભુત જણાતો હતો. કોટડીને ફક્ત વાંસનીજ કામડીઓવાળી ભીંત હતી, પછી તેમાંની એક કોટડીમાં રણમલને લઈ ગયા જ્યાં તેની આંખે પાટો બાંધી દેવામાં આવ્યો. ત્યારબાદ સઘળાઓ તેને અંદર પુરી બહાર દિવાનખાનામાં આવી બેઠા.

"લાલ તું તો બડાઇ હાંકવામાંજ શુરો છે." કપટસિંહ કે જે લુંટારાનો સલાહકાર હતો તે બોલ્યો,

"સેનાપતિ લંપટસિંહ મરાયો. એ બહુ ખોટું થયું." લાલસિંહ દીલગીરી પ્રદર્શીત કરતો બોલ્યો,

" એ તો જે થયું તે ઠીક થયું. જો એક એક લડવાને તૈયાર થયા હોત તો આપણી બૈરીઓએ પણ ક્યારનું ચુડાકર્મ કરી નાંખ્યું હોત. બાળક કોઇ રાજવંશી શુરવીર જણાય છે. આપણને દેવીનો ભોગ ઠીક મળી ગયો. છત્રીશ લક્ષણો અને વળી રાજ્યકુળનો: આ કામ સ્હેજમાં થઈ ગયું." કપટસિંહે કહ્યું.

" ત્યારે તો આપણા રાજા દુષ્ટસિંહ કાંઇ ઇનામ આપશે?" ત્રીજો જે અત્યાર સુધી મુંગો હતો તેણે લાલચની લલુપતામાં પ્રશ્ન કર્યો.

" ઇનામ તો સૌ મળશે, પણ જોડાં સિવાય દેવી ભોગ સ્વીકારશે કેમ? તેનો વિચાર કર્યો? અને સરદાર દુષ્ટસિંહ પુછશે તો તેને શું જવાબ આપશો!" કપટસિંહે ફાચર મારી.

" સ્ત્રી મળી રહેશે. હવે કાલથી તેની શોધમાં રહીશું. પછી આ તરૂણના અને તે સ્ત્રીના લગ્ન કરીશું એટલે જોડું તૈયાર થશે. અને આપણી લુટન દેવી પણ પ્રસન્ન થશે." લાલસિંહે મનની ભ્રમણા દુર કરવાના ઉપાય બતાવ્યો.

" ઠીક, ઠીક. એ તો સૌ થઇ પડશે, પણ મેં તમને તે દિવસે જે કામ સોંપ્યું હતું તેનું શું કર્યું?" કપટસિંહે પાહાડસિંહને પુછ્યું.

" તમે કહ્યું હતું તેજ પ્રમાણે કર્યું છે."

" મેં તમને આજથી ચોથા દિવસ પર રાત્રે કહેલું હતું તેજ પ્રમાણે તમે કર્યું છે ને?"

" હા, મેં સાંભળેલું તેજ પ્રમાણે."

"તમે શું સાંભળ્યું હતું?"

"તમે જે કહ્યું હતું તે."

"તે તમે બરાબર સમજ્યા હતા?"

"હા,"

"પણ તે દિવસે મેં તમને બે કામ કરવાનાં કહ્યાં હતાં." કપટે કહ્યું.

"હા, પણ મેં તે બેમાંનું એક કર્યું."

"પણ તે કયું?'

"બેમાંથી એક."

"તે શું? જે પહેલું કહ્યું હતું તે કે બીજું?"

"જે પહેલું કહ્યું હતું તે."

"તમે કયું પહેલું કર્યું?"

"તમે જે પહેલું કહ્યું હતું તે."

"પણ મેં તમને પહેલું કયું કામ કરવાનું કહ્યું હતું?"

"જે મેં કર્યું તે."

"તમે શું કર્યું?"

"તમારૂં કામ."

"પણ તે કામનું નામ?"

"તમે બોલેલા તે."

" પણ હું શું બોલ્યો હતો ! તે મને યાદ નથી."

" મેં જે કર્યું તે મને પણ યાદ નથી."

" ત્યારે બસ ! "

" દુર ખસ."

" ચમાટ મારીશ."

" ગર્વ ઉતારીશ."

" કોનો ? "

" ચમાટ મારનારનો."

" તું બેવકુફ છે ? "

" તમે તેના સરદાર છો."

" સરદાર કોનો ? "

" બેવકુફનો."

" બાજી બગડશે."

" ગાજી વગડશે."

" બે શરમ."

" પડ નરમ."

" નહીં તો શું કરીશ ? "

" પુજા કરીશ."

" શેનાથી ? "

" આનાથી." એમ કહીને પહાડસિંહે એક જબરી ડાંગનો

ફટકો કપટસિંહના માથામાં માર્યો, તેવોજ કપટસિંહ જમીન ઉપર પડયો. તેની આસપાસ બીજા લુંટારા લોકો દોડી આવ્યા અને તેને એકદમ ખાટલા ઉપર નાંખી એક કોટડીમાં લઇ ગયા. ત્યાં એને મલમ-પટા કરી તેના ઘાને પાટો બાંધ્યા પછી સર્વ બહાર આવ્યા. તેઓમાં લાલસિંહ હતો તે બોલ્યો, “જોયું ભાઇ! આપણા સલાહ-કાર પણ યમદ્વારનું રખેવાળું કરવા તૈયાર થયા. ચાલો આપણે સઘળા દુષ્ટસિંહને મળી આજના ભોગની અને કપટસિંહની બાનાથી વાકેફ કરીએ.”

પછી સઘળા લુંટારાઓ એક પછી એક એમ ક્યાંના ક્યાં પોત પોતાને ફાવે તે રસ્તે પલાયન કરી ગયા.

આ તરફ આપણો બાલ વીર રણમલ બીચારો એજ વિચારમાં વિંટળાયો કે આતે શીકારની “મોજ કે મોત?”

પ્રકરણ ૮ મું.

સત્યનો સ્હાયક પ્રભૂ.

ભુતીયા મહેલની અગાશીમાંથી સરદાર જગમલને બાંધીને શેરસિંહના માણસો તુરત નીચે ઉતરી ભૂતીઆ મહેલના દરવાજા નજીક આવી પહોંચ્યા, જગમલને અત્યારે ક્યાં લઈ જવામાં આવે છે તે વિશે જંગમલને માહીત કર્યો નહોતો. આથી જગમલ ગભરાયો અને એકજ પળ તેણે ધાસ્તીમાં ગાળી તુરત બોલ્યો.

“ તમે સઘળાઓ મને ક્યાં લઈ જાઓ છો તેતો જણાવો ? ”

“હવે તમને આ તોફાની દુનિયામાંથી સદાને માટે મુક્ત કરવા. એજ હુકમ મહારાજાનો થયો છે. તમને કાલે સવારમાં ફાંસી દેવામાં આવનાર છે અને એટલાજ માટે અત્યારે તમને ત્યાંજ રાખવામાં આવશે” તેઓમાંથી એક જેનું નામ તેજસિંહ હતું તેણે કહ્યું.

“ તેજસિંહ શું ક્ષત્રિય બુંદ નષ્ટ થયું ! હવે વ્યભિચારનો ઉદય થયો ? હાય અફસોસ ! ઓ પ્રભૂ ! આ કુટીલ, નરાધમ શેરસિંહના ગમે તે કરી દુષ્ટ વિચારો ફેરવ.” બિચારા બહાદુર જગમલે પણ એ પળ પોતાની ચક્ષુઓને અશ્રૂ પ્રવાહમાં ભીજાવી દીધી.

સર્વે કાંઇજ બોલ્યા નહી, અને જગમલને ફાંસીના માંચડા પાસે લઇ ગયા. થોડોક વખત તો આડાઅવળા ગપ્પાં ચલાવ્યા પછી

સઘળાઓ નિદ્રા દેવીના સોડમાં એક પછી એક ભરાવા લાગ્યા. જગમલ પણ નિદ્રાનું આરાધન કરતો આળોટવા લાગ્યો પણ ક્રમે કરી નિંદ્રાદેવી તેના પ્રત્યે પ્રસન્ન થઇજ નહી. આખરે જગમલ પથારીમાં બેઠોજ રહ્યો.

આ વખતે ત્રણ વાગી ગયા હતા, રાત્રીની તિવ્ર ગર્જના ભયાનક રૂપે ગાજતી હતી. ત્યાં એકાએક સરદારની છેક નજીક કોઈ આવતું હોય તેમ તેને ભાશ થયો. હળવે હળવે તે આવનાર આકૃતિ જગમલની અડોઅડ આવી પહોંચી, અને જગમલના બન્ને હાથ જોત જોતામાં છુટા કર્યા, પગમાંની બેડીઓ ઘણીજ ઝડપથી પણ શાન્તતાથી કાપી નાખી કે જગમલ શુદ્ધાંને પણ તેની ભાગ્યેજ ખબર પડવા દીધી હોય! આટલું કર્યા પછી આકૃતિ ગુમ થઈ ગઇ. કઇ બાજુએ ગઇ? વિગેરે તપાસ કરવાને જગમલ ઉભો થયો, ધીમે પગલે પણ ઝડપી ચાલમાં તે આસપાસ નજર ફેરવવા લાગ્યો. પણ તે અદૃષ્ય થઇ ગઇ. બે ત્રણ પાંચ સાત પગલાં જગમલે ઉતાવળે ભર્યા ત્યાંતો તેના પગે મ્યાન કરેલી તરવારના જેવી કાંઇ ઠેસ વાગી. તુરત તે થોભ્યો અને નીચે વળી તેને ઉપાડી અને બારીકાઇથી તે જોવા લાગ્યો તો ખરેજ તરવાર જણાઈ તે જોઈ એકદમ સરદાર ખુશી થયો અને મુછપર હાથ દેતાં તેણે મ્યાનમાંથી તરવાર બ્હાર કાઢી, તરવારના હાથે કાંઇ લુગડે બાંધેલું નાની પોટલી જેવું દેખાયું. જગમલ મન-

મોંજ બબડયો. " અહો પ્રભુ ! મારો ટેક રાખ્યો. અરે દુષ્ટ ! શેરસિંહ તારા પાપી વિચારો ધુળમાં મળી ગયા. ચાલ નસીબ લાવ જોઉં પોટલીમાં શું છે ? " એમ કહી પોટલી છોડી અને વીજળીની ઝડપે તપાસવા લાગ્યો. " અરે આતો સોના મોહોરો ! અને આ કાગળ શાનો ? " આટલુંજ બબડીને અટકયો. અંધારાના લીધે તે મુઝાયો. પણ બહાદુર જગમલ ડગ્યો નહીં. પાછો ફર્યો અને તરવારને મજબુત પકડી જ્યાં સીપાઇઓ સુતેલા હતા ત્યાં આવ્યો. આસ્તેથી એક સીપાઇના માથા તળે હાથ નાંખી તરતજ તેણે એક ચોર ફાનસ મેળવી તેજ ક્ષણે તે ત્યાંથી ચાલ્યો ગયો. પા, અર્ધો માઇલ દુર નીકળી ગયો પછી એક ઝાડની ઓથે ચોર ફાનસ ખોલ્યું એટલે તે માંહેના દીવાનો પ્રકાશ બહાર પડવા લાગ્યો. આથી પેલો કાગળ વાંચ્યો. વાંચતાં વાંચતાં તે હરખાતો અને મનમાંજ બડબડતો હતો. તે શું બબડયો તે સંભળાયું નહીં. ફરીથી તે મોટેથી વાંચવા લાગ્યો.

" વહાલા શીરોમણી સરદાર,

આપે દેવીને મુક્ત કીધાં પણ આપ દુષ્ટોના હાથમાં સપડાયા તથા આપને ફાંસીએ ચડાવવાના માઠા સમાચાર જાણી હ્રદય ફાટી જાય છે. મારૂં બનતું કરૂં છું. આપ હવે પુર્વ દીશા તરફ પ્રયાણ કરશો. સમયને આધિન થવું તે ઉત્તમ પુરૂષોની પ્રથમ ફરજ છે. રંભાદેવીની ! અરે તે બિચારી પવિત્ર બાળાની શી દશા થઇ હશે !

વ્હાલા નાથ, પ્રાણાન્તે પણ આપ દેવીના સહાયક થવા ચુકતા ના. શ્રી જુગદીશ્વર તે માટે આપને અખુટ બળ આપો એજ પ્રાર્થના.

લી. આપને

તનમનથી વરી ચુકેલી વિયોગી—વિલાસિનિ.

જગમલે પત્ર વાંચી ફાડી નાખ્યો અને પછી ઘણીજ ઝડપથી તે પત્રમાં બતાવેલી દિશા પ્રતિ પ્રયાણ કર્યું. સવાર પડતાં સર્વ સિપાઇઓ ઉઠયા અને જ્યાં જગમલને રાખવામાં આવ્યો હતો ત્યાં ગયા. જેવા તેઓ આનંદમાં સરદારને જોવા ગયા તેવાજ તેઓનો આનંદ એકાએક છિન્નભિન્ન થઇ ગયો અને સર્વના મુખ ઉપર કાળા રંગે પોતાની છાપ બેસાડી દીધી. તેઓ ચીંતામાં ચીતરાયલા ચોર માફક માંહોમાંહે એક બીજાના સામે ટગર ટગર જોવા લાગ્યા.

"અરે ! આતો જુલમ થયો ! માહારાજાને શું જવાબ દેવો ?" સરદાર જગમલ તો નાસી ગયો !"

બધામાંથી એકજણ બોલ્યો કે જેનું નામ બ્હાદુરસિંહ હતું. જવાબમાં મીંડા શીવાય કાંઇજ જણાયું નહીં. ફરીથી તેણે પોતાની ફીકર ફેલાવી.

"તેજસિંહ હવે શું કરવું ?"

"માહારાજાને જલદી ખબર આપો નહીતો વળી વધુ મુસ્કેલી સહન કરવી પડશે. તમે બધા અહીંજ રહો. હું એકલો મહારાજા પાસે જઉં છું." એટલું બોલતાં બોલતાં તેજસિંહ માહારાજા પાસે આવીને રાત્રીએ બનેલી બીનાથી માહારાજાને વાકેફ કર્યા.

"તેજસિંહ, મારા ધારવા કરતાં ઉલટુંજ થયું. બધાને મારી પાસે લઈ આવ. મારા હૃદયના અંગારાને નસાડી મુક્યો છે પણ યાદ રાખજો કે તેને બદલે તમને બધાને ફાંશીએ લટકાવીશ" શેરસિંહ શાન્તતાને છોડી દઇ આંખો ફેરવી બોલ્યો.

તેજસિંહ પણ એક બ્હાદુર સીપાઇ અને ક્ષત્રિય બચ્ચો હતો. તે પણ એકદમ ભવાં ચઢાવીને બોલ્યો.

"**મહારાજા-ધિરાજ**! તેમ થશે તો એક ઘાતકી કૃત્ય આલેખાશે. એક નાશી ગયો તેને બદલે સઘળાને રીબાવવા તે ઇશ્વરના મહાન ગુન્હેગાર થવા બરોબર છે."

"હું બધું સમજું છું. અને મારી ખાત્રી થઇ છે કે સરદારને નસાડી મુકવામાં તારો હાથ છે માટે હું તને ફરમાન કરૂંછુ કે તારે મારી હદ છોડી ચાલ્યા જવું." શેરસિંહ પ્રથમ પગથીયું ચઢતાં વધ્યો.

"માહારાજા! આપના ફરમાનને માથે ચઢાવું છું પણ એટલુંજ કહુંછું કે આપના પાપી વિચારોને ફેરવજો નહીતો"-એટલું બોલી તેજસિંહ મૌન રહ્યો.

"નહીતો શું? અરે નીચ હરામી કુતરા તું શું બકે છે? તને પાળીપોષીને મોટો કર્યો તેનો આજ બદલો? ધિક્કાર છે. જા, એકદમ મારી હદ તજી જા, નહીતો હવે એક પણ શબ્દ તારા મુખમાંથીની-

કળતાં ઠાર કરીશ." એમ કહી તત્ક્ષણ શેરસિંહે મ્યાનમાંથી તરવાર ખેંચી તેજસિંહપર ઘા કરવા ધસ્યો પણ સત્યાગ્રહી તેજસિંહ અણું માત્ર ત્યાંથી ખસ્યો નહીં અને તેજ સ્થળે સ્તંભરૂપ ઉભોજ રહ્યો. જરાક હસ્યો, કાંઇ યાદ આવ્યું હોય તેમ એકાએક શેરસિંહની સમીપ ગયો. અને અટક્યો. વળી બે પગલાં પાછો હઠ્યો. આ પ્રમાણે તેજસિંહની કૃતિ જોઇ શેતાની શેરસિંહનો ગુસ્સો વધ્યો અને પોતાના હજુરીયા ગુમાન પ્રતિ બોલ્યો.

"ગુમાન, તેજસિંહને કેદ કર; એ રાજ્યનો ગુન્હેગાર છે, તેણે રાજ્ય કેદી જગમલને નસાડી મુક્યો છે માટે સરદાર જગમલને બદલે તેને ફાંસીએ લટકાવી દે."

"મહારાજા પાછળથી પસ્તાવું પડશે હજુ વિચારો અને પાપકર્મને દુર કરો, એક વખત કહું છું તે, હજાર વખતની યાદગીરી તુલ્ય ગણો." તેજસિંહ શુરત્વની પીછાણ આપતો બોલ્યો.

"ચાલ હવે જાણ્યું તારૂં ડહાપણ, માહારાજાની સામું બોલતાં તારી જીભ તુટી કેમ જતી નથી? નીમકહરામ આગળ થા" એમ કહેતો ગુમાની ગુમાન તેને પકડી, ફાંસીના સ્થળ આગળ લઇ ગયો.

માહારાજા શેરસિંહ પણ પાછળ પાછળ ફાંસીની જગ્યાએ આવી પહોંચ્યા. આ કારમો બનાવ જોવાને આપણી ભલી અને સત્યપંથીણી વિલાસિની પણ માહારાજા સાથેજ આવી હતી. વિચારમાં ગોથાં ખાતી

તેની ચક્ષુઓ શ્રાવણ ભાદ્રપદના જળ પ્રવાહમાં ચમકતી હતી. તેણે રડવું ખાળી રાખ્યું અને બોલી.

"વ્હાલા પિતાશ્રી આ બીનગુન્હેગારને મારવો ન જોઇએ."

"પ્યારી પુત્રી, તેજસિંહે આપણો રાજ્ય કેદી નસાડી મુકયો છે. શું તે ઓછી શિક્ષાને પાત્ર છે?" શેરસિંહે પુછયું.

"આપણો રાજયકેદી કોણ અને તેનો શું અપરાધ?" આતુર અને દીન વદને વિલાસિની ઉભીજ રહી.

"બેટા, તને ખબર નથી કે સરદાર જગમલે એક માહાન ગુન્હો કર્યો છે? અને તે ગુન્હાને માટે તેને ફાંસીની શિક્ષા કરેલી હતી! પણ આ નીમકહરામી તેજસિંહે તેને નસાડી મુકયો છે શું તે ગુન્હેગાર નથી?"

"અલબત્ત નસાડયો ખરો, પણ સરદાર જગમલને ફાંસીની શિક્ષા થઇ છે તે સાંભળી મને ઘણોજ ખેદ થાય છે કે આવો બહાદુર અને સરદારોનો શિરોમણી હોવા સાથે એણે એવો મહાન ગુન્હો પણ કર્યો નથી કે આ દશાને પાત્ર થયો?" વિલાસિનીએ ઉલટ તપાસમાં જણાવ્યું.

"વિલાસિની, હું તને સર્વ હકીકત પછીથી કહીશ, પણ હાલમાં મેં કરેલા હુકમનો અમલ થવા દે. વખત ઘણોજ થઈ ગયો છે." એટલું બોલી શેરસિંહે વાતને ઉડાવી દીધી.

"વ્હાલા પિતાશ્રી આપ મને એટલુંજ કહો કે સરદાર જગમલને કયા ગુન્હાએ આ દશાએ પહોંચાડયો? આપને હું વ્હાલી પુત્રી

હોઉં તો મને તે હમણાંજ જણાવો– અને પછીથી ગુન્હેગારને યોગ્ય શિક્ષા કરો.” એટલું બોલી વિલાસિની બન્ને હાથ જોડી મહારાજાની સંમક્ષ સ્તબ્ધ થઇ ઉભી.

“દેવી રંભા! હઠીલી રંભા! નાદાન છોકરીને નસાડવામાં તે એક મારા કટા શત્રુએ–અરે! એને મારૂં લુણ ખાઈ હરામની હુતાશીની મારા હૃદયમાં પ્રકટાવી છે. પણ આ શેરસિંહના સપાટામાંથી નાશી ગયો. અરે બાયલા! તું નાશીને ક્યાં જઇશ? જો ફરીથી એકજ વખત મારા હાથમાં આવ્યો તો જાણજે કે શેરસિંહ શેરની માફક તારૂં ભક્ષ કરી જશે. ઓ હીચકારા! સરદારોના શંખ! તું ખાત્રીથી સમજજે કે હવે તારૂં, આ શેરસિંહ કાટલું કર્યાં સિવાય રહેશે નહિ.” શેરસિંહનો ગુસ્સો તદ્દન હાથથી બહાર ગયો—અને વિલાસિનીને વધુ કાંઇપણ જવાબ આપ્યા વગર તે ખુલ્લી તરવારે ફાંસીના મોચડા નજીક ગયો, અને તેજસિંહનું કાંડું પકડી બોલ્યો.

“તેજસિંહ! બોલ, પાપી બોલ, તારા બચાવમાં શું માગે છે? હજુ તને કહું છું કે જો તારે ફાંસીના લાકડાથી માનસહીત પાછું ઉતરવું હોય તો કહે કે સરદાર ક્યાં છે, અને તેને નસાડવામાં કોણ કોણ સામીલ છે?”

“મહારાજ્યાધિપતિ! હજુ આપને કહુંછું કે આપના ઘાતકી વિચારો ફરવો. અને બ્હાદુર સરદાર જગમલને દરેક શિક્ષામાથી માન સહીત

મુક્ત કરો, નહીં તો પાછળથી પસ્તાવું પડશે. મારૂં ગમે તે થાય તે માટે તદ્દન બેદરકાર છું પણ બીનગુન્હેગારને આપના વિલાસપુરમાં દેહાન્ત દંડની શિક્ષા? કાળો કેર ન કરો, તેથી શ્રીહરી રૂઠશે. હમણાં આપની અજ્ઞાની ચક્ષુઓએ અને સેતાની સત્તા બળે ઉલટું સમજાય છે પણ આપની તે સત્તાનો શાણપણ પ્રથમ સાથી છે માટે તેની મદદ લઇ પુરતો વિચાર કરો અને પછી ઇન્સાફ આપો." તેજસિંહ આસ્તેથી પણ અડગપણે બોલ્યો,

"શું હું અજ્ઞાની! અરે બેદરકારી તેજસિંહ! તારા સહસ્ત્ર ટુકડા કરીશ." શેરસિંહ બોલ્યો.

"આપ અજ્ઞાની. એક વખત નહી, પણ કોટી વખત અજ્ઞાની ઉંદર છો અને ચિત્તભ્રમી મોહાંધ મર્કટ છો, પાપી હૃદયના હત્યારા પશુતુલ્ય છો—વધુ કહેવાને લાચાર છું. આપજેવા ક્રૂર અને વ્યભિ-ચારાદિ દુર્ગુણોમાં લુબ્ધ બનેલા શ્વાનને આંખો હોવા છતાં અંધ બનેલા ગમાર એક કાળના કાળ! નરાધમાધિપતિ શેરસિંહ! જલદીથી ફાંસીમારૂઓને આજ્ઞા કર કે આ પ્રપંચી જાળમાંથી સદાને માટે મુક્ત થાઉં." તેજસિંહ શૌર્યતામાં બોલ્યો.

"અરે તેજ! જરા સમજ. હજુ એક કલાકની મુદત આપુંછું. તું સમજ, અને વિચાર કર કે મારો હુકમ થતાં તારૂં મોત ઘડીમાં થઇ જશે. આ સંસારની સોહામણી માયામાંથી વિખુટો પડી જઇશ. તારાં બાયડી છોકરાં તારા વગર રઝળી મરશે, તારાં ઘર–બાર લુંટાશે

દઇશ, અને વધુમાં તારા છોકરાની આંખો તારી સમીપ ફોડી નાંખી થાંભલા સાથે ખીલાથી જડી દઇશ. માટે બોલ જગમલ ક્યાં છે ? જરા વિચાર કર." એટલું બોલી શેરસિંહ અટક્યો, પણ પાછું કાંઇક યાદ આવ્યું અને ગુમાન પ્રતિ બોલ્યો.

"ગુમાન, જા, તેજસિંહના છોકરાને લઇ આવ."

દશેક મિનિટના વિલંબે ગર્વિષ્ટ ગુમાન તેજસિંહના છોકરાનું કાંડું પકડી લઈ આવ્યો અને તેજસિંહ તથા શેરસિંહ ઉભા હતા ત્યાં આગળ ખડો કર્યો. "બાપુ, આપને કોણે બાંધ્યા છે ?" તેજસિંહનો નવ વરસનો બાળ ચતુરસિંહ કાલા શબ્દે બોલ્યો.

"બેટા ચતુર ! તું ગભરાઇશ નહીં. હજુ તું બાળક છે. તું રાજ્ય ખટપટના મામલાથી બીલકુલ અજાણ છે તે અજાણપણામાં હું તને કહું છું કે તારા બાપને અને સમગ્ર ક્ષત્રિય જાતિને કાંઇ પણ શરમીંદુ થવા જેવું કરીશ નહી, એટલીજ તને મારી શિખામણ છે. બેટા આવ, અને એક ચુંબન આપ." એમ કહી તેજસિંહ પોતાના વ્હાલા પુત્રને ચુંબન કરવા જતો હતો, ત્યાં કૃતઘ્ની શેરસિંહે તેને અટકાવ્યો અને બોલ્યોઃ

"તેજસિંહ, તારો ટેક નિરર્થક છે અને તું પુત્રભોગી કહેવાઇશ, માટે તારી છક્કડ જવા દે. આ હકીકતથી વાકેફ કર કે તને મારા ખરા અંતઃકરણથી માન સહિત તારા પુત્ર સાથે ઘેર રવાના કરૂં."

"અરે અક્કલહિણુ મહારાજા ! મને વધુ હેરાન કર નહી. તારા

હુકમને જલદીથી અમલમાં લાવ એટલે એજ મારૂં મહાભાગ્ય સમજું છું કે નીતિને માર્ગે ચાલી પ્રભુના ઘેર જવા કરતાં બીજું કયું માન ઉત્તમ હોઈ શકે ? " તેજસિંહે અડગપણે કહ્યું.

" ઠીક છે, જો અને રો. પછી તારો વારો આવે છે. એટલું બોલી તે દુષ્ટાત્મા શેરસિંહે બાળક ચતુરસિંહને એકજ ક્ષણમાં જેમ દડો ઉછાળે તેમ ઉછાળી નીચે પછાડયો, બાળકે ભયંકર ચીસ પાડી રડવા માંડવું અને તેજ સ્થિતિમાં તે તુરત ઉભો થયો અને બોલ્યો.

" ઓ દયાળુ મહારાજા, આપે એક વખત આપણા ગામના તમામ છોકરાં ભેગા કરી રમતો રમાડી હતી, અને તે વખતે આપે મને વ્હાલથી ઉંચકીને બચ્ચી કરી હતી, તે પળ શું આપ ભુલી ગયા? મારા બાપુને છોડો, તે જીવતા રહેવાથી હમને રોટલો મળે છે માટે કૃપા કરી છોડો. " ચતુરસિંહે મહારાજાને હાથ જોડયા.

" ઓ ચબાવલા ચતુર ! તને તારા બાપના દેખતાં મારવો છે, તારા બાપે મારો કેદી નસાડી મુકયો છે માટે તેને ફાંસીએ ચડાવીશ, ફાંસી દેવા પહેલાં તને તેના દેખતાં મારીશ ત્યારે મને શાન્તિ થશે" શેરસિંહે વિકાળ રૂપ ધારણ કર્યું.

"તો ભલે માહારાજ મને મારો પણ મારા બાપુને છોડો; મને મારવાથી આપને શાન્તિ થશેજ. મારા બાપુએ એક કેદીને નસાડયો છે અને તમે બેને મારો છો, તે શું ગુન્હો નથી કરતા ? રામચંદ્રજીના

અપરાધી થશો. તમારા એક કેદીને માટે તમે એકજ માણસને મારો અને તે પણ મનેજ મારો, મારા બાપુને જલદી ઘેર જવાદો મારી મા અને મારો નાનો ભાઇ બિચારા રડયા કરે છે." ચતુરસિંહે શુદ્ધ ક્ષત્રાણિની કુખ વખણાવતાં કહ્યું.

ત્યાં ઉભેલા સર્વ મનુષ્યો આ નવ વરસના ચતુરસિંહની ચતુરાઈ અને હીમત ઉપર જય ગર્જના કરવા લાગ્યા, કેટલાકતો બિચારા બાળકના પ્રાણહરણ થવાની તૈયારી ન જોઇ શકવાથી મનમાંને મનમાં રડવા લાગ્યા અને માહારાજા શેરસિંહને ધીક્કારવા લાગ્યા. ત્યાં એકાએક, એક ચમત્કાર બન્યો.

"અહો જુલમ ! જુલમ ! ! જુલમ ! ! !" બધાની વચમાં એક નવયોવના નાનો ઘુમટો તાણી આવીને બોલી.

"અરે મહારાજા ! આ બીનગુન્હેગારને જલદીથી છુટો કરો અને આપનો ગુન્હેગાર આપની સમક્ષ ઉભો છે" એમ કહી તેણે માથા ઉપરનો ઘુમટ કાઢી નાખ્યો. સઘળાની અજાયબીનો પાર રહ્યો નહીં. કેટલીક પળો સુધી સર્વત્ર શુનકાર પથરાઇ ગયો. આખરે શેરસિંહ બોલ્યા.

"વિલાસિની ! ઓ વિલાસિની ! વિકામણી વિલાસિની ! તું શું બોલે છે. સરદાર જગમલને નસાડી મુકનાર તુંજ પાપીણી ? હાય અફસોસ, ધિક્કાર છોકરી ! અરે ઓ કુલાંગાર કિન્નરી ! તને હું શું શિક્ષા કરૂં ?" એટલું બોલતાં બોલતાં પાપીષ્ટ શેરસિંહ ધ્રુજ્યો, અને

તેના હાથમાંથી તરવાર પડી ગઇ, તે સાથે કુટીલ પણ ચક્કર આવવાથી પડયો, સર્વત્ર શુન્યકાર ફેલાયો, સઘળા ત્યાં દોડી આવ્યા. શેરસિંહને તેવીજ તરફડીત હાલતમાં ઉંચકી ભુવનમાં લઈ ગયા.

પ્રીય વાંચક

અંગ્રેજીમાં કહ્યું છે કે–Man suposes, God disposes મનુષ્ય ધારે છે શું અને પ્રભૂ કરે છે શું? એટલે મનુષ્યની હરેક ધારણા પાર પડવી મુશ્કેલ છે. એટલું તો ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ધર્મીપર ગમે તેટલું સંકટ પડશે છતાં આખરે તો તેનોજ જય છે. અધર્મીઓને દેખીતું સુખ જણાય છે પણ ખરી રીતે તેમનુંજ અંતઃકરણ તેમનેજ ડંખ્યા કરે છે અને આખરે પ્રભૂ સત્યનેજ સ્હાય કરે છે. ખરૂં છે કે સત્યનો સ્હાયક પ્રભૂ—सत्यमेव जयते ॥

પ્રકરણ ૯ મું.

ધર્મીને ત્યાં ધાડ.

આપણે ગયા પ્રકરણમા વાંચી ગયા કે શેરસિંહને બેશુદ્ધાવસ્થા માં મહેલમાં લઈ ગયા અને આપણો સત્યાગ્રહી ટેકીલો તેજસિંહ ફાંસીના લાકડા પાસેજ રહ્યો. આ વખતે આપણી રાજ્યનંદિની વિલાસિની ફાંસીના મોચડા પાસે આવી અને તેજસિંહને છુટો કરતાં બોલી.

"વ્હાલા વીર ધન્ય આપની રાજપુતાણી માતાને અને ધન્યછે આપના પુત્ર ચતુરને. "બાપ જેવા બેટા" તે કહેવતને પુર પ્રકાશિત કરનાર ચતુર! તારૂં ટુંક ચરિત્ર વિલાસપુરના ઇતિહાસમાં લખાશે અને સર્વત્ર દેશપરદેશમાં તારી ચતુરાઇની સાથે હીમતના ગુણ ગવાશે."

"રાજલક્ષ્મિ! હવે એજ ચિંતામાં છું કે મહારાજા આપને દુઃખ દેવામાં બાકી રાખશે નહિ." તેજસિંહ એમ બોલતાં બોલતાં રડી પડયો. "શૂરવીર! ત્હમારે મ્હારી કાંઇપણ ચિંતા કરવી નહિ. સહુ સહુનાં લાગ્યાં ભોગવવાને સરજાયેલાં છે. તે બદલ શ્રીજગતનિયંતાને સર્વ ચિંતાઓ વળગેલી છે માટે તદ્દન શોકરહિત થાઓ, અને હજુ આથીપણ વધારે શ્રેયસ્કર સુકાર્યો કરીને વીર ક્ષત્રાણીની કુખ શોભાવો. હજુ 'રંભાદેવી!' બિચારી સુકોમળ બાળા કયાં રખડતી હશે? વ્હાલા વીર! આપ સત્વર ગૃહ તરફ વિદાય થાઓ." એમ કહીને વિલાસિની

ત્યાંથી ચાલી ગઇ અને શૂરવીર તેજસિંહ પોતાના પ્યારા પુત્ર ચતુર સિંહ સાથે ગૃહ તરફ વિદાય થયો.

બીજી તરફ દ્રષ્ટિ કરતાં શેરસિંહ અશુદ્ધિમાં પલંગપર સૂતો સૂતો, અર્ધ આંખમિચામણી કરતો, ચિંતાની શય્યામાં એકપછી એક નિશ્વાસ નાંખતો આલોટયા કરે છે. ત્હેના ચિત્તને આજના બનાવે ભ્રમિત કરી દીધું છે. શેરસિંહ ક્ષણે ક્ષણે કાંઇક બકતો હતો. ત્હેના ઓષ્ટ હાલતા હતા. તે અર્ધ જાગ્રતાવસ્થામાં શું બકે છે ત્હેનું ત્હેને જરાએ ભાન નહોતું. એકાએક તે શય્યામાં બેઠો થયો અને એક મ્હોટી ચીસ પાડીને બોલ્યો–'પકડો વિલાસિનીને વિલાસિનીને પકડો.' આ શબ્દો ત્યાં બેઠેલા સિપાહીયોને ગગનભેદક લાગ્યા. તરતજ તેઓ મહારાજા પાસે આવ્યા અને પુનઃ ત્હેને સૂવાડી દીધા. શાન્તિમાં કેટલાક સમય સુધી તેઓ ત્યાંને ત્યાંજ ઉભા રહ્યા.

"બહાદુર! મહારાજા તદ્દન બેશુદ્ધ થયા છે. વખતે":–એટલું બોલતાં મહારાણી ધીરજબા ગભરાઇ ગયાં.

"રાજમાતા! આપ કંઇપણ ચિંતા કરશો નહિ. મહારાજાને ક્રોધે પોતાના પ્રતાપથી ઉન્મત્ત બનાવી દીધાં છે. તેઓ થોડીવારપછી શાંત થશે." બહાદુરસિંહ બોલ્યો.

"પણ મહારાજા હવે સાજા થાય, અને શુદ્ધિમાં આવે તેમ લાગતું નથી. કારણકે ત્હેમને પોતાનાં સઘળાં મનુષ્યો પર દ્વેષ ઉત્પન્ન

થયો છે તેથી તેઓ અકળાઈ મુઝાય છે અને મુંજાય છે. રાજ્યની વ્ય-વસ્થા પ્રતિદિન બગડતી જાય છે. ‘કામાંધ મનુષ્યો મદનની મસ્તીમાં લીન બની સર્વસ્વ ગુમાવે છે’ મહારાજાની દશાપણ તેવીજ થઇ છે. કદી સ્વસ્થ થાય તોપણ તે વિલાસિનીપ્રત્યે કરડી નજરથી જોશે અને તેથી ત્હેની વધારે પડતી દશા આવશે. હવે રાજ્યની લગામ ત્હેમનાથી બરાબર સાચવી શકાશે નહિ તથા શત્રુનું બળ વધતું જશે.” મહા-રાણી ચિન્તાતુર ચ્હેરે બોલી.

એવામાં શેરસિંહ પુનઃ શય્યામાંથી ઉભો થઇને બોલ્યો, “અરે નીચ, વિલાસિની! કુળછેદક પાપિણી! ઓ હિચકારા સરદાર તું ન્હાસી ગયો? અરે જગમલ! ત્હેં મ્હારા હાથનું શૌર્ય અને પરાક્રમ જોયું નથી?” આમ બબડતો બબડતો તે પલંગપરથી નીચે ઉતર્યો. અને પુનઃ ચીસ પાડી બોલી ઉઠયો, “લાવ તરવાર! લાવ કટાર!” એમ કહીને તે ઓરડામાં ચોતરફ આમતેમ ઘૂમવા લાગ્યો. એવામાં વિલા-સિની આવીને બોલી.”

“પિતાશ્રી ક્ષમા યાચું છું. આપ આમ ક્રોધ ન કરો. આપ આ-પના આ દુષ્ટ વિચારોનો ત્યાગ કરો.”

કન્યાનાં ઉપરોક્ત વાક્યો સાંભળીને શેરસિંહે કહ્યું, “અરે! શયતાન છોકરી! ઓ માતેલી છોકરી! તું ચૂપ કર—હાય શું કરૂં? તું મ્હારે ત્યાં દિકરી તરિકે શામાટે જન્મી. અરે દાનવી! શું તું મ્હારા

કટ્ટા દુશ્મનને ચાહે છે? હાય! ગજબ!" એમ કહીને તે અટકી પડયો.

"પિતાશ્રી? આપનું કહેવું સત્ય છે. એક વીર ચૂડામણિ અને મહાન યોદ્ધા તરિકે પ્રખ્યાતી પામેલા જગમલને હું મ્હારા અંતઃકરણ પૂર્વક ચાહું છું. મ્હારા હૃદયથી હું ત્હેને વરી ચુકી છું. ત્હેને મ્હારા હૃદયમાં સ્વામી તરિકે સ્થાન આપી ચુકી છું." વિલાસિની દૃઢ મને બોલી.

"અરે નાદાન છોકરી! તું આ શું બકે છે?" શેરસિંહ પુનઃ ક્રોધિત થઇને બોલ્યો.

"જે કહું છું તે સત્ય કહું છું" વિલાસિની અડગપણે બોલી,

"તારૂં કાંઇ ચાલનાર નથી."

"શાસ્ત્ર નિયમાનુસાર હું પુખ્ત ઉમરની થઇ છું. જેથી મ્હને મ્હારા ભવિષ્યનું સુખ મેળવવા આપે રજા આપવીજ જોઇએ! અને તેટલાજ ખાતર હું આપને વિનંતી કરૂં છું કે આપનો ગુસ્સો સમાવો અને સત્યની દ્રષ્ટિએ જુવો." વિલાસિની બોલી.

"નાદાન છોકરી! તારા કરતાં હું શાસ્ત્રો વધારે જાણું છું અને શાસ્ત્રના નિયમ પ્રમાણેજ તને હુકમ કરૂં છું કે તારે મારા હુકમનેજ તાબે થવું" શેરસિંહ ક્રોધાવેશમાં પણ શાણામણના ડોળમાં બોલ્યો.

"ભલે! ભલે! મારા પાલણહાર! આપનો હુકમ હું ખુશીથી શીર ચઢાવીશ પણ તે આઠમાજ જન્મમાં અથવા ત્યારબાદ; કારણ કે હાલતો જે હૃદયથી હૃદય મળ્યું તે તો સમ ભવ સુધી જુદું નહી

પડે માટે દયા કરો. ઇશ્વરે આપને હૃદય આપ્યું છે તો તેમાં દયાપણ હશે તે બહાર પ્રદર્શિત કરી આપની પુત્રીને આભારી કરો. કદાચ આપની ઇચ્છા વિરૂદ્ધ નહી જવા માટે દુનીઆને બતાવવા લગ્ન નહિ કરૂં પણ હૃદય તો જુદું પડવું અશક્ય છે."

"અરે તું, બાળકી કે કાળકી? તારો થનાર પતિ મારો શત્રુ છે, તેને હું કદિ પણ તારૂં પાણી ગ્રહણ કરવા દઇશ નહી."

"ભલે, આપ ગમે તે કરો." એટલું બોલી વિલાસિની ચાલી ગઇ. "પ્રાણનાથ! દીકરી ઉપર આટલો ક્રોધ કરવો ન જોઇએ. કદિ છોરૂ કછોરૂ થાય પણ આપણે તો સદા માફી આપવી જોઇએ." રાણી ધીરજકુંવર બોલી.

"તારા માનમાં ઉછરેલી વિલાસિનીએ મારૂં સત્યાનાશ વાળ્યું, છતાં હજુ પણ તું તેને માફ કરવાનું કહે છે? મારી સમશેરના શત્રુ સરદાર જગમલને નસાડી મુકવામાં વિલાસિનીની મદદ! આ શું એક રાજપુત્રીના લક્ષણ! અફસોસ! વળી તે સરદારને ચહાય છે. શું તેણે મને પગથી તે શીર સુધી જવાળા પ્રકટાવવામાં બાકી રાખી છે? નહી! નહી!! 'ઓ દીકરી! તું સાપણી છે. તેં મને ડંસ કરવામાં પાછી પાની કરી નથી. ઓ કુળ નિકંદિની છોટરી! તારો વિચાર ફેરવવાને આ શેરસિંહ સમર્થ છે." એટલું બોલી તે અટક્યો, પાએક કલાક સુધી સ્વસ્થ રહ્યો. વળી પાછું કાંઇ યાદ આવ્યું અને તે બોલ્યો.

" વ્હાલી ! સર્વ ગુન્હાની માફી આપવા તારા કહેવાને માન આપું છું, પણ તે મારા શત્રુ સરદાર જગમલને ચ્હાય છે. તેજ મારા અંગમાંની રગેરગમાં ફરતા લોહીમાં જવાળા પ્રગટાવે છે માટે વિલાસિનીને સમજાવ, નહી તો તે હઠીલીની હઠ આ શેરસિંહ છોડાવશે."

" પ્રાણનાથ, હું તેને સમજાવીશ, તેમ કરતાં અટકાવીશ." કરગરતી રાણીએ કહ્યું.

એટલામાં વિલાસિની ફરીથી આવી, તેજ પળે રાણી ધીરજકુંવર બોલી, " બેટા વિલાસિની, તું તારા પિતાને માનની દ્રષ્ટિએ જો."

" વ્હાલા માતુશ્રી આપનું કહેવું સત્ય છે, છતાં એક તે શુદ્ધ ક્ષત્રાણી વીર માતાના મુખમાંથી આવા અનીતિમાન શબ્દો કેમ નીકળે છે ? શું ક્ષત્રિય તનયાએ એકજ વખત મનથી માની લીધેલા પતિના સિવાય અન્યથી ગમે તેટલો વૈભવ યા લાભ પ્રાપ્ત થતો હોય તોપણ શું તેનું પાણી ગ્રહણ કર્યું એવું આપે કોઇ દિવસ સાંભળ્યુંછે? આ દેહના હજારો કટકા થાય, લાખો કરતાં વધુ વિઘ્નો આવે, સ્થળ ત્યાં જળ થાય અને જળનું સ્થળ બને તો પણ વિલાસિની બીજાનું પાણી ગ્રહણ મરણાન્તે પણ કરશે નહી તે નહી. પ્રાચીન વીર કન્યાઓના અને આપણા વીર તરૂણોના ચરિત્રો આપના સ્વમુખે સેંકડો વખત સાંભળ્યા છે, તેજ રાજ્યકુળદિપક વીર ક્ષત્રાણી માતુશ્રીના ઓષ્ઠોમાંથી આવા સૃષ્ટિમાં લાંછન દેનારાં વચનો નિકળતાં સાંભળી મારૂં

હૃદય ચીરાઈ જાય છે! હાય! માતુશ્રી તેમાં તમારો કાંઈજ દોષ નથી. ખરે, કર્મ! કર્મનીજ કસોટી છે. આ બાબતમાં નસીબ ઉપર આધાર છે. હવે જે પ્રભુને ગમશે તે ખરૂં." વિલાસિની દીનમુખે બોલી.

"પ્યારી પુત્રી! તારી હઠથી તારા પિતા ક્રોધે ભરાયા છે. એ ક્રોધનું ભયંકર પરિણામ આવશે, માટે વ્હાલી બાળ, તું માન." એટલું બોલતાંમાં તો બિચારી રાણીની આંખમાં શોકનાં બિંદુઓનું ન્હાનું સરખું તલાવડું બંધાઇ ગયું અને છલોછલ ભરાઇ જવાથી તેનો રેલો સર્પાકારમાં વ્હેવા લાગ્યો.

આવી શોક રેલમાં પોતાની માને તણાતી ન જોઈ શકવાથી આપણી ભલી અને ભોળી બાળાને ઘણુંજ લાગી આવ્યું. તે **આસ્તેથી** બોલી.

"વ્હાલી માતા! ઓ મારી જનેતા! અરે ક્ષત્રિય વીરરાણી! તારી આજ્ઞાને માથે ચઢાવું છું અને કહું છું કે હું હવે કોઇની સાથે લગ્ન કરીશ નહીં!" એટલું બોલી વિલાસિની પોતાની માતાના ખોળામાં પડી, અને વ્હાલ ઉપર વ્હાલ કરતી માતાને રીઝવવા લાગી.

"બેટા, તું કુવારી રહેવાથી મારી કુખ લાજે માટે તે પણ એક પ્રકારનું કલંકજ ગણાય. તારા પિતાએ તારા માટે યોગ્ય વર શોધી આપવાનું ગુસ્સારહીતપણામાં વચન આપ્યું છે. માટે યોગ્યવર મળે તને પરણાવીશું." મીરજકુંવરે શીખામણ આપતાં વિલાસિ-સિનીને સમજાવી.

"પુજ્ય માતુશ્રી!" વિલાસિની કાંઈ કહેવા જતી હતી તેની વચ્ચમાં અત્યાર સુધી સુપ રહેલો શેરસિંહ ઉઠયો અને બોલ્યો.

"ત્યારે તું શું અમને કાળી ટીલી આપવાને આવી છે? હવે બસ કર, તારી નાદાની હદ ચાલનાર નથી. તને ગમે ત્યાં પરણાવવી એ મારી સત્તા છે. હું હજુ કાંઇ પણ કરૂં તે પહેલાં તારે આજથી અને આ પળથી ભુવનની બ્હાર જવું નહી." સઘળા નોકરોને પણ કૃતઘ્ની શેરસિંહે તુરત જણાવી દીધું કે "વિલાસીનીને બહાર જવા દેવી નહીં" મહારાજાનો હુકમ થતાં તે અમલમાં મુકાયો અને આપણી લાડીલી! સત્યશોધિકા નાયકણ વિલાસીની! તે પળે પોતે વિલાસભુવનમાં છે કે વિકાળ ભુવનમાં? તેનાજ વીચારમાં તે પવીત્ર હૃદયવાળી બાળા ત્યાં પડી.

વાંચક! ખ્યાલ કર કે અર્વાચીન કાળમાં "**ધર્મને ત્યાં ધાડ**" એજ ચાલે છે.

પ્રકરણ ૧૦ મું.

વિપત્તિ પર વિપત્તિ.

આજે રંભાને માવલા ચાંચીયાને ત્યાં આવે લગભગ એક માસ થઈ ગયો છે. રંભાનું શરીર દિનપ્રતિદિન કૃષ અને શુષ્ક થતું જાય છે. તેના મુખ ઉપરની રાજવંશી લાલી ઉડી ગઇ હતી અને ચીંતા-દેવીએ તેના સુકોમળ હ્રદયમાં હમેશને માટે ચીતા પ્રકટાવી દીધી હતી. અહોરાત્રી અનાથબાળા એકજ નામ જપતી અને એકનિષ્ઠ પત્ની તરીકેનું જીવનપ્રાણ હોવા છતાં નિર્જીવ જેવી થઈ ગાળતી હતી. આથી માવલાના ઘરનાં નાનાં મોટાં માણસો તે દુઃખી દેવી પ્રત્યે અત્યંત દયા લાવતાં અને તેને કંઇ પણ કહેતા નહિ તોપણ દેવી ઘરનું કામકાજ પોતાથી બનતું તેટલું કરતી ને ઉત્સાહથી દરેક કાર્યમાં ભાગ લેતી. માવલાની માનો સ્વપુત્રી પરના વાત્સલ્ય પ્રેમ કરતાં અધિક પ્યાર રંભા ઉપર હોવાથી તે વારંવાર કહેતી કે બેટા તારૂં શરીર દિવસે દિવસે ક્ષિણ થતું જોઇ અમારા સઘળાઓનું દીલ દુઃખાય છે. તારાથી જો કાંઈ કામ ન બનેતો તું લેશ પણ મુઝાઇશ નહી. અહીંયાં ખાઇ પીને બે ઘડી શ્રી પ્રભુના ગુણ ગાયા કર કે જેથી તે તારૂં દુઃખ દૂર કરે અને તેનાજ આધારે તું આનંદમાં રહે. આવી આવી ઘણી શીખામણો આપતી હતી. રંભા પણ તેને એક પૂજ્ય માતા તરીકે,

ચ્હાતી. માવલાનાં નાનાં નાનાં બે છોકરાં પણ રંભાદેવીથી હળીમળીને આનંદ કરતાં હતાં, તેને કોઇ વખત ન દેખતાં તો તેઓ બીચારાં ઘણું કલ્પાંત કરતાં હતાં જેથી રંભા તેમને પોતાની પાસેજ રાખતી હતી. રંભા જ્યારથી માવલાને ત્યાં આવી ત્યારથી તે એક વ્રત કરતી હતી. તે દરરોજ મધ્યાન્હકાળે માવલાના નાનાં બાળકોને સાથે લઈ સુભદ્રા કાંઠે જતી અને પોતાનાપર આવી પડેલા અસહ્ય દુઃખો પવિત્રપણે જળ દેવીને સુચવતી. આજે શ્રી સૂર્યનારાયણ ભગવાને બપોરના મધ્યાન્હ ઉષ્ણકાળ જે વખતે પૃથ્વિદેવી પણ પોતાનો મુળ–રંગ બદલી સૂર્યના તેજમાં લાલરંગે રંગાઇ ગયેલી છે. જંગલમાં ના વૃક્ષો દિનમણીથી અંજાઇ જઇ બ્હીતા હોય તેમ સ્થિરપણે હાલ્યા ચાલ્યા વગર જેમના તેમ ઉભાં રહ્યાં છે, એક પણ પશુ યા પક્ષિ સરખું લાલચોળ બનેલા અરણ્યમાં જણાતું બંધ થઇ ગયું છે. સુભદ્રાની ગંભીરતા પણ જળમાં ઝળકતાં સૂર્યના કિર્ણોમાં મળી ગયેલી છે, આથી સરિતાનું નિર્મળ જળ એક બીલોરી કાચની જમીન માફક દ્રષ્ટિગોચર થઈ રહ્યું છે. વળી નદીનો કાંઠો સૂર્યના ઉગ્રતાપથી તપી ગયેલો ભયંકરતા પ્રસરાવવામાં અગ્રપણે દેખાય છે. તેવા ધીકતા અને બળતા મધ્યાન્હ–કાળ વખતે આપણી વાર્તાના શોખીનોની સહચારિણી રંભા વીર સરદાર જગમલની આશ્રીતા દેવી, શ્વેત વસ્ત્રોથી પરિધાન થઈ એક હાથમાં લુગડાંની નાની પોટલી અને બીજા હાથમાં

ત્રાંબાનો કળશ લઇને વ્રત–ધારિણીના રૂપમાં સુભદ્રાના એક જીર્ણ અને પડી ભાગેલા ઓવારાપર આવી, પહેરેલાં વસ્ત્રો સહીત તેણે પાણીમાં પોતાના અર્ધ ઉપરાંત અંગને ડુબાડયું અને સ્નાન જપ જપતી હોય તેમ તે મનમાંજ કાંઇ બોલતી અને જળપાત્ર ભરી શ્રીસૂર્ય દેવતાને પૂજતી; આપણી વ્રત–ધારિણી રંભા જળમાં આજે પણ તેનું દુઃખ શાંત કરવા આવી છે. તે મનમાંજ કાંઇ બોલતી અને ક્ષણેક્ષણે જળપાત્ર ભરી શ્રીસૂર્ય દેવતાને આરાધતી એક કલાક પર્યંત પાણીમાંજ રહી. આખરે આપણી વ્રત–ધારિણી રંભા જળમાંથી સ્વચ્છ પારસની પ્રતિમા નીકળે તેમ બ્હાર આવી પોતાની દ્વિભુજાઓ એકત્ર કરી ગગનાધિપતિ શ્રી ભાનુ દેવની સમક્ષ અસંખ્ય હૃદયોદ્દ્ગાર કાઢવા લાગી. તે તારૂણ્ય લતાકુમારીના ભાલચંદ્રમાં કાંઇક ચીંતાની કૃષ્ણ રંગની રેખાઓ દોરાયલી હતી. ફરીથી તેનો પ્રતિલેખ કરવાની વાંચકો પ્રતિ જરૂર નથી કે તેની ભાગ્યદેવી કયા પ્રકારે તેનાપર પ્રસન્ન હતી ?

વાંચક. જરા બારીકીથી જો રંભાના ઓષ્ઠ એક એક બબ્બે પળે હાલતા હોય તેમ જણાય છે. તે ગાંડાની માફક કાંઇનું કાંઇ બબડે છે. ભાગ્યેજ તેના બોલવાનો ભાવાર્થ કહી શકાય; પણ તેની કૃતિ ઉપરથી તેના બોલવાનો કાંઇક ખ્યાલ કરવો જરૂરનો છે. હજુ જરા શાંન્ત થા. તેના રહસ્યનું ખરૂં સ્વરૂપ હમણાંજ જણાશે.

જો હવે તેની અનુકંપિત મુખ મુદ્રા હાલે છે તે સ્પષ્ટ બોલતી જણાય છે.

" અહાહા ! દૈવ ! તારી ગતિ પવનથી અધિક છે. પળેપળ અને સ્થળે સ્થળ તું રહેલો છે. તારો હરીફ આ પૃથ્વી ઉપર કોઇજ નથી, અગાધ બળવાળા પ્રભુ ! હું આપને દીનવદને નમું છું. કીંકરીને ઉગાર. વ્હાલા દીનદયાળ જગદીશ્વર ! હું દુઃખીની દાઝ દૂર કર. ઓ સુભદ્રદેવી ! તારી સોડમાં મને રાખ, આ માધુર્ય ભરી મોહજાળ, ભયાનક ભવસાગરથી મુક્તકર, પ્યારા પ્રભુ ! આ કીડી ઉપર કંટક ! તે કેમ સહે ! અરે ! કયાં આ દુઃખનું પરીબળ અને કયાં મારી દુખ સહન કરવાની શક્તિ ?

પ્રભુ ! પ્રભુ ! વ્હાલા વૈકુંઠનાથ ! અનાથના નાથ ! દયાસીંધુ ! દામોદર ! મને બચાવો હવે મારાથી એક પળ પણ આ દુઃખમય અસાર સંસારમાં જતી નથી. પ્રાણાધિક વિભુ ! મને ઉગારો આ દાસીની દયા લાવો. આખરે તે રડી પડી. અર્ધોક કલાકથી વધુ સમય સુધી તેને શાન્તિદેવી સહાય થઇજ નહી. તે પતિ પારાયણતા પુતળીની નાજુક કીકીમાંથી એક સરખો અશ્રુપ્રવાહ વહયાજ કર્યો. અંતે મનોહારિણી દેવી અકળાઇ. તે ઉન્માદિનીની હંસ સમાન કુમળી ગરદનને તેની કેશલતાએ પ્રથમથીજ પ્રેમપુર્વક બાથ બીડાવી દીધી હતી. આથી આપણી દુઃખી દેવીનું સૌંદર્ય ખરેખર સાક્ષાત શ્રી ભગવની દેવીના સ્વરૂપ તુલ્ય ઉચ્ચભાન કરાવતું હતું.

રંભા ફરીથી છેક સુભદ્રાના જળપ્રવાહની અડોઆડની પગથીપર આવીને કેટલીક પળો સુધી તે એકાગ્રચિત્તે લેશ પણ હાલ્યા ચાલ્યા

નગર ઉન્મુખે ઉભી રહી. છેવટે ઉદાસ્ય જીવન સમજતી દેવીએ નિશ્ચય કર્યો અને જળ દેવીના શરણમાં સદાને માટે જવાને તૈયાર બની. જતાં જતાં તે કોમળાંગી જળદેવીની સ્તુતિ કરવા લાગી.

હે ! જળ તું ખળખળ વહેતું, આનંદ કરતું માહાલતું;
નહી પાપ બુદ્ધિ તુંજ વિષે જરી, પવિત્રતાને પીછાણતું.
સ્હાય કર, તું સ્હાય કર, હે ! સુભદ્ર આ બાળને;
પતિવ્રતપણામાં સંકરો, ધિઃકાર કળીયુગ કાળને.
કીંમત શિયળની આંકવા હું, કષ્ટ ઉરે ન લાવતી;
તુજ સોડમાં લે કીકરીને, અતિ હર્ષમાં હું આવતી.
સુભદ્રે કર શાંન્ત મુજને, શા ગાઉં હું તુજ ગુણને;
તું કષ્ટહારી, સુખકારી, કાપ મુજ દુર્ગુણને.
યત્ને કરી હરનીશ તાહરા, ગુણ ગાઉં પ્રેમથી;
કર સફળ મુજ આ દેહને, રણુમલ રહું હું તેમથી.
કહું સુર્ય દેવની સાક્ષમાં હું, પતિવ્રત ધર્મ સાધવા;
હે માત ! આવું તુજ શરણમાં, હું પ્રેમથી સુખી થવા.

દેવીએ ગીત ગાયું. કેટલોક વખત મૌન રહી. પછી પોતાના વસ્ત્રો મજબુત કસીને જેવી ડુબકી મારવા જાય છે તેજ પળે એકાએક "સબુર ! સબુર ! !" નો અવાજ થયો. તેનો પ્રતિઘોષ જળવહનના વેગમાં સમાઈ ગયો. દેવી ગભરાઈ, તે એકલી બાળાએ ચોતરફ નજર ફેરવી પણ કંઇ ન જણાયાથી તેણે ફરીથી ડુબકી

મારવાનો નિશ્ચય કિર્યો. એટલામાં તો તેની સમીપ મુખપર બોકાની બાંધેલા બે ચાર માણસો ઉપસ્થિત થઇ ગયાં અને આપણી પતિ. પરાયણતામાં મસ્ત બનેલી મુગ્ધાને ઘેરી લીધા. બિચારી બાળા કંપિત સ્વરે બોલી.

" વીર! મારા કાર્યમાં આપ કોણ હરકત કર્ત્તા છો, તે જણાવશો !"

" એ જાણીને તું શું કરીશ ? " તેઓમાંથી એક કે જે લુંટારૂ રાજા દુષ્ટસિંહ હતો તે ધુરકતો બોલ્યો.

" આમ અબળાને ન સતાવો, દયા કરો અને જે રસ્તેથી આવ્યા તેજ રસ્તે પાછા ચાલ્યા જાઓ. મને દુઃખીને ન દમો." રંભા આજીજી કરવા લાગી.

" અરે સુંદરી ! હવે તમારે પ્રાણનું બળીદાન આપવું જોઇએ નહિ. હું તમારૂં રૂદન જાણીનેજ આવ્યો છું માટે શાન્તપણે તમે મારી સાથે ચાલો હું તમને સુખી કરીશ. મારે ત્યાં ઘણાં માણસો છે. તમે જરૂર સુખી થશોજ. શું તમે નથી જાણતાં કે આત્મહત્યા એ મહા પાપકર્મ છે ? માટે તેમ ન કરો. " દુષ્ટસિંહે પોતાના દુરાગ્રહનું પ્રથમ દર્શન કરાવતાં કહ્યું.

" મારે તમારે ત્યાં આવવું નથી. મને અહીંજ રહેવા દો. હું મારા મનની હાકેમ છું. મને જે યોગ્ય લાગશે તે કરીશ, તમારે ત્યાં રહી શિયળભંગના ભયંકર તોફાની અને કલંકિત પવનમાં તડફડવા

કરતાં આત્મહત્યા એ હજારો ઘણું પવિત્ર કર્મ સમજું છું અને હું ખાત્રીથી કહું છું કે મારા તે પવિત્રાચરણને આપ રોકી શકવાને અસમર્થ છો. તો જે રસ્તે આવ્યા તેજ રસ્તે પાછા ચાલ્યા જાવ. એટલે હું સુખી થઇશ અને તે સુખ આપથીજ પ્રાપ્ત થયું એમ માનીશ. માટે આપનો અત્યાગ્રહ વ્યર્થ છે." તે પાતિવ્રત ધારિણી દેવી કાંઇક તે દુષ્ટનો દુરાગ્રહ કળી શકી હોય તેમ બોલી.

"ત્યારે શું તમે સીધી રીતે નહિજ માનો ?"

"શું માનું ?"

"મારૂં કહેવું." દુષ્ટસિંહે પોતાની મૂર્ખતા જણાવી.

"તમારૂં કહેવું અયોગ્યાચરણવાળું દુષિત હોય તો !"

"ના, તેવું કશું નથી." તારી સાથે હું લગ્ન કરી હું તને સુખી કરીશ"

"હે વીર ! મારી ભાગ્યદેવી દુબળી છે. તે અત્યંત દુઃખમાં દટાયેલી છે તેને સુખ છેજ નહી: તો પછી તમે શી રીતે સુખી કરી શકશો ?" દેવીએ એક લાંબો નિશ્વાસ નાખી કપાળપર હાથ મુકતાં જણાવ્યું.

"હું પરણીને તને સુખી કરીશ અને હું પણ સુખી થઇશ."

"હું પરણી છું. ફરી પરણવું એ સતિ સ્ત્રીનો ધર્મ નથી સ્ત્રીઓનું જન્મવું, પરણવું અને મરવું એ ત્રણ કાર્ય જીંદગીમ

એકજ વખત થાય છે એવું શ્રી જગનિયંતાએ નિર્માણ કરેલું છે. એ ત્રણ કાર્યોથી ઉલટું વર્તવું એ દુષ્ટ અને શ્રી પ્રભુના મહાન ગુન્હેગાર થવા સમાન છે." રંભાએ દુષ્ટસિંહની નીચ લાલસાનો તીરસ્કાર કરતાં કહ્યું.

"તારો પતિ કયાં છે?"

"મને ખબર નથી. હું તમને પગે પડી કહું છું કે મને તમે છોડી દ્યો અને મારૂં ધારેલું કાર્ય કરવા દો."

તે પાપીઓ જરાક પણ ખસ્યા નહિ અને તે દુઃખી દેવીને સંતાપવા લાગ્યા. "હવે તારૂં ટાહ્યલું જવા દે, હમે કહીએ છીએ કે તું હમારી સાથે ચાલ, તને હમારો સરદાર ચ્હાય છે. તે તને સુખ આપશે. જો તું સીધી રીતે આવશે તો ઠીક છે, નહી તો તને ઉપાડીને લઇ જઇશું." એક લુંટારાએ કહ્યું.

"સરદાર! આ ચબરાક ચતુરી એમ માનશે નહી, માટે તેને ઉંચકીને લઇ જવાની આજ્ઞા આપો અને પછીથી દેવીના ભોગાર્થે પેલા છોકરા સાથે પરણાવી દઇશું." એટલું બોલતાં લાલસિંહ રંભાની છેક નજીક આવ્યો.

"લઇ ચાલો આ સુંદરીને." સરદારે કહ્યું.

હુકમની વાટ જોતાજ ઉભેલા ત્રણ ચાર જણાઓએ રંભાને ઉંચકી લીધી અને ત્યાંથી સઘળાઓ ભયંકર ભુતાવળી વાળા ભોંયરામાં

તેને લઇ ગયા.

વાંચકને યાદ હશેજ કે આ લુંટારૂઓ બીજા કોઇજ નહોતા પણ આપણા રણશુરા રણમલને પેલી કાળી ઝાડીમાંથી લઇ જનાર લુટારાઓજ હતા કે જેઓ દેવીના ભોગ માટે એક સ્ત્રીની શોધ કરતા હતા. આખરે લુટનદેવીએ તેમને સહાય કરી. રંભાને જ્યાં રણમલને પુરવામાં આવ્યો હતો તેની પાસેની અડોઅડની કોટડીમાં તેની આંખોપર પાટો બાંધી પુરી દીધી. ફક્ત દુષ્ટસિંહ સિવાય સર્વ ત્યાંથી ચાલ્યા ગયા; અંદરથી દુષ્ટસિંહે કોટડી બંધ કરી દેવીની પાસે આવી બોલ્યો.

" સુંદરી હું તારા રૂપ પ્રત્યે મોહિત થયો છું, માટે તું મ તારા પ્યારનું દાન આપ અને સંતુષ્ટ કર. "

" અરે દુષ્ટ બુદ્ધિના સરદાર ! તું ખાત્રીથી સમજજે કે લે પણ તારી આશામાં તું ફાવવાનો નથી; માટે મને અહીંથી છોડી દે રંભા ધૈર્યતાથી બોલી.

" વ્હાલી, હૃદયેશ્વરી ! મને આમ છેક ન તરછોડ. મારે સા રાણીઓ છે. મારી બધી રાણીઓમાં તને પટરાણી કરી રાખીશ અ તું આનંદમાં રહી તારી ખીલતી જુવાની ગુજારશે એમાંજ તારો લા છે. ઇન્કાર કરવાથી તારે કેટલોક વખત સુધી અહિંયાં રીબાવું પડ માટે તારા સુખની ખાતર મને પ્રેમથી ચાહ અને આજથી મને

શોજ માન, નહીં તો અંતે પસ્તાવું પડશે." દુષ્ટસિંહે ધમકી બતાવી.

"અરે નરાધમ! તું શું એમ સમજે છે કે તારી બ્હીકથી, તારી સમસેરથી, તારી કપટજાળથી અને લાલચથી હું મારૂં અમુલ્ય શિયળ ભંગ કરીશ? કદિ નહી. આ દેહના રાઇ રાઇ જેટલા તિક્ષ્ણ ટુકડા થાય, આકાશ પાતાળ એક થાય, મેરૂ પર્વત પોતાનું સ્થાન બદલે તો પણ મારૂં અમુલ્ય શિયળ કદિ નષ્ટ કરીશ નહી. વિચાર કર કે મહા સતિ સીતાજીને હરી જઈ લંકપતિ મહા ગર્વીષ્ટ રાવણ પણ રણમાંજ રોળાયો. દ્રૌપદિની લાજ લેવાને દુષ્ટ દુષાશન અને દુર્યોધને શું કરવામાં બાકી રાખી હતી? તેમની શું દશા થઈ? તેનો ખ્યાલ કર. સૈયંદ્રિરૂપે દ્રૌપદિ પ્રત્યે કાંમાન્ધ કીચકના તથા તેના કુટુંબના કેવા હાલ થયા? કે દુનિયાપર તેનું ચિન્હ સરખું પણ જડવું અશક્ય થઇ પડયું છે. માટે હે અજ્ઞાની! કાંમાન્ધ કીડા! તું જાણી જોઇને શા માટે મને સતાવે છે? મને મુક્ત કર અને તું પણ આ પાપકર્મથી વિમુક્ત થા. દેવીએ દયાદ્ર મુખે જણાવ્યું.

ઠીક, ઠીક, જોઉં છું કે તારૂં શૌર્ય કેટલું છે? તને હજુ આઠ દિવસની મુદત આપું છું. તે દરમિઆન માનીશ તો સુખમાં રહીશ." એટલું બોલી કોટડીને તાળું વાસી દુષ્ટસિંહ ચાલ્યો ગયો.

આપણી ભલી અને પવિત્ર બાળા કોટડીમાં બેઠી બેઠી બબડી:-

"પિતા, ભ્રાતા, ભગિની, માતા, પરિવાર વીગેરેની

ખરી કસોટી વિપત્તીમાંજ થાય છે, મારા ખરા પતિવ્રતની કસોટી પણ આજ વખતમાં થશે. સોનું તાવવાથીજ તેની ખરી ખબર પડે છે તેમ મારે ભલે આફતો પડે પણ તેવા અગણિત સંકટોથી ચળાયમાન થઇશ નહી. હે દીનદયાળ ! મારી તે અંતિમેચ્છા સફળ કરજે. આ અસાર સંસારમાં સાર માત્ર ધર્મ બજાવવામાંજ સમાયેલો છે. તો મારા અમુલ્ય શિયળ રૂપી મહાન ધર્મ બજાવવામાં કદિ પ્રાણ જાય તો પણ શું ! ઈશ્વરે આપેલો મનુષ્યાવતાર સત્કર્મ કરવાને માટેજ છે. પછી કરવાં એ મનુષ્યેચ્છા. મારે મારા પતિ પ્રત્યેની ફરજ બજાવવી એજ મારો શ્રેષ્ટ ધર્મ અને એજ મારૂં સત્કર્મ છે. જે સ્ત્રી પતિ, સ્વસુર, સસરા, કુટુંબ, જ્ઞાતિ તથા દેશ પ્રત્યેની ફરજ બજાવતી નથી તે રૌરૌ નર્કાધિકારી થાય છે. ઓ પ્રભુ! મારા દેશમાં મારા પતિના રાજ્યમાં (થાય ત્યારે) મારા કહેલા શબ્દો પ્રમાણે અને તેથી પણ વિશેષ ફરજ અદા કરનાર સ્ત્રીઓજ ઉત્પન્ન કરજે." એટલું બોલી એક દીર્ઘનિશ્વાસ નાખી તે પતિ વિયોગીની દેવી જમીન પર પડી ગઈ.

વાંચકવૃંદ! સ્ત્રીઓનો મુખ્ય ધર્મ (આધુનિક કાળના પ્રમાણે) નિજ સંતાનોમાં સુસંસ્કાર નાખવા તેજ છે જેથી હાલ જેવી ઘણે ભાગે નબળી અને વિર્યહીણ પ્રજા નીવડે

નહીં અને જ્ઞાતિભક્ત, રાજ્યભક્ત, તથા દેશભક્ત પ્રજાની ઉત્પત્તિ વધારે પ્રમાણમાં થાય અને ભવિષ્યમાં હીંદની સ્થિતિ હાલ કરતાં બહુધા ઉચ્ચ બને.

બીચારી રંભાની સ્થિતિ પણ બહુજ દયાજનક અને કફોડી થઇ ગઇ છે તે કહેવાની આવશકયતા નથી પણ હવે જોવાનું છે કે તે પોતાના આદરેલા વ્રતમાં અચળ રહે છે કે નહિઃ. ?

રહે અચળ નિજ ટેકમાં, શ્રી રામ તેને સ્હાય છેઃ
પાળે પતિવ્રત પ્રેમથી (તો) પ્રભૂ વ્હારે ધાય છે.
પડે વિપત્ત શીરપર બહુ (છતાં જો) અડગ મન રહી જાય છેઃ
(તો) નિજ નામની આ સૃષ્ટિમાં, કીર્તિ બધે ફેલાય છે.

પ્રકરણ ૧૧ મું.

યોગિની.

અંધારી રાત્રીએ શેરગઢનો વિલાસભુવન શાન્તપણે નિદ્રા લેતો અને ધાબાની માફક ભયાનક ભાસતો હતો, સર્વ મનુષ્યો ઘસઘસાટ ઉંઘતાં હતાં. ભુવનના દરેક બારી બારણાં બંધ હતાં તે વખતે એક મજબુત બાંધાનો યુવક ભુવનની પ્રદક્ષિણા કરતો હતો. તેણે શરિરે કૃષ્ણ પોષાક ધારણ કરેલો હતો અને મુખ ઉપર કોઇ પણ તેને ઓળખી ન શકે તેટલા માટે બોકાની બાંધેલી જણાતી હતી, એથી તે તરૂણ કોણ હતો તે જાણી શકાતું નહીં. આ યુવકની પાતળી કમ્મરે તલવાર લટકતી દષ્ટિપાત થતી હતી, તરૂણ શું જોતો હતો અને તે કેમ ફરતો હતો તે સમજી શકાતું નહોતું. યુવક ઘડીકમાં ઉંચુ અને ઘડીમાં નીચું જોતો હતો, કોઈ કોઈ વખતે તે ખુશી થતો અને જલદીથી આગળ પગલાં ભરતો હતો; વળી ધીમો પડતો, આ પ્રમાણે આપણા નવીન યુવકે કેટલાક સમય સુધી ભુવનની ચોમેર દૃષ્ટિ ફેરવ્યા કરી. જ્યારે તેની ખાત્રી થઇ કે ભુવનમાં સઘળા લોકો ભરનિદ્રામાં ઘેરાએલાં છે તેજ પળે આ કૃષ્ણરંગીના પોશાકીએ મ્યાનમાંથી તરવાર બ્હાર કાઢી અને મજબુત પકડી દરવાજાના બુરજ ઉપર ચઢયો અને અંદર કૂદી પડયો. તે પગો એવા તો ધીમે ઉપાડતો હતો કે જરા

પણ અવાજ થતો નહીં. તરૂણ ઝડપથી ચાલતો હતો, તેનાં ચળકતાં ચક્ષુઓ આસપાસ ફરતાં જણાતાં હતાં. તે બંગલામાં પેસવાની બારીકાઇથી યુક્તિ પ્રયુક્તિ શોધતો હતો. ભુવનની ચોમેર તે ફરી વળ્યો પણ તેને અંદર પેસવાનો કાંઇ પણ રસ્તો જડયો નહીં તેથી તુરત તે ગભરાઇ ગયો પણ શુદ્ધ ક્ષત્રિય બચ્ચો પાછો હઠયો નહીં. આ વખતે ભુવનમાં કાંઇક ગબડાટ થયો, આથી તે ચમક્યો, કેટલોક વખત સુધી સ્થિરપણે હાલ્યા ચાલ્યા શિવાય એક ખુણામાં છુપાઇ ગયો તથા કોણ આવે છે અને આ ખડભડ શી થઇ તેજ વિચાર કરવા લાગ્યો. અર્ધો કલાક સુધી તે થોભ્યો પણ કશું જાણવા પામ્યો નહી, આથી તે સ્થળ તેણે છોડી દીધું; એટલામાં બંગલાના ડાબા હાથ ઉપરની ત્રીજા માળની એક બારી ઉઘડી, તેમાં તેણે એક સ્ત્રીના જેવી નાજુક આકૃતિ જોઇ. તે જોતાંજ ઘણો ખુશી થયો કે જેની "શોધમાં તે અત્યારે આવ્યો છે તે તેજ હોવી જોઇએ" એમ સમજી તે યુવકની મુખમુદ્રા દીપવા લાગી. આથી તેણે નિશ્ચય કર્યો કે ગમે તે પ્રકારે બંગલામાં દાખલ થવું; વળી તે ત્યાંથી પાછો ફર્યો અને ભુવનની ચોગરદમ ફરીથી ફરી વળ્યો પણ તેમાં તે જરાપણ ફાવ્યો નહીં ત્યારે તે એક વકરાગેલા વાઘની માફક છલંગપર છલંગ મારતો તે છેક બંગલાના દ્વારે પાસે આવી પહોંચ્યો. આ વખતે દ્વારપાળ ઉંઘતો હતો એટલે આ બ્હાદુરને અંદર પેસવાને મુશ્કેલી નડે તેમ નહોતી પણ તે શુદ્ધ ક્ષત્રાણીજાયાને એ શરમીંદુ લાગ્યું કે ઉંઘી

ગયેલા દ્વારપાળની બેભાન અવસ્થાનો લાભ મેળવવો તેમાં બ્હાદુરી કરતાં નીર્માલ્યતા વધુ છે. એથી તેણે દ્વારપાળને જગાડયો અને પોતાની કારમી તરવારનો ચળકાટ બતાવતાં તે બોલ્યો:—

"જો એકપણ શબ્દ બોલ્યો તો આજ ક્ષણે તારા બે કટકા થઈ જશે" એટલું કહી આપણા તરૂણે દ્વારપાળને બારણા સાથે તેનીજ પાઘડીથી બાંધી દીધો, પછી તે લાંબી લાંબી છલંગો મારતો વિજળીની ઝડપે ઉપર આવ્યો. તેને કોઇએ અટકાવ્યો નહીં, બંગલામાં સર્વત્ર રાત્રિનું શાન્ત રાજ્ય પોતાનો અમલ બજાવતું હતું. આ યુવકે જે બારીમાંથી પેલી નાજુક આકૃતિ જોઇ હતી ત્યાંજ આવી પહોંચ્યો અને ધીમેથી દિવાનખાનામાં દાખલ થઇ દ્વારના ઓઠે ભરાઈ ગયો. હજુ સુધી પેલી તારૂણી તે બારી પાસેજ ઉભી હતી અને કોઈ સાથે વાત કરતી હોય તેમ એકલીજ બબડતી હતી. તેનો બબડાટ ખરેખર દયાજનક હતો.

બાળાના અંતઃકર્ણના દયાર્દ્ર ઉદ્‌ગારો જરા મોટેથી નીકળતા હતા. એ દૈવ ! તેં વિલાસપુર માટે શું ધાર્યું છે ? તે સમજાતું નથી. મહારાજાના દુરાચારી આચરણો કેવળ તેમને પોતાને અને રાજ કુટુંબને નહી પણ આખા વિલાસપુરના નાગરિકોને પણ હાનિકારક અને પાપ કર્ત્તા થઇ પડશે. ઓ દૈવ ! તેમને સદ્‌બુદ્ધિ આપી શાન્ત કર. અરે પ્રાણેશ !! સરદાર ! હું અને મારૂં હ્રદય આપના છે, હું આપ-

નીજ છું. અરે દુષ્ટ પિતા ! આપના પાપી વિચારોથી સર્વ કુટુંબ દુઃખમાં દબાયું, વ્હાલાનો વિયોગ થયો, સગા સૌ શત્રુ બન્યા. હરી ! હરી ! ! અરે વ્હાલી ભાભી ! તમે ક્યાં હશો ? ક્રુર પિતાના શીતમના ભોગ થઇ પડેલાં તમે ક્યાં રખડતાં હશો ? ઓ વ્હાલા સરદાર ! અરે પેલી આનંદની પ્રેમ પ્રતિજ્ઞાની પળો ક્યાં ઘસડાઇ ગઇ ? અરે વીર પુરૂષ ! તમારા વીરત્વપર મારી જીંદગીનો આધાર છે ! અહાહા ! મદનનો કેટલો પ્રભાવ ? કાંમાન્ધ મનુષ્યોને સવળું છતાં સઘળું ઉલટુંજ ભાસ કરાવે છે. વ્હાલા માતુશ્રી ! આપનો પ્યાર હમેશાં અચળ રાખવાને મારી સખ્ત પ્રતિજ્ઞા છે ! અરે ! પણ તે વ્હાલા સરદારથી શું વિમુખ બનવું ? હા ! હા ! આપેલું વચન આ અભાગિનીએ તોડ્યું. અરે શું ક્ષત્રાણિનું વચન નષ્ટ થશે ? શું પ્રતિજ્ઞાનો ભંગ થશે ? અરે ! કદી નહી ત્યારે હવે કયો રસ્તો લેવો ? ઓ જગદીશ્વર ! તારી પુત્રીને સન્માર્ગ બતાવ. આવા સેંકડો કરતાં વધારે વિચારો એ તારૂણિને ભમાવી બિચારી બાળાને જરાએ જંપવા દીધી નહી. જેમ જેમ તે વિચાર વમળમાં ઘસડાવા લાગી તેમ તેમ તેની નજર સમક્ષ સાક્ષાત બનાવો ખડા થતા દેખાવા લાગ્યા. તારૂણિના તરંગનો છેડો આવ્યો નહિ તે જે સ્થળે ઉભી હતી ત્યાંથી ફરી અને પલંગ ઉપર જઇ સુતી ઘણું વખત આળોટયા કર્યું પણ તે બીચારી તંરિગીણીને ઉંઘ આવી નહી. વળી પાછી તે ઉઠી, અને ફરીથી બારી પાસે જઇ ઉભી આ વખતે તેની દિવ્ય મૂર્તિ સાક્ષાત શ્રી સરસ્વતિ

દેવી સમાન દેખાતી હતી. તેણે પહેરેલો રાત્રીનો શ્વેત પોષાક ખરેખર સફેદ બંગલાના રંગને ટક્કર મારે તેવો સ્વચ્છ અને ઉજ્જવલ હતો જે તેની મનોહર કાન્તિમાં પ્રથમ સ્થાન ભોગવતો હતો. તેનાં નાજુક ચક્ષુઓ રજનિ સ્વામિને લજ્જીત કરી મૂકે તેવાં ચમકારા મારતાં ઝગમગતા હતા. શશિ દેવ તેના સૌંદર્યપર લુબ્ધ થયો હોય તેમ તે પવિત્ર બાળાને નિહાળવાને આલ્હાદાનંદે વારંવાર નભ સ્થળમાંથી ડોકીયાં કરતો હોય તેમ ક્ષણે ક્ષણે છુપાતો અને બહાર નીકળતો જણાતો હતો શ્રી બ્રહ્માજીએ આ બાળાને એક ચીત્તે ગાઢ વ્યસનાધિનપણે ચીતરી હોય તેવી સૌંદર્ય કળાની પુરેપુરી ખાત્રી આપવાને બનાવી હોય તેવો ભાસ થતો હતો.

વાંચકને આ બાળાની ઓળખાણ આપવાનું કાંઇ ખાસ પ્રયોજન નથી કે તે લલિતલલના બીજી કોઇજ નહોતી પણ આપણી પેલી પ્રણય પ્રતિજ્ઞા કરનાર પ્રેમપ્રતિમા દેવી વિલાસિની હતી.

વિલાસિનીના વસ્ત્રો જ્યારે બારીમાંથી રાત્રિના પવનની જબરી સુસવાટ મારતી પણ ઠંડી લ્હેરો ફુંકાતી હતી ત્યારે તે ઉડતાં અને એવા તો આકારમાં ગોઠવાતાં જણાતાં હતાં કે જાણે હમણાંજ આ મધુરી મહિલા ઇંદ્ર દેવની અપ્સરા આકાશ માર્ગે જતી હોયની! આ રમણીના કપાળે ચીંતાની રેશાઓ દોરાયેલી જણાતી હતી. બાળાને કાંઇ સાંભરી આવ્યું અને એકાએક રડવા લાગી. બિચારી નિર્બળ હૃદયની વિલાસિનીનો અવાજ દયામણો હતો, તે રડતી હતી તે વખતે

તેના અશ્રુ પ્રવાહનો રેલો જાણે સાતપુડાના પહાડમાંથી શ્રી નર્મદા નદિનો પ્રવાહ હોયની! જ્યારે તે મનોહારિણી બાળા ડુસકાં લેતી રડતી હતી તે વખતે તેની કુમળી ગરદન એવી તો સરસ રીતે નકલ કરતી જણાતી હતી કે જાણે હંસીણીની નાજુક પાતળી ડોક સાચા મોતીનો ચારો ચરવાને લચકાતી હોયની! વિલાસિનીએ રડવું બંધ કર્યું અને દૃઢ નિશ્ચય કર્યો હોય તેમ એક લાંબો શ્વાસ લેતી તે બોલી, "ગમે તે થાય પણ હવે મારે અહિંથી ચાલ્યા જવું અને જંગલો જંગલ ભટકી બાકીનું જીવન ગાળવું.

"**સદા ફકીરી કયા દીલગીરી**" એજ પ્રમાણે કરવું. આ વિચારમાં આપણી બાળા બારીએથી પાછી ફરી અને પહેરેલાં વસ્ત્રો શિવાય સર્વ અલંકાર તેણે કાઢીને પલંગપર મુક્યાં પછી એક કાગળ લઇને તે કાંઇ લખવાને બેઠી. શું લખ્યું તે હમણા જણાયું નહી. પત્ર લખી રહી પલંગપરથી નીચે ઉતરી વીરબાળાએ પોતાના કેશ છુટા કર્યા ને હાથમાં એક નાની પણ તિક્ષ્ણ કટાર લીધી, પછી તે જાણે વિલાસ ભુવનને પગે પડતી હોય તેમ ત્રણ વખત વાંકી વળી વળીને પ્રણામ કર્યા.

વિલાસિની ખરેખર યોગિનીજ બની.

એજપળે ત્યાં કાંઇક અવાજ તેના કાને સંભળાયો તેવીજ તે બાવરી બાળા જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ગઇ પણ ત્યાં તો અવાજ પાછો બંધ થઇ ગયો. તે કેટલીક પળો સુધી સ્થિર-

પણે ઉભી રહી. વળી બે ત્રણ મીનીટે તિક્ષણ અવાજ તેણે સાંભળ્યો.

"અહો! પ્રેમજ્યોતિર્મય દિવ્યપ્રકાશ! તારી અસર અજબજ છે. અહાહા! પ્રેમ વિનાનું જીવતર નકામું છે. અરે વિલાસિની! તારો પ્યાર અનહદ છે. તું પ્રેમની પુતળી છે. તારા પ્રેમપાસમાં હું સપડાયો છું. તારાથી લેશ પણ અળગો કદિ પણ થઇશ નહી. તું જોગણ બની તો હું પણ તેજ દશાને માન આપીશ અને તારી સાથે જોગી થઇને રહી, તારી મધુરી વાણીનું સુખ અનુભવીશ. વાહ! વાહ!! ઓ પ્રેમ! પ્રેમ!! તું દીવાનોજ છે. તું ચોર છે અને શાહુકાર પણ તુંજ અરે! પ્રેમ પ્રભુ પણ તુંજ છે! આ દુનિયામાં, સ્થળમાં, જળમાં અને દરેક વસ્તુમાં તારૂં સ્વરૂપ સમાયેલું છે. જેવો વસ્તુનો આકાર તેવોજ તારો પ્રકાર. તારા વગર એક પણ સ્થાન નથી. જે તારા વગર ખાલી છે તે દુનિયારહીતજ સમજવું. અરે ઓ પ્યાર! તને પણ એક ઇશ્વર તરીકે માનવો તે અતિશયોક્ત નથી, કારણ કે જેમ ઇશ્વર સર્વ સ્થળે વ્યાપક છે તેમ ઇશ્વરનું બીજુ રૂપ તુંજ છે. અરે પ્રેમ! તું સર્વત્ર પથરાયેલો છે તેં એક પણ સ્થાન મુક્યું નથી અરે! એક શુદ્ધ પ્રેમને માટે, એક સાચા દિલને માટે, આખી જીંદગીના આધારને માટે પ્રેમીઓ સર્વસ્વ ખુવે છે. અહા! એ શું પ્રેમનું પ્રબળ અગાધ નથી? તેને જીતનાર કોઇ સમર્થ નથી. ગમે તેટલી દોલત, ગમે તેટલો રાજા મહારાજાઓનો વૈભવ એ સઘળા કરતાં પ્રથમ અને અવર્ણીય કીંમત પ્રેમની છે. દરેક વસ્તુમાં પ્રેમ પરોક્ષ અને

અપરોક્ષ છે. ઓ પ્રભુ ! તે નિર્મળ પ્રેમની પ્રતિમા ઉપર આટલો બધો જુલમ !" આવી રીતે નીકળતા પ્રેમમય ઉભરાના સંખ્યાબંધ ધ્વનિ આપણી ભલી વિલાસિનીની કર્ણેંદ્રિયમાં ભરાયા, તેથી બાળા અતિ પ્રેમવિવ્હળ બની, ને જે તરફથી અવાજ સંભળાતો હતો તે તરફ છેક નજીક ગઇ. એકાએક તે ગાભરી બની ગઇ તેવામાં આપણો નવીન તરૂણ જે આટલીવાર છુપાઇ રહ્યો હતો તે બહાર આવ્યો અને તે મનમોહિની નવયોવનાની સમીપ જઈ બોલ્યો.

"શું સંસારની મોહમાયાનું સ્વરૂપ આપજ છો ?" યુવક સ્મિતહાસ્ય કરતાં ઉભો.

"તમે કોણ છો ? તે જાણવા મન આકળવિકળ બન્યું છે. તો સત્વર જણાવો." બાળા પ્રેમાવેશમાં લુબ્ધ બની.

"ગભરાવાનું કારણ નથી. હું છું, તેજ છું, મને પ્રેમની પીછાણ આપશો ?" તરૂણે પ્રેમભીક્ષાની અપેક્ષા બતાવતાં જણાવ્યું.

"પ્રેમની પીછાણની નિશાની શું ? તેનો અધિકાર તમે મેળવ્યો છે ?" બાળાએ પ્રશ્ન કર્યો.

"મેળવેલો છતાં સમય પરિવર્તનથી નહી જેવો." તરૂણ વધુ કાંઇજ બોલ્યો નહીં.

"તે હક્ક કોણે આપ્યો ?"

"તમેજ."

"શું મે ?" બાળાનું પ્રેમી હૃદય ધડકવા લાગ્યું.

"હા."

"કઇ રીતે ?" વિલાસીની ગભરાઈ ગઇ પણ ધૈર્ય રાખીને તે એકીટશે આ નવીન યુવકને નિહાળતીજ ઉભી.

"તે જાણવા માગો છો કે પ્રત્યક્ષ જોવા ?" તરૂણે પ્રેમપટ ખોલવાની ખુબી રચી.

"પ્રત્યક્ષ"

એટલું બોલતાંમાં તો બાળા શરમાઇ ગઇ. ભાલપરની ચિંતાની રેખાઓ પથરાયેલી હતી તે સ્હેજ ભુસાઇ ગઇ અને કાંઇ શરમાતી હોય તેમ આનંદી રંગે રંગાઇ ગયેલી જણાઇ.

તુરતજ પેલા યુવકે કાળો પોશાક કાઢી નાંખ્યો એજપળે યુવકને ઓળખતાંજ વિલાસિની બોલી ઉઠી.

"અરે ! આતો વ્હાલા !"

"ગભરાઓ ના મધુરીબાળા."

વિલાસિનીની અજાયબીનો પાર રહ્યો નહી તે કેટલોક વખત સુધી આંખો ચોળવા લાગી. તેની ખાત્રી થઇ ચુકી હતી કે તે સરદાર **જગમલ** છે. એજ ક્ષણે આપણી પ્રીયબાળા વિલાસિની તેને ભેટી પડી, અને કેટલાકે સમય પછી તે બોલી.

"વ્હાલા સરદાર ! હવે મને બચાવો. મારા વચનનો તેમજ પ્રતિજ્ઞાનો ભંગ થતો અટકાવો." આટલું બોલી પવિત્ર હૃદયની પુતળી સ્તબ્ધપણે જવાબની રાહ જોતી ઉભી.

" પ્રિયે ! જ્યાં પ્રેમ છે ત્યાંજ વચન અને પ્રતિજ્ઞા બન્ને સચવાય છે ? આપની પ્રતિજ્ઞાને અચળ રાખો, પ્રભુ તેમાંજ યશ આપશે અને મારી પણ આજપણે પ્રતિજ્ઞા છે કે હું કદિપણ અન્યને પરણીશ નહી." એટલું બોલતાં સરદાર જગમલ અટકી પડયો અને તે બહાદુરની મુખમુદ્રા ઉપર નુતન વૈરાગ્ય ચાન્હોનો પ્રકાશ ઝગઝગવા લાગ્યો.

" પ્રિયતમ, આપને શીરીતે ખબર પડી કે હું અહીંજ છું ? વળી રાત્રિના વખતે આપ કઈ રીતે બંગલામાં આવી શકયા ? "

" સુંદરી ! હું જ્યારે આપે લખેલો પત્ર વાંચી પસાર થવાની તૈયારીમાં હતો, તે વખતે મારા પગે એક જબરી ઠેસ વાગી; આથી મને લાગ્યું કે કાંઇ નવા જુની થવી જોઇએ તેજ આધારે હું પાછો ફર્યો અને સ્ત્રી વેષમાં દિવસે વિલાસપુરમાં ભટકયો પછી મને કેટલીક બાબતો જાણવાની હતી તેથી હું ફાંસીના લાકડા પાસે ગયો અને સર્વ બીનાથી વાકેફ થયો. બહાદુર તેજસિંહ સત્યના આધારે ફાંસીના લાકડેથી પાછો ઉતર્યો અને સાંભળ્યું કે મને નસાડી મૂકવામાં તમને ગુન્હેગાર ગણી અત્રે કેદ કર્યા છે, જેથી એક ખરા પ્રેમના પ્રત્યક્ષ દર્શન કરવાની જીજ્ઞાસા ને પ્રતિજ્ઞા પુર્ણ કરવા રાત્રીના વખતે આ વેષમાં આવ્યો છું, છેવટની પ્રેમ મૂર્તિના દર્શનની જીજ્ઞાસાની તૃપ્તી થઇ માટે હવે આપની પ્રતિજ્ઞા પાળો અને સર્વ વસ્તુત્વમાં પ્રેમ એ મુખ્ય અને ઉત્તમપદે સ્થપાયેલો છે તે સિદ્ધ કરી બતાવી સૃષ્ટિમાં પ્રેમની પ્રતિમારૂપે પુજાઓ, એજ શ્રેષ્ટ માર્ગ છે, એજ પ્રતિજ્ઞાનું ખરૂં

સ્વરૂપ છે; અંતર એક છે તો માયા શું વધારે છે? હવે હું જઇશ; ફરીથી મળવું શક્ય કે અશક્ય છે તે કહેવાને લાચાર છું. ઓ હૃદય પવિત્ર દેવી! તને ધન્ય ગણું છું, તને આદર્શ માનું છું, તું શ્રેષ્ટ અને નિર્મળ પવિત્રમન વચન અને કર્મથી પ્રતિજ્ઞા પાળજે. તારો સૃષ્ટિમાં જય થશે" મારાથી બનતું તારા વાસ્તે કરી જીવનનો અંત લાવીશ" એટલું બોલી જગમલ એકજ વિજળીના ચમકારા માફક ક્યાંનો ક્યાં જતો રહ્યો તે ફરીથી જણાયો નહી.

વિલાસિનીએ આતરૂણને જોવાને ઘણાં ફાંફા માર્યા પણ તેમાં તે ફતેહમંદ થઈ શકી નહી. "હાય વ્હાલાનો વિયોગ" એટલું બબડી એક દીર્ઘ નિઃશ્વાસ નાખી બારીને અડકીને ઉભા રહી. લગભગ એક કલાક વ્યતીત થઇ ગયો પણ વિલાસિની જેમના તેમ ઉભીજ રહી હતી. તે હાથ હલાવવા લાગી અને દૃઢ નિશ્ચય કર્યો હોય તેમ તે મનોહર મુગ્ધા ઝડપથી પલંગ પાસે આવી અને પેલો લખેલો પત્ર ફરી વાંચી જોયો. તેમાં કાંઇ વધુ ઉમેર્યું પછી તે પાછો પલંગપર મુકી દીધો અને કટાર લઈ બારી વાટે નીચે ઉતરી, વિલાસભુવનને છોડી બ્હીતી બ્હીતી ચાલવા લાગી હાય! બિચારી વિલાસિની કર્મ વીર આર્ય બાળા ક્યાં જશે?

ઓ જગનિયંતા! બીચારી ગરીબડીને સ્હાય કરી સુખી કરજો એવી મારી દીન પ્રાર્થના છે.

પ્રકરણ ૧૨ મું.

દેવીનો ભોગ કે પ્રેમીઓનો સંયોગ?

પ્રિય પાઠક વર્ગ! આપણે પેલા રણશુરા રણમલ કે જે લુંટારૂઓને ત્યાં કેદ પડયો છે તેની વ્હારે જવું જોઇએ. તે બિચારા લઘુ યુવકને દિલાસો આપવાને એકવાર ફરીથી તે ભયંકર ભોંયરામાં ઉતરવું પડશે. પરોપકારી થવું એજ આપણા પુજ્ય અને મહાન પુરૂષોનું કિંમતી કથન છે તેને માન આપવું એ સૃષ્ટિમાં સરજાએલી દરેક નાની મોટી, ગરિબ કે તવંગરાદિ વ્યકિતનું પ્રથમ કર્તવ્ય છે; તો મારી સાથે તું પણ આવ અને મારા કાર્યમાં મદદ કર. આ ભુતાવળીવાળા ભોંયરામાં જતાં ઘણુંજ કષ્ટ વેઠવું પડશે પ્રથમ અંધકારમાં આપણે એક બીજાને ઓળખી શકીશું નહી પણ પરોપકારાર્થે બ્હીવું ન જોઇએ માટે હીમત રાખ. આ દોજક જેવું ભયાનક ભોંયરૂં તદ્દન મનુષ્ય શુન્ય જણાય છે. જે ભોંયરામાં પ્રવેશ કરતાં ડાબા હાથ ઉપર કેટલાંક ખંડિયરો જેવાં ઉજ્જડ સ્થાન આવેલાં દૃષ્ટિગોચર થાય છે. આ સ્થાનમાં ઘણી લાંબી નજરે જોતાં એક પડી ભાગેલા દેવળના આકારનું સ્થાન જણાય છે. તેજ લુંટારાની સહાયક અને પાલક મનાતી દૈત્યણી શ્રી દોંજકદેવી! જેને મનુષ્ય જોડાં (દંપતીનો) ભોગ આપે છે. **હાય દેવી! ઓ જગત જનુની! તારી શી સ્થિતિ?**

ખરેખર હાલના જુલ્મી જમાનામાં દેવી પ્રબળ નષ્ટ જણા-વવાનું ખાસ કારણ તેના કેટલાક મુખ્ય ધર્મગુરૂઓ છે: કેટ-લીક વખતે તેઓની મુર્ખતાથી કે અજ્ઞાનતાથી ખોટા બણુગા ફુંકી તેઓ તેમના અનુયાયીઓને અવળે રસ્તે દોરે છે અને ધર્મનામે કર્મબંધન કરાવે છે. એકજ મુર્તિને અમુક વ્યકિત પવિત્રતાથી અને પુજ્ય ભાવે માનનીય દૃષ્ટિથી પુજે છે ત્યારે બીજી તરફ કેટલાક ચાંડાળો ! તેને મસ્તક નમાવવામાં એક પ્રકારની ધર્મચેષ્ટાજ સમજે છે તથા તેથી કંઇ થવાનું નથી એમ કહે છે તેમાંજ તે ધર્માન્ધો પોતાનું સત્કર્મ સમજે છે. ઓ મારા સ્વદેશ પ્રેમી બંધુઓ ! આ-પણી અવદશાનું અને ધર્માધોગતિનું એક મુખ્ય કારણ કહીએ તો આપણા કેટલાક દાંભિક અને ઉપલંભી ધર્મ-ગુરૂઓજ છે. તેમાં કેટલાક ધર્મ વેત્તાઓ તો પોતેજ ધર્મનું ખરૂં રહસ્ય જાણવાને અજ્ઞાત હોય છે તો તેઓ અન્ય પ્રતિ કેવું ધર્મ વર્તન સમજાવી શકતા હોવા જોઇએ ? તેનો ખ્યાલ પ્રિય વાંચક, તુંજ કર.

આપણા સનાતન ધર્મમાં કાંઇ ખોટું છે એમ માન-વાનું નથી પણ તે ધર્મનાં ખરાં તત્વો જાણવાની ખાસ આવશ્યકતા છે, જ્યારે આપણે તેનું ખરૂં રહસ્ય જાણી

શકીશું ત્યારેજ આપણને આપણા ધર્મના એકે એક શબ્દો સાચા છે એમ જણાશે. જ્યારે આર્ય પ્રજા ધર્મ-તત્વો જાણશે ત્યારબાદજ આપણા આર્યાવર્તની ઉન્નતી તુરત થાય એ નિઃશંક છે.

અરે દેવી ! શું મનુષ્ય ભાગ કરતાં તારા ભજનીકો પ્રત્યે વધારે પ્રસન્ન થવાને બીજી કોઇ વસ્તુ નથી ? પણ ખરે દેવી ! તારો દોષ નથી. એતો પાપીષ્ટ જનો પાપમાંજ પોતાના ધર્મ સમજે છે તેમાં કાંઇ નવાઈ નથી.

" અરે ! વળી આ દુઃખી સ્વર આ સ્થળે ક્યાંથી ? " એક કોટડીમાંથી એક તરૂણ આ પ્રમાણે બોલ્યો. તેણે કોટડીમાં નાનું સરખું ધીંગાણું મચાવ્યું હોય તેમ તે ખખડાટ ભભડાટ કરતો અંદર દોડાદોડ કરવા લાગ્યો પણ તેને તે દુઃખીની બ્હારે જવાનું કાંઇ સાધન મળ્યું નહી આથી તે એકાએક અકળાયો, આંખે પાટો બાંધ્યો હતો, હાથ પગમાં બેડીઓ હોવા છતાં તે ધામે ધામે પોતાની કોટડીની ભીંતે હાથ ફેરવતો ફેરવતો જે કોટડીમાંથી કરૂણાજનક અવાજ સંભળાયો હતો તે તરફની ભીંત પાસે પચો. તે કોટડી અને આ યુવકની કોટડીની આડમાં ફક્ત એકજ કામડીનો ખપરડો ભરી લેવામાં આવ્યો હતો, આ ખપરડાને ગાર માટીથી લીંપી લીધો હતો અને ઘણા વખતનો હોવાથી તેમાં તડો પડી ગઈ હતી એટલે આપણા તરૂણે તે

ખપરડાની તડ પાસે જઇને કાન ધર્યો અને હાલ્યા ચાલ્યા સિવાય શાંત રીતે ઉભો રહ્યો.

"બોલ સુંદરી ! જરા બોલ, તારા અધરસનું મધુરૂં પાન કરાવ હું તને સુખી કરીશ, માટે હે માનુની તું માન." દુષ્ટસિંહે બ્હાલથી કહ્યું.

"ઓ દુરાચારી ! તેં સતિ સન્નારીઓનાં જીવન ચારિત્રો વાંચ્યા નથી ? જે સ્ત્રીનો પતિ હોય કે ન હોય અગર મનથી વરી ચુકેલી વીરબાળાઓ પોતાના પતિની પાછળ પોતાના પ્રાણાન્તે પણ સંસારની પ્રપંચી માયામાં રમતી નથી તો મને હજુ મારા પ્રાણનાથના વિયોગથી ગમે તેટલું સહન કરવું પડે અગર કદિ પ્રાણ પણ જાય તો પણ મારા મનથી માનેલા શેરગઢના પાટવી કુંવર રણમલસિંહ સિવાય અન્ય કોઇના પણ અસંખ્ય સુખ વૈભવની ઇચ્છા કરીશ નહી, તે નહિજ. માટે હે ગમાર ! દુષ્ટસિંહ ! તારા પાપી વિચારમાં અંગાર મુકી તું પવિત્ર થા. કામાન્ધી કયા નરોએ બળાત્કારના બળતામાં લપટાઈ સુખ મેળવ્યું છે ? તેવા નરો નિર્વંશ થઇ નર્કમાં ગોથાં ખાયા કરે છે પણ તું મહા સતિઓના પુર પ્રભાવથી વિમુખ વાનર જેવો રહ્યો છે."

"અરે ! ઓ એ દરકારી સ્ત્રી ! તું શું મને વાનરની ઉપમા આપે છે ? હજુ કહુંછું કે તું સમજ નહી તો આજ દુષ્ટસિંહથી ઠાર

થઇશ. તારી દેવીને ભોગ આપી દેવીને ત્રપ્ત કરીશ ”

“ ભલે મારૂં ગમે તે કર હું તારા તાબે થવાની નથી. તારા જેવા વજ્ર છાતીવાળા કામાંન્ધ કુટીલો, એકજ પતિ પરાયણતામાં મસ્ત બનેલી પવિત્ર શીયળવતી નારીઓ પાસે હજારો ભાટકાં મારે તો પણ શું થાય ? માટે હું મરીશ, મરવાથી અત્યંત સુખ મેળવીશ. ફરી જન્મમાં મારા આજ ભવના પતિને પાછી મળીશ અને આનંદ કરીશ, માટે તારા હુકમનો જલદીથી અમલ કર. ” એ ધડક હૃદયે વીર બાળા રંભાએ જણાવ્યું.

“ ઠીક છે હમણાજ તને બતાવું છું. ” એમ કહી દુષ્ટ સિંહ ચાલ્યો ગયો.

“ શેરગઢનો પાટવી કુંવર રણમલ, ” આ શબ્દો બાજુની કોટડીમાં પુરાયેલા પેલા લઘુ યુવકે સાંભળ્યા, તેવોજ તે ચમક્યો. હથિઆર વગરનો હોવા છતાં તે હઠીલો યુવક કોટડીની ચોતરફ ફરી વળ્યો. આખરે પાછો તેજ જગાપર આવ્યો અને બીજાની સાથે કાંઇ વાત કરતો હોય તેમ તે એકલો બોલ્યો.

“ અહા ! આ શું સાંભળ્યું ! મારી રંભા અહીંયા કયાંથી ? અરે ! શેરગઢનો પાટવી કુંવર રણમલ તો હુંજ ! ત્યારે શું તેજ રંભા હશે ? વખતે હોય પણ ખરી, હવે મારે કરવું શું ? ” એ વિચારના વમળમાં તે ગુંથાયો પણ કાંઇ યાદ આવ્યું હોય તેમ તે જરા મોટે અવાજે બોલ્યો ?

સાખી.

મળ્યાં એકઠાં પ્રેમથી, કારાગૃહની મ્હાંય;
ધૈર્ય ધર દેવી દીલે, શ્રીહરી કરશે સ્હાય.

આ મદદનું સુવાક્ય આપણી રંભાએ સાંભળ્યું અને એકાએક ઉંઘમાંથી ઝબકી હોય તેમ તે કોટડીમાં તપાસવા લાગી પણ કાંઇ ન જણાયાથી તેને વધારે ખુલાસો કરવાની ફરજ પડી.

નાથ છતાં અનાથણી, ગણાઉં અબળા નાર,
રણમલ નામ જપું સદા (તો) કરજો આવી બ્હાર.

"વીર–રણમલ બોલ્યો.

સાખી.

નામ સત્યની શોધમાં, સાક્ષી દેવદયાળ;
રંભા દેવી નાર હો, (તો) થાવ પ્રકાશ તત્કાળ.

તેજ પળે આપણી રંભા દેવી જ્યાંથી સ્વર આવતો હતો તે તરફ ધસી, પોતાના વિયોગી પતિને કાંમડાની તડમાંથી બોલી.

"વ્હાલા આપ ક્યાંથી ?"

"તે બધું પછીથી, પણ હમણા આપણે આ કાળમુખી ભોંયરામાંથી છુટવું જોઇએ." રણમલે કહ્યું.

"નાથ, કાંઈ ઉપાય ?"

"ઉપાય એકજ છે, નહીતો પછીથી આપણે દેવીના ભોગાર્થે ખપી જઇશું."

"તે કયો ઉપાય ?" આતુરતાથી રંભા બોલી.

એજ કે હમણા દુષ્ટસિંહ આવશે, ફરીથી તમને પુછશે તો તેને તમારી છીક્કર વિશે જરાપણ ખાત્રી આપવી નહી અને તેના સવાલનો જવાબ મધુર વાણીમાં આપવો. તેને તાબે થવું," રણમલ આગળ બોલતો હતો તેમાં વચ્ચે એકદમ રંભા બોલી ઉઠી.

"શું પતિ હોવા છતાં મરણના ભયથી તેના પાપી વિચારોમાં સામેલ થવું ? કદિ નહી. મરવું અને જન્મવું એ સૃષ્ટિની ઘટમાળમાં કોઇથી મિથ્થા થયું નથી અને થવાનું પણ નથી, તો નાશવંત શરીર માટે મારૂં કીમતી સતિત્વ કદી નાશ કરીશ નહી. વ્હાલા ! આપ પણ છેક નિષ્ઠુર હ્રદયના લાગો છો ? આપ મને ન તરછોડો. પ્યારા ! કોઇ પણ નીતિમાન ઉપાયે છુટાય તો સારૂં" બિચારી દેવી અનુકંપિત મુખ મુદ્રા કરી ઉભી.

" વ્હાલી ! ધૈર્યધર, હું કહું છું તેમ કર, દુષ્ટસિંહના વિચારોને આધિન થવાનું નથી પણ તે પાપાત્માને એમ ઉપરથી બતાવવું કે તું તેના વિચારોને તાબે છે, જ્યારે દુષ્ટસિંહને એવી ખાત્રી થાય ત્યારે તારે તે દુષ્ટને કહેવું કે તમારાથી હું બ્હીઉ છું તમારો લુટારાનો વેષ આ સુંદરીને પરણવાને લાયક નથી, માટે તમે કોઇ રાજશાહી પોશાકમાં સજ્જ થઇ હાથમાં તરવાર, કમ્મરમાં કટાર, પીસ્તોલાદિ શુરવીરને શોભતાં હથિઆરો સહિત મારી પાસે આવો તો હું તમને ચાહું,

પછી તે કામાંધ તારો ગુલામ બની જશે અને અંતે તું તેમાં ફાવશે. પછી જો તેના શું હાલ થાય છે? લાચાર છું કે આંખોએ પાટા બાંધ્યા છે અને બીજું આપણી પાસેથી તે દુષ્ટે હથિયાર પણ છીનવી લીધાં છે" લાચારી વદને કુંવરે કહ્યું.

"પ્રાણેશ! હવે આ દુઃખનો અંત જલદીથી આવ્યો સમજવો મને જ્યારે તે પાપી આવે છે, ત્યારેજ મારો પાટો છોડે છે અને પાછી તે દશામાં મુકે છે." રંભા વધુ બોલવા જતી હતી ત્યાં તેની કોટડીનું દ્વાર ઉઘડયું, તેવોજ ક્રૂર લુટારાઓનો સરદાર દાખલ થઇ બોલ્યો.

"કેમ રંભા! હવે માનવું છે કે નહી? હવે તારી ખીલતી જુવાનીની છેલ્લી પળો સમજી લેજે. દરેક ગોઠવણ થઇ ગઇ છે."

"અરે લુંટારા રાજા! તમે ગુસ્સાથી બોલો છો તેથી મારાં તો ગાત્રજ ઠંડા થઈ જાય છે. હવે તમારા પાસેથી છુટવું એ તો કઠિન છે. માટે મને એક વચન આપો" રાજપૂત બાળાએ આ કામી પતંગીયાને આશામાં ઉડાવ્યો.

આવાં મધુરાં અને પ્રિય શબ્દો તે સુંદરીના મુખમાંથી નીકળતાંજ આપણો દુષ્ટસિંહ ખુશ ખુશ થઇ ગયો અને તે સુંદરીના શબ્દરૂપી પુષ્પો વીણતો હોય તેમ આનંદમાં આવી જઇ બોલ્યો.

"બોલ. વ્હાલી, તારૂં વચન શું છે?"

"તે પછીથી કહીશ. પણ પહેલાં વચન આપો." રંભાએ

દુરથીજ ગોળ દેખાડયો.

દુષ્ટસિંહે મનમાં વિચાર કર્યો કે વચનમાં શું હશે? ખેર ગમે તે હો. વચન આપવામાં હરકત શું છે? અહીંઆથી નાશી તો નહિજ જાય. સુંદરી સમજી હોય એમ જણાય છે. આથી તે મુછપર હાથ દેતો બોલ્યો.

"લે. આ વચન." હાથમાં તાળી આપવાને દુષ્ટસિંહ રંભાની છેક નજીક ગયો, તત્ક્ષણ રંભાએ એવી તો ચપળતા વાપરી કે ડાબો હાથ લાંબો કરતાંની સાથેજ તે બોલી.

"વચનમાં એજ માગું છું કે આ તમારૂં લુટારાનું રૂપ જોઇને મને ભય લાગે છે અને તમારા સાથીઓ પણ તેવાજ ઘાતકી લાગે છે, એથીજ મારૂં દીલ માનતું નથી. બીજું તો અહીં શું દુઃખ છે? હું રાજકુમારી છું. મને રાજાઓનો પહેરવેષ ઘણો સારો લાગે છે. માટે તમે જો તેવો પોષાક પહેરી મારી પાસે આવો તો મને ઘણુંજ સારૂં લાગે."

"અરે! વ્હાલી મનોહરરાણી, તારા માટે તું જે કહીશ તેમ કરીશ. હમણાંજ હું રાજશાહી પોષાક પહેરી આવું છું તે જો અને કાંઇ ખામી લાગે તો બતાવજે." એમ કહી આપણો દુરાચારી, અધમ, પાપી, પીશાચી દુષ્ટસિંહ ગયો અને પા કલાકમાં તો એક રાજાની માફક બની મુછમાં હસ્તો હસ્તો રંભાની પાસે આવી બોલ્યો.

"કેમ પ્રિયા, હવે હું કેવો શોભું છું?"

"વાહ! વાહ!! હવેતો જાણે શુદ્ધ ક્ષત્રિ, પણ તમને હજુ બરોબર પહેરતાં આવડયો નથી. લાવો, ઉતારો તમારો પોષાક, હું તમને પહેરાવું. શું તમે નથી જાણતા કે ક્ષત્રિ બાલીકાઓ પોતાના પ્રેમીને પોતેજ વસ્ત્રો પહેરાવે છે? રંભાદેવીએ કૃત્રિમ પ્રેમનો પ્રથમ પડદો ખોલ્યો.

"હા. મને પણ એમજ લાગે છે. આપણું જોડું હમેશાં સુખી રહેશે. માટે તારા પ્યારની પીછાણમાં લે તુંજ મને પહેરાવ." સાહ થતાં દુષ્ટસિંહે તરત વસ્ત્રો ઉતાર્યા અને રંભાની પાસે મૂકયાં. "પ્યારી. પછીથી ખરા પ્રેમનું સ્મિતપણે આલિંગન આપ કે જેથી તારા સ્નેહ-રસનો રસીયો, આનંદમાં માહાલે." દુષ્ટસિંહ વિષયના અંધકારમાં ગોથાં ખાવા લાગ્યો.

"લગ્ન કર્યા શિવાય તો હું તમને દુષ્ટતાથી સ્પર્શ કરીશ નહિ, કારણકે લગ્ન કર્યા વગર આપણે બન્ને શ્રી પ્રભુના ગુન્હેગાર ગણાઇશું અને સુખી પણ થઇશું નહી, માટે લગ્ન થવાંજ જોઇએ અને તે પણ આજેજ થાયતો ઘણું સારૂં. મને હવે તમારા સિવાય ચેન પડશે નહી, માટે જલદી કરો." રંભાએ સ્ત્રીચરિત્રનો પ્રબળ પ્રયોગ અજમાવ્યો.

"હા. લગ્ન તો થવુંજ જોઇએ.. મારો પણ વિચાર એજ છે પણ આજેજ થાય તેટલી ગોઠવણ કરતાં ઘણી મુશ્કેલી આવી પડશે." દુષ્ટસિંહે કહ્યું.

"એક સ્ત્રીની ખાતર મનુષ્યો શું નથી કરતા ? ખરા પ્યારની ખાતર ગમે તેટલું કષ્ટ સહન કરવું પડે અગર ગમે તેટલા સંકટોની વાદળીઓ ચઢી આવે તે દરેકને વિખેરી નાખવાને સાચો પ્રેમ એક તિક્ષ્ણ તરવારની ગરજ સારે છે." રંભા પોકળ પ્રેમની ભુંગળ વગાડતી હોય તેમ સ્ત્રી ચરિત્રની ખુબી ખીલવતી બોલી.

"અલબત, પ્રેમની રીતી તદ્દન જુદીજ છે. સ્ત્રીના માટે મનુષ્યો કેટલાકોના જીવ હરે છે અને કેટલાકો તેમાં ખુવે છે. તેમ એક મોહક તારૂણીની પાછળ પોતે જીંદગીથી ખ્વાર થાય છે. તો હું કેમ ન થાઉં ? મારા પર એક નવયોવના મદમાતેલી સુંદરી પ્રસન્ન થઇ છે, તો હું તેવા સમયને હજારો સંકટો આવી પડે તો શું તે વીખેરી નાખવાને સમર્થ નથી ? અરે ! ગમે તેમ થાય પણ આજેજ લગ્ન કરવું, માટે વ્હાલી, મને હવે વધારે ન રોક, હું જાઉંછું અને સઘળી તૈયારી કરી બે ત્રણ કલાકમાં તારી સુંદર છબી પાસે હાજર થાઉંછું. આ વસ્ત્રો તારી પાસેજ રહેવા દે." દુષ્ટસિંહે આનંદીત ચહેરે કહ્યું.

"નહી. પોષાક તો તમારી સાથે લેતા જાઓ કારણ કે મારી પાસે આ પોષાક છે એમ જો કોઇ જાણે તો વળી મને તે લોકો સતાવે અને ફરીથી મને તમારૂં મોંહ સરખું પણ જોવા દે નહી. માણસોનો કાંઈ વિશ્વાસ છે ?" રંભાએ પુરેપુરા કૃત્રિમ પ્રેમનું દીર્ઘ દર્શન કરાવ્યું.

" વ્હાલી સુંદરી ? આ ભયંકર ભૂતાવળી દેવી તારી રક્ષા કરશે. આ ભોંયરામાં કોઈ પણ તને ઉની આંચ પણ આવવા દેશે નહી. "

" વારૂં. એ તો ઠીક, પણ મારી આંખો કેમ ઉઘાડી મૂકી જાઓ છો ? તે કહો." બાળાએ પુરૂંજ વેતરવા માડયું.

" નહિ સુંદરી નહી. હવે તું મારી પટ્ટરાણી થઇશ અને તને હવે એવી સજા કરી રીબાવું તો મારી માની કુખ લજવાય માટે હવે તું મારી દરેક શિક્ષામાંથી મુક્ત થઇશું. તને આ ભોંયરામાં કોઇ અટકાવી શકશે નહી. કોટડીની બ્હાર જવું આવવું તે તારી મરજી ઉપર છે. તારી પાસે મારો એક માણુસ મુકી જાઉંછું તે તને સર્વ કાંઇ બતાવશે અને તારા હુકમને માન આપશે." એટલું બોલી તેણે એકજ મિનિટમાં બહારથી નોકરને બોલાવી રંભા સમક્ષ હાજર કરી બોલ્યો:—

" નિર્મળ ! આ મારી આજથી પટ્ટરાણી થઇ છે, તે જે કહે તે તારે કરવાનું છે તેનું જરાએ મન દુભવ્યું છે તો જાણજે કે તારૂં મોતજ આવી પહોંચ્યું." દુષ્ટસિંહે ભય બતાવતાં કહ્યું. પછી તે લગ્નની તૈયારી માટે રંભાની કોટડીમાંથી ચાલી ગયો.

" નિર્મળ, " કોટડીમાંથી રંભાએ બુમ મારી.

" જી બાઇ, " એટલું બોલી નિર્મળ અંદર આવ્યો.

" ચાલ, આ વસ્ત્રો ઉંચકી લે. બાજુની કોટડી ઉઘાડ. " રંભાએ

તરવાર અને કટાર પોતાની સાથે લેતાં કહ્યું.

" બાઇ, પાસેની કોટડીમાં કેદી છે. બીજી કોટડીમાં મૂકું ?"

" નહિ, નહિ, મારા હુકમ પ્રમાણે કર. તેજ કોટડીમાં લઇ ચાલ." હુકમ બજાવતી રંભા બોલી.

" બાઇ, લુંટારા રાજા ખીજવાશે. માટે—" એટલું બોલતાં નિર્મળ ગભરાઈ ગયો.

" તે બ્હીક તને કે મને ? વધારે વાત ન કર. ચાલ જલદી. " એમ કહી રંભા ઉઠી અને જ્યાં રણમલને પુરવામાં આવ્યો હતો તે કોટડી પાસે આવીને બોલી.

" નિર્મળ ! ઉઘાડ "

" બાઇ. ચાવી તો સરદાર પાસે રહી ગઇ માટે હમણાં બીજી કોટડીમાં મુકી આવુંછું. " નિર્મળ સમજ્યા વગરનું બોલવા લાગ્યો.

" ચાવીની જરૂર નથી. લે આ તમંચો અને તાળું તોડ. " તરતજ તાળું તોડી નાખ્યું. રંભાદેવી કોટડીમાં દાખલ થઇ. નિર્મળ પણ તેની પાછળ દાખલ થયો. રંભાએ રણમલની આંખેથી તુરત પાટો છોડી નાખ્યો અને તરવાર આપતાં બોલી.

"વ્હાલા, આપના દર્શનથી આ દાસીનો આજનો આનંદ સમાતો નથી. પણ આ નિર્મળને;"–એટલું બોલી તે અટકી પડી.

" નિર્મળ, આ ધંધામાં તમે કેટલા વખતથી છો ? " રણમલે પ્રશ્ન કર્યો.

"મારો આ ધંધો નથી." એટલું બોલી તે અટકયો. તેને કાંઇ સાંભળી આવ્યું હોય તેમ તે રડવા લાગ્યો.

"નિર્મળ! શું મેં તમને પુછ્યું તેથી ખોટું લાગ્યું ?"

"નહી, નહી, મને તમારી સાથે વાત કરતાં કાંઇ ઓરજ ભાસ થાય છે. મેં તમને કોઇ વખત જોયા છે. અને આ બાઇને પણ હું ઓળખું છું." એટલું કહી નિર્મળ બંધ પડયો.

"તમે મને કયાં જોયો છે?" રણમલે અધિરાઇથી પ્રશ્ન કર્યો.

"વિલાસપુરમાં"

"શું મને વિલાસપુરમાં જોયો હતો? ઠીક ત્યારે. તમારી ઓળખાણ મને આપશો?" રણમલની અધિરાઇ ખુટી ગઇ હોય તેમ તે લુંટારાના સાથી સામે ટગર ટગર જોતો ઉભો.

"મારૂં નામ ચંપકસિંહ છે. હું વિલાસપુરના ત્રીજા સરદાર માનસિંહ સોલંકીનો પુત્ર છું. મને અહિંયા બાર વરસ થઇ ગયાં છે. તેમાં દશ વર્ષ સુધી મને કેદમાંજ રાખ્યો હતો અને જ્યારે જ્યારે તે લોકોની ધાડમાં હું ભળતો ગયો ત્યારે ધીમે ધીમે તે દુષ્ટોએ મને છુટો કરવા માંડયો. આજ બે વરસ થયાં મારા ઉપર તે લોકોનો પુર્ણ વિશ્વાસ બેસી ગયો છે." એટલું બોલી નિર્મળ અટકી પડયો.

"આ માનસિંહ સોલંકીના પુત્ર ચંપકસિંહ!" એટલું બોલતાં આપણો કુંવર હર્ષ ઘેલછામાં નિર્મળને બાઝી પડયો.

આ ચમત્કાર જોઇ પાસે ઉભેલી બાળા ભ્રાતૃ સ્નેહ સમુદ્રના જોશ ભેર મોજાંથી ઉછળી અને બોલી ઉઠીઃ—

વ્હાલા વીર ચંપકસિંહ ! હું માનસિંહ સોલંકીની પુત્રીછું. મારૂં નામ રંભા–દેવી છે અને આ ઉભેલા વિલાસપુરના પાટવી કુંવર રણુ-મલસિંહ છે." આ સાંભળતાં ભાઇ બેન ઘણા હર્ષમાં આવી ગયાં. કેટલીક પળો આનંદમાં પસાર થઈ ગઇ છેવટે ચંપકસિંહ ઉર્ફે નામ ધારી નિર્મળ બોલ્યો.

"રંભા બેન ! ઓ મારી પ્રિય ભગિની દેવી ! તને અહીંયા લુંટારા લોકોએ ઘણુંજ દુઃખ દીધું હશે. એ અત્યાચારિઓએ કાંઇ બાકી રાખી નહિ હોય, આ વસ્ત્રો તથા હથીયાર તેં કયા પ્રકારે મેળવ્યાં ? નિર્મળની અજાયબીનો પાર રહ્યો નહી.

"ભાઇ એ બધું મેળવી આપવામાં પ્રથમ યશ આ શુરવીરને છે. હું તેમની **આજ્ઞાધારિકા** છું. તેમણેજ આ હથિઆરો મેળવ-વાની યુક્તિ બતાવી હતી, તેમાં અંતે હું ફાવી છું. પણ હવે આપણે અહીંયા વધુ વાર થોભવું એ જોખમ ભરેલું છે." રંભાએ જાહેર કર્યું.

"હવે આપણને લુંટારા સરદાર કે તેના સાગ્રીતો કાંઇજ કરી શકવાના નથી. મારી પાસે ને લોકોનાં હથીઆરોની કુંચી રહે છે. આપણે ત્યાં ચાલો અને જે પસંદ પડે તે લઇએ. પછી આ ભયકર ભોંયરાની ભુતાવળીમાં આગ લગાડી ચાલ્યા જઇએ, હમણાં ભોંયરામાં

પાંચ જણાઓ છે, બીજા સઘળાઓ લગ્નની સામગ્રી માટે ગયા છે. વખતે જલદી તેઓ આવી પહોંચશે તો મુશ્કેલીની મણા રહેશે નહિં; માટે જલદી ચાલો" ચંપકસિંહ બોલ્યો.

"ચાલ, ભાઇ આગળ થા," રંભાએ ભ્રાતૃપ્યાર પ્રદર્શિત કરતાં ચંપક-સિંહને કહ્યું. આ વખતે (દુષ્ટ સિંહનો) રાજાનો પોશાક કુંવર રણમલે પહેરી લીધો હતો અને કમ્મરમાં તરવાર લટકાવી દીધી હતી. આપણી રંભાએ કેડમાં કટાર નાખી દીધી અને ચંપકસિંહે હાથમાં તમંચો રાખી સર્વથી આગળ ચાલવા માંડયું. તેઓ પાંચેક કદમ આગળ વધ્યા નહિ હોય ત્યાં તો ત્રણ લુંટારા તેમની પાસે આવ્યા અને તેઓમાંથી એક કે જેનું નામ લાલસિંહ હતું તે બોલ્યો.

"નિર્બળ તું આ લોકોને કયાં લઇ જાય છે? દુષ્ટસિંહ જાણશે તો વિપરિત થશે. હથીઆરની કોટડીની તરફ જવાનું શું કારણ?"

"ચુપ રહે, લુચ્ચા એક શબ્દ પણ બોલ્યો તો, આ તરવાર થી તને ઠાર કરીશ." રણમલે ક્ષત્રિય જુસ્સાને વધાર્યો.

લાલસિંહ પણ રાજપૂત બચ્ચો હતો તેથી ત્યાં રણમલ અને લાલસિંહની જબરી ઝપા ઝપી થઇ લાગ જોઇ ચંપકે તમંચાનો બાહાર કરી લાલસિંહને યમસદનમાં મોકલી દીધો. તમંચાના અવાજથી ભોંયરૂં ખળભળી ઉઠયું અને બાકીના લુંટારા રહ્યા હતા તેઓ તુરતજ દારૂણ યુદ્ધમાં સામેલ થયા. રણશુરા રણમલ અને રંભા દેવીના ખીલતા

બળથી તેઓ સઘળાઓ આ ક્ષાની દુનિયા છોડી પોતાના સોબતી સાથે મળી ગયા અને આ ત્રીપુટી જય ઘોષ કરતી હથિઆરોવાળી કોટડી પાસે આવી; કોટડી ઉઘાડી તો ત્યાં ગણત્રી થાય નહી તેટલાં જાત જાતનાં કીંમતી હથીઆરો દીઠાં. જે રણમલને પસંદ પડતાં તે તુરત ઉંચકી લેતો અને તેમાં આપણી દેવી રણમલને મદદ કરતી હતી. અરધા કલાક પછી તેઓ હથીઆરોથી સજ્જ થઇ ત્યાંથી નીકળ્યા અને ભોંયરામાં આગ પ્રગટાવી નિર્ભયપણે બ્હાર નીકળી ગયાં. તેઓ ચાલતાં ચાલતાં, અરણ્યની શોભા જોતાં જોતાં આનંદમાં વાર્તાલાપ કરતા રસ્તો કાપવા લાગ્યા. રસ્તામાં રણમલ બોલ્યો,

" વ્હાલી, તું અહિં શી રીતે સપડાઇ ? તે કહી સંભળાવ. "

રંભા કાંઇજ બોલી નહી. મુંગે મોંહે તેણે ચાલવા માંડ્યું. ફરીથી રણમલે તેજ પ્રશ્ન કર્યો.

"વ્હાલી રંભા! ગુણીયલ દેવી ! તું કેમ બોલતી નથી! શું તે કહેવામાં કાંઇ ભેદ છે જે કાંઇ બન્યું હોય તે કહે. "

રંભાથી વધારે વખત મૌન. પકડી શકાયું નહી, અંતે તે બીચારીથી વિતેલ આપદાઓથી રડી દેવાયું પણ રડવાથી તે શાન્ત થઇ નહી. આખરે તે મનોહારિણી બાળા ચાલતી ચાલતી લથડીયું ખાઇ જમીન પર પડી ગઇ. આ બનાવ જોઇ રણમલની અજાયબીનો પાર રહ્યો નહી. તે કાંઇ પણ સમજી શકયો નહી. ચંપકસિંહને સંબોધી તે બોલ્યો.

" તમે અહીંયા થોભો, હું રંભાને માટે પાણી લેવા જઉંછું."

" કુંમારશ્રી ! આપજ અહીં રહો. હું આપનો નોકરછું. મને કંઈ આજ્ઞા કરો. હુંજ પાણી લેવા જઉંછું." ચંપકે નમ્ર ભાવ પ્રદર્શિત કર્યો.

" ભલે. આપ જાઓ, પણ જલદીથી પાછા ફરજો." રણમલે આજ્ઞા આપી.

ચંપકસિંહ પાણીની શોધમાં ચાલી ગયો. રણમલ–રંભા અઘોર ભયાનક અરણ્યમાં એકલાંજ રહ્યાં.

" દેવી ! જરા તો બોલો, મને શું કામ ગભરાવો છો ?" કુંવર ફીક્કો પડી ગયો હોય તેમ વીલે વદને બોલતો હતો.

રંભા તરફની જવાબની રાહ જોતો રણમલ નિરાશ થયો, દેવી તો મૃત્યવશ થયેલા શબ તુલ્ય ઉંઘી ગઇ. રણમલ પણ સ્હેજ આરામ વશ થયો અને શ્રમીતાવસ્થામાં ઝોકાં ખાવા લાગ્યો.

વ્હાલા સાહિત્ય શોખીન ! આતે " **દેવીનો ભોગ કે પ્રેમીઓનો સંયોગ ?** " આપણા અને સૃષ્ટિના શરજનહાર ! શ્રી જગતનિયંતા પ્રભુની લીલાનો પાર મહા સમર્થ જનો પણ પામ્યા નથી તો હું તું, અને આ વાર્તાના પાત્રો તો શું વિસાતમાં ?

પ્રકરણ ૧૩ મું.

પુનઃ પતિ વિયોગ.

"વ્હાલા, પાણી વગર જીવ મુઝાય છે. હજુ સુધી ચંપકસિંહ પણ આવ્યો નહિ."

"પ્યારી, જરા ધૈર્ય ધર, ચંપકને પાણી નહિ મળ્યું હશે, તે ઘણે દુર ગયો હશે તેથી આવતાં વખત લાગશે. તું જરા શાંત નિદ્રા લે, એટલીવારમાં ચંપક જરૂર આવી પહોંચશે." ધીરજનાં મધુરાં શબ્દોથી દીલાસો આપતાં તરૂણ બોલ્યો.

બિચારી સ્ત્રી જમીન ઉપર કેટલોક વખત આળોટી, આખરે નિદ્રાએ તેને પોતાની દયાગોદમાં સ્થાન આપ્યું. તેનો પતિ તેની પાસે બેઠો બેઠો હજારો તર્ક વિતર્ક કરતો તે પણ ઝોકાં ખાવા લાગ્યો. તે યુગ્લ જોડીને પાએક કલાક વિશ્રાન્તિ મળી નહિ. એટલામાં તો "અરે આ દુઃખીની વ્હારે ધાવ," એવો આર્ત સ્વર પાસેની ઝાડીમાંથી એકાએક આવતો ઝોકાં ખાનારના કાને પડયો, તેવોજ તે ચમકયો. તે સાવધ થઇ સ્થિરપણે ફરીથી સાંભળવા અત્યાતુર થયો. થોડીક વાર સુધી તેણે ખોંખારો પણ કર્યો નહિ. એક પુતળાની માફક તે કરૂણામય અવાજ કયાંથી આવે છે, તેનીજ રાહ જોતો હાલ્યા ચાલ્યા સિવાય ઉભો રહ્યો. કેટલીક પળો વિત્યાબાદ ફરીથી તેજ આર્તધ્વનિ

થયો તેજ પળે આ બહાદુર યુવકે પોતાના હથીયાર ઉપર હાથ ફેરવ્યો અને એક પળના વિલંબે જે તરફથી અવાજ આવતો હતો તે તરફ વિજળીની ઝડપે પલાયન કરી ગયો.

વાંચકવૃંદ, આપણે પાછલા પ્રકરણમાં વાંચી ગયા છીએ કે કુંવર રણમલ અને રંભાદેવી, એ બન્નેને અરણ્યમાં મુકીને ચંપકસિંહ પાણી લેવા ગયેલો છે. તેજ યુવક આપણી ભલી પરિચારીકા રંભાદેવીને ફરીથી અઘોર અરણ્યમાં એકલી સુતી છોડીને શુદ્ધ ક્ષત્રીવટને દેદિપ્ય કરવાને સાહસિક શુરો દુઃખી અવાજની વ્હારે ચાલી ગયો.

વાહ! વાહ!! શાબાશ. રણમલ તારા ક્ષત્રીપણાને ધન્ય છે! ધન્ય છે તારી જનેતાને! કે તેં પોતાની પ્રીયાને એકલી અઘોર જંગલમાં મુકી જતાં લેશ પણ આંચકો ન ખાધો. પ્રભુ, તને સહાય થાવ, અને અત્યંત સુખ બક્ષો.

વાર્ત્તાવિનોદી, કુંવર રણમલને ગયે બે ત્રણ કલાક થઇ ગયા, પણ આપણી ભલી દેવી હજુ સુધી નિદ્રાથી મુકત થઇ નથી. અરે પ્રભુ! જે વખતે બીચારી ઉઠશે, તે વખતે પાણી, પાણી, કરશે. અરે! તેને જળ કોણ પાશે? હરી! હરી!! વળી આ શું? અનાથ બાળાપર નવીન આફત! અહો પ્રભુ! બિચારી રંભાને ભયાનક પ્રાણીઓ બ્હીવરાવશે. વિભુ! તું તેને હીમત આપજે. સમયાવરોધે તેને ઉત્તમ બનાવજે.

જુઓ, પાઠક, દેવી એકાએક ઉઠી. જરા આંખો ચોળી હાંફળી ફાંફળી ચોમેર જુવે છે. "હાય ! હાય !! અરે વ્હાલા ક્યાં ? ઓ ચંપક ! મને એકલી મુકી ક્યાં જતા રહ્યા ? અરે પ્યારા રણમલ ! આવો. આવો ! હું બ્હીવું છું. જલદી આવો. અરણ્યનો મધ્યાન્હકાળ ખરેખર ભયંકર ભાસે છે. ઓ પ્રાણેશ ! પ્રાણેશ !! બાળા એટલું બોલતાં બોલતાં ગભરાઇ ગઇ. વધુ બોલવા જતાં તે રડી પડી, પાણી વગર તે મનોહારિણી દેવી મુઝાઇને ટળવળવા લાગી. તેજ સ્થિતિમાં તે ઉભી થઇ દશવીશ પગલાં આમતેમ ફરી વળી, પણ ચંપક કે રણમલ ક્યાંઇ જણાયા નહિ. ફરી તે જગાપર આવી ધબ દઇને બેસી ગઇ. તેનું મુખ તૃષાથી શુષ્ક બની ચીમળાઇ ગયું. કપાળે પ્રસ્વેદ બિંદુઓ બાઝી ગયાં. એકાએક તે તરસી ચાતકને ચક્કર આવ્યાં, જમીન ઉપર આળોટવા લાગી, હાથ પગ લાંબા ટુંકા થવા લાગ્યા, હાડ હાલવા લાગ્યાં, મોંમાંથી ફીણના ગોટેગોટ નીકળવા લાગ્યા, ચક્ષુઓ ઉંડાં પેસી ગયાં, તે મૃત્યુવશ થઇ ગઇ, તેનો શ્વાસ એકદમ મંદ થઇ ગયો, આજ સ્થિતિમાં એક કલાક પર્યંત પડી રહી. થોડોક સમય તો તે જાણે મૃત્યુના મુખમાંજ પેસી ગઇ હોય તેમ બેશુદ્ધ બની ગયેલી જણાતી હતી. આખરે ઘણોક વખત થયા પછી સ્હેજ સ્હેજ તેની નેત્રમણી ફરકવા લાગી, તે જાગૃત થઇ પણ તેનાથી ઉઠાયું નહિ, આથી અનાથ રંભા સુતી સુતી ગગનમંડળ પ્રતિ જોતી નીચે પ્રમાણેના ભાગ્યાતુટ્યા દીનવચનો બોલવા લાગી—

"અરે ! ઓ નાથ વ્હાલારે, કરો શીદ પ્રેમ ચાળારે.
પડી હું એકલી અરણ્યે, પ્રભુ આવું હું તુજ શરણે.
મળ્યા'તા નાથ વિયોગે, થયા નમેરા તે સયોગે.
શિયળ ધારિણી પંથી હું, વિધાત્રા કેમ વંઠી તું !
હજી તો બાળકુંવારી, થશે શું એ દશા મારી ?
વિભુ ! ઉદાર વ્હાલારે, જણાવો મુજ સતારાને,
જાણું ન મર્મ ભેદાતો, થઈ નિરાશાની એ વાતો,
ગણી ન ગાઢ પ્રિતીને, છોડી ગયા પ્રિત રીતિને.
અહો રાજન પ્યારારે, બન્યા શું પ્રેમ ઠગારારે.
ધરી દીલે દયા લાવો, કહે દાસી જલદી આવો.
અનાથનો નાથ પ્રભુ બેલી, થઇ હું નાર અકેલી.
અરે ઓ ! કાળ મધ્યાન્હ તું, કર શાંન્તિ થા, સંધ્યા તું.
સંધ્યાનો ભાસ બ્હીવરાવે, હીંસક પ્રાણી ધુરકાવે,
અરે બ્હાદુર પ્યારારે ! થાવો નહિ મુજથી ન્યારારે.
અરે ! તમ પ્રેમ દાસીને, મુકી ગયા કયાં નાસી રે !
બળે છે કાય મારી રે, પડી વનમાં આજારી રે.
ઓ ઝાડી, ઘટા વૃક્ષ, કહો મુને ધરી પક્ષ.
ગયા કયાં મુજ પ્યારારે, જુવાને ઓ તરૂ ડાળારે;
ઓ ગીરી, શિખરજી, છુપાયા કયાં સુંદરવરજી.
ઉંગી તમ ટોંગથી ન્યાળી, કરો દુર બ્રાન્તિ એ મારી."

એકાએક તેનું હૃદય ભરાઈ ગયું. તે ડુસ્કાં પર ડુસ્કાં લેવા લાગી. આગળ બોલવાનો દેવીએ ઘણો પ્રયાસ કર્યો, પણ તેનાથી જરાએ બોલાયું નહિ. રંભાનો વિલાપ અરણ્યમાં ઘણે લાંબે સુધી સંભળાતો હતો. બાળાનો કરૂણાજનક અવાજ વનચર પશુઓનાં કાને પડતો તે વખતે તેઓ દેવીનું દુઃખ દુર કરી ન શકવાથી પોતાના સ્થાનકોમાં ભરાઈ બેઠા હતા. શ્રી શહસ્ત્ર રશ્મિ ભગવાન પણ પોતાના પ્રકાશમાં ઉષ્ણુ શીતળતા કરતા હોય તેમ આકાશમાં પળે પળે વાદળી હાલતા દેવીને આશ્વાશન આપતા જણાતા હતા. વૃક્ષો પણ દેવીનો આર્તસ્વર ન ખમી શકવાથી ક્ષણિક ક્ષણિક ધ્રુજતાં હોય તે પ્રમાણે હાલતાં હતાં અને તેમાંથી નીકળતી પવનની ઝીણી પણ ઠંડી લ્હેર દેવીને આરામવાને પ્રયત્ન કરતી, પરન્તુ રંભાને તેથી જરાએ કળ વળી નહિ. રંભા ફરીથી એકવાર ઉભા થઇ અને બેબ્હાકળી અવ્યવસ્થિત વસ્ત્રો-માં તે થોડુંક ચાલી. અહો ! આ વખતે તેની ચાલવાની છટા શુદ્ધ યોગમાયાને લજ્જયમાન કરે તેવી દીસતી હતી. રંભાના મુખે એકજ નામ હતું. તેજ પ્રેમ મુર્તિનું ચિંતવન કર્યા કરતી હતી. રસ્તામાં કંઇ પણ દેખતી, તેજ પળે તે અટકતી, તેને વિનવતી, અને તે પવિત્ર મુગ્ધા કરગરતી મુદ્રાએ પોતાનો પતિ ક્યાં છે તે પુછતી. પણ સ્થુળાકારથી જવાબ ન મળતો, ત્યારે તે વિકલિત લવારો લવતી. " ઓ તરૂ, ગીરી, ઝાડી, તમોએ મારા ભરથારને ક્યાં સંતાડયો છે ? તમે બોલો, જવાબ આપો, આ ગરિબડીનું દુઃખ કાપો, નહિ તો મારા

આપથી તમોને પ્રજવલિત કરી નાખોશ. ઓ વ્હાલા રણમલ ! રસી-લા રણમલ ! તમને આ શું ગમ્યું ? તમે ક્યાં ભરાઈ બેઠા છો ? આ કીંકરીની જરાતો દયા લાવો. ઓ ચંપક વીરા ! જળ લેવાને આટલી બધીવાર ! જળ ન મળે તો જલદીથી પાછા આવો અને તમારી ભગિનીને બચાવો. હાય હરી ! પ્રાણાધાર ક્યાં હશે ? અરે ! હું રખડતી રખડતી ક્યાં જઉં ? ” બિચારી અટુલી બાળા તેજ સ્થળે અટકી ગઇ. તે વિચાર તુરંગમાં કેદ પડી. થોડીકવાર મૌન પકડી રહી. વળી પાછી તેની પુર્વોક્ત કર્મકથા તેના સમીપ ખડી થઇ. તે બબડી “ અરે ! પાપી શેરસિંહના પંજામાંથી મુક્ત કરનાર સરદાર વીર, જગમલ ! ” એજ વાક્યે તે મનોહારિણી દેવીને ભમાવી દીધી, તે ધ્રુસ્કે ધ્રુસ્કે, રડવા અને બરાડા પાડવા લાગી. તે ચકરડી ફરતી હોય તેમ ફરવા મંડી, પાછી સ્થિરપણે ઉભી રહી, ફરી સરદાર જગ-મલવાળો વિચાર તેની સમક્ષ ખડો થયો.

“ ઓ બ્હાદુર સરદાર, ધન્ય છે તારી મિત્રતાને ! અરે ! લાખો ધન્ય છે તારા શુરત્વને ! મારે માટે જેલ યાત્રા કરનાર વીર જગમલ ! તારૂં શું થયું હશે ? ખરેજ તે પાપીએ પુરોજ કર્યો હશે હાય ! ઓ દુષ્ટ શેરસિંહ ! તારી શાતમતાનો ભોગ એક નિર્દોષ શુરો સર-દાર ? અરે ! હું જ હતભાગ્યણી કે સરદારને મારે માટે સપડાવવું પડયું. પ્રભુ ! ઓ જગતના પાલણહાર પ્રભુ ! તે બ્હાદુરનું સંકટ

સંહારજે, અને પાપીને તેનો પ્રત્યક્ષ પ્રભાવ બતાવજે." દેવી અટકી. શ્વાસ લેતી બંધ પડી. વળી ચક્કર આવવાથી ધબ દઇને જમીન ચુમ્બિત થઇ. આ વખતે તેના માથામાંથી લોહી નીકળ્યું તદ્દન અવ્યવસ્થિત પારસની પુતળી જાણે જમીન ઉપર પડેલી હોય તેમ જણાતી હતી. બન્ને હાથ છુટા મુકી દીધેલા હતા. રંભા પાણી વગર તરફડીયાં મારવા લાગી, ઉંચા નીચા હાથ થવા લાગ્યા, પગ પણ લાંબા ટુંકા થતા હતા, પા એક કલાક સુધી દેવીને આજ પ્રમાણે થયા કર્યું. પછી એકાએક બંધ થઇ ગયું, ધીમો શ્વાસ ચાલતો હતો, તે બેશુદ્ધિમાંજ પડી રહી. રક્તપાતથી જમીન પણ લાલ હીંગલોક જેવી બની ગઇ, રંભાનાં વસ્ત્રો લોહીથી ખરડાઇને તરબોળ બની ગયાં. તેનો ધીમો શ્વાસ કંઇક જોરથી ચાલવા લાગ્યો, તેના ચક્ષુઓ ફરકવા લાગ્યાં. વાગ્યાની વેદનામાં પળે પળે દેવી ઉં ઉં કરતી હતી. રંભાએ પોતાનાં વસ્ત્રો વ્યવસ્થિત કરવાને પાસુ ફેરવવાને ઘણુંએ કર્યું પણ તેમાં તે ફાવી નહિ. આથી તેજ સ્થિતિમાં જેમ તેમ વસ્ત્રો ઠીક કર્યાં અને પડી રહી. ત્યાંતો એકાએક રંભાદેવીએ પોતાની તરફ આવતી એક બે બળદની ગાડી થોડેક દુર જોઇ. તુરત તેણે ફરીથી ઉઠવાની કોશિષ કરી પણ તેમાં તદ્દન નિષ્ફળ નીવડી તેથી તે જેમની તેમ પડી રહી. ગાડીનો અવાજ જંગલમાંના સુકા પાંદડાં, પથ્થરો ઉપર કાંઇ ઓરજ સંભળાતો હતો, બળદની ડોકે બાંધેલા ઘુઘરાનો

ઘણુકારવ ઝીણી પવનની લ્હેરોમાં મળતો ઘણોજ મધુર આલ્હાદાનંદ આપતો સંભળાતો હતો, ગાડી જ્યાં દેવી સુતી હતી તેની લગભગ આવી પહોંચી, એટલે ગાડીવાને તુરત હોકાર કર્યો.

" અરે ઓ બાઇ! તું કોણ છે? અહીંયા ખરા બપોરે કેમ સુતી છે. ઉઠ, ગાડીને રસ્તો આપ. "

રંભા કાંઇજ બોલી નહિ. પણ સ્વસ્થપણે પડી રહી.

ગાડી અટકી, ગાડીવાન નીચે ઉતર્યો, રંભાની પાસે જતાં જતાં એકદમ તે ચોંકયો. " ઓ બાપરે! આશું? આટલું બધું લોહી! અહાહા! આ બિચારી બાઇને કોણે મારી હશે?" એ વિચારમાં તે ગરક થઇ ગયો, અને પાછા પગલે ગાડી પાસે આવી ને મુંઢની માફક ઉભો રહ્યો.

" કેમ રત્ના, ગાડી અટકાવી? ચલાવ જલદી." અંદરથી તીણો અવાજ થયો.

" બાઇ. જુઓ તો ખરા, આ ગરીબડીને મારમારી રસ્તા વચ્ચે કોઇ લુચ્ચાઓ નાંખી ગયા છે. " રત્ના ગાડીવાળે કહ્યું.

તુરત બે બાઇઓ ગાડીમાંથી નીચે ઉતરી અને જ્યાં દેવી પડેલી હતી ત્યાં આવી.

" અરે! આ શું? ગજબ!" પહેલી સ્ત્રી બીજીને સંબોધતી બોલી.

" જુઓ તો, બા, આતો જાણે છે પરી જેવી. કોઇ હરામ ખોરે બિચારીને આ દશાએ પહોંચાડી હશે. બાઇજી આપણે તેને લઇ જઇએ. તે ઘણા કામમાં આવશે." બીજી કે જે દાસી હતી તે બોલી.

હા, હા, એટલું બોલતાં પહેલી સ્ત્રી રંભાની છેક નજીક આવીને રંભા પ્રત્યે બોલી.

" અરે ! બાઇ ! તું કોણ છે ?' જવાબ કાંઇજ મળ્યો નહિ.

ફરીથી પહેલીએ પુછ્યું. " અરે ! ઓ દુઃખી બાળા ! તું ઉઠ અને ચાલ હમારી સાથે. ગાડી તૈયાર છે.

" ઓ બાઇ," રંભા એટલું બોલી અટકી પડી, તરસથી તેનું ગળું તદન શુકાઇ ગયું હતું. તેથી બિચારી દેવીથી વધુ કાંઇજ બોલાયું નહિ. દેવીએ પાણી આપો, એમ હાથની ઇશારતથી સુચવ્યું.

તુરતજ મેનકા દાસીએ ગાડીમાંથી પાણી લાવીને આપણી દુઃખી દેવીને પાયું. તેજ પળે રંભા જરાક સાવધ બની અંગ મરોડતી ઉઠી, પછી તે બોલી.

" બાઈ તમારો ઘણો ઉપકાર માનુંછું. " એમ કહેતાં કહેતાં તો પાછી તે જમીન પર પડી ગઇ.

" અરે ! બિચારીને ઘણી વેદના થતી હશે " દાસી દયાર્દ્ર મુખે બોલી.

ફરીથી જરા સતેજ નયને રંભા બોલી.

"તમે કોણ છો, અને આ દુઃખીની વ્હારે અત્યારે ક્યાંથી ? "

" આ માહારાણા કૌશલ્યસિંહજીની રાણીજી છે, તેમનું નામ ગુણવંતી છે. અમો શીકારે નીકળેલાં હતાં તે હવે પાછા નગર તરફ જઇએ છીયે. તમે અમારી સાથે ચાલો, તમને કંઇ પણ હરકત થશે નહિ. કૌશલ્યપુર નગર હવે બહુ દુર નથી. ત્રણેક ગાઉ છે. ચાલો બેસી જાવ આ ગાડીમાં. " એમ કહીને દાસી રંભાને ઉઠાડવા લાગી,

રંભાએ વિચાર્યું કે જવું કે નહિ. " અરે ! પણ જંગલમાં રહીને શું કરવું ? જે બને તે ખરૂં. પણ હાલ તો જઉં " એજ વિચારમાં ભોળી દેવી ગાડીમાં બેસી ગઇ.

ગાડીવાને બળદોને દબડાવી મુકયા, રંભા વિચારમાં ને વિચારમાં કોઇની સાથે બોલ્યા વગર જેમ તેમ પડી રહી. રસ્તામાં રાણીએ પૂછ્યું.

" બાઈ તમે બોલતાં કેમ નથી ? શું વિચાર કરો છો ?"

કાંઇ જ નહિં, એતો મનનું અવ્યવસ્થિતપણું. " રંભાએ ઠંડા અવાજે કહ્યું.

ગાડી જોત જોતામાં રંભા જ્યાં પડેલી હતી ત્યાંથી કેટલેક દુર નીકળી ગઇ. તે જગા અદ્રષ્ય થઇ ગઇ.

પ્રકરણ ૧૪ મું.

અખંડાનંદ મઠમાં રણમલ.

આપણી વાર્તાનો નાયક રણમલ પોતાની પ્રીયા રંભા દેવીને સુતી મુકી વિજળીની ઝડપે આગળ ને આગળ ચાલ્યો ગયો. તે લગભગ ચાર પાંચ માઇલ દુર નીકળી ગયો. પરન્તુ જેમ જેમ તે ઝડપથી આગળ ચાલતો હતો તેમ તેમ એ દુઃખી અવાજ આગળ ને આગળ થતો સંભળાતો હતો. કુંવર આશ્ચર્યમાં પડયો અને એક આમ્રવૃક્ષની છાયા તળે ઉભો, પછી મનમાંજ તે બોલ્યો. " અરે ! આશું ? હું જેમ જેમ આગળ ચાલું છું. તેમ તેમ તે અવાજ પણ આગળને આગળ જતો જાય છે. હવે શું કરવું ? આ તે અવાજ કે પ્રપંચ ? એનાજ વિચારમાં રણમલ લીન્ન બની ગયો. ટુંક સમયમાં એકાએક રણમલની બાજુએથી એક માણસને કોઇ બે મનુષ્યો ઘસડીને લઇ જતા હતા. તે રણમલે બારીકાઈથી જોયું, તેવોજ આ પણો બ્હાદુર અને સાહસિક યુવક ઝાડના થડની ઓથે ભરાઇને તપાસ કરતો ઉભો.

" ચાલ, નીકળ, તું ઘણે દહાડે મળ્યો છે. તેં ઘણાંકનાં ગળાં રેંસ્યાં છે. આજે તારો વારો આવ્યો છે. " પેલા બે પુરૂષોમાંથી એક જણુ બોલ્યો કે જેનું નામ શેતાન હતું.

" અરે ! બાપુ મુજ ગરીબને કાં સતાવો છો ? મારી પાસે કંઇ પણ નથી. હોત તો હું તમારી આગળ રજુ કરત. " લોભીલાલ રડતા અવાજે બોલ્યો.

" લુચ્ચા. તું જલદીથી કાઢે છે કે ચોદમા રતનનો પડછો પાડીએ. " એમ કહીને શેતાને એક લપ્પડ લોભા લાલના ગાલપર જડાવી દીધો.

બિચારો લોભીલાલ " ચમડી છુટે પણ દમડી છોડે તેવો નહોતો." એટલે તે લપ્પડને તો પહેરામણી તરીકે વધાવી લઇને તે બોલ્યો.

" બાપજી, હવે થયું. હવે તો મને છોડી દો. "

" અરે બદમાશ ! તું શું બકે છે ? હમારી છોડી તને દઇએ ? " ફરીથી જે બીજો પુરૂષ કે જેનું નામ મસ્તાન હતું તેણે એક મુક્કી લગાવતાં કહ્યું.

" અરે મસ્તાન, આ તો વાણીઓ જબરો દેખું ઉલટો આપણને સસરો કરવા માગે છે. " સેતાનસિંહે લોભાલાલને ધક્કો મારતાં જણાવ્યું.

" નહિ નહિ અરે તમે ઉલટું કેમ વેતરો છો ? હું તો એમ કહું છું કે મને મુકી દો. " લોભીલાલે પોતાના વાક્યનું સ્પષ્ટીકરણ કર્યું.

" એ તો તને મસ્તાનસિંહે લગાવી પણ તું કયાં માને છે ? હજુ તારી પાસે જે કાંઇ હોય તે આપી દે અને પછી સીધો રસ્તો લે " સેતાને રૂઆબમાં જણાવ્યું.

"ઠીક પણ પછીથી મને છોડી દેશોને ?"

"અરે ચંડાળ! પાછું એને એજ કેમ બોલે છે? એ શરમ તને ઘેર જીવતા જવાની હોંશ છે કે નહિ.?' શેતાને ફરીથી ક્રોધિત વદને કહ્યું.

"ઘણીએ." લોભીલાલે ડોકું ધુણાવ્યું.

"ચાલ હવે બધા ભાંજગડ જવા દે અને જે હોય તે આપી દે" મસ્તાને ટુંકમાં પતાવવાનો પ્રયત્ન કર્યો.

તુરતજ લોભીલાલે પોતાના કપડાં ઉતાર્યાં અને મસ્તાન તથા શેતાનની સમીપ મુકી દીધા. તેના અંગપર ફક્ત સવા તોલા જેટલું સોનું હતું તે પણ કાઢી આપ્યું. પછી લોભીલાલને ધક્કો મારી ઘણે દૂર સુધી મસ્તાન મુકી આવીને શેતાન પ્રત્યે બોલ્યો.

"જોયું સેતાન. વાણીઓ કેવો પક્કો! એ તો હું ન હોત તો આજનો દહાડો અફળ જાત." મસ્તાને પોતાની મસ્તીને હસ્તીમાં લાવતાં કહ્યું.

"ભાઇ મસ્તાન, તું તો ખાલીજ ઉપરનો ડોળ કરે છે પણ મેં તો પહેલ્લેજ સપાટે લપ્પડ ખેંચી કાઢી એટલે બિચારો વાણીયો ડરફુસ બની ગયો અને તુરત આ માલ આપણને પચી ગયો." શેતાને ખરેખર શેતાન સાબ્યો હતો.

"ત્યારે શું આ ફતેહમંદી તમારાથી થયેલી છે?" મસ્તાન

કંઇક મરડાકીથી બોલ્યો.

"બેશક" મુછપર તાલ દેતો શેતાન બોલ્યો.

"છે અશક્ય, હું નહોત તો આજે તમારી ઠકરાણીનું ચુડા કર્મ થાત," હીમતથી મસ્તાન મસ્તીપર ચઢ્યો.

"એ ગમાર, આ તું શું બોલે છે? જોવું હોય તો હમણાજ તને બતાવી આપું કે કોની ઠકરાણીનું ચુડા કર્મ થાય છે?"

"ચુપકર, બદશીકલ, એમ કહેતામાં તો મસ્તાને પોતાની મસ્તતાને પ્રદર્શિત કરી. બન્ને જણા લથબથ થઇને એક એકને ઠાંસા પાડુના પ્રહાર પ્રસાદ ચખાડવા લાગ્યા, એકાએક શેતાનને લાગ મળતાં કમ્મરેથી તરવાર બ્હાર કાઢી મસ્તાનપર એક જબરો ઘા કર્યો તેજ પળે મસ્તાનનો જમણો હાથ કપાઇ ગયો આથી તે જમીનપર પડી ગયો. શેતાને તેને બીજા ઘાથી ઠાર કર્યો, પછીથી તે જેવો લોભીલાલના કપડાં લેવાને નીચો નમે છે તેવોજ તેણે અત્યાર સુધી આપણો બ્હાદુર યુવક આ ફાની નાટક જોતો ઉભો હતો. તેને જોયો, તેજ પળે શેતાન તે તરફ ગયો. શુરો રણમલ પણ બ્હાર નીકળીને જાણે તેને ભેટવા જતો હોય તેમ તેની સામે ગયો. શેતાને પુછ્યું.

"અરે! તું કોણ છે? અહીયાં ઝાડની ઓથે છુપાઇને શું જોતો હતો?"

"હું તમારૂં નાટક જોતો હતો" બેધડકથી રણમલ બોલ્યો.

"ઓ પાગલ! તું હમારૂં નાટક જોનાર કોણ? જરા વિચારીને બોલ નહિ તો તને પણ આ મસ્તાનસિંહની જોડી બનાવી દઇશ," એટલું બોલતા શેતાનસિંહ રણમલપર ધસી આવ્યો. રણમલ તો રાહ જોતોજ ઉભો હતો. એકદમ મ્યાન કરેલી તરવાર ખેંચીને બોલ્યો.

" ચાલ નીચ હરામી ! થઇ જા સામો તને મારવામાં લેશ પણ પાપ નથી. "

" અરે ! ઓ બેદરકારી નર. જરા શાંન્ત થા, તું કોણ છે ? તે કહે. " શેતાને બ્હાદુરાઇ દેખાડતા કહ્યું.

" હું ગમે તે છું, તું કોણ પુછનાર ? પાપી, ચલાવ તારા હાથને જલદીથી. રણમલે શુરત્વની અણી છોડી નહિ.

"દુષ્ટ, હું તને સીધી રીતે પુછું છું છતાં જવાબમાં તરવારજ માગે છે, તો લે. એમ કહેતાં કહેતાં તો બન્નેની તરવારના ખણખણાટ થતા અવાજથી ઘોર અરણ્ય ગાજી ઉઠયું. અરધાએક કલાક સુધી તો બન્નેમાંથી કોઇએ પાછું ડગલું સરખું ભર્યું નહિ. એટલામાં બ્હાદુર રણમલે એવી તો ચાલાકીથી શેતાનપર છલંગ મારી ને તેની તરવાર ઝુંટાવી લીધી અને પોતાની તરવારનો એક ૫ટકો તેના માથાપર માર્યો. તુરતમાં શેતાનના મસ્તકના બે ભાગ થઇ ગયા અને શેતાન જમીનપર ધુળ ચાટવા પડયો. શુરો રણમલ મનમાંજ બબડયો. "પ્રભુએ ઠીક ઇન્સાફ કર્યો, પાપીને તેના પાપનો હિસાબ આપવા પોતાના

દરબારમાં બોલાવી લીધાં"—પછી રણમલ ત્યાંથી અનેક તર્કવિતર્ક કરતો પાછો પોતાની આમ્રછાયા તળે આવીને હાથપર પોતાના શ્રમિતવદનને ટેકવી ઉભો. થોડીક વાર તો તે શ્રમિતાવસ્થાને લીધે મૌન પકડી રહ્યો પણ અંતે તેણે પોતાનું મૌનવ્રત તોડયું અને બોલ્યો.

"અહા! પ્રભુ, તારા દરબારમાં રંક હો કે રાય હો, જોરાવર હો કે નિર્બળ હો. પણ ન્યાય તો સદા ન્યાયીનેજ અપાય છે. ઓ વિભુ! ખરેજ આ માયાવિની મરિચીકા યાને મૃગજળ સમાન મોહજાળ ખરેખર વિષ તુલ્ય છે. આ અસાર સંસારમાં સર્વ સ્વાર્થતાજ છવાઈ ગયેલી દષ્ટિગોચર થાય છે. પિતા, માતા, બંધુ, નારી સઘળાઓમાં સ્વાર્થ પરાયણતા પુર્ણપણે રાજ્ય ભોગવે છે-એવા અસંખ્ય વૈરાગ્યો-દગાર કાઢતો રણમલ પોતાના કીસ્મતની કરામતપર કુરબાન થતો નીચેની ગઝલ ગાવા લાગ્યો—

ગઝલ.

અરે! આ હાલ શું મા'રા! દગા બાજી કરી કીસ્મત;
જણાયે ના, કળાયે ના, લખ્યું શું તેં અરે! કીસ્મત.
ચલાવે કાં કટારી તું, મુજ શીરે અરે! કીસ્મત;
જખમ કારી સ્હેતાં હું, જણાવું કંઇ તુને કીસ્મત.
અરે! હું એકલો દુનિયા! કસોટી પર ચડયો કીસ્મત;
સુવું જો પુષ્પ શૈયામાં, ખુંચે કાંટા ખરે કીસ્મત.

અનેરી આશ મારીને, ડુબાવી અબ્ધિમાં કીસ્મત;
ડુબું છું હું, અરે ડુબું ! ડુબ્યાં દિદાર અરે કીસ્મત.
પિતા માતા, બંધુ નારી, નહી સાથી ખરે કીસ્મત;
નહિ દરબારનું કંઈ દ્રવ્ય, પરમાર્થ સાથ છે કીસ્મત.
અમીરીથી ફકીરીમાં, જીવન ઉદય ખરે કીસ્મત;
હવે તો એજ રસ્તો છે, પ્રભુ સહાયી બને કીસ્મત.
(બસ) જીવંન સાર્થક સાધું હું, પ્રબળ તું અરે કીસ્મત;
વ્હાલીને આ વ્હાલાનો, સંદેશો તું કહે કીસ્મત.

ઉપરોક્ત ગઝલ ગાયા પછી કુંવર રણમલ કપાળે હાથ દઈને જમીનપર બેસી ગયો. આ વખતે શ્રી આદિત્યનારાયણ ભગવાન અખિલ ભુમંડળને પોતાની સંપુર્ણ કલાઓથી પ્રકાશિત કરીને પશ્ચિમ દિગ્વધૂને આલિંગન કરવાને તેના સુવર્ણપ્રાસાદમાં પ્રવેશ કરી ચુકયા હતા. આખો દિવસ પોતાનું ભક્ષ શોધવાના બ્હાને પૃથ્વિપર વિહાર કરવાવાલા ખગચર પોતાની માર્ગ પ્રતિક્ષા કરવાવાળા બચ્ચાંને મળવાને ઉત્કંઠિત થઇને પોતપોતાના સ્થાન તરફ ઉડતા જણાતા હતા. હીંસક પ્રાણીયો જેવાં કે સિંહ, વાઘ વરૂ આદિ જાનવરોનો ભયંકર નાદ અરણ્યમાં ઘણે લાંબે સુધી શબ્દાયમાન થતો હતો, કેટલેક અંશે સંધ્યાનો પુર્ણ અમલ શાન્તિનો ભાસ કરાવે છે પણ ઘનઘોર જંગલમાં તેને બદલે ભયાનકરૂપ ધારણ કરી સંધ્યાદેવી હીંસક પ્રાણીયોની મદદગાર થઇ હોય તેમ દશ્યમાન-

કોને ભયથી ધ્રુજાવી મુકે છે રણમલ આ સઘળું ભયાનક કાળચ-ક્રને પોતાપર ફરતું જોઇને વિચારમાં ગરક થઇ ગયેલો જેમનો તેમ અદ્યાપી સુધી બેસી રહ્યો હતો. તે તદ્દન થાકી ગયેલો હોવાથી જરાક અર્ધ લાંબો થયો. જોત જોતામાં તેની ચક્ષુઓને નિદ્રાએ ઘેરી લીધી, તે ઝોકાં ખાતો આરામથી ત્યાં લાંબો થયો. નિદ્રાએ તેના પર પોતાનો પુર્ણ અમલ જમાવ્યો. જે વૃક્ષની શીતળછાયા તળે આપણો વીર સુતો હતો. તેની ડાબી બાજુએથી એક ફણીધર ઝેરી સર્પ જોશ ભેર આવીને કુંવર રણમલને જોરથી ડંસ્યો. તત્ક્ષણ રણમલે કારમી ચીસ પાડી. પરન્તુ આવા અઘોર અરણ્યમાં તેની બુમનું સાર્થક થવું અશક્ય હતું. ક્ષણિકમાં તો તે આખે શરીરે ઝેરથી લીલોછમ બની ગયો. ઓ ભલા કુંવર! તારા સાહસ માટે તને પ્રભુએ જે ફળ આપ્યું છે તે શું યોગ્ય છે? એમ પ્રીય વાચક, તું કહી શકીશ? નહિ! કદિ નહિ! એતો આ જાલીમ જમાનાને અનુસરતો કાયદો ઘડાયેલો છે કે "ધર્મીને ત્યાં ધાડ અને પાખંડીને લાડ" એ કહેવતની કશોટીમાં આપણો બહાદુર વીર કસાયો.

જે પળે રણમલે ચીસ પાડી તેજ ક્ષણે એક પ્રૌઢ, કદાવર, યોગેન્દ્ર હાથમાં જલ કમંડલ લઇને ત્યાંથી પસાર થતા હતા. તે યોગેન્દ્રે આ બુમ ઘણે લાંબેથી સાંભળી હતી અને તેથી તે વિદ્યુત્ સમી ચાલમાં જ્યાં રણમલ પડયો હતો ત્યાં આવી પહોંચ્યા. તે એકદમ કુંવરની પાસે ગયા તે વખતે સર્પ ત્યાંજ ફરતો હતો. તે આ યોગેન્દ્રની

પાવડીઓથી થતો અવાજ સાંભળીને ત્યાંથી સરસર કરતો ચાલવા લાગ્યો. સર્પને યોગેન્દ્રએ જોયો. તેજ પળે મહાત્માએ એક જબરી દોટ મુકી અને તેની છેક નજીક જઇને તેની આસપાસ કાંઇક મંત્રો-પચાર કરીને એક મોટું ગોળ કુંડાળું કર્યું. આથી સર્પ તે કુંડાળાની બહાર જવા પામ્યો નહિ. તે અંદર ફરવા લાગ્યો. પછી મહાત્મા આપણા મૃત્યવત્ થયેલા શુરા રણમલ્લ પાસે આવ્યા, તેને જોઇને પ્રથમ તો તે ગભરાઇ ગયા, યોગેન્દ્રે કપાળે હાથ મુકયો, શોકાચરત પણે તેની પાસે બેસીને તે મુડદાની નાડ તપાસવા લાગ્યા તેજ ક્ષણે કંઇક નવું જયોમ આવ્યું હોય તેમ યોગેન્દ્રનું વદનમંડળ આનંદથી છવાઇ ગયું, તે અત્યોલાસિત મુદ્રાએ મનમાં બોલ્યા.

“ઓ પ્રભુ! તારી કૃતિ અકળ છે, અરે! તેની નાડ હજુ સુધી ચાલે છે. અરે! આ લીલોછમ બની ગયેલો યુવક બચશે? ખરેજ અહો ધન્ય ભાગ્ય!” એટલું બોલી જલદીથી તે મુડદારૂપ તરૂણને ઉંચકવા ઉઠયા, પણ તે કેમે એકલાથી ઉચકી શકાયું નહિ. તેથી તુરતજ તે જલદી પોતાના મઠમાં ગયા ત્યાં આગળ કેટલાક સંતો બેઠા હતા તે પ્રત્યે બોલ્યા.

“અરે સુજ્ઞ સંતો; આજનો પ્રભાવ અપુર્વ ભાગ્યશાળી જણાય છે. આપ સઘળા મારી સાથે ફકત થોડેક સુધી આવો એક પ્રાણ બચાવવાની ખાતર મારી સાથે જલદીથી ચાલો વિલંબ કરવો ઘટિત નથી” યોગેન્દ્ર આનંદાવેષમાં વધુ કાંઇજ બોલ્યા નહિ.

તે વખતે ચાર સંતો ઉઠયા અને જ્યાં પેલો તરૂણ પડેલો હતો ત્યાં આવી પહોંચ્યા. ચારે જણાઓ તે મુડદાને સાચવીને મઠમાં લઈ આવ્યા. યોગેન્દ્રે પેલા સર્પને પકડી લીધો અને તેને પણ મઠમાં લઇ ગયા. મુડદાને એક કોટડીમાં લઇ ગયા પછી યોગેન્દ્રે સર્વ સંત જનોને કોટડીની બહાર જવા વિનવ્યું. ફક્ત યોગેન્દ્ર, સર્પ અને પેલું મુડદુ એ શિવાય તે કોટડીમાં કોઈ રહ્યું નહિ. પછી મહાત્માએ તે કોટડી બંધ કરી દીધી અને સર્પને ત્યાં એક કુંડાળું કરી ફરતો મુકી દીધો. મહાત્મા, મુડદા પાસે આવીને તેના કાનમાં કાંઇ કહેતા હોય તેમ મંત્રોપચાર કરવા લાગ્યા. એ પ્રમાણે બંધ કોટડીમાં લગભગ બે કલાક સુધી મંત્રોપચાર કરતા રહ્યા. પછી મહાત્માએ મૃત્યુવશ થયેલ રણમલની નાડ ફરીથી તપાસી જોઇ. આ વખતે તે ઘણીજ ગાઢ નિદ્રામાં હોય તેવી સરસ પ્રકારે નાડમાંનું લોહી ફરતું માલુમ પડયું. યોગેન્દ્રે આનંદધ્વનિથી અંદરથી અવાજ કર્યો. "મહાશયો! પરમ પ્રભુની મહદ્કૃપાએ આપણે એક પ્રાણ બચાવવા મહા ભાગ્યશાળી થયા છીયે." આ શબ્દો બહાર પડતાંજ સર્વના મુખપર આનંદની રાતી લાલી પથરાઇ ગઇ અને હર્ષોદ્‌ગાર કાઢતા બોલી ઉઠયા. "મહાભાગ્ય, પ્રભુ! શ્રી અખંડાનંદ યોગેન્દ્રની જય થાઓ." એજ અવાજ થતામાં તો મહાત્મા કોટડીમાંથી બહાર આવ્યા અને સર્વની સમીપ હર્ષનાદમાં પરમકૃપાળુ પરમેશ્વરના યશોગાન ગાવા લાગ્યા. થોડીકવારે પેલી બંધ કોટડીમાંથી અવાજ આવતો હોય તેમ

સંભળાયું. સર્વે ચુપ થઇ ગયા. યોગેન્દ્ર તે કોટડીમાં જઇને પેલા મુડદાવાળા યુવકનો હાથ ઝાલી બહાર લાવ્યા. યુવક સ્તબ્ધ બની ગયો. તે વિચારમાં ગોથાં ખાવા લાગ્યો, થોડીકવારે તે બબડયો. " અરે ! કયાં જંગલ ! આશું ? આતો બાવા લોકોનો મઠ ? અરે ! હું અહિં કયાંથી ? " રણમલ દીંગમુઢ જેવો ઉભો રહયો. થોડીકવાર પછી તે સઘળા સંત જનોને પગે પડયો અને બોલ્યો.

" સાધુ મહારાજ મને અહીંઆં શામાટે લાવવામાં આવ્યો છે તે કૃપા કરીને કહો. "

" તરૂણ જરા શાન્ત થાવ, અનિશ્ચિત કાર્ય માટે લાવવામાં આવ્યા નથી તમે જરાપણ શંકા લાવતા નહિ " યોગેન્દ્રે ધીરજના મધુર શબ્દે કહ્યું:

"મહાત્મા મને અહીંયા કોણ લાવ્યું ? " યુવકે અત્યાતુર વદને કહ્યું.

" હે વીર ! તમને પ્રત્યક્ષ બતાવું છું " એટલું બોલીને મહાત્મા અખંડાનંદજી પેલી કોટડીમાંથી સર્પને લેઇ આવ્યા અને કુંવર રણમલને બતાવતાં બોલ્યા.

" તરૂણ, આ ઝેરી સર્પના ભોગ થયા હતા. તે બદલ; " યોગેન્દ્ર વધુ કાંઇજ બોલ્યા નહિ.

" શું હું આ ઝેરી સર્પના ભોગ ? અને તેમાંથી આપે મારા પ્રાણ બચાવ્યા ? ઓ મહાત્મા ! અરે પ્રભુ તુલ્ય યોગેન્દ્રજી, આપને નમન કરૂં છું. "

એમ કહેતાં કહેતાં રણુમલ માહાત્માશ્રીના પગમાં ઢળી પડયો. ફરીથી ઉઠયો, પાછું નમન કર્યું. એજ પ્રમાણે રણુમલે ત્રણુ વખત નમન કર્યું. પછી સર્વ સંતો સમક્ષ બન્ને હાથ જોડી બોલ્યો.

" માહારાજ આપે મને પ્રાણુદાન દીધું છે. અરે સુજ્ઞ સંતો ? આપની વૃતિ કેવળ અન્યને સુખકારી કરવાને પ્રેરાયેલી જોઇ આ કીંકર આપના પવિત્ર ચર્ણકમળમાં હમેશાં રહેવાને લોભાય છે. અહો પ્રભુ ! સંતસમાગમ આ તોફાની મોહજાળના વાવાઝોડામાં ફસાતા બચવાને એક ઢાલ રૂપ છે. અરે યોગેન્દ્ર ! મને આપનો દાસ બનાવો."

" હે વીર ! તમારા જેવા બ્હાદુર રત્નોનું આ કાર્ય નથી. તમે સૃષ્ટિની સૌંદર્યતામાં વધારો કરવાને તમારૂં શુરત્વ ઉજ્જવલ કરો. સંસારની માયાથી વિમુખ બનેલા અનેક વૈરાગ્યભાવીઓ માટે આ સ્થાન છે. હજુ તમારો યુવાકાળ આરંભાય છે. તમારી જરૂર, સૃષ્ટિની ઘટમાળમાં વિશેષ છે. અમારા જેવા સાધુજનો તમારા આશ્રયથીજ પળાય છે. જો દરેક વ્યક્તિ એમજ સમજે કે સંત થવું તો પછી દુનિયાનો કારોબાર લય થાય અને તે કોણુ ચલાવે ? એ પ્રશ્ન ઉત્પન્ન થાય. સંસારમાં રહીને નિતીરીતિ અને ભક્તિ પરાયણુતા જળવાય છે, પણુ અજ્ઞાની મનુષ્યો એમજ સમજે છે કે સંસારમાં રહીને કાંપ્જ શ્રેષ્ટ કાર્ય થતું નથી. માટે સંતત્વ પ્રાપ્ત કરવું. પરન્તુ તેમની તે સમજ તદ્દન ભુલભરેલી છે. તેઓ સંતત્વથી તદ્દન વિમુખ હોય છે. હે તરૂણુ ! તમે તેમ ન કરો, સંસારમાં રહીને ઉત્તમોત્તમ શું

છે તે સમજીને દરેક કાર્યમાં શ્રી પ્રભુની ઇષ્ટેચ્છા સંપાદન કરવાને અત્યોત્સુક બનવું કે જેથી આ ભવમાં અને પરભવમાં તમારો જય થાય " માહાત્માએ બોલવું બંધ કર્યું.

" માહાત્મા, આપનું કહેવું યથોચિત છે. હું આપના કથનને માન આપું છું. " રણમલે વંદન કરતાં કહ્યું.

" વીર, તમારે આ અઘોર અરણ્યમાં એકલા ભટકવાનું શું પ્રયોજન ? " યોગેન્દ્રે પુછ્યું.

" પ્રભુ, માત્ર સાહસ. " એમ કહી રણમલે કપાળે હાથ દીધો.

" હરકત નહી. આરામ થતાં સુધી તમારે આ મઠમાંજ રહેવું પછીથી જ્યાં ઇચ્છા થાય ત્યાં જવું. " માહાત્માએ જણાવ્યું.

"યોગેન્દ્રજી, હું આપનો જીંદગી પર્યંત આભાર ભુલીશ નહિ. આપે મને પ્રાણદાન આપ્યું છે, આપના શ્રેષ્ટ સમાગમથી જે અલભ્ય લાભ પ્રાપ્ત થયો છે. તેને હું કદિ પણ વિસરીશ નહિ. " રણમલ્લ દીનવદને બોલ્યો.

" યુવક, એમાં મેં કંઇજ કર્યું નથી, એતો તમારૂં ભાવી પ્રબળ, મનુષ્ય માત્રની પહેલી ફરજ એછે કે કોઇ પણ પ્રાણીના સુખાર્થે જેટલું બને તેટલું કરવું, એજ ઉદ્દેશથી હમોએ સંસારની વૃતિઓને દુર કરી વિરકત પણે સંતત્વ પ્રાપ્ત કર્યું છે. આ સ્થુળ દેહે જે કર્તવ્ય થાય તે ઉત્તમ પ્રકારે થાય તેવાજ સુમાર્ગે સંચરવું તો આજે હમારા સંત મંડળે ફરજ અદા કરી છે. અને મરણ

પર્યંત તેવી ફરજો કરવાનેજ અમે અમારૂં મુખ્ય કર્તવ્ય છે, એમ સમજીએ છીયે, જેથી આ કાર્યમાં મેં કે મારા સમાગમીઓએ લેપ પણ વધુ કર્યું નથી, શું તમે પુર્વના ક્ષત્રીય રાજાઓના ચારિત્રો સાંભળ્યા નથી ? તેઓની પ્રજાપાલન કૃતિ, તેઓની રાજ્ય કાર્કિર્દી અને પર દુઃખ ભંજન વૃતિથી આ સૃષ્ટિમાં મહા બલીષ્ટ અને દાન વીરો ગણાઇ ગયા છે. તેઓનાં ગુણના આજ સર્વત્ર યશોગાન ગવાઇ રહેલાં સાંભળીયે છીયે. તેઓમાં થઇ ગયેલા મહાન- શુરોત્તમ માહા પ્રબળસિંહનું વૃતાંત ખરેખર ચિતાકર્ષક હોઇ અલૌકિકાનંદનું ભાન કરાવે તેવું અતિ રસગ્ન સાથે જ્ઞાનદાયી છે.” યોગેન્દ્રે યુવકની મુખમુદ્રા તરફ જોઇને કહ્યું એજ પળે આપણો રણવીર રણમલ તુરત બોલી ઉઠયો.

“ માહાત્મા, એવા પુજ્યમાન પુરૂષનું વૃત્તાંત સાંભળવાની મારી જીજ્ઞાસા તીવ્ર બની છે, જો હરકત ન હોય તો કૃપા કરી સવિસ્તર વૃત્તાંત કહી સંભળાવી દાસને આભારી કરો. ”

“ હે રાજવીર, તે મહાન નરનું વૃત્તાંત ઘણુંજ લાંબું છે. તોપણ તારી જીજ્ઞાસાને ત્રમ કરવા હું તને આવતી કાલે તે વૃત્તાંત કહી સંભળાવીશ, હમણા રાત્રી ઘણી વ્યતિત થઇ છે. માટે નિદ્રા કર ” એટલું કહીને માહાત્મા ઉઠીને પોતાના નિદ્રાસ્થાને સીધાવ્યા, સર્વ સંતમંડળ પણ પોત પોતાના સ્થાનિક નિદ્રાની ગોદમાં ભરાવા ત્યાંથી ચાલી ગયા, બહાદુર રણમલે પણ નિદ્રાની આરાધના કરવાને પ્રયત્ન આદર્યો.

પ્રકરણ ૧૫ મું.

ત્રિપુટી દર્શન.

" અરે ! હું કયાં જઉં ? પાણી તો કોઇ સ્થળે જણાતું નથી. હરી ! હરી ! ! આ જંગલમાં એક પ્યાલો પાણી મળવું મુશ્કેલ છે. અરે ! રંભાબેન, તું મને કૃતઘ્ની કહીશ, અહો પ્રભુ ! જળ વગર તે ઝુરી મરશે, અરે ! મનુષ્યને પવન અને પાણી એક પળ ન મળે તો તેઓ તરફડી જાય છે. પ્રભુ ! કંઇ તો રસ્તો બતાવ, હું ઘણેક દુર આવ્યો. અરે ! ઘણું ભટકયો. પણ એક ટીપું સરખું પાણી હાથ લાગ્યું નહિ. ચાલ, જીવ પાછો જા, બને તે ખરી. તેઓ મારી રાહ જોતાં હશે. તે બન્ને બાળક જેવાં દેખાય છે. વખતે જંગલમાં તેઓને કંઇ હરકત આવી નડશે. " આમ મનમાંજ બોલતો એક તરૂણ હાથમાં જળપાત્ર લઇને નીરાશા દેવીને આધિન બની મુખપર બાઝેલાં પ્રસ્વેદ બિંદુઓ લુંછતો લુંછતો અરણ્ય પ્રદેશમાં ભટકતો હતો. એ વખતે શ્રી દિનમણીએ પોતાનું તેજસ્વી સ્વરૂપ ખરેખર પ્રકટાવ્યું હતું. જાણે કે અરણ્યમાં અગ્નિ વર્સતો હોયની ! એવા મધ્યાન્હ સમયે આ તરૂણ ઉપરોક્ત હૃદયોદગાર કાઢતો ચાલતો હતો, તેણે રસ્તામાં કાંઈ જોયું, તે એકાએક ઉભો, જમીન પર એકીટસે જોવા લાગ્યો. ' અરે ! આ શું જણાય છે ? ગાડીના પૈડાનો આકાર જંગલમાં

ક્યાંથી ? જરૂર આસપાસ કોઇ ગામ હશે ચાલ, જીવ આગળ થા, એટલું બબડી આ યુવક તે ગાડીના પૈડાનો આકાર જોતો જોતો ઝપાટા બંધ ચાલવા લાગ્યો. તે શ્રમિત થયેલો હોવા છતાં આશામાંને આશામાં ઘણું ચાલ્યો, પરન્તુ ગાડીના પૈડાંના આકારનો અંત આવ્યો નહિ. લગભગ એક સરખો બે અઢી માઇલ તે ચાલ્યો, પછી તે થોભ્યો અને વિચારમાં પડ્યો " અરે! વખતે કોઈ હરામ ખોરોની જગાએ તો આ ગાડી નકી ગઇ હોય ? ગમે તે હોય પણ ત્યાંથી પાણી તો જરૂર મેળવીશ, ચાલ પ્રાણ ઉતાવળો થા. "માથે પડી તે વસન દેવા. " એ કહેવત પ્રમાણે તે વીર આગળને આગળ વધતો ગયો. છેવટે તે યોદ્ધાએ, ઘણે લાંબે દુર જતી બે બળદની ગાડી જોઈ. તરૂણ આ વખતે ઘણાજ જોરથી પગ ઉપાડતો હતો. યુવકને અને ગાડીને લગભગ પચાશેક કદમનું છેટું રહ્યું હશે. ગાડી પણ હળવે હળવે ચાલતી હતી. યુવક જોત જોતામાં ગાડીની સાથે થઇ ગયો, એટલામાં ત્યાં ગામની ભાગોળ જેવું યુવકે જોયું. નાનાં મોટાં ઘરોનાં છાપરાંની ટોચ જણાવા લાગી, તરૂણ ઘણોજ ખુશી થયો, હવે ગાડી પણ અતિ ઝડપથી ચાલતી હતી. બળદો દાણા ખાવાની લાલચમાં જોશ ભેર દોડતા હતા ગાડી ટુંક વખતમાં તો આપણા વીર યોદ્ધાથી દેખાતી બંધ થઇ ગઇ. તરૂણ મનમાં બોલ્યો. " મારે ગાડીની શી જરૂર છે. ગામ જણાયું એટલે બસ. સર્વ મળ્યું " એટલું બબડી તે યુવક ગામમાં દાખલ થયો. થાકેલો હોવા છતાં પણ આપણો વીરનર

આખા ગામમાં રખડયો. જોવા જેવું હતું તે જોયું. આખરે ચાલતાં ચાલતાં તે શહેરના મધ્ય ભાગમાં આવી પહોંચ્યો, ત્યાં યુવકની નજરે એક ભવ્ય સુંદર મહેલ જણાયો. તેણે તે મહેલની સુંદર રચના પરથી અનુમાન કર્યું કે આ રાજ મહાલય હશે." એમ ધારી તે નવીન પરિચિત પુરૂપ મહેલની ચો તરફ ફરી વળ્યો. આ મહેલને આસપાસ લોઢાના મજબુત જાડા સળીયાથી કોટના આકારથી ઘેરી લેવામાં આવ્યો હતો, અંદર દાખલ થવાને એક મોટો લોઢાનો દરવાજો મુકેલો હતો. તરૂણ બહારથીજ સર્વ જોતો જોતો તે મહેલના પાછલા ભાગમાં ગયો. ત્યાં એક સુંદર બગીચો બનાવ્યો હતો. આ વખતે સાયંકાળની આનંદીત શાન્તિમાં આ મનોહર બગીચો અજબ રીતે ખીલેલો જણાતો હતો બગીચામાં જાઇ, જુઇ, મોગરો, ચંબેલી, ગુલાબાદિ નવીન પુષ્પોની સુગંધી મહેલની આસપાસ સર્વત્ર મ્હેકતી હતી, બાગનો રચનાર માળી કોઇ બાહોશ અને ચાંચલ્ય પુર્ણ હોવાની ખાત્રી આપતું હોય તેમ બગીચામાં ઉત્તમ પ્રકારે લીલું કુમળું ઘાસ કાપેલું જોનારને બગીચામાં સર્વ વસ્તુમાં પ્રથમતઃ મુખદર્શન કરાવતું હતું. બગીચામાં આમ્ર, લીમડા અને કોઇ કોઇ સ્થળે પીપલ વ્રક્ષો પણ જોવામાં આવતા હતા. જામફળ, સીતાફળ, જાંબુ, લીંબુ વીગેરે ફળાદિક તરૂ લતાઓ બે હદ હતી. વળી બાગમાં એક મોટો ફુવારો હતો; આ ફુવારાને આસપાસ ફરતા દશ નાનાં નાનાં બુરજોથી શોભાયમાન કર્યો હતો. તે દરેક બુરજ ઉપર એક એક મનોહર પરી આરસના

પથ્થરમાંથી સુંદર રીતે કોતરાવીને મુકવામાં આવી હતી અને તે એવી તો ઉત્તમ રીતે ગોઠવેલી હતી કે તેમના મસ્તક પરથી ઘણીજ ઝીણી જળ ધારા ખુબ ઉંચે ઉડીને ફુવારાની મધ્યમાં શ્રીકૃષ્ણુ પરમાત્માની સ્ફટિકની દિવ્ય મુર્તિ ઘણીજ નાજુક કારીગીરીથી કોતરીને મુકી હતી તે પર તે દશ જળધારાઓ પડતી, દષ્ટ પાતકોને એવી તો ભુલવણીમાં રમણિય ભાન કરાવતી કે જાણે ગોપીકાઓ શ્રી કૃષ્ણુને પોતાના પ્રેમ રસથી ભીંજવતી હોયની! આજ દેખાવમાં પેલો અજાણ્યો તરૂણુ તલીન્ન બની ગયો બગીચામાં આ વખતે માહારાણુા કૌશલ્યસિંહ સાયંકાળની ઠંડી પવનની મીઠી સુગંધી લ્હેરોમાં લ્હેરતા હતા. તેમની સાથે એક સાતેક વર્ષનો બાળક પણુ ફરતો હતો તેના કાલા કાલા શબ્દો માહારાણુાના મુખ પ્રદેશ પર નુતન આનંદ પ્રકટાવતા હતા આજ પળે માહારાણુાએ પેલા નવીન યુવકને જોયો કે તુરત આપણુા બહાર ઉભેલા તરૂણે માહારાણુાને નમન કર્યું. માહારાણુાએ તેને અંદર આવવા ઇશારત કરી.

આ નવીન પુરૂષ અંદર દાખલ થઇને ફરીથી માહારાણુાને રાજ-શાહી સલામ ભરી રાજપુત કુળની અદબથી ઉભો.

" હે તરૂણુ ? તમે કોણુ છો અને કયાંથી આવો છો ? "

" હું આપને ઓળખાણુ આપીશ નાહે. આપ કોણુ છો ! તે પ્રથમ જાણુવા ઇચ્છુંછું." એ પરવાઇથી તે બહાદુરે જવાબ દીધો. "

" અરે ! એ દરકારી નર. તું એકદમ ચાલ્યો જા, તું મને પુછ-નાર કોણ?" માહારાણા આગળ બોલવા જતા હતા ત્યાંતો આપણા વીરનરે પીસ્તોલનો એક ધડાકો માહારાણા તરફ ધસીને કર્યો, તેજ પળે એક ઝેરી નાગ મરણને શરણ થઇ પછાડા ખાતો જમીન પર પડયો. માહારાણા તે ધડાકા સમેત સ્તબ્ધ બની ગયા, તેમણે કાંઇ જોયા વગર ". પહાડસિંહ ! પહાડસિંહ. ! ! " એમ બુમ પાડી. તત્ક્ષણ પહાડ-સિંહ આવી પહોંચ્યો અને માહારાણા સમીપ બે હાથ જોડી ખડો થયો.

" આ પાપીને પકડો, બાંધો, અને મારો. કાલે દરબારમાં હાજર કરો એણે મારૂં ખુન કરવાની કોશીષ કરી છે, " એટલું બોલી માહારાણા મહેલમાં જતા રહ્યા.

પછી યુવકને બાંધ્યો. તે વખતે બહાદુર તરૂણ મુખમા હસ્યો અને પહાડસિંહ પ્રત્યે બોલ્યો.

" હે રાજપુત વીર ! કહેવત ખરીજ પડી કે મોટા માણસોને શાન હોતી નથી તેઓ ફકત એકતું બેજ કરવામાં નિપુણ હોય છે. નિર્દોષીને પકડીને તેઓ શું સુખી થશે ? "

" અરે ! ચાલ, ડાહ્યા ડમરા તને ઓળખ્યો, શું માહારાણા ઉપર પીસ્તોલ છોડતાં તું છેદાઇ કેમ ન ગયો ? તારા કટકા કેમ થઇ ગયા નહિ ? " પહાડસિંહ રાતો થતો બોલ્યો.

" અરે ! શું તે માહારાણા છે ? ત્યારે હવે મને કંઇ પણ બ્હીક નથી. હું હીમતથી કહું છું કે હું તદ્દન નિર્દોષ છું મને પકડવામાં સાર નથી. " યુવક એટલું બોલી અટકયો.

" તેની ખાત્રી ? "પહાડસિંહ જરા શાન્ત વદને બોલ્યો.

" જુઓ તમારી નજીક શું છે ? તે તપાસો. પછી શિક્ષા કરો. " તરૂણે પ્રાણની દરકાર કર્યા વગર જણાવ્યું.

" અરે ! આતો નાગ ! શું તેને તમે માર્યો ? " આશ્ચર્યમાં પહાડસિંહ બાવરો બની ગયો. તેજ પળે મહેલમાં જઇને માહારાણાને સર્વ બીના નિવેદન કરી, માહારાણા ઉતાવળે પગલે બગીચામાં પાછા આવ્યા અને જોયું તો ખરેજ નાગ ! માહારાણાના મુખ કમળ પર દોષનો પ્રત્યાઘાત થયો હોય તેમ દીન વદને બોલ્યા.

" ઓ વીર તેં તારી વીરતાનો ઉપયોગ મારા પ્રાણ બચાવવામાં કર્યો છે તે જોઇ હું ઘણોજ ખુશી થયો છું. અરે મને કંઇ પણ ખબર ન પડી, ભુલ થઇ અને જે અપમાન તમને સહન કરવું પડયું છે. તેની માફી ચાહું છું "

" માહારાણા એમાં આપનો લેષ પણ દોષ નથી. દોષ કીસ્મતનો છે. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. " ભુલ " એ મનુષ્યને ઉત્તમોત્તમ માર્ગ બતલાવવાને માટેજ સૃષ્ટિમાં નિર્માણ થઈ છે. જો "ભુલ" એ શબ્દ આ પૃથ્વીની સપાટી ઉપર ન હોત તો અત્યાર સુધી કેટલાક

જનો મારી હાલતે રીબાત, અને જમદારમાં પલાયન કરી ગયા હોત પણ શ્રી પરમ દયાળુ પ્રભુએ પ્રથમથીજ " ભુલને " સ્થાન આપી આ પૃથ્વીમાં મનુષ્યોને માટે મુકરર કરેલી છે. તો માહારાણાજી આપના મનમાં તે બદલ લેશ પણ શોક ન ધરતા." એટલું બોલી વીર યોધ્ધો સ્થિરપણે ઉભો રહ્યો.

" ઓ શુરા ! તમને તમારી ઓળખ આપવામાં શું હરકત છે?" માહારાણાએ અધિરાઇથી પુછ્યું.

માહારાણા સાહેબ, હવે હું આપને મારૂં વૃત્તાંત ખુશીથી કહી સંભળાવું છું એમ કહીને તે નવીન યુવકે માહારાણાને અને તેમના સાથીદારોને બગીચામાં બેસવા વિનવ્યા. આ વખતે બાગમાં શું ગરબડ થાય છે તે જોવાને માહારાણી અને તેમની સાહેલીઓ મહેલના જરૂખામાં ચક નાખીને આ બહાદુર તરૂણનું વૃત્તાંત સાંભળવા આતુર બન્યા.

આપણા યુવકે કહ્યું.

"કુળદિપક સોળંકી હતો, માનસિંહ રાણો;
સરદાર ત્રીજો તે, વિલાસપુરનો જાણો.
તે તણી સાધ્વી નાર, નામ ફુલવંતી;
તે તણાં હતાં ત્રણ બાળ, મોટી ગુણવંતી.
મુજ નામ છે ચંપક, વળી હતી એક દેવી;

હજી કહેતું રહયું છે બાકી, થઇ દશા હમારી કેવી.
મરી ગઇ હમારી માત, થયાં વર્ષ અઢારે;
મુજ તાત ગુજરી ગયા, પછી વર્ષ ચારે;
(પછી) થયાં રખડતાં બાળ, બોલાવ્યા રાજે;
ત્યાં રહી એકલી દેવી, થયાં બાર વર્ષ આજે.
આનંદે બ્હેન ભાઇએ, વર્ષ એક ગાળ્યું;
થયું ત્યાં કૌતક એક, સુખ નહી ભાળ્યું;
એક દિન ગયા ભાઇ બેન, શીકારના માટે;
ભુલ્યો પંથ હું ત્યાં, ચડયો લુંટારા હાથે,
એજ પળે રાજમહાલયના ઝરૂખામાંથી પ્રતિધ્વનિ થયો.
પડી એકલી બાળ, રખડતી વનમાં;
ત્યાં મળ્યા પંથી એક, ધરી હેત તનમાં;
હતું કરણસિંહ નામ તેમનું, કૌશલ્યપુરના રાજા;
તે રાય સીધાવ્યા સ્વર્ગે, થયા દિન ઝાઝા.
હે વીર ! કહું છું વાત, સત્ય પ્રમાણો;
થઇ નાર કરણસિંહ તન, હાલ છે રાણો.

આજ પળે માહારાણા કૌશલ્યસિંહ આશ્ચર્યમાં પડયા, તે કંઇક બોલવાં જતા હતા, પરન્તુ આપણા વીરયુવકે તેમને અટકાવ્યા, ફરીથી તે બોલ્યો,

હું થયો બંદીવાન, લુંટારા હાથે;
દુઃખ વેઠયું ઘણું મેં ત્યાં, પડયું જે માથે;
(પછી) છુટો કર્યો દશ વર્ષે, ગણી વિશ્વાસે;
ત્યાં મળી નાનડી બ્હેન, ઘણાજ પ્રયાસે;

તત્ક્ષણ તે રાજશાહી અટાલિકામાંથી એક નવ યોવના પણ દુઃખી બાલિકા બગીચામાં નવીન પરિચીત યુવકની સમક્ષ મુખપર પડદો રાખી આવીને જર્જરિત સ્વરે બોલી,

છે તેહ તણું શું નામ, વીરા તું કેની;
કોણ પિતા તહેના, વળી જાત શું એની.
તું જણાવ એકજ વાર, ફરી નહી પુછું;
કરગરી કહું હું તુજને, હેતે આસુંડાં લુછું.

યુવક બોલ્યો,

"તનયા માન સરદારની, સોળંકી રંભા નામ;
રણમલ નામ જપતી સદા, સત્ય કહું છું માન.

એકજ પળના વિલંબે પેલી " દુઃખી બાળાએ મુખપરનો પડદો કાઢી નાખ્યો. તત્ક્ષણ વીરતરૂણે તેને ઓળખી, અને બોલ્યો " ઓ રંભા, વ્હાલી ભગિની, હું શું જોઉં છું? જંગલમાં પાણી વગર ટળ-

વળતી મારી પ્રીય ભગિની તુંજ કે !" યુવક આગળ બોલવા જતો હતો ત્યાં એકાએક માહારાણી ગુણવંતી આવીને બોલી.

હે વીરા ! આજનો માંગલ્ય પ્રસંગ ખરેખર કૌશલ્યપુરનાં ઇતિહાસમાં લખાશે આજે આપણે ત્રણે ભાઇ બ્હેન પંદર સતર વર્ષે એકત્ર થયાં છીયે, અહો ધન્ય આ દિવસને ! વ્હાલી, રંભા, અત્યાર સુધી તેં પણ તારી દુઃખી હાલત મને જણાવી નહિ, ખેર, પ્રભુ હવે તેવા દુઃખી દિવસો કાપશે, માહારાણીએ રંભાદેવીને ભેટતાં કહ્યું.

" બેન, " તગદીરની તુટી " કોઇથી સંધાતી નથી, જે પડે તે સહેવું એજ માનવ ધર્મ છે. " રંભા એ ટુંકામાંજ પતાવ્યું.

" દેવી, પણ તું અહિંયા ક્યાંથી અને તે પણ મોટી બેનની સાથે ?" ચંપકે વિસ્મયતાથી પુછ્યું.

રંભાએ પોતાની વિતી અથ ઇતિ કહી સંભળાવી, ચંપકસિંહની અજાયબીનો પાર રહ્યો નહી. તેઓ ત્રણે ભાઈ બ્હેન એક એકની સામું જોતાં કેટલોક વખત સુધી બોલ્યા નહિ. આખરે ત્યાં બેઠેલા માહારાણા કૌશલ્યસિંહ અદ્યાપિપર્યંત આ **" ત્રીપુટી દર્શન "** ના બનાવમાં આનંદપણે કાંઈ બોલતા નહોતા તેમણે કહ્યું.

'ચંપકસિંહ, તમારે માથે દુઃખ પડવામાં બાકી રહી નથી, હવે અહીંજ રહી આનંદમાં દિવસો ગાળો !'

"જેવી ઇચ્છા" નમન કરતાં ચંપકસિંહે પ્રત્યુત્તર આપ્યો.

"પહાડસિંહ વખત ઘણો થઇ ગયો છે, જા, થાળને માટે તૈયારી કર." મહારાણાએ જણાવ્યું.

"જેવો હુકમ," એટલું બોલી પહાડસિંહ ત્યાંથી ચાલી ગયો. ત્યાર બાદ માહારાણાએ આજના મહાનંદી **"ત્રીપુટી દર્શન"**ના શુભોત્સવને જાહેર તહેવાર તરીકે પોતાના રાજ્યમાં પળાય તેને માટે તેજ ક્ષણે રાજ્ય કારભારીને બોલાવી સર્વ બીનાથી વાકેફ કર્યાં, પછી સૌ સૌને સ્થાને ત્રીપુટી દર્શનાનંદનો પ્રભાવ પ્રસરાવવા વિખુટા પડયા.

પ્રકરણ ૧૬ મું.

માહા પ્રબળસિંહનું ટુંક વૃત્તાંત.

પ્રીય વાંચક, આજે અખંડાનંદજી માહારાજના મઠમાં માહા પ્રબળસિંહનું વૃત્તાંત સાંભળવા મારી સાથે ચાલો.

જુઓ, માહાત્મા અખંડાનંદજી પધારી ગયેલા છે. તેમની બાજુમાં આ મઠનો નવીન અપરીચિત તરૂણ પણ આપણો જુનો અને જાની મિત્ર રણમલ્લ અત્યોલાસિત વદને બેઠો છે, સર્વે સંત મંડળ પણ એકાગ્ર ચિત્તે યોગેન્દ્રના વદનમંડળ પ્રતિ નિહાળી રહ્યા છે. આપણે પણ ઠીક વખતસર આવી પહોંચ્યા, જુઓ માહાત્મા પેલા નવીન યુવકને કંઇ કહે છે આપણે શાંન્ત થઇને સાંભળીયે.

" હે તરૂણ, માહા પ્રબળસિંહનું બાલ્ય નામ પબલો હતું. તે જાતનો ઠાકરડો હતો, તેના માબાપ ઘણાજ ગરીબ હતા. એક નાના ગામડામાં મજુરી કરીને તેનો બાપ ગુજરાન ચલાવતો હતો. જ્યારે પબલો પાંચ વર્ષનો થયો ત્યારે તેની મા મરી ગઇ, એટલે તેના બાપે નાતરૂ કર્યું. નાનપણથીજ પબલો, ગામના દરેક નાનાં મોટા માણસોના ગૃહ કાર્યમાં કે ધક્કાધુકી ખાવામાં એક હાથ લાકડી તુલ્ય ગણાતો હતો આથી સૌકોઇને તે પ્રીય થઈ પડયો હતો જો કે ગરીબ પબલાને કેળવવાને કોઇજ નહોતું પણ જ્યાં ઇશ્વરી પ્રબળમાં પબલો

પ્રવૃત્ત થયેલો હતો ત્યાં કોઇની શી જરૂર હતી ? એક દિવસ પબલો સાંજે ગામમાંથી રખડી રવડીને પોતાને ઘેર આવ્યો ત્યાં તેણે પોતાની નવી માને અપર માતાની સાથે એક પરાયા આદમીને વાતો કરતાં જોયો તેવોજ બીચારો પબલો ગભરાઇ ગયો. અને મનમાંજ બોલ્યો "અરે ! આ શું ? મારો બાપ તો કામે ગયો છે અને મારી માએ આ શું દાટ વાળ્યો ?" ગરીબ પબલાએ ઘરમાં જઇને પોતાની માને પુછ્યું.

" આ નવું માણુસ કોણુ છે ? "

"તું મને કોણુ પુછનાર ?" એમ કહીને તેની માએ બે ત્રણુ વાર તેના પર હાથ કર્યો, પબલો વીલો પડી ગયો, તે બીચારો એકદમ દોડતો પોતાનો બાપ જ્યાં કામ કરતો હતો ત્યાં આવ્યો અને સર્વ હકીકત કહી, એ સાંભળીને તેનો બાપ ઘણો ક્રોધે ભરાયો, અને બોલ્યો.

" અરે ! નાદાન છોકરા, તું કાંઇ પણુ કામકાજ કરતો નથી અને બાપની કમાઇપર આ શું ઢીંગાણું મચાવી બેઠો છે. તારી માનું અપમાન કરીને વળી પાછો મારી પાસે ફરીયાદ લાવ્યો, જા કમજાત, નીકળ અહિંથી, તારૂ કાળું મોઢું મને ફરી ન બતાવ" એટલું બોલીને તેના બાપે તેને ખુબ માર્યો. ગરીબ પબલો પોતાની વીતી કોને કહેવા જાય ? પબલો ત્યાંથી ચાલી ગયો, ફરીથી તે પોતાના

બાપના ગામમાં ગયોજ નહિં. આ વખતે પગલાની ઉમ્મર દશ વરસની હતી, પગલો ક્યાં ગયો ! ક્યાં ગયો ! એમ સૌકોઇ પગલાના બાપને અને તેની નવી માને પુછવા લાગ્યા પણ તેઓ બન્ને તરફથી પગલા વિષે કંઇપણ ચોક્કસ ખબર મળી નહિ. આથી સૌ માણુસો દીલગીર બની ગયાં.

પગલો પોતાના બાપનું ગામ છોડીને ઘણેક દુર નીકળી ગયો. બે ત્રણ દિવસ સુધી તે બીચારાએ ચાલ, ચાલ, કર્યાજ કીધું, આખરે તે ચંપાવતી નગરીમાં આવ્યો, પણ ત્યાં પગલાને ખાવા સરખું મળ્યું નહિ. તેથી બાળક પગલો ઘણો મુંઝાયો પણ ધૈર્યતાથી તે પોતાના મન સાથેજ લવતો હોય તેમ બોલ્યો, "મારા બાપથી જ્યારે હું આ દુનિયામાં કંઇક સારૂં કરૂં ત્યારેજ મારૂં નામ પગલો," એજ વાક્યની ધુંનમાં પગલાએ બે ત્રણ રાત્રી તો ભીખ માગીને કાઢી. ત્રીજે દિવસે પ્રાતઃ સમયે જલદી ઉઠ્યો અને દંત ધાવનાદિ ક્રીયા કરીને તે ચંપાવતીના દરબાર દુર્ગ તરફ ગયો, ત્યાં જઇ દુર્ગના રક્ષકોને પુછ્યું. "ભાઇ આ ગામનો રાજા કોણ છે ?"

"અલ્યા છોકરા, ! તારે રાજાસાહેબનું શું કામ છે. ? એવા મોટા માણુસ તારી સાથે વાત પણ કરશે નહિ." ચોકીદારે બે દરકારીથી કહ્યું.

"અરે મોટા કોણ ? મહારાજા કે ? નહિ. પ્રભુને ત્યાં સૌ

સરખાંજ છે.' પગલાએ વગર વિચારે ભરડવાજ માંડ્યું.

"હમણા માહારાજ બહાર ફરવા નીકળશે, તું એક તરફ ઉભો રહે." રક્ષકે ઇસારત કરતાં કહ્યું.

થોડીક વારે નેકી પોકરાઇ, નેકીદારો "બાજુ હઠો, બાજુ હઠો" એમ બુમ પાડતા આગળને આગળ આવતા જણાયા, પછી માહારાજા ચંપકસેનની મુખમુદ્રા પગલાએ જોઇ અને એકાએક માહારાજાના પગ આગળ પડી ગયો, તે સુતાં સુતાંજ બોલ્યો.

"માહારાજાધિરાજ, મને આપની નોકરીમાં રાખો."

આ વખતે માહારાજા કાંઇક હસતા હોય તેમ જણાયા, આ નાના બાળકની હીંમતભરી માગણીનો સ્વીકાર કરવો કે નહિ તેજ વિચારમાં ગુંથાયા. થોડી પળે માહારાજાએ પગલાને પુછ્યું.

"અરે છોકરા તું કોણ છે, અને કયા ગામનો રહીશ છે. અહીયા તારૂં કોઇ સગું છે?"

"માહારાજ, આ દુનિયામાં મારૂં કોઇજ નથી." પગલાએ ટુંકામાં પતાવ્યું.

"તું કઇ નોકરી કરીશ?"

"જે કહેશો તે"

"શું પગાર લઇશ?"

"આપ માહારાજની કૃપા," પખલો વધુ કંઇજ બોલ્યો નહિ.

"ઠીક ચાલ, મારી સાથે; આજથી તારી રોજી ચાલુ થઇ છે. હું તને એકજ કામ સોંપું છું તે પર ધ્યાન રાખજે."

"માહારાજ તે કયું કામ?" પખલે આતુરતા બતાવી.

"લે આ તરવાર, બાંધ કમ્મરે, અને જ્યારે હું તને પોકારૂં, તે વખતે ફક્ત "જી હાજર," એટલાજ શબ્દો બોલવા, પણ હું તને પ્રત્યક્ષ જોઈ શકું નહિ." તરવાર આપતાં માહારાજાએ તેને સુચવ્યું.

બીચારા બાળક પખલાની માહાભોગની દશા! તેને નોકરી મળી, પરન્તુ તે બજાવવાની કેટલી જોખમદારી! તેનો ખ્યાલ કરવો એજ અતિ દુર્ઘટ છે. પખલો મનમાંજ બબડવા લાગ્યો.

"અરે! આતો રાત દિવસની નોકરી, વળી માહારાજા પળે પળે શું કરે છે, ક્યાં જાય છે! વીગેરે સઘળું છુપી રીતે તપાસવાનું કામ! આવી નોકરી કેમ થશે?" પખલો બહુ ગભરાયો પણ તે નાહીમત થયો નહિ, તેજ દિવસથી પખલો માહારાજાની પાછળ પાછળ છુપી રીતે અહોરાત્રી ફરવા લાગ્યો, તે શું કરે છે, તેની બારીકાઇથી તપાસ કરવા લાગ્યો.

એક દિવસ માહારાજા પોતાના આહેરિયા અનુસંગીઓને સાથે રાખી શીકારે ગયેલા હતા. બનવાકાળ આગળ કોઇનું કંઈ ચાલતું નથી. આખો દિવસ માહારાજા અને તેમના સંગીઓ ઘણું રખડયા

પણ એક હરણું સરખું મળ્યું નહિ. આથી માહારાજા ચંપકસેન ગુસ્સે થયા અને શીકારીઓને પોત પોતાના ઘોડાને જેમ ફાવે તેમ દોડાવવા હુકમ ફરમાવ્યો. પોતે પણ પોતાના ઘોડાને પુરપાટ મુકી દીધો, માહારાજા શીકારીઓથી ઘણે દુર નીકળી ગયા. માહારાજાએ પાછળ દૃષ્ટિ કરી તો શીકારીઓને દીઠા નહિ. તે એકલાજ અરણ્યમાં રહ્યા. તે મનમાંજ બોલ્યા "શીકાર મળે તોજ પાછા નગર તરફ પ્રયાણ કરવું!" એજ દૃઢ વિચારમાળાના મણીકા ગણતા ગણતા તે થોડુંક ચાલ્યા, એટલામાં તેમની દૃષ્ટિએ એક નાનું નાળું પડ્યું, ત્યાં આગળ આવીને વિશ્રામાર્થે તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને પોતાના ઘોડાની ગરદનને બાથ ભીડાવી કાંઇક વિચારમાં ઉભા રહ્યા, અરધોએક કલાક ત્યાં થોભ્યા નહિ હોય એટલામાં તો તેમણે નાળાની સામેથી એક વાઘને આવતો જોયો. આજ પળે માહારાજા ઘણા આનંદમાં આવી ગયા. અને પોતાની બંદુકને બરોબર વાઘની સામે તાકી, પરન્તુ કમ નસીબે બંદુકનો ઘોડો નીકળી જમીન ઉપર પડી ગયો. તત્ક્ષણ તેના પડવાના અવાજ સમેત વાઘ ચેત્યો, અને ખીજવાયો. એજ પળે વાઘે માહારાજાની ઉપર જોશભેર ત્રાપ મારી, માહારાજ ગભરાયા. પણ વિદ્યુત્યના ચમકારના સોમાં ભાગની ઝડપે એકાએક એક માણસે આવીને તે વકરાયલા વાઘને બે ભાગમાં પોતાની સમશેરથી વેંહચી નાખ્યો. આવનાર પણ તેજ ક્ષણે અલોપ થઇ ગયો, બનાવ અજાયેબ બન્યો, માહારાજા ચંપકસેન આ વખતે ખરેખર

વ્યાકુલ બની ગયા. તે બાહુકની માફક ચોમેર ઘુમવા લાગ્યા. પણ કોઇ માણુસને કે શીકારીઓને જોયા નહિ. તે બબડયા. "અરે ! આ શું ? ઇશ્વરી બનાવ હશે કે ?" તે પણ નક્કી કરી શકયા નહિ. ફરીથી માહારાજે મોટેથી બુમ પાડી.

"અરે વીર ! તું જ્યાં હોય ત્યાંથી એકદમ હાજર થા."

તેજ વખતે જમણા હાથમાં લોહીથી ખરડાયેલી તરવાર સાથે અગીયાર બાર વરસનો એક બાલયુવક માહારાજાને વંદન કરતો ખડો થયો.

અરે ! હું શું દેખું છું ? આતો પબલો ! શું તેની આ વીરતા ! માહારાજાથી સહર્ષમાં કાંઇજ બોલાયું નહિ. ને મૌનવત થઇ ગયા. આ બાલયુવકની સામું ટગર ટગર જોતા ઉભાજ રહ્યા. પરતું આપણો ગરીબ પબલો વધુ વખત મૌનપણું સહન કરી શકયો નહિ.

"માહારાજાધિરાજ, તાબેદારને હાજર થવાનું કારણ ?"

તોપણ માહારાજા કાંઇજ બોલી શકયા નહિ. તે તો તેની શુરવીરતામાં અને પોતાના જાન બચવામાં હર્ષઘેલા થઈ ગયા. ફરીથી પબલે માહારાજાને કહ્યું. "અન્નદાતા મને હાજર થવાનું શું કારણ છે ?" આ વખતે માહારાજા જાણે ઉંઘમાંથી ઝબકયા હોય તેમ પબલાને ઘણાજ હેતથી આલિંગન કરતા બોલ્યા.

"ઓ બ્હાદુર પબલા ! આજથી તારૂં નામ હું ફેરવું છું અને હું તેમજ મારી સઘળી રૈયત તને પ્રબળસિંહ કહેશે. તારી શુરી-

સમશેરે આજ મારા પ્રાણુ બચાવ્યા છે, તારી દુર્ઘટ નોકરીની કદરમાં હું કશું વધું કરી શકું તેમ નથી."

"માહારાજા, પોતાના અન્નદાતાને માટે જે કાંઇ ખમવું પડે છે તે કેવળ ફરજને અનુસરીનેજ છે. તેમાં કંઇ પણ વધુ મેં કર્યું નથી." પબલાએ નિસ્પૃહા દેખાડી.

ત્યારબાદ તે બન્ને જણા પાછા ફર્યા અને ઘણી મોડી રાત્રે તેઓ નગરીમાં પહોંચ્યા તે રાત્રીએ વધુ કાંઇજ જાણવા જેવું બન્યું નહિ.

બીજે દિવસે પ્રભાત થતાં રાજ્યના સર્વ સરદારો, અમલદારો. વિગેરેને બોલાવી માહારાજા ચંપકસેને એક ભવ્ય દરબાર ભરીને ગઇ કાલની વીતેલી બીના કહી સંભળાવી. સઘળાઓ વિસ્મય થયા અને નાનકડા ઠાકરડાના છોકરા પ્રત્યે માયાળુ દષ્ટિએ જોવા લાગ્યા. દરબારમાં માહારાજાએ આ વીર પબલાનું નામ ફેરવી "પ્રબળસિંહ" ના નામથી ઓળખાવ્યો. અને એક રત્નજડીત કટાર અને રાજશાહી પોષાક આપ્યો. વધુમાં તેને અગીયાર ગામની જાગીરી બક્ષી. આ બીના વાગે ઉડી, સર્વત્ર પ્રસરતી ચાલી પ્રબળસિંહે આ વૈભવમાં ત્રણ ચાર વરસ આનંદમાં ગાળ્યાં. સૌ મનુષ્યનાં હૃદય સરખાં હોતાં નથી.

પ્રબળસિંહની ચડતી, કેટલાકો ખમી શકયા નહિ; તેનો ઘાટ ઘડવાને તેઓએ દાવ શોધવાનો પ્રયત્ન આદર્યો. પ્રબળસિંહની ઉમ્મર

ચૌદ વર્ષની પુરી થવાને ફક્ત ત્રણ દિવસ બાકી હતા તે દિવસ પ્રબળસિંહ દુર્ગમાં ગયો અને મહારાજા ચંપકસેનના દિવાનખાના નજીક આવી પહોચ્યો. આ વખતે દિવાનખાનું અર્ધ ખોલ્લું હતું. પ્રબળસિંહે બારીકાઇથી જોયું તો અંદર ફક્ત માહારાજા ચંપકસેન અને તેમનો એક હજુરીયો એમ બે જણા હતા. પ્રબળસિંહ દિવાનખાનાના દ્વાર પાસે આવીને ચુપકીથી અંદર શું થાય છે તેની બારીકાઇથી તપાસ કરતો ઉભો રહ્યો.

" ખુદાવિંદ મને ઘણુંજ ખરાબ લાગે છે " હજુરીએ કહ્યું

" શું ખરાબ લાગે છે ? "

" માહારાજાધિરાજ આપ મોટા માણુસ છો, એટલે આપને આગળ પાછળની કંઇ ખબર નથી. "

" અરે ! પણ થયું શું ? તે તો કહે માહારાજા આશ્ચર્યતાથી જવાબની રાહ જોતા બોલ્યા.

" આપે પેલા પ્રબળને મોટું માન આપી ચઢાવ્યો છે. પણ તે તો પુરૂષ નથી. " હજુરીએ જામગરી મુકી.

" હેં શું તું આ ખરૂં બકે છે ? મારો જાન બચાવનાર પ્રબળસિંહને તું શંકામાં કેમ મુકે છે ? ખરી હકીકત જાહેર કર તે કોણ છે ? માહારાજા ઝબકી ઉઠયા.

"ખુદાવિંદ અન્નદાતા તે એક સ્ત્રી છે. " હજુરીએ ખુલાસો કર્યો.

શું મારો જાન એક સ્ત્રીથી બચ્યો ? આ ખરૂં છે ? હવે કેમ કરવું ? બસ હમણાજ જઇને તેને કતલ કરૂં " માહારાજાએ શ્વાનપદ ધારણ કર્યું.

" નહિ, નહિ, બાપજી તેમ ન કરો. તે ગરિબ માણસને બુરા-હાલે મારવો નહિ, પણ તેની યુક્તિ પ્રયુક્તિથી પરિક્ષા કરવી." હજુ-રીએ પ્રબળપ્રતિ રહેમ નજર દર્શાવી.

" કઇ રીતે પરિક્ષા કરવી ? "

" માહારાજા પ્રબળસિંહની પરમ દિવસે વરસગાંઠ છે તે દિવસે તેનું પ્રબળ જોવાની ઉત્તમ તક છે. માટે એને કહેવું કે પ્રબળસિંહ, મને વાઘની કુસ્તી જોવાનું ગમે છે. પછી જો તે ખરેખરો તેના નામને દીપાવવાને પુરૂષ તરીકે જન્મ્યો હશે તો તે જરૂર કબુલ કરશે નહિ તો આડા અવળાં ગલ્લાં તલ્લાં મારી વાતને ઉડાવશે. પરન્તુ આપ ઉતાવળા થશો નહિ અને તેજ હઠ પકડી રાખજો પછી માલુમ પડશે કે તે કોણ છે ? " હજુરીએ માહારાજાને કાન ભંભેરણી કરી.

" કુટીલ તારી ચાલાકી અનહદ છે. ફીકર નહિ હું જોઉં છું કે તે કોણ છે. એક બ્હાદુર પુરૂષ પણ તેવું સાહસ કરતાં વિચાર કરશે, તો જો તે સ્ત્રી હશે તો તત્ક્ષણ જણાઇ આવશે. વાહ ! તારો કીસ્સો ઘણોજ સરસ છે." માહારાજા ચંપકસેન ફુલાતા વદને બોલ્યા.

" અન્નદાતા હજીતો કંઇક કુંચીઓ આ કુટીલનાં પટારામાં

છે, પણ તે વખત આવે ત્યારેજ વાપરૂ છું " કુમીલ પોતાની એવ-કુફાઇને બ્હાદુરાઇજ સમજીને બોલ્યો, એજ પળે પ્રબળસિંહ દીવાનખાનામાં દાખલ થયો. અને માહારાજાને ત્રણ સલામ ભરી ઉભો. તરત હજુરીઓ ત્યાંથી ચાલી ગયો.

" વ્હાલા, પ્રબળસિંહ હું તમને જોઇને ઘણોજ ખુશ થઉં છું " માહારાજાએ સહર્ષ કહ્યું.

" મને પણ તેવુંજ જોઇએ." પ્રબળસિંહ બોલ્યો.

" પરન્તુ આજ તમે અચાનક આવી ચડયા ? " માહારાજે આશ્ચર્યતાથી પુછયું.

"અન્નદાતા, પરમ દિવસે વિજયાદશમી છે, અને મારી જન્મતિથિ પણ તેજ દિવસે છે, તેથી આપશ્રીને તે શુભોત્સવ નિમિત્તે મારા ગરિબનું ઘર પવિત્ર કરવાને આમંત્રણાર્થે આવ્યો છું. " પ્રબળસિંહે વિનીતપણે જણાવ્યું.

" મારા વ્હાલા પ્રબળ તમારે ત્યાં શું શું થવાનું છે ? "

" બે ઘડી આનંદમાં બેસી મઝા કરીશું. "

"મને તો તે દિવસે વાઘની કુસ્તી જોવાનો વધારે આનંદ થાય છે. માટે તેનો જો બદોબસ્ત થાય તો ઘણું સારૂ," માહારાજાએ પોતાની વૃતિ જાહેર કરી.

" અન્નદાતા, તેમાં આનંદ વધુ થતો હશે તો જરૂર તેનો

બંદોબસ્ત કરીશ." પ્રબળસિંહે નીડરપણે કહ્યું.

"આપો વચન" માહારાજાએ હાથ લંબાવતાં કહ્યું.

"આ વચન છે," શુરા પ્રબળે ઘણાજ જોરથી તાળી વગાડી અને માહારાજાની રજા લઇને ઘર તરફ પ્રયાણ કર્યું. પ્રબળસિંહે જાણી લીધું કે હવે રાહુ બેઠો પણ તેથી બ્હાદુર ડગ્યો નહિ, અને મનમાંજ વિચાર મુકરર કરી લીધો કે "હવે મરવું છે તો ભય શાનો ?"

પ્રબળસિંહના ગયા પછી માહારાજા ચંપકસેન ઊંડા વિચારમાં પેસી ગયા. ખરેખર આતો હજારો બ્હાદુરોનો સરદાર દીસે છે, તે મનમાંજ બોલ્યા. "લુચ્ચા કુટીલ તું પણ જોશે કે પ્રબળસિંહ કોણ છે ? પછી તારી વાત." એટલું બબડીને માહારાજા ચંપકસેન રાજ કાર્યમાં રોકાયા.

પ્રકરણ ૧૭ મું.

માહાપ્રબળસિંહનું વૃત્તાંત ચાલુ—વાઘની કુસ્તી.

સમય પાણીના રેલા માફક વ્હેતો જાય છે, તેને વાર લાગતી નથી, જોત જોતામાં વિજ્યાદશમીનું માંગલ્યપર્વ આવી પહોચ્યું. આજે શ્રી રામચંદ્રજીએ લંકાપતિ રાવણના દશ મસ્તક છેદ્યાં હતાં તેને બદલે તે માહાપુરૂષના નિમિત્તાર્થે અને તે રિવાજને ચાલુ રાખવાને રાજા રજવાડામાં પાડા અને બકરાનો વધ કરવામાં આવે છે. તેને અનુસરીને આજે માહારાજા ચંપકસેન પોતાના બ્હાદુર લડાયકોને સાથે લઇને ચંપાવતી નગરીની પાસેના મોટા અરણ્યમાં આવેલા છે. સર્વત્ર આજે આનંદ, આનંદ છવાઇ રહ્યો છે. આ ભયાનક અરણ્યમાં એક વૃક્ષની સાથે માતેલા પાડાને બાંધેલો છે તે સ્થળે માહારાજા ચંપકસેન અને તેમના લડાયક સાથીઓ આવ્યા કે, તુરતજ એ જબરજસ્ત પાડાને છોડી મુકયો. તત્ક્ષણ મોટી મોટી છલંગો મારતો અને દોડતો પાડો નાની મોટી ખાઇઓ કુદતો કુદતો ઘણે દુર નીકળી પડયો. પછી સઘળા સૈનિકોએ પોતાના ઘોડાને પાડા તરફ દોડાવ્યા. પણ આ જબરો પાડો હાથ થયો નહિ. સઘળાઓએ વિચાર્યું કે આજે સુર્યાસ્ત સુધીમાં જો આ પાડો હાથ નહિ થાય તો ચંપાવતીનગરીને જરૂર કલંક

લાગશે, અને આપણે સઘળા અપશુકનીઆ ગણાઇશું, માહારાજા પણ એજ વિચારમાં પોતાના, ઘોડાને એડીપર એડી મારતા પાડાની પુંઠ તરફ જોશમાં દોડાવતા હતા, ત્યાં પાડો એકાએક અટકયો. તેની આસપાસ સર્વ ફરી વળ્યા અને માહારાજાની તરફ વાળવા લાગ્યા. પરન્તુ એટલામાં ફરીથી પાડો ચોંકયો, અને એક મોટી છલંગ મારી માહારાજાના ઘોડાના પેટમાં એવું તો જોરથી પોતાનું અણીઆળું શીંગડુ ઘોંચી દીધું કે તેજ ક્ષણે ઘોડો મરણ પામ્યો અને માહારાજા જમીન ઉપર પટકાઇ પડયા. તત્ક્ષણ ત્વરાથી માહારાજા ઉભા થઈ ગયા. આ વખતે પાડો માહારાજાની બરોબર સામે આવ્યો પરંતુ મસ્તાની પાડાની સામે જવાની કોઇ હીમત કરી શકયું નહિ. સઘળા-ઓ પાડાને બીજી તરફ દોડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ મદાંધ પાડો ત્યાંથી જરાક પણ ખસ્યો નહિ. માહારાજા પણ એક રણવીર યોદ્ધા હતા તુરતજ તેમણે પાડા ઉપર તરવાર ઉગામી પણ નસીબનું ચક્કર અલૌકિક રીતે ફરે છે. તેની કોઇને ખબર પડતી નથી. તરવા-રનો સખ્ત ઘા પાડાના શીંગડામાં વાગ્યો; તેજ પળે તરવારના બે કટકા થઈ ગયા. એક કટકો જમીન ઉપર પડયો અને બીજો માહા-રાજાના હાથમાં રહી ગયો. પાડાએ આ વખતે લાગ મળ્યો ધારીને તે જોસભેર કુદીને જેવો માહારાજાની ઉપર છલંગ મારવા જાય છે તેવોજ તેના મોટા પેટમાં એકાએક ભાલો ઘોચાઇ ગયો, પાડાએ તેમાંથી છુટવાને ઘણું કર્યું, પણ તેની મહેનત વ્યર્થ ગઇ, ભાલો કેમે

ફરી પાછો નીકળ્યો નહિ. આથી ભાલો મારનારે જોરથી આંચકો મારીને પાડાને પોતાની સામો આણ્યો, પાડા જેટલું વજનદાર શરિરને તેણે ઘણું હલાવી નાખ્યું પણ ભાલો તો આરપાર નીકળી ગયો. તુરત પાડો જમદ્વારમાં દશેરાપર્વનો ભોગ થઇ ચાલ્યો ગયો સૌ લોકો અચંબામાં પડયા. ભાલો મારનારને શાબાશ! શુરા શાબાશ! ના કેટલાકો પોકારથી અરણ્યને ગજાવી મુકયું. સર્વની મુખમુદ્રા આનંદ આનંદથી છવાઇ રહી, માહારાજા ચંપકસેન આ ભયાનક કાળ ચક્રમાંથી બચ્યા તેનાજ વિચારમાં ડુબી ગયા. તેમણે હજારો તર્ક વિતર્કો ચલાવ્યા, પોતાનો પ્રાણ આ બીજી વખત બચાવનાર પ્રબળસિંહના અતુલ બળપર હજારો ધન્યવાદ આપવા લાગ્યા, થોડીકવારે બોલ્યા.

" અરે પ્રબળસિંહ ! તું સાક્ષાત કોઇ દૈવીબળ ધરાવતો લાગે છે"

" અન્નદાતા, સેવકનું કાર્ય તેજ છે કે સમયરંગે તે વાપરવું, અને એજ કાર્ય એક કુશળ લડાયકનું છે. પણ હવે આપ જલદીથી મારે ઘેર પધારો ત્યાં સર્વ ગોઠવણ તૈયાર છે. " પ્રબળસિંહે નમ્રતાથીજ જણાવ્યું.

" પ્યારા પ્રબળસિંહ હું જાણુ છું કે હજુ તમે આપેલું વચન પાળશો. " માહારાજાએ સખેદ કહ્યું.

" અરે માહારાજાધિરાજ ! આપને નથી ખબર કે આ શુરો

પોતાનું વચન ફેરવતો નથી. " પ્રબળસિંહે આજ પ્રથમ મુછપર હાથ દઇને માહારાજાને કહ્યું.

× × × × ×

માહારાજાની સ્વારી સઘળા સામંતો સહીત આપણા પ્રબળસિંહના મકાને આવી પહોંચી, પ્રબળસિંહના નોકરોએ ઘણીજ સરસ રીતે ગોઠવણ કરી હતી. માહારાજાને બેસવાની ગોઠવણ પ્રબળસિંહે પોતાના બગીચામાં રાખી હતી. સ્વાગતમ સ્વાગતમના નાના પણ રંગી બેરંગી વાવટાઓ તમામ સ્વારીને આદર કરી રહ્યા હતા. સર્વએ પોત પોતાની બેઠક લીધી. થોડીક વાર તો આનંદ વિનોદ ચાલી. પછી પ્રબળસિંહે પોતાના આસનેથી ઉઠીને કમ્મર મજબુત કરી હાથમા હાથીદાંતના પંઝાઓ નાખી દીધા, પછી માહારાજાને નમન કરતાં બોલ્યો

" અન્નદાતા, આપ હુકમ કરો એટલીવાર છે. " એમ કહી પ્રબળે પોતાનો સાથી કે જેનું નામ "શુરો" હતું તેને બોલાવીને કહ્યું.

" શુરસિંહ, તંબુ ઉઘાડો "

" જેવી આજ્ઞા " એટલું બોલી, શુરસિંહ તંબુ પાસે આવ્યો અને તંબુ ઉઘાડયો તેજ પળે એક નવફુટ લાંબા વાઘને સઘળાઓએ જોયો, માહારાજાએ પણ જોયો. આ વાઘને ફક્ત તંબુની ખીલીઓની સાથે મજબુત બાંધવામાં આવ્યો હતો. માહારાજાએ એ વાઘને બરોબર નિહાળ્યો અને આનંદથી કહ્યું.

" અરે પ્રબળસિંહ ! જરા થોડીવાર થોભો !! માહારાજાએ એટલું કહીને પોતાના એક અનુચરને રાજનંદિની વીરબાળાને લઈ આવવા જણાવ્યું, અનુચર જવાને ઘણોજ કચવાયો. કારણ કે આજ નું સાહસ કર્મ કદિ નહિ સાંભળેલું તેવું કાર્ય નજરે જોવાનું હતું, પરન્તુ માહારાજાની આજ્ઞાનો અનાદર ન કરતાં તે ત્વરાથી ગયો, અને પાએક કલાકમાં માહારાણી સાથે વીરબાળાને લઇ આવ્યો વીર બાળાએ અતિહર્ષમાં માહારાજાને વંદન કર્યું. તેજપળે માહારાજાએ કહ્યું

વ્હાલી પુત્રી, તું જો કે આપણા વીર પુરૂષોનું બળ કેટલું છે ! તેટલાજ ખાતર તને બોલાવી છે. " પછી માહારાજાએ પ્રબળસિંહને આજ્ઞા કરીને કહ્યું.

" પ્રબળ, તારો જય થાઓ, તારી શક્તિ સર્વત્ર પ્રસરો અને તારા જેવા બળવીર ભક્તો આ ભાર્તિય ભૂમિમાં હજારો જન્મો " એમ કહીને માહારાજાએ બ્હાદુર પ્રબળસિંહને પોતાની છાતી સરસો અતિ પ્યારથી ચાંપીને વચન સિદ્ધ કરી પૃથ્વીમાં અમરનામ કરવા જણાવ્યું.

આપણા બળ નિપુંણ પ્રબળસિંહે મહારાજાને ત્રણ વખત નમન કરી, સર્વ સામંતોને વંદન કરતો એક મસ્ત હાથીની માફક વાઘ પાસે આવ્યો. અહાહા ! કેટલું બળ ! કેવું સાહસ ! કેવી બળ પરિક્ષા ! સર્વે મૌનપણે એકી નજરે જોતાજ રહ્યા. માહારાજા ચકિત થઈ હર્ષ ઘેલા થઇ ગયા, અને એક ગાંડાની માફક કુદવા નાચવા લાગ્યા.

સઘળાઓએ તેમને ઘણું સમજાવ્યા. અને સ્થિરપણે રહેવા વિનંતી કરી. માહારાજાએ પ્રત્યુત્તરમાં સભાને કહ્યું.

" અરે ! આ શુરો ! જુઓ આ પ્રબળસિંહ ! અરે આ પ્રબળસિંહ છે કે માહા પ્રબળસિંહ ! એને કઇ રીતે સંબોધું ? " સર્વે જાણી ગયા કે માહારાજાની ઘેલછા વધી ગઇ છે. ફરીથી માહારાજાએ શુરા પ્રબળને પાછો બોલાવ્યો, સઘળાઓના દેખતાં માહારાજા બોલ્યા.

" ઓ બળવાન પ્રબળ ! અરે ! તારા બળની બરોબરી કરવાને હજુ સૃષ્ટિમાં એક પણ યોધ્ધો થયો નથી. અરે પ્રબળસિંહ ! તારી હીમતની કીમત જેટલી અંકાય તેટલી કમી છે, વ્હાલા પ્રબળ, હું તને હજારો ધન્યવાદ આપતાં જણાવું છું કે તને કંઇ પણ વિઘ્ન નડશે નહિ. તું સત્વર જા, જલદી તારા કાર્યમાં જય મેળવ." માહારાજા વધુ કંઇપણ બોલ્યા નહિ. ફરીથી બ્હાદુર પ્રબળસિંહ વાઘની પાસે ગયો અને વાઘને પોતાના હાથે છુટો કરતાં પ્રબળ બોલ્યો.

" ઓ વિકાળ પ્રાણી ! આજે તારૂં બળ અજમાવ, એમ કહીને વાઘને ઘણા જોરથી પોતાનો હાથીદાંતનો પંજો માર્યો, વાઘ ખીજવાયો, અને બ્હાદુર પ્રબળ ઉપર જોરથી થાપ મારીને તેની ગરદન પકડી, એક સેકન્ડના સોમા ભાગથી વધુ ત્વરામાં આપણા શુરા પ્રબળે પોતાના ડાબા હાથમાં કારમી કટારનો પડછો બતાવીને તેના પેટમાં એવી તો જોરથી ખોશી દીધી કે વકરાયેલા વાઘે પ્રબળની ગરદન

છોડી દીધી અને એક ભયંકર ચીસ પાડી, સર્વે સભાને થથરાવી દીધી, તત્કાળ પ્રાણનાશક પ્રાણી જમીન ઉપર ચાર પગ હલાવતું પડયું. તત્ક્ષણ બ્હાદુર પ્રબળસિંહે તેને બીજો ઘા કર્યો અને તેના પ્રાણ હર્યા. આ સાહસ બનાવે સર્વેના હૃદયો હલાવી નાખ્યા, પછી પ્રબળસિંહ માહારાજાની પાસે આવીને વંદન કરતો બોલ્યો. "અન્નદાતા, આનંદ થયો કે?"

"ઓ મારા વ્હાલા પ્રબળ! હું આનંદના ડુંગરપર ચડયો છું. હવ પાછો ઉતરવાનો નથી અને આજથી મારી રાજ્યગાદી તને બક્ષીસ કરૂં છું અને આ મારી એકની એક લાડીલી કુંવરી વીરબાળાનો હસ્ત અતિ સ્નેહપુર્વક તારા હાથમાં આપુ છું તેનો સ્વીકાર કર," એટલું બોલી વીરબાળાનો હસ્ત આપણો "પબલો ઉર્ફે બ્હાદુર પ્રબળસિંહ"ના હસ્તમાં આપ્યો, તે વખતે આનંદ! આનંદ! આનંદ!!! થઈ રહ્યો. સર્વએ શાબાશ! શાબાશ!!! શાબાશ!!! ધન્ય છે તારી જનેતાને! ઓ શુરા પ્રબળસિંહ! લાખો ધન્ય છે તારા શુરાતનને! કે સૃષ્ટિમાં ને ક્ષત્રિય નામને ઉજ્જવળ કરી તારી કિર્તિને ઝગઝગાવી દીધી. એવા અસંખ્ય જયધ્વનિથી પ્રબળસિંહને વધાવી લીધો.

વીરબાળાને આવો બ્હાદુર લડાયક પતિ મળવાથી તે અતિ પ્રેમઘેલી બની ગઈ, વારે વારે તે બોલતી, વાહ! વાહ!! વાઘને મારનાર પ્રબળસિંહ, હું ઘણીજ ભાગ્યશાળી નીવડી, મારૂં અહો

ભાગ્ય ! કે આપ જેવા વીરનરની અર્ધાંગના બની મારૂં જીવન સાફલ્ય થયું સમજુ છું. પ્રબળસિંહ પણ પ્રસંગાનુસારે વળતો હરખભર્યો જવાબ આનંદાવેસમાં બોલ્યો.

"પ્રીય વીરબાળા, મારા જેવા ઠાકરડાને આપ જેવી સુકુમારીકા પ્રાપ્ત થયેલી જાણીને મારૂં હૃદય ખરેખર આનંદથી છલકાઇ જાય છે."

"પ્રબળસિંહ, હવે હું, આજેજ બાકીનું જીવન એકાન્ત સ્થળે ગાળવા ઇચ્છુંછું." માહારાજાએ પોતાની સદેચ્છા પ્રદર્શિત કરી.

"માહારાજા, આપ જેવા સુશીલને હું વધું શું કહી શકું ? પરન્તુ આપ અહીંજ રહી પ્રભુનું આરાધન કરો, સર્વ ગોઠવણ અહીં થઇ શકશે. આપ જેવા માહાન પુરૂષનો સમાગમ લેષ પણ દુર કરતાં મારૂં હૃદય ચીરાઇ જાય છે." એટલું બોલતાં બોલતાં પ્રબળસિંહથી હર્ષમાં રડી દેવાયું.

માહારાજા જાણી ગયા કે તે મને દુર કરવા ઇચ્છતો નથી. તુરત માહારાજાએ તેને આશ્વાસન આપતાં કહ્યું.

"પ્રબળસિંહ, હું અહિંજ નિવાસ કરીશ અને આવતી કાલે તમને મારા હાથે રાજ્યાભિષેક કરીશ." એટલું કહીને માહારાજાની સ્વારી ઉઠી સર્વે સામંતો "પ્રબળસિંહનો જય થાઓ. જય થાઓ." એવા મોટા હર્ષોદ્દગાર કાઢતા પોતપોતાને સ્થાનકે ગયા.

* * * *

આખી ચંપાવતી નગરીમાં ઘેર ઘેર આપણા પ્રબળસિંહના ગુણ ગવાવા લાગ્યા ! કોઈ તો તેની બ્હાદુરીમાં ડુબી ગયેલા જણાતા હતા, ત્યારે કેટલેક ઠેકાણે એવી પણ વાત ચાલતી હતી કે પ્રબળસિંહ માનવી જાતનો નથી પણ એ તો કોઇ દૈવી પુરૂષ લાગે છે, આપણા કુટીલભાઈ અને તેના સાથીદારો તો બળીને ખાખ થઈ ગયા. એતો એજ વિચારમાં વિંટાયા અને તેઓમાંજ એક એકથી બ્હાદુર પ્રબળસિંહની અદેખાઇ કરતા બોલતા કે આતો " બકરી કાઢતાં ઉંટ પેસી ગયું " હવે તે લોકો પણ ના ઇલાજે દરેકમાં હાજી કરવા લાગ્યા. આવતી કાલે તે રાજ્ય ગાદિનો માલીક થવાનો છે. એટલે બીચારા કુટીલભાઇ તો પોતાની મેળેજ સમજી ગયા કે " એક કરતાં બીજુ થયું " માટે " ન બોલ્યામાં નવગુણ " એ કહેવતને માન્ય કરી રાત્રી આનંદમાં પ્રસાર કરી.

પ્રાતઃકાળમાં શ્રી આદિત્ય નારાયણ ભગવાને પોતાની રમણિય તેજ પ્રભાથી ચંપાવતી નગરીને સુવર્ણ રંગે રંગી દીધી છે આજે ભવિષ્યનો રાજા અતિ બળવાળો થવાનો છે તેથી આજનો માંગલ્ય દિવસ ચંપાવતી નગરીમાં અત્યાનંદથી ઉજવાશે, તેની ખાત્રી આપતા હોય તેમ હજારો સન્નારીઓ અને પુરૂષોના ઝુમખાબંધ ટોળાં નવ નવા વસ્ત્રાલંકારોથી સજ્જ થઇને પોતાના નવા રાજાને અતિ માનનીય દૃષ્ટિથી નિહાળવાને દરબારગઢમાં જતા અને આવતા જણાય છે.

દરબારગઢમાં રંગબેરંગી વાવટા, તોરણો લટકાવેલાં તે મનોહરતામાં વધારો કરવાને અત્યોત્સુકતાથી હવામાં ફરફર ઉડી રહેલાં છે. દરબાગઢને આજના પ્રસંગે ઉત્તમ રીતે શણગારવામાં આવ્યો છે. આઠ વાગ્યામાં તો તમામ સરદાર અમલદાર અને શુભ સંભાવિત નાગરિક જનોની મોટી ઠઠ દરબારગઢમાં જામી ગઇ છે. માહારાજા ચંપકસેન પોતાના કેટલાક અંગ રક્ષકો સાથે દરબારની રચના જોવા નીકળ્યા. માહારાજાએ આખો દરબારગઢ ફરીને જોયો. અંતે ઘણા હર્ષિતવદને પોતાના અંગ રક્ષકો પ્રતિ બોલ્યા, " વાહ ! દરબારની રચના ઘણીજ ઉત્તમ પ્રકારે રચાઈ છે. " એમ કહેતાં કહેતાં તેઓ અંતઃપુરમાં ચાલ્યા ગયા. દરબાર એવી તો ખીચોખીચ ભરાઇ ગઈ કે, ત્યાં સોય પડવાને જગા નહોતી. સઘળા લોકોના મુખપર આનંદ આનંદ, પ્રકાશી રહેલો જણાય છે. એક પણ વસ્તુમાં એમ જણાતું નથી કે જેમાં આનંદ પ્રકાશ ન હોય ! એટલામાં ચંપાવતીના ભવિષ્યાધિપતિ પ્રબળસિંહની સ્વારી દરબારગઢમાં આવી પહોંચી. પ્રબળસિંહ તુરત ઘોડા ઉપરથી ઉતરી દરબારમાં આવ્યા, જ્યાં તેમને માટે એક સુંદર કારીગીરીવાળું સુવર્ણ રત્નાદિથી જડીત મયુરાશન હતું. તેની બન્ને બાજુએ ચાંદીની ખુરશીઓ મુકેલી હતી તેમાંની ડાબી બાજુએ તે બેઠા. તુરતજ હજુરીઆઓ વા ઢોળવા લાગ્યા. થોડાક સમયમાં તો માહારાજા ચંપકસેન દરબારમાં આવી પહોંચ્યા તે વખતે દરબારગઢ મોટા હર્ષ નાદોથી ગાજી રહ્યો, તેનો ભણકારો કેટલીવાર પર્યંત સતત ચાલુ રહ્યો.

માહારાજા મયુરાશનની જમણી બાજુએ મુકેલી ખુરશીપર બેઠા. પ્રથમ ત્યાં વારાંગ્નાની વિધવિધ કલાઓ ખેલાઇ, પછી ભાટ, કવીઓએ પુર્ણ હર્ષઘેલછામાં ગાઇ ગાઇને પોતાના કુમળા ગળાં સુકવી નાખ્યાં. છેવટે માહારાજા ચંપકસેન પોતાના આસનેથી ઉઠયા, અને બ્હાદુર પ્રબળ-સિંહને રાજ્યારોહણમાળા આરોપતાં મયુરાસનપર બેસવા જણાવ્યું. પછી સભા સમક્ષ માહારાજા ચંપકસેન પુર્ણ આનંદ ધ્વનિએ બોલ્યા.

"મારા શાણા સરદારો અને પ્રેમી નાગરિકો,

આપ સઘળાને વિદીત હશે કે આજનો પ્રભાકર સુવર્ણમય દીસે છે, અને તેનાજ તેજ બળે આપણી નગરીમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો છે. તેનું મુખ્યત:કારણ એજ છે કે મારો બે વખત પ્રાણ બચાવનાર આ બ્હાદુર પ્રબળસિંહને ઓળખાવતાં મારૂં હૃદય પ્રફુલા-નંદમાં ઘેલું બની જાય છે, તેની યાદ સદાકાળ આ ચંપાવતી નગરીમાં એક સ્તંભ તરીકે રહે અને ભવિષ્યમાં સર્વ પ્રજાને અતિ પ્રિયકરં થઇ પડી સુખકર નીવડે તેની પુર્ણ ખાત્રી આપતાં હું અતિહર્ષિત-વદને આપ સઘળાઓની રજા લઇને મારી હમેશની કાર્કિદીને ઉજ્જ-વળ કરી સૃષ્ટિમાં દિનપ્રતિદિન વધુને વધુ પ્રકાશિત કરી પ્રદર્શ કર-વાને આજના સુવર્ણ, તેજસ્વી, શ્રી ભાનુપતિની સાક્ષીમાં મારી સર્વ રાજ્ય લગામ આ હજારો શુરામાં એક ચંદ્ર તરીકે પ્રકાશના મારા વ્હાલા પ્રબળસિંહને હસ્ત કરી પુર્ણ સ્નેહથી રાજ્યારોહણમાળા અર્પુ

છું, તેમાં સમગ્ર સરદારો અને મારી પ્રેમી પ્રજા માહાનંદે ભાગ લઇને મને સહાયભુત થશે.” એમ કહીને માહારાજાએ આપણા પ્રબળસિંહને પ્રેમથી રાજ્યારોહણમાળા પહેરાવીને રાજમુકુટ પોતાના હાથે પ્રબળના મસ્તકપર મુકયો. તે પળે લાખો આનંદ ધ્વનિએ દરબારગઢને હર્ષમાં ઘુજાવી મુકયો. આહાહા ! પ્રબળસિંહ કેવો દીપે છે ! અરે તેનું શુરૂ લોહી તેના અવયોમાં ફરતું કેવું ચળકાટ મારતું જણાય છે ! પછી બહાદુર પ્રબળસિંહ ઉઠીને માહારાજા ચંપકસેનના ચરણોને નમીને સઘળી સમાજને વંદન કરી બોલવા જતો હતો ત્યાં એકાએક મહાતપ સ્વી, ભ્રકુટીપર ભસ્મ છવાયેલી, કંઠમાં રૂદ્રાક્ષ માળા લટકેલી, દિવ્ય ચક્ષુઓના થતા ચળકાટવાળા યોગીજી ઉપસ્થિત થયા. સર્વે આશ્ચર્યમાં પડયા કે આ માહામૂર્તિમાન પ્રભુ કયાંથી પધાર્યા ? કોઇ કોઇ તો એમજ માની બેઠા કે અંતરિક્ષથી સાક્ષાત્ શ્રી શંકરજી યોગીજીનું રૂપ લઇ આપણા શુરા પ્રબળસિંહ રાજેન્દ્રને આર્શિવચન આપવા પધાર્યા છે, વળી કોઇ તો આ માહાત્માશ્રી વષિષ્ટ ગુરૂ છે એમજ સમજતા અને જે પોતાની આસપાસ બેઠેલા અન્ય વ્યક્તિને તેમજ સમજાવતા. આ માહાયોગીને સર્વ સભાજનોએ શાંન્તતાથી નિહાળ્યા. તે શું કહે છે, તે જાણવાને અત્યાતુર બની મૌનપણે બેસી રહ્યા.

“ઓ રાજવીર ! તારૂં તેજ સાક્ષાત્ સૂર્ય ચંદ્ર તુલ્ય દીપે છે. તારો હમેશા જય થાઓ.” એટલું કહીને યોગીજીએ નવીન માહારાજા પ્રબળસિંહના મસ્તકપર હાથ મુકયો, પછી કર લંબાવતા ઉભા.

" માહાત્મા, આપ સમયાનંદે પધારીને જે સેવકને અલભ્ય લાભ અર્પ્યો છે તેથી હું ઘણોજ આભારી થયો છું. આપની શું ઇચ્છા છે ? " પ્રબળસિંહે રાજ્ય નીતિના પ્રથમ પ્રકરણનું દીગ્દર્શન કરાવતાં નમન કરીને કહ્યું.

" હે તરૂણરાજ, મારી ઇચ્છા તું કેમ કરીશ ? "

" ઘણા હર્ષ સહિત " એ હસ્ત જોડી માહાત્મા પ્રત્યે પ્રબળ-સિંહે જણાવ્યું.

" હજુ સુધી મારી ઇચ્છા કોઇએ સંપાદન કરી નથી." યોગીએ અડગપણે કહ્યું.

" ગુરૂજી, આપની જે કાંઇ ઇચ્છા હોય તે પ્રદર્શિત કરો. "

" ઓ બ્હાદુર, હું મારી ઇચ્છા જણાવું, પરન્તુ તે તારાથી ન અપાય તો; "

" મહારાજ આ પ્રબળનું વચન છે. " એટલું કહી એકવચની પ્રબળે માહાત્માના હસ્ત સાથે હસ્ત મેળવ્યો.

" તું ક્રોધ તો નહિ કરે ? " જવાબની રાહ જોતા ગુરૂજી બોલ્યા.

" યોગેન્દ્ર, ક્રોધ શું છે ! તે માણસ છે કે પક્ષી છે, તે સ્થુળ છે કે ચલિત છે ? તે હું બીલકુલ જાણતો નથી માટે આપની સદેચ્છા જણાવીને તે તૃપ્ત કરો, અને સેવકને આશિર્વચન આપો. "

" મારૂં વચન એજ છે કે મારા યોગબળમાં વૃદ્ધિ કરવાને કોઇ એક નુતન રાજનના રૂધીરથી સ્નાન કરવું, તે તારાથી આપી શકાશે ? યત્કિંચિત પણ કચવાતે હૃદયે નહિ જોઇએ. ' આજ ક્ષણે સઘળા દરબારી જનો ખળભળી ઉઠયા. અને મનમાંને મનમાં આ યોગીને અપમાનયુક્ત લાગણીઓથી અસંખ્ય કુવચનનો પ્રહાર કરવા લાગ્યા, માહારાજા ચંપકસેન પણ આવું કઠણુ વચન સાંભળી ગભરાયા, દરબારગઢની રાજ્ય રમણીઓએ સાંભળ્યું. રાજ્યલક્ષ્મિ શ્રીમતી વીરબાળાના કાને પણ આવી કઠોર માગણી સંભળાઇ. સર્વના ગાત્ર ઢીલાં થઇ ગયાં, સૌ લોક બોલવા લાગ્યા કે આતો આનંદે આક્રંદરૂપ ધારણ કીધું. પ્રબળસિંહ ઘણાજ આવેશે સઘળાઓ તરફ નજર ફેંકતો અતિપ્રેમથી બોલ્યો.

" હે દિગ્વીજયી સરદારો ! આપણા ક્ષત્રીઓએ વચનને માટે લાખોની ગણત્રીમાં પ્રાણની આહુતીઓ સમર્પી છે. તો આતો માહામુર્તિરૂપ યોગીના યોગ બળ સીદ્ધાર્થે મારૂં રૂધીર અતિ હર્ષથી આપવાને આજનો દિન અલૌકિક રીતે આનંદ આપશે. આપ સઘળાઓ સારી રીતે સમજો છો કે દુનિયામાં જે જન્મે છે તે મરવાને માટેજ. કોઈ વહેલું તો કોઇ મોડું પણ મરવું એ તો ખરૂંજ. તે કોઈ પણ મીથ્યા કરી શકતું નથી. આવોજ એક દીવસ હજારો વર્ષની પુર્વે શ્રી રામચંદ્રજી માહારાજ થઇ ગયા તે વખતનો ઇતિહાસ આપ સર્વેએ વાંચ્યો હશે. જો કે તે રાજ્યાભિષેકની ક્રિયા થવાની હતી અને શ્રીરામચંદ્રજી મા-

હારાજને વનવાસ મળ્યો. એવું ચંપાવતી નગરીમાં બન્યું નથી, તેને બદલે આજે તે ઘણાજ ઉત્સાહથી શ્રી જગનિયંતાના સહાયબળે નિ- ર્વિઘ્ને રાજ્યાભિષેક થઇ ગયો છે. તેની એકજ પળ આજના અપ્રતિમ આનંદને ક્રોડ વર્ષથી વધુ ગણીને હું અતિ હર્ષથી એક ખરા અને બુદ્ધિમાન ક્ષત્રીય રાજ્ય કુળને દીપાવી, સૃષ્ટિની સૌંદર્યતામાં નિડરપણે મારા અન્નદાતા માહારાજા ચંપકસેનની કિર્તિનાકિર્ણો સુર્યના ઝગઝગતા તેજમાં મેળવવાને, આજના દિનમણીના રમણીય પ્રભાતને સુવર્ણ કરતાં ઉચ્ચ માનવા મારૂં મહાભાગ્ય સમજુ છું, અને મારી છેલ્લી પાર્થના એજ છે કે મારા એક પળના શાણા સરદારો અને મને ખરા અંતઃ કરણથી ચ્હાતી મારી પ્રેમી પ્રજા, પોતાના રાજાને સુખેથી આનંદ ધ્વ- નિથી તેના વચનને પુર્ણ કરવા સુહર્ષથી મદદ કરશે." એટલું બોલી શુરવીર અને પરદુઃખભંજની પ્રબળસિંહે માહાત્માશ્રીને વંદન કરતાં કહ્યું.

"આપના હસ્તે રૂધીર કાઢશો ?"

"નહિ હું ઘાતકી નથી, હું પાપી નથી, મને તારાજ હસ્ત- વડે જોઇએ." માહામુર્તિએ ભૈરવીરૂપે જણાવ્યું.

તત્ક્ષણ આપણા બ્હાદુર પ્રબળસિંહે કમ્મરે ખોસેલી કટારને હસ્તાવદને પોતાના પેટમાં મારી, તેજ પળે તેમાંથી એક શુરીરક્ત શેડ છુટી તે એવી તો જોરથી ઉડી કે યોગીજીના શીખરે પડી. સઘળા દોડી આવ્યા અને બ્હાદુર એક વચની પ્રબળસિંહને લાખો ધન્યવાદ

આપવા લાગ્યા, માહારાજા ચંપકસેન દીંગમુઢ બની ગયા. થોડી વારે માહાત્મા પ્રત્યે દીન વાણીએ બોલ્યા.

" અરે દેવ! ઓ પ્રભુ! આપનું તપોબળ વધો અને મારા ગરીબ ધનને પાછું આપો, આપનું વચન નિષ્કલંકપણે પળાયું છે."

" હે રાજન, તું ગભરા ના. શાંન્ત થા. આ દૈવી પુરૂષ ઘણોજ તેજસ્વી છે. તારી કિર્તિમાં આ શુરો વધારો કરશે " એમ કહીને માહાત્માએ પોતાના કમંડળમાંથી ત્રણ આચમની જળ ભરી શ્રીપ્રભુની સ્તુતિ કરીને પ્રબળસિંહ ઉપર છાંટયું. અહાહા! શું દૈવીપ્રયોગ! આ શું! સર્વે ચકિત થયા અને શુરો પ્રબળસિંહ ઉઠીને માહાત્માના પગે પડયો, માહામુર્તિ યોગીજીએ પ્રબળસિંહના મસ્તકપર ફરીથી હાથ મુકી આશિર્વચન આપતાં કહ્યું.

ગીતિ.

"વાધો કિર્તિ અખંડ અતિ કૃપાશ્રી બ્રહ્મા વિષ્ણુ મહેશની
દશે દિશામાં યશ પામી ઘણું, કર સફળ કૃતિ નરેશની."

યોગીજી એટલું કહીને ચાલી ગયા, અરે! તે ક્યાં ગયા! તે સૌ કોઇ જોવા લાગ્યા, પણ ફરીથી તે માહામુર્તિના દર્શન થયાંજ નહિ. સર્વેએ થોડી પળો ઉદાસીમાં વિતાડી. પછી નવીન માહારાજા પ્રબળસિંહને ફરીથી માહારાજા ચંપકસેને " માહાપ્રબળસિંહ " નામ આપી સરદારો અને સમગ્ર પ્રજાને ઓળખાવ્યા પછી મહારાજાએ આપણા માહા પ્રબળસિંહને કહ્યું.

"હવે હું આ માયાવી જંજાળમાંથી મુક્ત થઉંછું. મારી કિર્ત્તિને તેજ કરજે" એટલું કહીને માહારાજા ચંપકસેન દરબારમાંથી ચાલી ગયા. ત્યાર બાદ માહાપ્રબળસિંહે હજારો દુઃખીનાં દુઃખ જાણ્યા અને તેને હણ્યાં, ઘણા કાળ પર્યંત તેનો રાજ્ય વૈભવ સુખ શાન્તિમાં રહ્યો. માહાત્મા શ્રી અખંડાનંદજી માહાપ્રબળસિંહના વૃત્તાંતને પુર્ણ કરી અટક્યા.

"યોગેન્દ્રજી, આપના સદુપદેશામૃતના બીંદુઓ મારી રગે રગમાંના રૂંવેરૂવાં ખડાં કરીને એવાંતો પેસી ગયાં છે કે જાણે એ બહાદુર વીર નર માહાપ્રબળસિંહના જાણે સાક્ષાત્ દર્શન થતાં હોયની! વાહ! માહારાજા માહાપ્રબળસિંહ કોણ! અરે તેમની શુરવીરતાથી તે અખંડ બ્રહ્માંડમાં એક માહા પુરૂષ તરીકે મનાય તેવી યશ કિર્તિ સંપાદન કરીને પોતાના અન્નદાતા માહારાજા ચંપકસેનની ઉદાર કિર્તિમાં મળી જતી, શ્રી પ્રભાકરના તેજસ્વી કિર્ણોરૂપ ઝગ ઝગતી કાંઇ ઓરજ ભાન કરાવે તેવી રસજ્ઞ અને શુરજ્ઞ હોઇને કેવળ ક્ષત્રી વંશને નહિ, પણ સમગ્ર ભાર્તિય રાજ રત્ન ભુષણાધિપતિઓનો એક સુવર્ણ શીખરનો શિરતાજ બની ગયો. અહો! માહાત્મા આપના એક ઘડીના સમાગમથી જે અદ્વૈતાનંદ પ્રાપ્ત થયો છે, તેનો આ સ્થુળ દેહતો શું પણ આત્મ બળે કરીને નિમિષ પણ બદલો આ દગાબાજ દુનિયાની પ્રપંચી જાળમાં પકડાયેલો અને ફસાયેલો માનુષ કંઇ પણ કરી શકે

તે અગ્રજોની ગણુત્રીથી ઓછું છે.” આપણી વાર્ત્તાના રશીલા રણમલે હાથ જોડી વંદન કરતાં કહ્યું.

“ હે વીર, આવા બળીષ્ટ રાજાઓના ઘણા ચરિત્રો છે પરન્તુ સમયાવરોધને લઇ તે મુલત્વી રાખવાં ઉચિત છે. હવે તું જા, તારો સદા જય થશે. તું પુર્વ દિશા તરફ પ્રયાણ કરજે.” એટલું કહીને યોગેન્દ્ર શ્રી અખંડાનંદજી પોતાના નિત્ય કર્મમાં પ્રવર્ત થયા, બ્હાદુર રણમલે ગુરૂજીના કહેવાને માન આપી મઠમાંથી પ્રયાણ કર્યું.

પ્રકરણ ૧૨ મું.

મોતની ખીણ.

દિનમણી પલકે પલકે અને આસ્તે આસ્તે નૃત્ય કરતાં કરતાં પોતાનાં સોનેરી કિરણો પૃથ્વીપરથી સંકેલી ડુંગરાળ પ્રદેશની ખીણમાં છુપાવાની તૈયારી કરી રહ્યા હતા. અરણ્યમાં પક્ષિઓનાં ઝુમખાંબંધ ટોળાં કલ્લોલ કરતાં પોતાના માળા તરફ પોતાનાં પ્યારાં બચ્ચાંઓને મળવા અત્યોત્સુકપણે ઉડતાં જતાં જણાતાં હતાં. વાઘ, વરૂ આદિ હિંસક પ્રાણીઓ એક બાજુએથી બીજી બાજુ તરફ દોડતાં અને ભયંકર ગર્જના કરતાં જણાતાં હતાં. કોઇ કોઇ ઠેકાણે પહાડોમાંથી ઝીણો

જળ પ્રવાહ ચળકાટ મારતો, પણ મંદપણે ગમન કરતો જોનારને શાંતિ કેન્દ્રનું પ્રથમ સ્થાન દેખાડતો હતો. જંગલમાં સંધ્યા દેવીનું બિહામણું રૂપ જોવાને કોના ભાગ્ય નબળાં થયેલાં હોય ! ખરે ! કોઇ હતભાગી હોય તોજ આવા ભયંકર સ્થાનમાં ભટકે. આ સમયે અરણ્યની અપાર લીલાનું નિરીક્ષણ કરતી, પર્વતોની ઉંચી નીચી ટોચ ઓળગંતી એક વનદેવી તે વન રાજ્યમાં ભટકતી હતી. તે ઘડીકમાં થોભતી, તો ઘડી-કમાં કાંઇ યાદ આવતું હોય તેમ મુખપર આંગળી ટેકવતી, મૌનપણે શ્વાસ્વાજ કરતી, વળી થોડી થોડી વારે જમીનપર બેસી જતી હતી. વળી દયાર્દ્ર મૂખે શ્વાસ નાખી પાછી ઉઠતી અને ચાલતી. આવી રીતે આ જંગલની મોહમાયા થાકેલી પાકેલી ચાલ્યા કરતી. આખરે આ મોહમાયા એક મોટા પર્વતની ટોચપર આવી ચઢી. આ વખતે તેણે પોતાના હાથ માંહેનું જળપાત્ર નીચે મૂકયું અને કેટલોક વખત તે હાલ્યા ચાલ્યા વગર ઉભી રહી. તે વખતની તેની ભવ્ય આકૃતિ દ્રષ્ટ પાતકોને એમજ ભાન કરાવતી હતી કે પાવાગઢની સાક્ષાત શ્રી મહા કાળીકા દેવી દેવાલયમાંથી વનચર્યા જોવાને અત્યાતુર વદને બહાર નીકળી હોયને ! તેમ તે મોહ માયાએ પોતાની કેશલતાને બન્ને ખભા ઉપર સરખા હિસ્સે વહેંચીને છૂટી નાખી દીધી હતી. મોહ માયાનું સર્વાંગ ભગવા વસ્ત્રથી છેક પગના અંગુઠા સુધી ઢંકાયેલું હતું. ઘડી-કમાં તેની આકૃતિ બિહામણી લાગતી તો ઘડીકમાં તે સાક્ષાત માધુર્ય નિપૂર્ણતાની અધીદેવીરૂપે જણાતી હતી. ઉચ્ચાર શુન્ય સ્થીતિમાં એક

કલાકથી વધુ વખત રહી નહિ. અંતે તે ગગન તરફ મૂખ કરી મન-માંજ કાંઇક બબડી, તે શું બબડી, તેને શું દુઃખ છે, તે આવી ખખે વખે થયેલી હાલતમાં અત્યારે કેમ રખડે છે; તે જાણવું અશકય છે. પરંતુ એટલું તો તેની આકૃતિ અને તેના ભવ્ય સુંદર ભાલ પ્રદેશ-પરની લાંબી ટુંકી થતી રેખાઓ દ્રષ્ટ પાતકોને સ્હેજમાં સમજાવતી હોય તેમ જણાતી હતી કે, તે કોઇ પણ એક પ્યારી વસ્તુની શોધમાં જંગલે જંગલ અને વનેવન ભટકતી મોહ માયા છે. ખેર, ગમે તે હોય પાઠક, હાલમાં આપણે તેનું ખરૂં સ્વરૂપ જાણવાને અશકય છીએ, માટે તેને તેજ સ્થીતિ મુબારક હો એમ ઇચ્છીશું. પણ જુઓ ! જુઓ ! પાઠક તે એકાએક ગભરાયેલી જણાય છે. તેની નજર ચોતરફ ફરતી દેખાય છે, આપણે તેને બરોબર જોઇએ કે તે મોહ માયા શું કરે છે? તે કાંઇ સાંભળતી જણાય છે. જુઓ તેના મુખોચ્ચાર શું નિકળ્યા? "અરે આવા સંધ્યાના ભયંકર સમયે આ શું ! આ અઘોર જંગલમાં બાળકના રડવાનો અવાજ શું !" બાળકના ઉંવા ઉંવા શબ્દોથી મોહમાયા કંપાયમાન થઇ ગઇ. ફરીથી તેણે ચોમેર દ્રષ્ટી ફેંકી તો કંઇ જણાયું નહિ. આથી તે બાવરી બની ગઇ અને ગંભીર વિચારમાં ગરક થઇ ગઇ. પાછું કાંઇ જોયું હોય તેમ તે મોહમાયા ધ્રુજવા લાગી. આવી રીતે કેટલો વખત મોહમાયાને બાળકના જેવા ઉંવા ઉંવા શબ્દે ધ્રુજાવી મુકી. આ સ્વર તદન ઝીણો અને છેક ઉંડાણથી આવતો મોહ માયાને જણાયો, જે તરફથી અવાજ આવતો હતો તે તરફની

પર્વતમાંની છેક ઉંડી અને લાંબી ખીણમાં એક સરખી નજર તાકી મોહમાયા જોતી ઉભી. થોડીજ પળમાં તે જોરથી બબડી, "આ! પેલું બાળક ખીણમાં હાલે ! શું તે એકલું છે ! નહિ, નહિ, તેની માતાને તે ઘણું પ્રિય છે. તેને એકલું કેમ મૂકી જાય?" એજ શબ્દોચ્ચાર આપણી મોહ માયાએ વિજળીના ચમકારાની માફક મૂખદ્વારે કાઢી નાખ્યા. આ મહાયોગિની કેટલાક વખત સુધી સ્તબ્ધ પણે હાલતા બાળક પર પોતાની દ્રષ્ટી ટેકવતી હજારો તર્ક વિતર્કો કરતી ઉભીજ રહી. આખરે તેની ધીરજ ખૂટી. યોગિનીના વિચારો અદૃશ્ય થઇ ગયા, અને તુરતજ તે મોહમાયા ખીણમાં ઉતરવા લાગી. આ ખીણમાં ઉતરવાને પગથી ન્હોતી પણ ટેકરા જેવી ઢાળાવ જમીન હતી. યોગિની એક પછી એક પગ મૂકતી બાળકની છેક લગોલગ આવી પ્હોંચી. નાનું બાળક ! હાય ! તરતનું જન્મેલું બાળક આપણી ભલી યોગિનીને જોઇ નમન કરતું હોય, તેમ પોતાના બન્ને હાથ હલાવતું ઉંવા ઉંવા શબ્દોમાં શ્રી જગતના પાલનહાર પ્રભુની સ્તુતિ કરતું જણાયું. યોગિની બાળકની પાસે આવીને થોભી, ચોમેર દ્રષ્ટી ફેરવી, ખીણની અંદર પાંચ પચીશ ડગલાં ફરી વળી પણ કોઇ મનુષ્યને જોયું નહિ સંધ્યાની અધી દેવી મોહ માયાએ એકાએક આ કુમળા બાળકને ઉંચકયું અને અતિ પ્યારથી તેને એક મીઠું ચુંબન કર્યું. બાળકની કોટમાં કાંઇક માદળીઆ જેવું જોયું તેજ

પળે તે શંકામાં પડી અને બોલી " અરે આ માદળીયું શાને ! " વળી જે ઠેકાણેથી આપણી મોહમાયાએ બાળકને ઉંચક્યું તેની નીચે એક કાગળ હતો. તે યોગિનીએ ઉંચકી લીધો અને વાંચ્યો. તત્ક્ષણ યોગિની ગભરાઇ ગઇ. થોડોક વખત સ્થિરપણે કાગળ ફરીથી વાંચવા લાગી. કાગળ વાંચી રહ્યા બાદ યોગિની બાળકને લઇ ચાલવા લાગી, ત્યાં તેની પાછળ કોઇ આવે છે એમ તેને ભાસ્યું, તેથી તે અટકી; પાછી વળી, અને જે સ્થળે બાળક પડયું હતું ત્યાં આવી, અને બાળકને નીચે મૂકીને પોતાની પાસે સંતાડેલી કટાર બહાર કાઢી ખીણમાં ગઇ. ખીણમાં જવાનો રસ્તો એવો તો સાંકડો હતો કે માંહે પેસતાં ઘણી મુસ્કેલી વેઠવી પડતી. ખીણની બન્ને બાજુએ મોટા પર્વતોનાં ખડબચડાં ધાબાં એવાં તો હતા કે, તેમાંનો કેટલોક ભાગ આવનાર જનાર માણસને વાગતો હતો. આપણી મોહમાયા પર્વતોનાં ધાબાંને બન્ને હાથ ઘસતી ઘસતી લગભગ અર્ધો પોણો માઇલ આવી પહોંચી એટલામાં જાણે ખીણમાં કોઇ વાત કરતું હોય તેમ કાંઇક સાંભળ્યું. તેજ પળે મોહ માયા થોભી પણ ખીણમાં એવું અંધારૂં હતું કે તેણે કશુંએ જોયું નહિ. ખીણનો છેડો ક્યાં સુધી લાંબો છે તે પણ આપણી યોગિની જાણી શકી નહિ. જે સ્થળેથી અવાજ સાંભળ્યો તેજ સ્થળે તે કેટલોક વખત થોભી. અંતે તે પર્વ-તને હાથ ફેરવવા લાગી, અને તેને જણાયું કે આ સ્થળે પર્વત પોલો હોવો જોઇએ. અનુમાન ખરૂં પડયું, જરા જોર કરી જાણે પર્વતને

ધકેલતી હોય તેમ કરવા લાગી, ત્યાંતો ગોઠવેલો પત્થર નિચે પડી ગયો, અને પર્વતમાં એક મોટું માણસાઇ ગાબડું પડયું. યોગિની તુરતજ તેમાં દાખલ થઇ ત્યાં પણ અંધારૂં હતુંજ. યોગિની એ ધૈર્યથી પણ ધીરે ધીરે આગળ ચાલવા માંડયું. તેના પગનો અવાજ સરખો પણ થતો ન્હોતો, પચાશેક પગલાં ચાલી નહિ હોય, ત્યાં તો તેને બે પહોળા રસ્તા જણાયા, અને કાંઇક પ્રકાશ પણ જણાયો આથી તેને કાંઈક શાંતિ આવી. પણ તેજ પળે શાંતિ તુટી ગઇ "એને મારો, મારો, બસ મારો. તે આપણો ગુન્હેગાર છે." આમ બે ચાર માણસો એક બીજાને કહેતા હોય તેવા ઘાતકી ધ્વની યોગિનીએ સાંભળ્યા. યોગિની બીધી, જરાક ધ્રુજી, અને કંઇક બબડી, " હવે શું કરવું ? કયાં જવું ? " વગેરે વિચારોએ તેને ઘેરી લીધી. તેજ પળે મોહમાયા સાવધ બની કટારને મજબુત પકડી નવું લોહી ચઢયું હોય તેમ આઘી પાછી થતી ઘુમવા લાગી. તેણે લગભગ પાએક કલાક સુધી ઘુમ્યાજ કીધું. પછી જે તરફ માણસોનો કોલાહલ થતો હતો તે તરફ ઘણીજ ઝડપથી ચાલી ગઇ. થોડેક દૂર ગઇ ત્યાં એક દિવાનખાના જેવું દુરથી તેને જણાયું અને તેમાં કેટલાક માણસોને તેણે જોયાં તેથી તે એક ભયરહીત સ્થાને છૂપાઇ ગઇ.

"ક્રુરસિંહ તમેતો ઠીક કર્યું જો તમે તેમ નહિ કર્યું હોત તો જરૂર રાણી કુંવરને લઇને નાસી જાત " દુષ્ટસિંહ બોલ્યો. વાંચનારને

યાદ કરાવવું પડશે કે આ દુષ્ટસિંહ તેજ છે કે જે ભયંકર ભુતાવળી વાળા ભોંયરાનો માલીક હતો, અને એજ ભેદી ભોંયરૂં આપણા ત્રણ વાર્તાના નાયકોએ આગથી તારાજ કરી દીધું હતું, જેથી દુષ્ટસિંહે આ ખીણ શોધી હતી અને પોતાનું રહેઠાણ કર્યું હતું. આ ખીણનું નામ તેમણે "**મોતની ખીણ**" પાડયું હતું, અને પોતાના કેટલાક બીજા નવા બહારવટીઆઓને લઇને દુષ્ટસિંહ બે ચાર દિવસથીજ આ ઠેકાણે આવેલો હતો. ક્રુરસિંહ વિષે પણ આજ સ્થળે થોડોક ખુલાસો કરવાને ખાસ જરૂર છે. ક્રુરસિંહ આ ખીણથી પચીશેક માઇલ દુર આવેલા ભવાનીપુર ગામના રાજાનો ભાઈ હતો. તેને આ બહારવટું કરવાનું કારણ એજ હતું કે પોતાના ભાઇને મારી નાખી પોતાને રાજ્યનું તાજ પહેરવાનું હતું, પણ તેના કમભાગ્યે તેને તેવા કાવતરાએ ફાવવા દીધો નહિ અને પોગળ ઉઘાડું પડી ગયું, તેથી ભવાનીપુરના રાજા ભવાનસિંહ તરફથી હદ છોડી જવાનું ફરમાન થયું હતું. એથી પાપી ક્રુરસિંહે મનનો બળ્યો ગામ બાળવાને અને ત્યાંની રૈયતને રંજાડી લુંટફાટ કરવા માટે આ બહાદુર લુંટારા સરદાર દુષ્ટસિંહનો પક્ષ લીધો હતો. આજનું કાર્ય તેણે મહામહેનતે પાર પાડયું હતું તે એજ હતું કે ભવાનસિંહજીની રાણી નંદકુંવર પોતાના પિયરથી પોતાના બાળક સાથે ભવાનીપુર જતી હતી, તેને રસ્તામાંજ ક્રુરસિંહે રોકીને તેના માણસોને ઠાર કરી, પોતાનું વેર લેવાને રાણીને કેદ કરી હતી.

રાણીએ પકડાયા પહેલાંજ કુંવરને ઘણીજ ચાલાકીથી કોઇના જાણ્યા વગર, તેને ખીણમાં નાખી દીધો હતો, અને પોતે આ દુષ્ટોના હાથે સપડાઇ ગઈ.

"સરદાર, હજુ તમે આ ક્રુરસિંહથી અજાણ્યા છો." ક્રુરસિંહે મુછપર હાથ દઇ કહ્યું.

"ત્યારે તો હવે આપણે ભવાનીપુર ઉપર હુમલો કરવો અને તેમાં જય મેળવવો, જો રાજ્ય મળ્યું તો પછી બાકી શું." અહંકારી દુષ્ટસિંહ બોલ્યો.

"પછી હું રાજા થઇશ અને તમે મારા કારભારી થશો." ક્રુરસિંહે મોં મલકાવ્યું.

"નહિ આપણે તો આજ ધંધો કરીશું, આતો ફક્ત તમને મદદ કરવાની ખાતરજ. મને રાજ્ય ખટપટ પસંદ નથી. જંગલના રાજા તરિકેનો મારો હોદ્દો કાંઈ બીજા મહારાજાઓથી ઉતરે તેવો નથી." દુષ્ટસિંહે કહ્યું.

"ત્યારે શું તમે આજ ધંધો પસંદ કરો છો? લોકોને લુંટવા એ એક મોટું પાપ છે માટે તે તમે છોડીદો, અને તમે કારભારી પદવીને લાયક થાઓ" ક્રુરસિંહે શીખામણ આપી.

"ક્રુરસિંહ લુંટ કરવી એ પણ પરાક્રમ સિવાય થતી નથી, લુંટમાં કોઇ કોઇ વખત નવી નવી રમણીઓનું સુખ મળે તે જુદુંજ

એવું સુખ રાજ્ય દરબારમાં કે ઇંદ્રભુવનમાં પણ હોતું નથી, માટે તમારી શીખામણ મારા માટે નકામી છે. તમે નથી જાણતા કે લુંટારા લોકો જે સુખ, વૈભવ અને આનંદ ભોગવે છે, તેવો આનંદ ભાગ્યેજ કોઇક રાજા મહારાજા ભોગવતા હશે. તે લોકોને તો ઘણી ફીકર લાગેલી હોય છે ને આપણને તેવું કશું છેજ નહિ. બસ આનંદ, આનંદ અને રંગ રાગ વિલાસ લુંટારા લોકોજ ભોગવે છે." દુષ્ટસિંહે ખુલ્લેખુલ્લું જણાવી દીધું.

"તમે લુંટફાટનો ધંધો ઘણા વખતથી કરતા લાગો છો પણ તેવા વૈભવોમાંનું એક પણ ચિન્હ હું હમણાં તમારી પાસે જોઇ શકતો નથી," કુરસિંહ બોલ્યો.

"મારી ભયંકર ભુતાવળી નાશ થતાં તે સઘળું પાયમાલ થઇ ગયું, ત્યારેજ તો આ "મોતની ખીણ" માં આવવું પડયું," દુષ્ટસિંહ દિલગીર મૂખે બોલ્યો.

"વળી તમારી ભયંકર ભુતાવળી એ શું ? અને ત્યાં શું હતું? તે કહો." કુરસિંહ આતુરપણે બોલ્યો.

"અરે ભાઇ! ગઇ ગુજરી વાત યાદ આવતાં મારા હૃદયમાં કંપારી છૂટે:છે. મેં હાથમાં આવેલું રત્ન કમભાગ્યે ગુમાવેલું છે. મારૂં સર્વસ્વ નાશ થયું તેની મને પરવા નથી, પણ અરે! પેલી સુંદરી!" એટલું બોલતાં તે લુંટારાનો સાજા અટકયો.

" વળી સુંદરી શું ? તમારી વાતમાં મારૂં મન તલીન બન્યું છે એ ક્યાં ગઈ તે મને દર્શાવો " કુરસિંહે અધીરાઇ બતાવી.

" મારા વ્હાલા કુરસિંહ ! એ સાક્ષાત સુંદરી મનોહારીણી મુગ્ધા મારા સપાટામાંથી ચાલી ગઇ. અરે ! તેના સૌંદર્યનુ બ્યાન ક્યા શબ્દોવડે કરૂં ! હું તેની બોલવાની છટા ઉપરજ અંધ બની ગયો, અરે ! એક ગુલામ કરતાં પણ નીચ, એવી તેની તાબેદારી ઉઠાવવાને તૈયાર હતો. પણ હાય ! તે સ્વર્ગીય સુંદરી મારા પાસમાંથી છટકી ગઇ. વળી બીજી આશ્ચર્યની વાત એ છે કે એક રાજકુમારને પણ મેં મારા પાસમાં સપડાવ્યો હતો, હાય ! તે પણ નાશી ગયો. સુંદરી ચાલી ગઇ અને મારો નિમકહરામ નોકર નિર્મળ પણ તેનો સાથી બની નાશી ગયો. " તે ગુજરેલી વાત યાદ લાવતાં આપણો દુષ્ટસિંહ શોકસાગરમાં ગરક થઇ ગયો.

" અરે તે ક્યાંનો રાજકુમાર ! અને પેલી સુંદરી તે કોણ ! અને તમારા નોકરને તેની સાથે શું સંબંધ હતો ? તે આપ જણાવો " કુરસિંહે તે જાણવાને જેમ બીકું ઝડપ્યું હોયને તેમ હઠ કરતાં કહ્યું.

" ભાઇ કુરસિંહ ! મેં મારા બચેલા માણસો પાસેથી સાંભળ્યું કે એ સુંદરી અને રાજકુમાર બન્ને પતિ પત્ની હતાં અને મારો નોકર તે સુંદરીનો ભાઇ નિકળ્યો. " દુષ્ટ સિંહે ખુલાસો કર્યો.

" એ રાજકુમાર કયા દેશનો હતો તે આપના જાણુવામાં નહિ આવ્યું હશે કેમ ? " ક્રુરસિંહે પ્રશ્ન કર્યો.

" તે વિલાસપુરનો પાટવી કુમાર રણુમલ હતો. " દુષ્ટસિંહે જવાબ આપ્યો.

" હેં ! શું તેવો મોટો શિકાર તમારા હાથમાં આવેલો તમે ગુમાવ્યો ? તમારી શુરવીરતા ક્યાં છુપાઇ ગઇ હતી. " ક્રુરસિંહે વાત લંબાવી.

" મે સર્વસ્વ ગુમાવ્યું. " કપાળે હાથ દઇ દુષ્ટસિંહ બોલ્યો. આ સર્વ બીના ત્યાં છુપાયેલી પેલી મોહમાયા યોગિની એક ચિત્તે સાંભળતી મૌન્ય ધારણુ કરી ઉભી હતી, પણુ જ્યારે વિલાસપુરના પાટવી કુમાર રણુમલ અને સુંદરી રંભાની હકીકત સાંભળી ત્યારે એકદમ ચકીત થઇ ગઇ, અને મનમાંજ કાંઇક બબડવા લાગી. " અરે રંભા અને રણુમલનો મેળાપ કેવી રીતે થયો ! શું ભુતીયા મહેલમાં રંભા આ લુંટારાના હાથમાં સપડાઇ ગઇ હશે ! હા ખચીત તેમજ હશે." રણુમલનું પણુ તેજ અનુમાન કરી તે મોહમાયા સ્થિરપણે ઉભી રહી.

પ્રિય વાંચક આજ મોહમાયા યોગિની તે વિલાસપુરની રાજનંદિની આપણી વાર્તાની નાયકણુ વિલાસિની હતી. ખ્યાલ કરો તેની આણુસાઈ હિંમત અને ચાતુર્યતા ઉપર કે જે આવી ત્રાસદાયક

" મોતની ખીણમાં " એક બાળકની સ્થીતિનું અવલોકન કરવાને આવી ચડી છે.

" બધા મળી મારી પાસે એકસોત્રીશ માણસો છે અને તમારી પાસે છે તે જુદા " ક્રુરસિંહે પોતાની વાત ચલાવી.

" મારા શૂરા લૂટારા સાથીઓ ફકત પંદર છે પણ તે પંદરસો સાથે ટક્કર કરે તેવા બહાદુર વીર નરો છે. આપણે આવતી કાલે ભવાનીપુર તરફ કુચ કરવી અને રાત્રિના સમયે એકદમ છાપો મારવો, પછી આપણા પાસા પોબાર સમજવા. લડાઇમાં જે કાંઇ મળે તે સઘળુ મને આપવું અને રાજનું તાજ તમારે ધારણ કરવું, કેમ કબુલ છે ? " લોભી અને લંપટ દુષ્ટસિંહ વધ્યો.

" મારે તે સર્વ માન્ય છે. પણ આ રાણીનું શું કરવું ? " ક્રુરસિંહ બોલ્યો.

" જ્યાં સુધી આપણે ભવાનીપુર સર કરીએ નહિ ત્યાં સુધી તેને કેદ રાખવી પછીથી આપણી સત્તા પ્રમાણે થશે. " દુષ્ટસિંહે જણાવ્યું.

" ત્યારે કાલે સાંજે નક્કી કુચ કરવી. લો ત્યારે હવે કાઢો છાંટો પાણી અને આનંદથી મઝા માણીએ. " ક્રુરસિંહે દુષ્ટસિંહના પાસે દારૂનો શીશો મુકી કહ્યું.

પછી સઘળાઓ એક પછી એક એમ વારાફરતી પ્યાલા ઉપર પ્યાલાને ઇન્સાફ આપવા લાગ્યા. થોડીવારમાં આ દુષ્ટ પાપીઓ નિ-

શામાં ચકચુર થઇ ગયા અને એક ઉપર એક લથડવા લાગ્યા. આ તકનો લાભ લેવાને તત્ક્ષણ પેલી સંતાયેલી આપણી સત્યાગ્રહી યોગિની બહાર નિકળી, અને ખુલ્લી કટારે તે દૂષ્ટો સન્મૂખ ખડી થઇ, એટલામાં તેની નજર એક બંધ બારણા તરફ દોરાઇ કે તરતજ તે ભલી અને સાહસીક યોગિની ત્યાં ગઇ અને દ્વારને એકજ પ્રહારથી ખુલ્લું કરી દીધું તેજ પળે એક સ્ત્રીને જોઇને બોલીઃ—

" ચાલો હવે તમે છૂટા થયા છો, તમારો એક પણ વાળ વાંકો થશે નહિ. પાપીઓ નિશામાં ચકચુર થયા છે, લો આ તલવાર અને મારી આગળ થાઓ. "

" પણ તમે કોણ છો ! અને મને હજુ ક્યાં લઇ જાઓ છો! અરે ! મારા વ્હાલા રત્નનું શું થયું હશે? " એમ બોલતાં તેના બન્ને નેત્રમાંથી જળ પ્રવાહ વહેવા લાગ્યો પણ તે ત્યાંથી ખશી નહિ.

" તમે જરાપણ ન ગભરાઓ, હું કોણ છું વગેરે પૂછવામાં હમણાં આપણે ભયંકર જોખમમાં ઉતરવું પડશે. સાક્ષાત જગત પિતા પ્રભુની સાક્ષીથી કહું છું કે તમે નિર્ભય છો, માટે જલદી ચાલો " એટલું બોલતાં યોગિની અટકી.

રાણી નંદકુવર તેની આગળ ચાલી અને જોતજોતામાં, પેલા બાળકને જે સ્થળે રાખેલું હતું ત્યાં આવી પહોચ્યાં પણ બાળક જોવામાં આવ્યું નહિ. બન્ને જણાના ચહેરા પરની લાલી ઉડી ગઇ અને એક બીજા સામે ટગર ટગર જોવા લાગ્યા.

"યોગિની આપ કોણ છો ! અને મારૂં વ્હાલું બાળક ક્યાં ?" રાણી ઉતરેલા ચ્હેરે બોલી.

"દેવી ધૈર્ય ધર, તારૂં બાળક જ્યાં હશે ત્યાં સુખશાન્તિમાં રહેશે. તું જરાપણ ગભરાઇશ નહિ. ચાલો, આપણે તેની શોધ કરીએ અહિં-આ વધુ થોભવું ભય ભરેલું છે." એટલું બોલી યોગિની અને રાણી નંદકુંવરે ભવાનીપુરના માર્ગે પ્રયાણ કર્યું.

પ્રિય વાર્તા વિલાસી ! આ એક સ્ત્રીની બહાદુરીપર હજારો જય ગર્જના કર અને તેઓ સહીસલામત ભવાનીપુર પહોંચે તેવી અંતરોર્મી કાઢ.

પ્રકરણ ૧૯ મું.

તરૂણ મુસાફર ઘાયલ.

સંધ્યાની આખેરીમાં જંગલનું રાજ્ય શાન્તિદેવી સિવાય કોઇ પણ ભોગવતું નથી. ત્યાં કોઇની પણ સત્તા ચાલતી નથી. ફક્ત પવનની સુસવાટીથી ઝાડના પાંદડાંનો અવાજ થતો, તે પણ જાણે કે શાંન્તિના રાજ્યમાં અગ્રેસર ભાગ ભજવતો હોય તેમ તેને મદદ કરતો. રજનિ સ્વામી પધારવાના હોવાથી આકાશ સ્વચ્છ બની ગયું હતું. અરણ્યની નાની મોટી ડુંગરાળ કરાલોના પડછાયા ભયમાં વધારો કરવા વિકાળ રૂપે ઉભા હતા. ધીમે ધીમે આકાશ તારાઓથી

ભરપુર થઇ ચળકાટ મારતું જણાવા લાગ્યું. પુર્ણિમાનો સાભાગ્ય રક્ષક ચંદ્રદેવ યતિકિંચિંત નિષ્કલંક પણે પોતાના ચંદેરી પ્રકાશથી અરણ્ય વાટકાને શોભાવી રહ્યો હતો. આ દિવ્ય જ્યોતિર્મય લીલાનું નિ-રીક્ષણ કરતો એક તરૂણ મુસાફર આ વખતે આ અરણ્યમાં ભટકતો હતો. તે મુસાફર ઘડીકમાં આનંદિત વદને કાંઇ કાંઇ લવતો હતો, વળી જરાતરા થોભતો હતો.આવી કંગાલીયત હાલતમાં તે એક પહાડની આ-ગળ આવીને અટકયો. તેણે મૌનપણે મુખ પર આંગળી ટેકવી. ચોતરફ નજર ફેરવી તો પહાડની ડાબી બાજુમાં એક ખીણ જેવું તેણે જોયું. તે ખીણમાં કંઇક હાલતું જણાયું. આથી તે તરૂણ મુસાફર તે શું હાલે છે? તે જાણુવાની જીજ્ઞાસામાં તેની છેક નજીક ગયો. આ વખતે તેની અજાયબીનો પાર રહ્યો નહી. ખરેખર તે યુવકે જીવતું, નાનું બાળક જોયું. તુરત તે અપરીચિતથી પંથીએ કંઈ પણ વિચાર કર્યા વગર તે કુમળા ખીલતા પુષ્પને ઉંચકયું. તેણે અતિ હર્ષપણે પોતાની છાતી સરસું તે કુમળા ફુલને ચાંપ્યું. અહાહા ! કેટલી દયા ! કેટલો પ્રેમ ભાવ ! એ સર્વનું વર્ણન કરવાને પુરતા શબ્દો મળી આવતા નથી પણ એટલું તો ખરૂંજ છે કે તે વટેમાર્ગુની સ્થિતિ, તેની આકુળ વ્યાકુળ દશા, તૃષાથી અતૃપ્ત, આખા દિવસના સખ્ત તાપથી તપેલો હોવા છતાં તેનો પ્રેમભાવ, તેનું હાર્દ એજ ખરૂં દઢ મન હતું. આવા અઘોર વેરાનમાં જ્યારે તે મુસાફરે આ બાળકને એકલું જોયું

ત્યારે તેને પોતા પરની વિટંબણાનો લેષ પણ વિચાર થયો નહી, ઉલટો તે તરૂણ વટેમાર્ગુ રક્ત વર્ણનો થઇ જઇ પોતાના મન સાથે બોલ્યો.

" અહો પ્રભુ ! આ કંગાળ બાળકે તારો શો અપરાધ કર્યો હશે ? અરે ! આ કુમળું પુષ્પ હજુ તો સૃષ્ટિની સૌંદર્યતામાં શણગારાયેલું નથી તે પહેલાંજ તે પુષ્પ ફળીને છુંદવાનો પ્રયાસ કયા અભાગીએ કર્યો હશે ! ઓ નીચ અધમ ! માનવજાતિ હો કે કોઇ પણ હો, જે હો તે હો, એકદમ પ્રકટ થાવ, આ બાળકનો મદદગાર હાજર છે. આ બાળ પુષ્પને આમ અઘોર અરણ્યમાં રખડતું મુકી જનાર પાતકી ! એકદમ બહાર આવ, અને જોકે આવી ક્રુરતા અને ઘાતકી પણાનું ફળ શું મળે છે ? " યુવાન મુસાફર ખુબ ગાજ્યો. ઘણીજ મોટી ભયંકર ગર્જના કરવા લાગ્યો. અરણ્યમાં તેની ગર્જનાના ભણકારાનો ધુંઉઉઉં અવાજ ઘણે દુર સુધી પ્રસરી ગયો, આસપાસનાના વૃક્ષોમાં તેનો અવાજ ઘુમી રહ્યો. સર્વત્ર તેના અવાજનો પ્રતિઘોષ થયો. થોડી પળ તે તરૂણ, વીર મુસાફર ત્યાંજ થોભ્યો પણ ત્યાંથી કંઇ પણ વધુ તે જાણી શકયો નહિ. તેથી તે બાળકને લઇને થોડુંક ચાલ્યો નહિ હોય ત્યાં તો તેની ડાબી બાજુની ઝાડીમાંથી કોઇ માણસના પગલાંનો ધ્વનિ સંભળાયો, આથી તે જરા થોભ્યો. થોડીક વારમાં તો તેને માણસનો પડછાયો જોવામાં આવ્યો, તે જરા પણ બ્હીક રાખ્યા સિવાય એક વનરાજ સિંહની માફક બાળકને લઇને તે આવનાર તરફ ગયો. સામેથી આવનાર માણસોની સંખ્યા ઘણી હતી, છતાં

આપણો વીર અને શુરો પુખ્તવયી મુસાફર જરા પણ ડર કે આંચકો ખાધા વગર એકાએક તેમની તરફ ધસતો ને ધસતો ચાલ્યો. તેઓ સામે સામા થઇ ગયા. સામાવાળાઓ આ બાળકને જોઇને તે બહાદુર યુવક ઉપર મારો મારની કીકીઆરી કરતાં કુદવા લાગ્યાં. યુવકે બાળકને ડાબા હાથમાં મજબુત પકડી તુરતજ તેણે બીજા હાથે પીસ્તોલ તાકી "ઓ પ્રભુ! સત્યપર જરૂર સહાય થજે." આટલાજ શબ્દો, આવા દયા જનક ઉદ્ગારો તે યુવકની છેક લગોલગ પછવાડેથી આવ્યા, અને બાળકને તે યુવક પાસેથી એકદમ કોઈ ઝુંટવી લેતું હોય તેમ એકજ આચકે પણ ઘણુંજ આસ્તેથી બીજા પાસે પાછલા હાથે જતું રહ્યું. યુવક તુરત પીઠ ફેરવીને બોલ્યો "તમે કોણ છો! ઓ યોગીની! અરે ભવભાર હારિણી દેવી! બાળકને સાચવો હું તદન નિર્ભય છું."

આટલીજ વાતચીત એક સેકંડ કરતાં સો ગણી ઝડપી વખતમાં થઇ ગઈ. તુરત તરૂણ વીરે પીસ્તોલનો બહાર કર્યો સામસામી જબરી ઝપાઝપી થઈ લુંટારાની સંખ્યા ઘણી હતી. એ રણ શુરા મુસાફરને સઘળાએ ઘેરી લીધો અને એક લુટારાએ લાગ સાધી તે વીર યુવકના માથામાં તરવારનો એક જબરો ઘા કર્યો, વીર એકાએક ધરણને શરણ થઇ પડયો પણ તેજ ક્ષણે જે લુંટારાએ આપણા પરગજુ

યુવાનને ઘાયલ કર્યો હતો, તેની સામે યોગીની. તે અપૂર્વ બળધારી મોહમાયા, ધસી અને કમરમાં કસેલી કટારને ખુલ્લી કરી તેની છાતીમાં પાર દર્શક કરી દીધી, તેરોજ તે પટકાઈ જમીનપર પડયો. તેના બીજા સાથીઓ વિચારમાં પડયા, " અરે આ શું ? આ યોગીની કે સાક્ષાત દેવી ? " સર્વ લુંટારૂઓએ હથીઆરો નીચે નાખી દીધા અને દેવી પ્રત્યે હજારો ધન્યોચ્ચાર કરતા તેમના પગમાં આવી પડયા.

" ઓ દેવી ! અરે યોગીની ! ઓ મહાબળીકા ! આપ કોણછો, અને આ વેરાનમાં આવવાનું કારણ શું ? " દુષ્ટસિંહે ઉઠતાં ઉઠતાં પૂછયું. એ બધું પછીથી, પણ પેલા રણવીર મુસાફરને ઉંચકી કોઇ સલામતી જગાએ લઇ ચાલો." મોહમાયા જાણે હુકમ કરતી હોય તેમ હાથ લંબાવતી બોલી. " જેવો દેવીનો હુકમ " સઘળાઓ એકી અવાજે બોલ્યા અને જ્યાં પેલો યુવક પડયો હતો ત્યાં આવ્યા. યુવકના જખમમાંથી શુરૂં રક્ત વહ્યા કરતું એવું તો દ્રષ્ટિ ગોચર થતું હતું કે નક્ષત્રી તૃષિત બનેલી પૃથ્વી જાણે ક્ષત્રિય રૂધીરથી તૃપ્ત થતી હોયની !

" ઓ વીર ! તમને આ બાળક માટે જે ખમવું પડયું છે તેને માટે પ્રભુ તમારો સદા જય કરો" રાણી નંદકુવર કરમાયલા વદને બોલી.

" અરે નહિ ! " ઓ દુષ્ટો ! હજી હું જીવું છું. મારી માતાને હું લજાવીશ નહિ. લાવો તરવાર, અરે કયાં ગઇ કટાર ! " આમ બબડતો અને ઘાની વેદનાથી ઉંઆં કરતો તરૂણ મુસાફર તરફડતો

તરફડતો બેઠો થતો તેને જરા પણ ભાન નહોતું. તુરત દુષ્ટસિંહ તેની પાસે આવીને બોલ્યો,

" અરે બહાદુર તરૂણ ! તારા અતુલ બળ માટે અમે અમારા હથીઆર નમાવ્યા છે. આજથીજ અમે આવું અઘોર કૃત્ય કરતાં અટકીશું અને પ્રતિજ્ઞા કરીએ છીએ કે કોઇપણ અબળાજાતિ પ્રત્યે જરાપણ દુષ્ટ ઇચ્છાથી જોઇશું નહિ. તમને મારા રહેઠાણે લઇ જવાની આ મહાંબળીકા યોગીનીની આજ્ઞા થઇ છે. માટે ચાલો, આ ખાટલો તૈયાર છે. મારા રહેઠાણે તમને ઉની આંચ પણ આવવા દઇશ નહિ. થયેલો અપરાધ વિસારી દો. આજથી તમે મારા બંધુ છો. મારૂં જે કાંઇ છે તે સર્વ આપનુંજ છે આપ સત્વર ઉઠો." એટલું કહી દુષ્ટસિંહે આ પરગજુ મુસાફરનો હાથ ઝાલી ખાટલામાં સુવાડયો. તુરતજ તેને ત્યાંથી મોતની ખીણ તરફ ચાર જણાઓ લઇ ગયા. પાછળ આપણી મોહમાયા અને રાણી નંદકુંવર પણ ગયાં. ખીણમાં જ્યારે દાખલ થયા ત્યારે મોહમાયા બોલી. " ઓ લુંટારૂ સરદાર ! અમને ભવાનીપુર જવાનું છે માટે અમે જઇશું "

" ઓ મહાદેવી ! હું આપને આવા ભયંકર જંગલમાં એકલા જવા દેવાની હિંમત આપતો નથી. આપની સાથે તમારો આ દાસ આવવા ખુશી છે તો શું ઇચ્છા છે ?" દુષ્ટસિંહ નિરાભીમાનથી બોલ્યો.

" જો તમે આવશો તો આ તરૂણ વટેમાર્ગુનું શું થશે, તેની બરદાસ કોણ કરશે ? તમારા સાથીદાર ઉપર ભરોંસો રાખવો એ મને ઠીક લાગતું નથી. "

બધા એક અવાજે બોલી ઉઠયા, "ઓ દેવી! હવે અમોને તેવા પાપી ન સમજશો. અમો પ્રતિજ્ઞા કરી ચુકયા છીએ કે હવેથી આ શરીરે પાપકર્મ કદી નહિ થાય, તેમ છતાં આપને ભરોસો ન આવતો હોય તો અમો આ વીર ગોદ્ધાને ખાટલામાં સુવાડીને ઠેઠ ભવાનીપુર સુધી ઉંચકીને આવવા તૈયાર છીએ. પણ આ ભયંકર અરણ્યમાં તમને એકલા જવા દઇશું નહિ."

"ત્યારે ચાલો આપણે બધાં ભવાનીપુર તરફ જઇએ. જ્યાં સુધી આ તરૂણ મુસાફર સારી હાલતમાં નહિ આવે ત્યાં સુધી હું તેને મારી નજર આગળથી દુર કરવા ઇચ્છિતી નથી." ગોગીની બોલી.

"અરે પરદુ:ખભંજની દેવી! આપ અને આ સર્વે લુંટારાઓ ભવાનીપુર આવીને નગરને દીપાવો." રાણી નંદકુંવરે સઘળાઓને આમંત્ર્યા.

પછી સઘળાઓ ભવાનીપુર તરફ ચાલતા થયા.

પ્રકરણ ૨૦ મું.

દુ:ખીને દીલાસો.

રંભાદેવી પોતાની મોટી બ્હેન ગુણવંતી સાથે કૌશલ્યપુરમાં આવીને રહી છે. આજે તેને લગભગ ત્રણ વર્ષ થઇ ગયાં પણ હજુ

સુધી બીચારી રંભાની ભાગ્યદેવી પ્રબળ બની હોય તેમ જણાતી નથી. રંભા દિનપ્રતિદિન કૃષ થતી જાય છે. તેની લાલી બળીને ખાખ થઇ ગઇ છે. તેના સૌંદર્યમાં હળાહળ કદ્રુપી ઝેર પ્રસરી ગયું છે. કોઇ કોઇ દિવસ તો આપણી આ પતિ પરાયણ દેવી, શોકથી ખાધા પીધા વગર પોતાની જીંદગી વ્યતિત કરતી હતી, તો કોઇ દિવસ ફક્ત ફળાહાર કરતી. આવી રીતે દુઃખમાં દટાયેલી મનોહારિણી રંભાએ અહીંયા ત્રણ વરસ તો કાઢી નાખ્યા.

આજે રંભા પોતાને આપેલા એકાંત ગૃહમાં વ્યગ્ર ચિતે હજારો વિચારમાં વિંટળાઇ બેઠી છે. ત્યાં તેની મોટી બ્હેન આવીને તેને દિલાસો આપતી બોલી.

" રંભા ! શું તું સદા આજ પ્રમાણે શરિર બાળ્યા કરીશ અને બીજાને પણ હાની કરીશ ? તારૂં પહેલાનું સૌદર્ય ક્યાં ? તારી પહેલાંની માધુર્ય વાણી ક્યાં; અરે ! તારૂં ચાલવું, હરવું, ફરવું. આનંદનો વાર્ત્તાલાપ એ સઘળું ક્યાં અલોપ થઇ ગયું, અને આ શું ? અહો રાત્રિ મને તારીજ ઝંખના થયા કરે છે, બોલ, વ્હાલી બ્હેન બોલ, જરા વિચાર કર કે રણમલસિંહજીનો હજુ સુધી પત્તો મળ્યો નથી. માહારાણાએ ઘણી તપાસ કરી છે અને હજુ પણ તે તપાસ જારીજ છે, પણ મને તો શંકા " એટલું બોલી હેતાળ ભગિનીએ રંભાને પોતાની છાતીસરસી શુદ્ધ પ્રેમથી ચાંપતી અટકી પડી.

'અરે મારી માતા તુલ્ય ભગિની ! મને શામાટે વધુ શંકામાં મુકો છો? મારૂં કીસ્મત કાણું છે ત્યાં આપ શું કરશો? ભલે હું આવીજ રીતે મરૂં

પણ મારા પ્રાણવલ્લભ રણમલનું સારૂં નામ એક પળ પણ વિસારીશ નહિ. શું હું તેમને ઓછી વ્હાલી છું, શું તેમનો પ્યાર મારા પ્રત્યે નથી ! અરે ! નહિ. ગમે ત્યારે પણ મારા પ્રાણાધાર આવશે અને મને અપુર્વ આનંદ આપશે. હજુ તે જીવે છે." રંભા એ પોતાના સત્યાગ્રહને લેષ પણ દુર કર્યો નહિ.

"તો તને કેમ મળતા નથી ?"

"વ્હાલી વ્હેન, તે મને શોધે છે અને હું તેમનીજ શોધમાં છું." "તેની ખાત્રી ?" આતુરતાથી ગુણવંતીએ પુછયું.

"ખાત્રીમાં શ્રી દીનદયાળ જગતપતિની કે જેની કૃપાવડે હમો બન્નેનાં હૃદય એકત્ર મળેલાં છે. એટલે જેવી હું તેમને ચાહું છું તે પ્રમાણે તે મને ચાહતા હોવા જોઇએ. કારણકે મને મન સાક્ષિ હોય એ કહેવતને અનુસરીનેજ મારી પ્રતિજ્ઞા છે કે એમના નામનો સદા જપ કરતી રહીશ, પણ આપે મને પરમદિવશે જે મહાત્મા વિષે વાર્ત કહી કે અહીંથી પંદર માઇલ પર શ્રી અખંડાનંદજી મહાત્મા વસે છે. તે મહાત્માએ ટુંક વખત પર એક તરૂણને સર્પે ડંશ કર્યો હતો અને તે મરણવશ થઇ ગયેલો છતાં તેમની યોગવિધાના પ્રબળે સજીવન થયો. ખરેખર એ આવા જાલીમ જમાનામાં આશ્ચર્યકારક બનાવ કહેવાય ! એજ માહાત્માને આજે દરબારમાં પધારવાનું માહારાણાશ્રી તરફથી આમંત્રણ થયું છે તો દરબારમાં આપણે તેમને જોઇ

શકીયે તેવી મારી ઇચ્છા છે. તો તે બદલ આપનો શું મત છે ? ” રંભાએ સ્હેજ સ્મિત હાસ્ય કરતાં જણાવ્યું.

“ રંભા, તારી મરજી એજ મારી મરજી છે, પણ મારી એક વાત માને તો ” રાણી ગુણવંતી કટાક્ષપણે બોલી.

“ આપની કઇ વાત મેં ન માની ? જેમાં મારૂં ભાગ્ય સમાયલું છે તે વિષે આપ કહો તે હું કેમ ન માનુ ? ”

“ ત્યારે તને તે મહાત્માની મુર્તિ જોવીજ છે. પણ આપણે સ્ત્રીયોને તો અન્ય પુરૂષનું મુખ સ્વપ્ને પણ જોવું નહિ જોઇએ.” “ બ્હેન ! બ્હેન !! શું મને આપ છેકજ રંજાડવા ઇચ્છો છો ? મારી ભલી બ્હેન ! અરે ! મા કહીને સંબોધું તોપણ તમેજ છો, બ્હેન કહું તો પણ તમેજ માટે જેમ આપને યોગ્ય લાગે તેમ કરજો, પણ એટલું કહુ છું કે પ્રથમ મને જણાવજો.” રંભા મૃદુસ્વરે પોતાની મોટી બ્હેનને ખુશ કરતી હોય તેમ બોલી, એટલામાં ગ્રહનું બારણું ખખડ્યું. બ્હાર ચોપદારો નેકી પોકારતા જણાયા તેજ પળે માહારાણા કૌશલ્યસિંહજી અંદર દાખલ થયા, તેમને જોઇને બન્ને બ્હેનો વાત કરતાં અટકી પડી, માહારાણાને પધારો પધારોના ધ્વનિથી વધાવી લીધા. બે ચાર પળો તો શાન્તિમાં વિતી ગઈ પણ આપણી ભલી રંભાથી તે સહન થયું નહિ તે તુરતજ બોલી.

“ આજે દરબારમાં કયા મહાત્મા આવવાના છે ? ”

" હું તે વિષેજ તમને કહેવાને આવ્યો છું. મેં તપાસ કરાવીને આ મહાત્માને બોલાવ્યા છે અને તેમાં કંઇ તમારૂં હિત હોય એમ મને કેટલીક ગુહ્ય બાતમી મળી છે. પણ તે ચોક્કસ છે કે નહિ તેની શંકા રહે છે. માટે મેં આ માહાત્માને અત્રે આમંત્રણ કરી બોલાવ્યા છે. તો તમે બન્ને આજે દરબારમાં આવજો."

" ઘણીજ ખુશીથી " રંભા હરખાતી હરખાતી બોલી.

ત્યારબાદ માહારાણા ત્યાંથી ચાલી ગયા. દરબારમાં આજે નાના મોટા અમલદારો, સરદારો વીગેરે પ્રતિષ્ઠિત નાગરિક જનોને આમંત્રણ કરેલું હતું. સમય થતાં સઘળાઓએ દરબારમાં પોત પોતાની બેઠક લીધી. મહારાણા કૌશલ્યસિંહ, માહાત્મા શ્રીઅખંડાનંદજી સાથે વાર્તાલાપ કરતા કરતા દરબારમાં દાખલ થયા. સર્વેએ ઉભા થઇ જયનાદ કરી બન્ને દિવ્ય મુર્તિનો સત્કાર કર્યો. મહારાણાએ મહાત્મા માટે વ્યાઘ્ર ચર્માસન તૈયાર કરાવી રાખ્યું હતુ તે પર યોગેન્દ્ર અખંડાનંદજી ને બિરાજવા જણાવ્યું. ત્યારબાદ મહારાણાએ બેઠક લીધી. કેટલોક વખત ગામ ગપાટા ચાલ્યા, સ્ત્રીમંડળમાં આ માહાત્મા માટે જુદી જુદી ચર્ચા ચાલી રહી. માહાત્મા વયમાં તરૂણ હતા. તેમના ભાલ પ્રદેશ પર કંઇક રાજશાહી નુરની રેષાઓ છેક લાંબેથીજ જણાઈ આવતી હતી. થોડી વાર સુધી તો દરબારના સભ્યજનો માહાત્મા શું વદશે એ જાણવાની અપેક્ષામાં આતુર વદને તે મહાન મુર્તિ યોગેંદ્ર તરફ જોતા રહ્યા.

મહાત્માએ બોલવું શરૂ કર્યું.

" હે રાજન! મને અત્રે કયા કારણે બોલાવવામાં આવ્યો છે? તે જણાવશો. "

" યોગેન્દ્ર, આપના સદ્બોધામૃતનું પાન કરવા મારૂં મન વ્યાકુળ બનેલું છે તો આપ કૃપા કરી તે ઇચ્છા પુર્ણ કરો. "

" રાજન, મનુષ્ય માત્રની ઉન્નતેચ્છા પ્રબળ કરવી એ આજના પ્રસંગને અતિ પ્રિયકર થઈ પડશે તો તે હું જણાવું છું. "

મનુષ્યજીવને કાંઇપણ પ્રાણીમાત્રને કલ્યાણ કરવા અર્થે અથવા તે જીવનથી જે કાંઈ શુભ બની શકે તેવું વર્તન આદરવું, એ જીવન સાફલ્યનું મુખ્ય અને શ્રેષ્ટ કર્મ છે. જેનું જીવન અન્યના લાભાર્થે યાને બીજાના કલ્યાણ માટે ઉપયોગમાં આવતું નથી તે જીવન જીવિત છતાં મરણ પામેલાં જેવું અર્થ રહીત સમજવું એ શું ખોટું છે? નહિ. સૃષ્ટિની વ્યુહ રચનામાં જે જે પદાર્થો જેવાં કે, પહાડ, તરૂ, જળ, સ્થળ, આકાર કે નિરાકાર, દષ્ટગોચર કે દષ્ટરહિત મનોભાવથી જાણી શકાય છે, તે દરેકે દરેક એક બીજાથી લાભપ્રલાભ સધાય તેવીજ રીતે આ ભુતળયંત્રના તંત્ર વડે અરસપરસ સાંધી દેવામાં આવ્યાં છે. ટુંકમાં જે વસ્તુ નામ રૂપે લેખવામાં આવે છે તેના રૂપે કરી તેના આકારના પ્રકારમાં તે અન્યનું ભલું કેમ કરવું તેજ કરવાને સરજાયેલું છે. તેમ શ્રી જગનિયંતા પ્રભુએ જે જીવનને ઉચ્ચ બનાવ્યું છે તે પણ પોતાના ગુણોથી અસંખ્ય પ્રાણીના સુખાર્થે તેના જીવનને

તેમાં પ્રેરી પ્રયત્ન કરે ત્યારેજ તે જીવિતનું જીવન ઉચ્ચપણે સાફલ્ય થયું ગણાય, જે જીવિતના જીવનથી લેષપણ અન્યોદ્ધારનો લાભ ન થાય તે જીવિતનું જીવન કેવળ સ્થુળાકાર માફક અંધકારની કાળી શૈયામાં મરણ તુલ્ય પડેલું જાણવું. અન્યનું હિત કરવું એજ જીવન સાફલ્યનું ખરૂં અને ઉત્તમ રહસ્યનું તત્વ છે. એજ વિચારમાં દરેક મનુષ્યે પોતાના જીવનને દ્રઢ કરી રાખવું જોઇએ. નિજ કર્તવ્યને અન્યોપકારાર્થે સર્વદા પ્રેરવું એજ જીવિતના જીવનનું સાફલ્ય છે પોતાની ક્રિયાના નિમિત્તે લોકોને લાભ અને સુખ પ્રાપ્ત થયેલું જે જુવે છે, અને તેનાથી જે આનંદ રસ ચાખે છે તેનો સુસ્વાદ તો તે જીવિતજ જાણી શકે છે. તેનો સ્વાદ તદ્દન અવર્ણિય છે.

નાશક વસ્તુનો સદા નાશ છે. જીવિત ક્યારે અને કયા સ્થાને અટકશે એ કોઇ પણ આદ્યપર્યંત કળી શક્યું નથી. જે સ્વાર થાય છે તે માર વાગવાના પંથમાંજ પડવાને માટે. આ ક્ષણભંગુર સંસારમાં એકજ ક્ષણમાં હતો ન હતો થવાનો હોય છે. પણ તે જીવિત જાણી શકતો નથી માટે તેના આધારેજ એક મહાકવીએ કહ્યું છે કે—

મનહર ચાલ.

આજે તો વખત ક્યાં ! કામ કરૂં કાલે હું,
બકે એવું મુર્ખજન, કાલ તે તો કાળ છે.
ઘડીપર થાશે શું ? વિચારે જો મનથી,
ધારી કરે આજ કામ, પછી ક્યાં સવાલ છે ?

બુદ્ધિના બળેલાઓ, કાલનો ન અર્થ જાણે,
ઠોકર વાગેથી સમજે, કાલ તો વિકાળ છે.
કાલનો તો વાયદો કાચો, ગણીને તું કરને આજ,
કર્યું તે તો કાર્ય જાણ, નહીતો વરાળ છે.
કાળના કોળીયામાં, ગળાઈ જઇશ તું,
માનજે ખચિત્ત કહું, કાલ તેતો કાળ છે.

માટ જીવિતે જે શુભેચ્છા કરવા ધારી હોય, તે તેજ પળે આરંભવી જોઇએ. કુદરતનો નિયમ છે કે હમેશાં શુભ ધારણા પાર પાડવાને અનેકાનેક દુર્ઘટ વિંટબનાઓ આવી નડે છે. પણ તે શુભ ધારક જીવિતને તેવી વિટંબનાની દુઃખી લાગણી તેના ઉપર થતી નથી. દરેક વ્યક્તિ તેના પ્રત્યે સમ દૃષ્ટિ રાખી તેની કિર્તિને એટલી તો બળવત્તર બનાવે છે કે સારૂં કરવા જતાં વિપત્તિમાં આવનાર જીવિતનો ઉચ્ચભાવ અને તેનો શ્રેષ્ટ મનોરથ છેવટે પુર્ણ થયા વગર રહેતો નથી. હમેશાં શુભ કાર્યારંભમાં જે જે સંકટો આવે છે તેથી ડગીને નાસીપાસ ન થવું, આરંભેલું શુભ કાર્ય અધવચમાં છોડી ન દેતાં તેને પુર્ણ કરવુંજ. અને જ્યારે તે પરિપુર્ણતાને પામે છે ત્યારેજ તે શુભ કાર્યનું શુભ ફળ યાને અમૃત ફળ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે—

ફળની મીઠાશ તે, વૃક્ષથી ગણાય છે,
નહિ થડ મુળમાં, શાખામાં શોધે હજાર.

દેખો નહિ પાંદડે, ડાળીયે મીઠાશ નહિ,
મીઠાશની ગુંજ તેના ફળમાં જણાય અપાર.
જ્ઞાનીજન માટે, સત્કર્મ પ્રભાવનો,
અંતે ફળ અમૃત છે, અધવચ ખટાશખાર.
સુત મંગળ વદે એવું, વિચારોને ગુણીજન,
સમજો તો સ્હેલ છે, નહી તો રહો ગમાર.

સંપતિ અને વિપત્તિ એ બન્ને સૃષ્ટિનૌકા છે તેમાં બેસી કઇ રીતે પાર ઉતરવું એ વિચાર કર્યાથી જણાઇ આવશે. વળી જે લોકો આ નૌકામાં બેસી હલ્લેશાં ખાતાં ખાતાં કઈ રીતે પાર ઉતર્યા છે? એ જાણુવાથી વિશેષ સગવડ ભરેલું થઈ પડશે, માટે મહાન, સંત પુરૂષોના જીવન કર્તવ્ય યાને ચારિત્રો વાંચવાની અને તેવા જીવન ચારિત્રો અન્યદ્વારાએ સાંભળવાની ખાસ આવશ્યકતા છે. "વાવે તેવું લણે" અથવા "અન્ન તેવો ઓડકાર" એનો ભાવાર્થ એજ છે કે "જેવું કૃત્ય તેવું ફળ" માટે હમેશાં ઉચ્ચ દષ્ટાંતનું અનુકરણ કરવું, અન્યોપકાર વૃતિને હૃદયમાં ઉચ્ચ સ્થાને રાખવી, શ્રેષ્ટ વિચારોનો સંગ્રહ કરવો, આપણી ગરીબાઇ હાલતપર વિચાર કરતાં એમ બેસી ન રહેવું જોઇએ કે આપણાથી આ કાર્ય કેમ થઇ શકે? શ્રી જગત્પતિની પુર્ણ કૃપા હોયતો એક પામર, ક્ષુલક મનુષ્ય મહાન કાર્ય કરનાર થઈ જાય છે! માટે સદા શુભેચ્છા રાખવી. અહોનિશ ઉચ્ચ ગતિ શાથી થાય? એનો દૃઢ વિચાર કરી જગતમાં વર્ત્તવું.

ઉદયાસ્તથી બ્હી જઇ દુર નાસવું અથવા તેનાથી અલગ રહેવું એમાં પુરૂષાર્થ નથી, પણ તેના પ્રત્યે અહોરાત્રિ વધુને વધુ બળિષ્ટ થઇ તેને શુદ્ધ બનાવવામાંજ ખરૂં પરાક્રમ અને શૌર્ય છે. માટે ગમે તેવી સ્થિતિમાં યાને સંજોગોમાં મુકાયેલા હોઇએ તોપણ જીવન સાફલ્યતાની ઉચ્ચાભિલાષા રાખવી; તેને સફળ કરવાને યત્ન જારી રાખવો, ઉત્તમ કાર્ય માટે હમેશાં ઘણી ઉપાધિવાળા ધનાઢયો કરતાં ઓછી અને ગરીબી ઉપાધિવાળા મનુષ્યો પોતાની અલ્પ વ્યાધિને લઇને ઉચ્ચ વિચારોનું સેવન કરી તેનો ઉદય કરવાને અધિકાધિક અનુકુળતા મેળવે છે. આદ્યપર્યંતના ઐતિહાસિક ચિત્રો ઉપર નજર ફેંકતાં બાહ્ય દેખાતા રંકજનોદ્વારા એ શ્રેષ્ટ અને લોકોપયોગી કાર્યો થયેલાની ગણત્રી અસંખ્યપણાની ખાત્રી પુરે છે માટે પોતાની સ્થિતિ તરફ અવલંબીને નિરાશ થવું નહિ. સદા ઉન્નતેચ્છા રાખી પુરૂષાર્થ સાધ્ય કરવા મથન કર્યા કરવું એનેજ જીવન સાફલ્યતા યાને મનુષ્ય કર્તવ્ય કહે છે." એટલું કહી મહાત્મા અટક્યા.

"યોગીજી આપે જે સત્કર્તવ્યનું વિવેચન કર્યું તે યથાર્થ છે પણ આ જુલમી જમાનામાં તેવું વર્તન કરવાવાળા જવલેજ હશે" સ્ત્રી વર્ગમાંથી એક મૃદુ અવાજ મહાત્માના કાને પડયો.

મહાત્મા ચોંકયા, તેમની કાળી ભ્રમરાળી કીકી તે તરફ ફરકવા લાગી, પણ ચક્ષુ નાખેલો હોવાથી તે મધુરી ભાષ્યણીને નિહાળી શકયા નહિ. પોતે મનમાંજ વિચાર કરવા લાગ્યા, "અરે ! આ સ્વરતો શુદ્ધ રંભાબેન

જેવો લાગે છે. અરે ! તે મનોહર બાળીકા આ સ્થળે ક્યાંથી ? કાંઇક ભેદ છે. " એમ ધારી તેઓ કેટલીક પળો વિચારમાં સ્થિર બેસી રહ્યા. "

" યોગેંદ્ર, આપ એ સ્ત્રીનું ભાષણ સાંભળી સ્તબ્ધ કેમ થઈ ગયા, શું માનાપમાન થયું ? " મહારાણા કૌશલ્યસિંહે કહ્યું.

" અમે સંસારી પ્રપંચી જાગની માનપમાન લાગણી શું છે ; તેથી વિમુખ છીએ એટલે તેવું કશું નથી, પણ; " મહાત્મા અટકયા.

" પણ શું ? આપના બોલવામાં કાંઇ ગુહ્યાર્થ જણાય છે. સ્પષ્ટ રીતે કહેવું હોય તે કહો. " મહારાણાએ જણાવ્યું.

" મને આ સ્વરમાં કંઇક ભેદ જણાય છે. "

" શું ભેદ ? "

" આ સ્વર પૂર્વે મેં સાંભળેલો છે. "

" કયા સ્થળે અને કયા પ્રકારે " ? મહારાણા કૌશલ્યસિંહ તેનું રહસ્ય જાણવાની પ્રબળ ઇચ્છાએ બોલ્યા.

" વિલાસપુરમાં અને તેના પ્રખ્યાત વિલાસ ભુવનમાં. " યોગેંદ્રે જણાવ્યું.

" શું કહો છો ? "

" જો સત્ય છે તે કહ્યું. "

" ત્યારે તે બાઇને ઓળખતા પણ હશો ? " મહારાણાએ ઓળખાણ શોધવાની યુક્તિથી કહ્યું.

"ઘણીજ સારી રીતે."

"ત્યારે તે સ્વર કોનો ?"

"શ્રીમતી **રંભાદેવી** તુલ્ય જણાય છે." યોગેંદ્રે કહ્યું. આજ પળે ચક્ર ઉઘડયો અને એક દુઃખી બાળા ભર સભામાં આવીને મહાત્મા સમીપ એકી ટસે નજર રાખી ઉભી રહી.

"કોણુ. રંભા બહેન ?"

"હા. પણ આપે મને ક્યાંથી ઓળખી ?" રંભાદેવી ધબ-કતા હૃદયે બોલી.

"દેવી સમયે સર્વે જણાઇ આવશે." યોગેંદ્રે મર્મમાંજ જવાબ આપ્યો. રંભાએ વધુ પુછપરછ નહિ કરી, કે રખેને યોગેંદ્ર ગુસ્સે થાય, આથી રંભા મહાત્માને પગે પડી અને મહાત્માએ તેના મસ્તક પર હાથ મુકી તેને ઉઠાડીને કહ્યું.

"દેવી ! તમારી આશાના અંકુરો અદૃશ્ય થયેલાં જોઇ મારૂં હૃદય દ્રવે છે પણ શ્રી પ્રભુ કૃપાએ સર્વ સારૂં થશે." મહાત્મા એટલું બોલી બંધ પડયા.

રંભા છેવટનું નમન કરી પાછી ચક્રમાં ભરાઇ ગઇ. સ્ત્રી મંડળ આશ્ચર્યમાં ગરક થઇ ગયું.

"રંભા ! એ મહાત્મા તને ઓળખતા જણાય છે, તું તેમને ઓળખે છે ?" મહારાણી ગુણવંતીએ પ્રશ્ન કર્યો.

"ના, બહેન ના, મને તો આ ભેદમય વાતાવરણમાં સમજ પડતી નથી. આ મહાત્માને અત્રેજ નિવાસ સ્થાન મળે, તેવી ગોઠવણ થાય તો ઉત્તમ." રંભા આગળ બોલવા જતી હતી ત્યાં મહારાણા-શ્રી મહાત્માને અત્રે વધુ વખત થોભવાનું વિનવતા હોય તેમ બહા-રથી કંઇક સંભળાયું, સર્વ કોઇ શાંતજ રહ્યા.

"હે રાજન! જંગલના બાવાઓને આ સ્થાન ઉપાધી છે, તેમ છતાં આપની ઇચ્છા છે તો નગરની બહાર રહેવાનું અમે ઉત્તમ સ્થળ ગણીએ છીએ, માટે નગરની બહાર શ્રી કૈલાસપતિ [illegible]ના દેવાલયમાં રહીશું."

"જેવી યોગેંદ્રની ઇચ્છા." એટલું બોલી માહારાણાએ યોગે-ન્દ્રની પ્રશંસા કરવા માંડી, છેવટે તેમને માન સહીત તેમણે બતાવેલા સ્થળે વિદાય કર્યા પછી સર્વે દરબાર આસ્તે આસ્તે વીખરાયો. માહારાણા કૌશલ્યસિંહ પણ રાજ્ય કાર્યમાં પ્રવૃત થયા. આસ્તે આસ્તે સ્ત્રી મંડળ પણ વીખરાયું. સૌ લોક પોતાને ઘેર ગયા.

પ્રિય વાંચક, આપણી ભોળી, પણ ભલી, દુ:ખી દેવી અને યોગેન્દ્ર શ્રીઅખંડાનંદજીની દ્વૈત અને અદ્વૈત જ્ઞાનવાણી, તેમજ બીજાં મુખ્ય પાત્રોની કાર્યદક્ષતા, તથા "આર્યોને બે બોલ"ની સિદ્ધતા દ્વિતિય પુષ્પમાં કરીશું

Confident that what the future yields.
Will be the right, unless myself be wrong.
Long fellow.

પ્રથમ પુષ્પ સમાપ્ત.